દેલવાડાકર (સચિત્ર) વાર્તામાળા.

લખનાર—ગોપાળજી ક. દેલવાડાકર.



ઠે. કિન્ડરગાર્ટન—સ્ટોલ—ગિરગામ બેકરોડ—મુંબઈ.

The author of this interesting Gujarati novel is Mr Gopalji K Delwadkar, the well-known Kindergartenist of Bombay, who has done much for infantile education. Mr. Delwadkar is well known as a powerful Gujarati novelist and dramatist and his works are widely read by the Gujarati knowing public. Nilam and Manek depicts a fair picture of Hindu life and the language and the style go a great way to the credit of the versatile pen of the writer. Nilam and Manek are two sisters both educated according to modern ideas, but there is a striking difference in the nature and disposition of the two. How this difference is worked up in the making of the two lives is beautifully depicted and the interest the novel inspires is kept up to the very last. The novel is conveniently divided into eight parts. In the third part the character of a virtuous and discreet young Hindu girl is well depicted in Manek, whose husband has lost all his own through no fault of his. During this trying period Manek behaves as a noble woman and the social life of a Hindu household is well depicted by the author The character of Gunvanti, a young Hindu lady, who has passed her Matriculation examination, is also well drawn. After being married to a worthy husband circumstances separate them Gunvanti is left alone with a step-daughter whose affections she win by her noble treatment The child-widow Shantua philosophically resignes herself to fate and gives the reader an idea of the life of a Hindu widow The other characters that play an important roll in this novel are also well drawn in a masterly style.

Mr. Delwadkar is the proud possessor of several gold and silver medals bestowed on him by ruling Princes and is a staunch exponent of the famous Kindergarten system for infantile education, He has dramatised his present work, and his latest effort was most successfully staged by the Narsingh Nautam Natak Samaj, a dramatic Company.


- *The Advocate of India, 8-1-10.*

Navalganga—**Part 1.** by Kavi G. K. Delwadkar, is evidently an incomplete tale. Navalganga was married, but not to the person on whom her affection had been fixed.

She, however, being sensible and well-Educated Girl patiently submitted to her lot and for some years led a happy wedded life. But some mischief-Monger, by sending an annoniinous letter to her husband, caused him to suspect her chastity and thenceforth the husband became jealous and treated, Navalganga—very cruelly, but she conscious of her own innocence, bore it all very quickly.—*Annual Report on Native Publications of 1991.*

[illegible]

સચિત્ર ભાગ ૧ થી ૮ આઠ.



પ્રિય વાંચક! **માણેકના** અંતરમાં ભલે તેં દયા જોઇ હોય, તો પણ પોતાને ત્યાં આવેલી અતિથી પંથિણીને અપમાન થવા માટે તેનું લોહી એટલું બધું ઉછળે, એ તો નવાઇ જેવીજ વાત લાગશે. તેના લોહીમાં કંઇક પણ પેલી રંક સ્ત્રીનો પૂર્વ સંબંધ હશે! કાંતો તે એક જાતની અથવા એક કૂળની કે એક માતાના ઉદરમાંહે પાકેલી હશે. કુદરતની શકિતઓ માંહેના ગુપ્તનિવાસી આત્મસંયમનો, એટલે મનોમન સાક્ષીનો જે ઉત્તમ નિયમ જગતમાં પ્રચળિત છે, અને સેંકડો કોસ પર વસેલાં પ્રેમીઓનાં અંતર ખેંચાયલાં રહે છે, તેનો પ્રભાવ **માણેકને** કાં લાગુ નહિ પડયો હોય? દુષ્યંતના મનમાં પોતાના પુત્ર સર્વ-દમનનો આવિર્ભાવ એકાએક ઉત્પન્ન થયો હતો, એ કથા શું મહા-ભારતના વાંચકોને આલ્હાદજનક નથી લાગતી?

આ સિદ્ધાન્ત સત્ય છે. **માણેકને** ત્યાં જે અજ્ઞાત સુંદરી ચડી આવી, એ તેની માતા–જણી બ્હેન **નીલમ** છે. **નીલમ** નથી જાણતી, કે આ સ્થળ માનીતી બ્હેન **માણેકનું** છે! સમય બળવાન છે. માણેક શું જાણે કે પોતાની બ્હેન એક લખપતી ધણીની પ્રિયા છતાં ભિખારણ વેશે પોતાના દરવાજા કને ઉભી રહેલી છે? આ અવસ્થાએ નમણી **નીલમના** કોમળ મન ઉપર બહુ માઠી અસર કરી છે. એક વેળા બાળી જેવા અનેક નોકરોની સરદારી કરનારી પટરાણી, તે સમયને આધીન થઇને નીમાણે મુખડે ખંડી રહી છે. નમાયાં બાળક પેઠેમ તેના મુખ પર અભાવના શેરડા પડયા છે. વન–વગડામાં વિપત્તીની મારેલી અથડાય છે. અનાથ અબળા તરીકે ભૂલી પડેલી વનિતા માર્ગ શોધવા પંથીઓ અથવા વનવાસિઓને પૂછતી ફરે છે.

આ નવલકથાના સચિત્ર **આઠ ભાગ**–હાલમાં **ત્રીજી** અને **ચોથી** આવૃત્તિમાં નિવાસ કરે છે. આ ઉપરાંત ભાગ ૯ થી ૧૨, સુધી **અર્થાત્ "નીલમ–માણેક" સન્તતિ–દર્શન,** તરીકે, નવીન જન્મમાં **પ્રકટ થવા** માંડયા છે. તે દરેક બે ભાગની કિંમત રૂા. દોઢ રાખી છે.

નિરંજની - ([illegible]) ભા. ૧-૨-૩ સાથે.)



[illegible]

[illegible]

નીરૂએ નિસાસો નાખ્યો. નાથ શાન્ત નિદ્રામાં હોય, કદાચ પિતાના ક્રોધનું બલિદાન થઈ નિરાશામાંજ દુઃખ લય પામ્યું હોય, તો, તેમ જગાડું ! વખત હડતો ન હતો. એકલીને હવે ઉંઘ આવતી નહતી.

નાથ કહેતા હતા, કે ત્હારે માટે "નીલમ-માણેક"ના આઠ ભાગ વાંચવા લઇ આવ્યો છું; તો લાવની ટ્રંકમાંથી કહાડીને વાંચું ? બે દિવસથી તે મ્હોકાણની વાત ને મનનો વિનોદ ખૂટ્યો નહિ, તો પછી વાંચવાનો વખત ક્યાંથી મળે ? એ તો નવરાશનું સાથીડું છે.

આમ કલ્પના કરીને ટ્રંક ઉઘાડી. અને પુસ્તકો તરફ નજર કરવા જતાં એક સુંદર સ્ત્રીનો ફોટો હાથમાં આવ્યો. ફોટા ઉપરજ લખેલું હતું કે, "સ્નેહીની યાદમાં !" અફસોસ !

નીરૂના મગજપર જે પ્રેમ-કામનો ધુમો ઝળહળી રહેલો હતો, તે બીજાજ રૂપમાં બદલાઈ ગયો. કામ બદલે ક્રોધને શરણ થયો.

પ્રેમલાલચુ **નીરૂ**ને વધારે શોધખોળ કરવાની ઇચ્છા થઇ. પુસ્તકો લેવા જતાં એક કાગળ નીકળ્યો. જે કાગળ માટે સ્વામી સાથે વાત થઈ હતી, ને એ પત્ર સોલીસીટરનાં પત્નિનો કહેવાયો હતો, તેજ પત્ર હાથ ચડ્યો. **નીરૂ**એ તે ઉખેડ્યો. આહા ! તેમાં શું ભેદ ભરમ હતો?

સુજ્ઞ સુમન,

તું ગયા પછી મ્હારી દશા બહુ બુરી થઇ છે. ક્યાં જઇ કહું ? મ્હારા હૃદયનો ને મગજનો ભાર ક્યાં જઇ ઉતારૂં ? તું ત્યાં વધારે રોકાઇશ નહિ—આ મધુરીને અહીં એકલું જરાએ ગમતું નથી. જ્યારે મ્હારા દુઃખની કહાણી ત્હારી કને કહીશ, ત્યારે મને શાન્તિ થશે.

આ નવલકથાની કરૂણાજનક શ્રેણીએ વાંચકોનાં હૃદય પિગળાવીને, તેનાં પાત્રોએ છેવટ નીતિબોધ આપ્યો છે. આ વાર્તાનો વિશેષ ભાગ **"પ્રેમ-ઘેલી પ્રમદા"** હવે પછી પ્રકટ થશે.



આ વાતચિતમાં [illegible] [illegible] થી [illegible]
[illegible]

"શેઠજી? એ કાળું કામ કરવાનું મને પસંદ નથી. જો કે તમારો હિસાબ ખરો હશે, પણ ડબલ–ડીલીંગ મારાથી નહિ થાય!"

"મહેતાજી? એ કંઇ ધન ઓળવવા માટે તમારે કપટી કામ કરવું પડે છે, તેમ નથી. આપણાં ખરાં નાણાં ધુળમાં ન મળે, આ તે માટે વાજબી હિસાબ લખવાનો છે. વળી તે નાણામાં કેટલું લેણું, ને કયા પ્રકારે લ્હેવું, એ જુદી વાત છે; આ તો હીસાબ મેળવવા લખવું પડે છે. બ્રહ્મપણું ને બ્રહ્મચારપણું ન જાય, તે માટે કરવું પડે છે. બાઈ માણસ ઉછાંછળું પગલું ન ભરે, અને બાળકો ફિદ્ધત થઈ ન જાય, તે માટે તેની દોલત આપણે સંભાળવી જોઇએ, ને તે સંભાળી છે; જો કે આપણા લ્હેણામાં તે મિલ્કત લેવી નથી. જો તેમ કરવું હોત, તો હું વેણીભાઇને મ્હારા ધંધામાં સામેલ ન કરત, પણ હવે જ્યારે તેની મિલ્કત છે, તો તેમાંથી તેના કુટુમ્બને પાળવાં; પરંતુ છાશમાં માખણ જાય, ને સ્ત્રી ફુવડ કહેવાય, તેમ નથી કરવું. તેઓને બતાવવું છે, કે તમારી આ મિલ્કત છે, ને આ દેવું છે. જો કે હાલ હિસાબ તો દેવાવાળાના દાવા પતી જતાં સુધી અનામત રાખવાનો છે, તે પછી જોઇશું; હાલ સમજાવતા સુધી હિસાબ તૈયાર કરવાનો છે."

"શેઠજી? એટલું બધું શા માટે કરવું જોઇએ? તમારી દાનત જો સાચ્ચી છે, અને સઘળું તમારા કબજામાં છતાં, તમે કશું ઓળવવા ન માગતાં મરનારના કુટુમ્બને પાળવાજ ધારો છો; તો પછી નવો હિસાબ દાખલ કરવા અને ચોપડાનાં પાનાં ચુંથાવવાની જરૂર નથી. જેના ખરા હક્ક છે, તે તેને મળશેજ, પછી ખોટું દેખાય, તેવું શા માટે કંઇ કરવું?" વફાદાર મેહેતાજીએ શેઠને શીખામણ આપી.

આ ચંદ્રકળા નવલકથાનું પ્રત્યક્ષ પ્રમાણ, રંગભૂમિ ઉપર ભજવાયલું, જોનારાંઓએ એક અવાજે તેની વસ્તુસહ માન્ય કર્યું છે. વાર્તામાં ફોટોગ્રાફીક ચિત્રો ઉત્તમ છે.

બ્રેસ્ટરની બેરી—([illegible])



[illegible]

પૂર્ણાહુતી ! બેરીસ્ટરની બૈરી તો એજ !

"સ્વામીનાથ ! તમારા સંગમાં હું બેઠી, એટલે મ્હારો જન્મ સફળ થયો, સમજું છું. હા, આપના જેવા સ્વામી મેળવવા માટે મેં ઘણાં વ્રત કર્યાં છે, અને અંતે મ્હારી વિજ્યા પાર્વતી માતાજીએ મ્હારી મનકામના પુર્ણ કરી, એ તેમનો ઉપકાર ભૂલાય તેવો નથી. કહો, વ્હાલા? આપની હું શી સેવા કરૂં ?"

"સુશીલ સારદે? હું ન્હોતો ધારતો, કે તું જેવી લાયક કન્યા જ્ઞાતિમાં હશે? હું તો એક ખેતરમાં ચરનારો મૃગ હતો; પેલી બી. એ. બનેલી મનુનેજ એક આંખે જોતો હતો; પણ હવે મ્હારી ખાત્રી થઇ, કે મેં કંઇપિણ લાંબી નજર દોડાવ્યા વિના એ અધુરી કેળવણીમાં ગોથાં ખાનારી અને બડા બાંપની બેટીને લાવવાનું મૂર્ખ પગલું ભર્યું હતું; અગર તપાસ કરી હોત, તો બીજાં ઘણાં રત્ન મળી આવત, અને આ દશા ન થાત !"—

"વ્હાલા? મેં તમને એક પત્ર લખીને સુચના કરી હતી, મેં ઘેલી બની સાહસ કર્યું હતું !"

"ખરે, જે પત્ર મ્હારા લગનના અરસામાં આવેલો, તે ત્હારો હતો?"

"હા કૃપાળુ! મેં નાદાન મતીએ લખેલો હતો."

"ત્યારે શું તું મને પ્રથમથીજ ચાહતી હતી?"

આ વાર્તાનાં અધુરાં મનવેગી પાત્રો મીસ-લીનાં (રમતું રમકડું) પ્રેમી-પંખીડું અદ્ધર લટકે છે, તે "**બ્રીફલેસ-બેરીસ્ટર**" નવલકથામાં હવે પછી પ્રકટ થશે.

શાન્તિપ્રિયા.



[illegible] આવી રહી છું.
[illegible] દુનિયા છું.

શાન્તિના સગુણ પર સર્વની નજર ઠરતી, અને અંતરમાં એમ થતું, કે "મ્હારે એવી સુંદર પ્રિયા હોય તો?"

સમાન અને સુખી જોડું તો વીરલુંજ હોય છે. સ્વભાવમાં ને સ્નેહમાં સમાન તો ભાગ્યેજ મળે છે; પણ જ્યાં હોય છે, ત્યાં હોય છેજ; ને તેને ત્યાં આ લોકમાં પણ વૈકુંઠ છે. લોકો કહે છે, કે જગતમાં શાન્તિ ક્યાં છે?" કોઇપણ આ સુંદરીનો વૈભવ જોઇને કહેશે, કે તેને ત્યાંજ "શાન્તિ" છે. એ સુશીલા પોતેજ "શાન્તિ" છે, તેનું સુંદર નામ જ

"**શાન્તિ**" છે.

સુકોમળ પથારીમાં ગેલ કરતું પ્હેલીજ વર્ષગાંઠનો મંગળ દિવસ જોતું બાળક, પોતાની મધુરી માતાનાં લાડ જોઇને, માત્ર કાનમાં, માતાના રણઝણાટનો અવાજ સાંભળીને, જમુનાનાં જળ જેમ કૃષ્ન-કનૈયાનાં પાદારવિંદ ચુમ્બવા ઉછાળા મારતાં જણાય, તેમ આ લાલિત્ય-મય લાડકડું બાળક પોતાની માતાને મળવા તલ્પી રહ્યું! પવિત્ર સ્વર્ગીય ફળને ચુસવા તલ્પી રહ્યું—"માં" શબ્દના ધ્વનીથી ગર્જી રહ્યું—**શાન્તિ** તેનો કીલકીલ કલરવ સાંભળતીજ હર્ષાતુર બની ગઇ. ફૂલછાબડી ભોંયતળીયે મુકીને આકળી—ઉતાવળી, બાળકની વ્હાલી માં, જનકના માથાપર, જેમ શ્રીકૃષ્ણ ભગવાનપર શેષનાગ છાયા કરી રહે, તેમ મોં ઝુકાવી ઉભી રહી. **બાળક, બે હાથ લાંબા કરીને માતાજીના બે બાજુના કાનમાં, હાથની અંગુલીના તારવડે કંઈ કહેતું હોય, તેવું લાગતું હતું**—ઉંચી ભમર ચઢાવી, આંખ સાથે આંખ મીલાવતું હતું.

---

*વસુદેવજી, કંસના ભયે, મથુરામાંથી કૃષ્ણ તનય લઈને ગોકુળમાં નંદરાયને ત્યાં જતાં—જળ માર્ગ થઇ ગયો, ને વચમાં જમુનાનાં જળ, કૃષ્ણપાદ ચુમ્બવા ઉંચા ચઢતાં હતાં.

અશરફ કૈસ——અનાથ તારા.

બાપી કન્યા તારાકુંવરી પતિના દર્શનના વિચારમાં મસ્ત બની છે!



આ ઐતિહાસિક નાટક [illegible] છે. ?

ધર્મજ્ઞ બાળાને કલાજીનું અભયવચન.

નિર્દોષ કલોજી પ્રભાસુંદરીથી છુટા પડીને મારતે ઘોડે વીરપુર આવી પહોંચ્યો, અને ભાગોળથી થોડે દૂર એક રાજબાગમાં માલણની રજા લઇને ત્યાં ઉતર્યો; પણ હવે તારાને ગુપ્ત રીતે મળવું, તેનો તેણે શો ઉપાય કર્યો? બહાદૂર કલાએ માલણને લલચાવી, અને તારાને બગીચામાં લઇ આવવા માટે ધનોપકારના બોજા તળે તેને એવી ગરકાવ કરી દીધી, કે એ લોભી સ્ત્રીને વધુ કંઇજ બોલવાનો વખત ના આવ્યો. ફક્ત એટલુંજ બોલી કે "હમે રાજવળાનાં ભોમીયાં છૈએ, જનાનામાં કેવી રીતે કામ ચલાવવાં, તેની મને પુરતી માહિતી છે. કલાજી ઠાકોર? તમે નચિંત રહો, એમ હવે નક્કી જાણો, કે તારાબાઇ સ્વપ્નવત્ અવસરમાં હમણાંજ આવેલી દેખાડું" એટલું બોલીને એકદમ રાજમેહેલ તરફ ચાલી નીકળી. તોપણ કલોજી તેને ઘટતી સૂચના કર્યા સિવાય રહ્યાં નહિ. જો કે એ શિખામણ મોરનાં ઈંડાને વધુ ચિતરવાં, યાતો ડાહી સજનીને ઘેલી સહિયરે શીખ દેવા જેવું હતું; તોપણ આબરૂને ખલલ ન પહોંચે, તેમ યુક્તિ બતાવીને રાજભૂવનની ચતુરિકા માલણને તારાની પાસે મોકલી દીધી. પાછળ બહાદૂર કલાને આશ્ચર્ય થયું, તેને નવોજ અનુભવ મળેલો હોય તેમ લાગ્યું. "પ્રદેશમાં દ્રવ્યની છુટથી રાજકિલ્લા હસ્તગત કરવા હોય, તો થઇ શકે છે, એટલુંજ નહિ, પણ ચાકર માણસો ભોળપણથી અને પૈસાના નીચ ખવાસથી પરલોભમાં પડીને રાજસ્ત્રીઓને પણ પરવશ કરી દેવામાં સફળ થાય છે" એમ જણાયું. આવી રીતે વિચાર ચલાવે છે, એવામાં હર્ષ ઘેલી તારા, જેમ સુરપાળથી વિખુટી થએલી કાન્તા દોડતી આવીને પોતાના પ્રિયવરને ભેટી પડે, તેમ કલાજીની કોટે વળગી પડી. રજપૂત કન્યાઓને અધર્મમાંથી બચાવી લેનાર, આ બહાદૂર વીરનરની કથા, પુર્ણરસથી ભરપૂર છે.

હીંદિ રંગભૂમિનું "રંટચયુ !" **નરગીજ—નાટકકાર.**



આ રસિક નોવેલની અનાથ ફુળવાન નાયિકા આખરે નાટકના મુનશીના પ્રેમમાં મોટી નામાંકિત સ્ત્રી બની છે, તેનો રસિક ચિતાર છે. **કિં૰ રૂ૰ સવા.**

દેલવાડાકર વાર્ત્તામાળા.

૧ નીલમ—માણેક ભાગ ૧થી ૮ ફોટોગ્રાફીક ચિત્રોસહિત રૂ. ૭[નેટ] આખો સેટ.

૨ ચંદ્રકળા (સચિત્ર) રૂ. ૧—૮, ૩ બેરીસ્ટરની બૈરી રૂ. ૨—૦

૪ નવલગંગા ભાગ ૧-૨ „ ૨—૦, ૫ વિક્રમ-સંભ્રમ ભાગ ૧-૨ રૂ. ૧—૪

૬ નરગીજ નાટકકાર „ ૧—૪, ૭ સ્ત્રીયોની મહત્તા ... રૂ. ૧—૮

૮ વરઘેલી વનિતા ... „ ૨—૦, ૯ શાન્તિપ્રિયા ... ... રૂ. ૨—૦

૧૦ બહાદુર કલો [સચિત્ર] „ ૧—૦, ૧૧ રસિક મધુ ... ... રૂ. ૦—૮

૧૨ લાલન વણજારી, [છપાય છે.] ૧૩ બ્રીફલેસ—બેરીસ્ટર (છપાય છે.)

૧૪ ની.મા. સન્તતિ ભાગ ૩-૪ „ ૧૫ પ્રેમઘેલી પ્રેમદા „

૧૬ કિન્ડરગાર્ટન ગ્રંથમાળા તૈયાર છે. નં. ૧ થી ૨૦ કિં. રૂ. ૪—૦

દેલવાડાકર કિન્ડર ગાર્ટન સ્ટૉલ, ન્હાંના બાળકો માટે ખાસ.

૧ ક ખ ના સચિત્ર રંગીન કાર્ડ (ગુજરાતી) ...	૦—૪—૦
૨ „ ચોપડી „ ...	૦—૮—૦
૩ અક્ષરો ગોઠવવાનું બોક્સ	૦—૮—૦
૪ આંક શિખવવાની ઘોડી	૧—૦—૦
૫ મણકાના રંગીન બોક્સ	૦—૧૨—૦
૬ ડ્રૉઈંગ શિખવવાનું „	૦—૧૨—૦
૭ હિસાબનો ડોમીનો „	૦—૧૨—૦
૮ આકારોના રિંગર લેઈંગ	૦—૮—૦
૯ બિલ્ડીંગ બાકસ	૦—૧૨—૦
૧૦ જનાવરો ગોઠવવાનાં બોક્સ	૦—૧૨—૦
૧૧ પશુ-પંખી-નાં પેકેટો-દરેક	૦—૧૨—૦
૧૨ „ „ બોક્સો.	૧—૮—૦
૧૩ વર્ડ બીલ્ડીંગ બોક્સ	૦—૧૨—૦
૧૪ આલ્ફાબેટીકલ સચિત્ર બોક્સ	૦—૧૨—૦
૧૫ પ્રેકટિકલ કિન્ડર ગાર્ટન બોક્સ રૂપિયા	૧૫—૦—૦

એ સિવાય તરેહવાર સ્કુલોને લગતો સામાન મળશે.

ઠે. માણેક બિલ્ડીંગ, ગિરગામ બેકરોડ,—મુંબઇ,

દેલવાડાકર–વાર્ત્તામાળા–નં. ૨૪

લાલન–વણજારી

વા

પ્રેમઘેલી–રાજકુમારી?

આધુનીક કથાના આધારે

લખનાર તથા છપાવનાર
ગોપાળજી કે. દેલવાડાકર—મુંબઇ.

અમદાવાદ:
ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે
છાપી—પાંચકુવા.

વિ. સં. ૧૯૭૧]   પ્રત ૧૦૦૦.   [ઈ. સ. ૧૯૧૫.

કિમ્મત રૂપિયો હાઢ.

"Strong in the strife, Dear, Still the heart's true;
Storm in my life, Dear, Sunlight for you.
So you are blest, Dear, Joy shall be mine;
Thorns for my rest, Dear, Roses for thine.
Life wreath above you Blossom and light;
Only to love you My dream in the night.
My song in the sighing The star in the sky,
Till life's light is dying And love kiss goodbye."

"નમેરા તે હૃદયના ભાર, વ્હાલી !
તથાપિ ઉર હો રસલ્હાવ, વ્હાલી !
મહા તોફાન જીવનમાં છવાયાં ;
રમો તુજ વ્યોમમાં રવિતેજ, વ્હાલી !
મળ્યું સૌભાગ્ય, ચિર ત્હારૂં વિરાજો !
વધાવીશું વહી આનન્દ, વ્હાલી !
અહા ! મુજ કંટકો વેરેલ શય્યા :
ગુલાબો આવજો તુજ નીંદ વ્હાલી !
પ્રભાને મંજરીના હાર ગૂંથી
ધરાવો દેવસખી તુજ શીર્ષ વ્હાલી !
વિમલ સ્નેહાંજલિથી પાવ ધોવા
રહ્યાં મુજ રાત્રિનાં તે સ્વપ્ન, વ્હાલી !
પ્રકાશે તેજભરી આકાશ તારા :
ઊંડા અન્ધારનાં મુજ ગીત વ્હાલી !
ધીરી અયિ ! બન્ધનો તોડી ઉડીશું :
ભર્યા સ્નેહે પ્રભુના દેશ વ્હાલી !"

ન્હા. દ. કવિ.

લાલન-વણજારી
વા
પ્રેમ-ઘેલી રાજકુમારી ?

સચિત્ર નવલકથા.

ભાગ ૧ લો.

Love's heralds should be thoughts,
Which ten times faster glide then the sun's be ams."
"*Romio and* Juliat Act II/5.

प्रिय सखि किंतावत्तस्य महानुभावस्य
स्वाभाविकाएव मुहूर्त संति घायिनो ।
जनस्य विमलंभपितृका विलासा
आहोस्विद्यथा प्रिय सखी संभावयति ॥
"માલતી-માધવ."

પ્રકરણ ૧ લું.

કુંજ-વનમાં લાલન.

" Wish'd morning cauce, And now upon the plains;
And distant mountains, where they fud their flocks.
The happy shepherds leave their homly huts;
And with their pipes proclaim the new-learn day.
The churful birds too on the tops of trus;
Assemble all in choirs, and, with their notes,
Salute and welcame up the rising sure—"

પ્રાતઃકાલના સુવર્ણ જ્યોતીનાથ સવિતા દેવનાં પુજન કરતી મનંહરણી દેવીઓ, સરિતા તટપર, સરોવર તટપર જલ–પુષ્પનો અર્ધ્ય દેતી હતી! વનદેવીઓ–વનવાસિનીઓ, અજ્ઞાન અને નિર્દોષભાવે, નિ-સ્પૃહ જગતનાં સાંસારિક ગાન ગાતી, કુસુમલતાઓમાં મૃગો સાથે રમતી હતી. કોઇ કહેતું હતું કે આ લાલન વનદેવી શકુન્તલાનો અવતાર છે! શત્રુંજ્યની તળેટીમાં વસેલો લાખો વણજારો, કણ્વમુનિનો અંશ છે! લાલન અને તેની સખી રાધા, મુગ્ધ કન્યાઓ વાડીમાં, મૃગરમણ કરે છે.

" અલી લાલન ? જો તો ખરી! તળાવપર પેલાં હંસલાં કેવાં રમણ કરે છે! મૃગને ચરવા દે, ત્હારાં વ્હાલાં પશુને લગાર છુટું ફરવા દે! અહીંતો આવ, જોવાની બહુ મજા છે!" વ્હાલી સખી રાધાએ આતુર હૃદયે સખીને બોલાવી.

" ક્યાં છે ક્યાં હંસલાં! મને દેખાડ તો ?" ઉતાવળી ને આ-કળી ઝડપે દોડતી લાલન બહાર આવી.

" ધીરી! બ્હેન જરા ધીરી! રાત્રી જેમ દોડતી સૂર્યને મળવા આકળી થઈ જાય, છે તેમ તું બ્હાવરી કેમ બની છે? જાણે વસંત-ઘેલી કોયલ ?"

" રમણ કરતાં હંસલાં જોવાં કોને ન ગમે ? મ્હારા કરતાં તો તું વધારે આકળી પડી ગઇ છું! જાણે કે વરઘેલી વેલી!"

" વાહ જો સામે પેલી હંસણી પોતાના પ્રિયતમની ચંચુમાં પ્રેમ–રસ પાય છે. જાણે કે ચંદ્ર પોયણામાં રસ મૂકે છે!

" પ્રેમ ઘેલી ચંદા ભાગ્યશાળીતો ખરી–સુખી તો ખરી! જાણે કે રસ ઘેલી રાધા કૃષ્ણ સાથે રમે છે!"

" રાધા તો બિચારી એકલી ઝુરે છે. નથી કોઈ પતિ, કે નથી કોઈ પ્રેમી! વગડાનાં જનાવરો ને વનનાં તરૂવરો સાથે આપણો આનંદ!

" રાધા ? જો તો!–પેલા સરોવરમાં મનોહર પોયણું કેવું ખિલે છે?

" જાણે તારી જુવાની !"–રાધા મંદહાસ્ય કરતી બોલી.

" બુચ્યું, એમ શું બોલતી હઇશ ? તારી મસ્કરી કરવાની ટેવ ગઇ નહિજ !" લાલન છણુકો કરી બોલી; પણ રસીલી રાધાનાં માર્મિક ને મન ગમતાં વાક્યો સાંભળવાની લાલચે પાછી હસી પડી.

" લાલન? તેમાં મ્હારી સાથે રોજ શેની લડે છે! કોઇની રીસ કોઈ પર શેની ઉતારે છે ? પોયણું ખીલવા માંડયું, તેમ ત્હારી જુવાનીયે ખીલે છે ! પોયણાંને ચંદ્ર ખિલવે છે, તેમ તને પણ કોઇ પ્રિતમ ખિલવશે, તેમાં અદેખાઇ શેની કરે છે ? રાધાએ લાલનને ચીડાવી.

" પોયણાંને ચંદ્ર કેવી રીતે ખિલવતો હશે ? ' કન્યા અજાનભાસે બોલી.

" કુસુમકળીને કોણ ખીલવતું હશે ? જેમકે મુગ્ધા ને પ્રેમી !"

" કુસુમને તો શિતળ વાયુ પોષે છે, પણ ચન્દ્ર તો આકાશમાં છે, ને પોયણું તો ભૂમિપર છે !"

" પ્રેમાંગના પહાડમાં હોય, ને પ્રેમી મહેલમાં હોય તેમ !"

" શું ચદ્ર તેનો પતિ છે ?"

" હા, પ્રેમી વગર મન–કળી ખિલી શકે નહિ !"

" કેવું ભાગ્ય ! પોયણું ચંદ્રના પ્રેમમાં !"

" ને પેલું ચકોર તો જો ! એ પણ ભાગ્યશાળી !"

" ના, તે તો મૂર્ખ ! પેલી ચકવાકી ટળવલે છે, ને પોતે ચન્દ્રના મોહમાં રવડે છે !"

" પ્રેમની ખુબી એવીજ હોય !"

" ચકોરને જે ચકોરી જેવી પ્રિયા છતાં પર–તેજમાં અંજાય, ત્યારે તેનો પ્રેમ કેવો ?"

" જાણે વણજારી ને રાજકુમારઃ રાજકુમારનો પ્રેમ ત્હારા સરખીને તો પોયણી ને ચંદ્ર જેવો !"

"એવાં ભાગ્ય ક્યાંથી ! મોટાંના પ્રેમમાં સખી મજાહ નથી !"

"જો રે જો ! પેલી હરણી ફાળ ભરતી આવે છે. જાણે યુવતી પાછળ જુવાની ! કોઇ શિકારી પૂંઠે પડેલો હશે ! જાણે હરીણાક્ષી પૂંઠે પ્રિયતમ !"

"અરે એતો આપણી પર ફૂદકો મારવા આવતી હોય ! જાણે રામ, સીતાને માટે સુવર્ણ મૃગનો શિકાર કરતાં તાકેલું હરણ !" બન્ને બાળા છોડતી નાસવા જતાં શીરપરથી હરણી કૂદી ગઇ. બ્હીને દૂર પહાડની કઠણ નીચેના ભાગમાં સંતાઇ ગઈ. હરણી બીજી તરફ ન્હાસી ગઇ. શિકારી થંભી ગયો. લાલન એક તરફ ઉભી રહી ગઇ. શિકારી ને રાધાની એક નજર થઇ ગઇ. શિકારીના હાથમાંથી હથિયાર નીચે પડી ગયું. લાલુની દૃષ્ટિ નીચે ઢળી ગઇ. નિર્દોષ હરણી છટકી ગઈ. મુગ્ધ હરીણાક્ષી નજરે ચડી ગઇ. પ્રેમની પુષ્પ–વૃષ્ટિ થઇ રાધા સ્મિત-હાસ્ય કરીને નેત્રનું મટકું મારી, શરમાતી શરમાતી ધીમે પગલે, આડી પણ મીઠી નજરે રહેઠાણમાં ગઇ. રાજકુમાર પૂતળા પેઠે ઉભો ઉભો રાધાની ચેષ્ટા જોઇ રહ્યો. વિસ્મય થતો, કુદરતની લીલા જોઇ બડબડયો !

ચંદન વનની જોતાં, શું કંટક વનમાં વસી ?
રાજમંદિરની મૂર્તી, શું ભરજંગલમાં વસી ?
મૃગ રમણી મુગ્ધા, શું વનવાસિની પ્રિયા ?
એ વનદેવી છે કે, કોઇ વણજારી વસી ?

લાલનની સખી નખરાળી પણ ભોળી વન–વાસિની હતી. તે મુગ્ધા હતી. યુવાનીના આરંભમાં તેની કાયા લચકવા લાગી હતી. દમયંતીનું વર્ણન કરતાં પ્રેમાનંદ થાકી ગયો હતો, પણ રાધાને ઘડતાં તો બ્રહ્મા થાકી ગયો હતો ! મોહમાં અંજાઇ ગયો હતો ! ! લાલાં, કાઠી પ્રદેશની દેવી હતી. એ લાખા વણજારાની લાડકી દીકરી કહેવાતી હતી. એ વનવાસિની હતી, પણ સ્વરૂપ ને સદ્‌ગુણોમાં શેહેરી સુંદરીઓને શરમાવી

દે તેવી હતી. એ શહેરી સ્ત્રીઓનાં નબળાં, મોહક, મમતનાં અને ઇર્ષાથી ભરેલાં અહંપદવાળાં મન કરતાં આ વનવાસિનીનું મન નિર્મળ હતું. શહેરીઓના અભિમાન ને કીર્તિમાન કરતાં આ વનવાસિનીનું અતિથ્ય ને પ્રેમભાવના શુદ્ધ હતી. અંતર માત્ર એટલોજ હતો. લાલન જંગલમાં વસનારી બાળા હતી, પણ શહેરની ખુબસૂરતીને પોતાના પગની પાની પર ચમકાવતી હતી. રાધાના રૂપનું જે વર્ણન કરીએ, તે અનિવાર્ય હતું

કુમાર, બાળાના સૌંદર્યપર મોહિત થઈ ગયો. તેના મનમાં ક્ષોભ ઉત્પન્ન થયો. લાલાં કદાચ વનદેવી હોય, ને પોતાના મનની ઇચ્છા જાણીને મોહના અપરાધ માટે શ્રાપ આપે તો! કાં તો લાલાંની ક્ષમા ચાહવી, ને કાં તો તેને પ્રેમ–દાન દેવું! લાલાંને પણ તેમજ થયું. રાજકુમાર કદાચ ક્રોધે ભરાઇને કેદ કરે તો! વિવેક છોડીને અને મર્યાદા મૂકીને ચાલી આવવાથી દંડ કરે તો! એ ભમણાએ તેને પણ ઘેરી લીધી, કુમારે જળ–પાન કરવાની ભિખ કરી, ત્યારે લાલાંએ આતિથ્ય કરવાની ઇચ્છા બતાવી. કુમાર જ્યારે વનવાડીના દરવાજા પાસે આવ્યો, ત્યારે લાલાં પોતાના નિવાસની સુંદર પૂર્ણકુટી નજીક હઠતે પગે, પણ હસતે દીલે આવીને ઉભી, શરમાળ મદાલસા જાણે ઋતુધ્વજના કરમાં સપડાણી! નાજુક સુભદ્રા જાણે પેલા યોગી અર્જુનની પ્રેમ સોડમાં સંતાણી!

રોમિયો ફસ્યો, ને ઝૂલીયટ લુટાણી!

પ્રકરણ ૨ જું

જળ–તૃષા–કે પ્રેમ–તૃષા.

" બાળા, જળપાન કરાવશો? તરસ્યા વટેમાર્ગુને પાણી પી-

વરાવીને તૃપ્ત કરશો ?" કુમારે નમી યાચના કરી બાળા હસ્તે મૂખડે બોલી.

"અતિથીનો આદરસત્કાર કરવો, એ અમારા ઘરનો પ્રાચીન સંપ્રદાય છે. પરોણાની પરોણાગત કરવી, એ માણસ માત્રનો ધર્મ છે. તમે તો રાજકુંમાર લાગો છો, પણ રંક પ્રવાસીઓને આશરાનું આ ઠેકાણું છે. લાખા વણજારાને ત્યાંથી અન્ન પાનનાં ક્ષુધાર્થિ નિરાશ થઇને જતાં નથી; આપ અમારે ત્યાં ક્યાંથી ? હું હમણાજ લાવું છું." એટલું બોલીને લાલાં બ્હાર આવી.

"લાખો વણજારો ! તેની આ કન્યા ? વનવાસિની સ્ત્રીઓમાં આ રૂપ ? આ વિવેક ! આ ભાવના ! આ સદ્ગુણ !" લાલાંની મર્યાદશીલ વાણી સાંભળીને રાજકુમારના મનમાં તો ઉત્તમ પ્રતિનું માન ઉત્પન્ન થયું. નગરનાં ટાપટીપવાળાં લોકો કરતાં વગડાનાં સાદાં માણસોપર પ્રેમ લાગ્યો શહેરનાં કપટી માણસો કરતાં વનનાં ભોળાં જનોપર વિશ્વાસ આવ્યો. ધનવંતની કિશોરીઓ કરતાં રંકની કન્યાઓ પસંદ પડી. મહેલની રાણીઓ કરતાં વનવગડાની વનવાસિનીઓપર વધારે મોહ લાગ્યો. નગરનાં મોંવાયડાં લોકો કરતાં વનનાં અંતર લાગણીવાળાં લોકોપર વધારે ચાહ બેઠો. લાલન જેવી અંદર ગઇ, તેવીજ રાધા ધીમે પગલે કુંજ વૃક્ષ પાછળ આવીને છુપાઇ ગઈ; ને નવલ ચેષ્ટા જોવા લાગી. લાલનને અન્નાકુમારે અજબ જાદુ કરી દીધું. મુગ્ધા લાલન કોઇ દહાડો પર પુરૂષ જોડે વાત કરતાં શરમાય, તે ભૂમિના ભૂપાળ જોડે સ્ફુટથી વાત કરવા લાગી. રાધા ખરે વિસ્મય પામી, અને ઇશ્વરની અદ્ભુત પ્રેરણા શક્તિનાં કીર્તન કરવા લાગી. માનવો પૂર્વના સંચયને તાબે આ રીતે થાય છે, પરા પૂર્વના પ્રેમનું બન્ધન આ રીતે પ્રાપ્ત થાય છે; અજાણ દેશ, અજાણ જીવડાં, ને અજાણ સંસ્કાર છતાં, નદી નાવ પ્રમાણે આ રીતે સંજોગ મળી જાય

[૧] લાલન–વણજારી



છે, આ સંભ્રમણા કરતી રાધા વિશેષ પ્રસંગ નિહાળે છે.

"કુમાર ? પાણી તો લાવી છું, પણ પાત્ર તમારા જોગ નથી" લાલાં નીચી નજરે પાણીનો પ્યાલો, કુમારના મોં પાસે ધરીને અચકાતી જીભે બોલી. કુમારે પ્યાલો લઇને કહ્યું.

" અંતરના પાનને મ્હોંનાં માનની જરૂર નથી. પ્રેમ–પાનને પાત્ર જોવાનું નથી. પ્રેમ કંઇ પાત્ર પાછળથી પારખતો નથી. કુમુદિની તો જળ–કીચડમાં પડેલું પુષ્પ છે ! ને ચંદ્ર તો ઉચ્ચ કુળના દેવાંશી ગણાય છે, પણ કુદરતે તો પાત્ર જોઇનેજ પ્રેમ સાંધવા દીધો છે. દુષ્યન્તે કંઇ શકુન્તલાને રાજકન્યા જાણીનેજ પ્યાર કર્યો ન હતો. તે પોતાનાં સાત્વિક મનથી માનતો હતો, કે જો શકુન્તલા, ઋષિ કન્યા હોય, તો પોતાનું મન પ્રિયના પ્રેમથી પુજવા, ભજવા કે આલિંગન લ્હેવા તૈયાર ન થાય ;" એટલું કહીને લાલાના કોમળ કરમાંથી કુમારે લીધેલો પ્રેમ પ્યાલો પીધો.

" અરેરે, હું ભૂલી ! હમે તો વણજારાં છીએ, ને પાણી તો હું મ્હારા પાત્રમાં લાવી છું !—

" પ્રેમના પાત્રમાં જાતિનો ભેદ હોય નહિ. પાત્ર પારકું છે, કંઇ પીંડ નહિ ! પાણી વણજારૂ છે, કંઈ પ્રેમ નહિ ! "

" હમે વણજારાં ને વળી વનવાસી છીએ. તમારા જેવું હમને બોલતાં આવડતું નથી. શહેરી લોકો જેવાં સુઘડતાઇ ને વિવેકમાં પણ હમે અણગમતાં લાગતાં હઇશું, તોપણ સાગર જેવા ગંભીર થઇને તે માન્ય કરજો. નદીમાં કોઇ મેલ ધુવે, તોપણ તે તો નિર્મળજ રહેશે; સૂર્યને મન વિકાર નથી. તે તો શત્રુ મિત્રને સમાન સમજીને કીર્ણ ઢાળે છે. સાગર તો સારી નરસી ચીજ મેળવે છે, ને કચરો બહાર કહાડી નાખે છે.

" કાળા હૃદયનાં સફેદ માણસ કરતાં, સફેદ હૃદયનાં કાળાં મા-

ખુસો પ્રભુને વધુ વ્હાલાં છે! નગરનાં કપટી જનો કરતાં, વનનાં નિર્મળ માનવી મને બહુ પ્રિય છે. તમારી પરોણાગત માટે ઉપકાર થયો." કુમારે જળપાત્ર આપતાં લાલાં તરફ નમીને કહ્યું.

"અમારો ધર્મ છે, કુમાર! અતિથીનો આદરસત્કાર કરવો, એ લાખા વણજારાને ત્યાં નવું નથી. હા, હમે રંક છીએ, ઝુંપડીનાં રહેનારાં વગડાઉ જેવી હાલતમાં છીએ, પણ

ઘરની વાણી પોપટ બોલે, તેમ ઘરનો વિવેક તમે સારી રીતે સંભાળી રાખ્યો છે."

"તમે તો કોઈ ભૂમિના, ને પ્રજાના સરદાર છો, પણ કોઇ અન્નપાનનું ક્ષુધાર્થિ, લાખા વણજારાના રહેઠાણમાંથી નિરાશ થઇને પાછું જતું નથી. મ્હારા બાપુની આકરી આજ્ઞા છે, કે કોઇ પણ અતિથી કે પરોણાને યોગ્ય સત્કાર કર્યા વિના જવા દેવો નહિ. મને કહેશો કે આપ કંઇ ભૂમિના રાજવી છો?"

"વીરપુરની આ માતૃ ભૂમિનો રાજકુંવર છું ને તમે—

"અમે આપના રક્ષણમાં—

"મ્હારૂં શરણ સ્વિકારશો?"

"રંકને વળી રાયનું શરણ સ્વિકારવું, એ પ્રશ્ન હોઇ શકે?"

"હા—ચોરીનાં કામ એવાંજ હોય!"

"અંતરનું અત્તર તો ચોરનો સ્વતંત્ર માલ છે! દેખીતી આંખે ધુળ નાખી શકાય નહિ, કુટયું રહે પણ કંઈ આંજ્યું ન રહે, એવો દુનિયાનો અદેખો રિવાજ છે! તો પણ આજ્ઞા કરો, આપની સેવા બજાવવી, એ અમારો સનાતન ધર્મ છે."

"તમે કહો છો કે વણજારા છીએ; પણ તમારી વાણી તો રાજકુંવરને શરમાવે, તેવી છે! શું તમે પણ શકુન્તલા પેઠેમ લાખા વણજારાને ત્યાં તો રહ્યાં નથી? જો કોઈ રાજમંદિરમાં હોય, તો

તમારા જેવી સુઘડ ને નિર્મળ બાળા" "ભાવી જે કંઇ કરે છે, તે જાણવા હું સમર્થ કેમ નહિ હોઇ શકુ?"

"ભાવી ફરી જતાં ક્યાં શી વાર લાગે છે! શકુન્તલા વનવાસિની છતાં, રાજવંશી પતિની પટરાણી થઈ કેની? જાંબુવંતીને કુબ્જા શ્રી કૃષ્ણની માનિતી થઇ કની?"

"શું હું રાજભુવનમાં પટરાણી થાઉં?"લાલાં મનમાં બડબડી. હા, ભાગ્યની ચમત્કૃતિ અજબ છે! રંકને ત્યાં જન્મ લીધા પછી, જોકે રંક અવસ્થા રહેતી નથી. રાજ વૈભવી કંઇ સદા રાજવંશી રહેતાં નથી. નશીબનું ચક્ર ફર્યાજ કરે છે. બ્રહ્માએ આ નિયમતો સત્ય ઘડયો છે કે નદી સમુદ્રમાંથી નીકળીને પર્વતને મળતી નથી." લાલાંએ કુંવરને કહ્યું.

"એટલે કે ગરીબ કંઇ રાજમંદિરમાં જઇ શકતાં નથી. એવું મર્મ–વાકય કહો છો, એમજ કની? એ તો વિરોધાભાસ વિચાર છે. નદી. સમુદ્રનેજ મળે છે, તે પ્હાડી માર્ગને લીધે કદી આડી અવળી જાય, પણ અંતે તો તેનાં સ્વરૂપનેજ જઇ મળે–કદી કર્મયોગે કોઇ માણસ ગરીબને ત્યાં ઉછરે, પણ તેનું કર્મ રાજવંશી હોય તો તે રાજમંદિરમાંજ જાય!"

"એવા દાખલા ઘણા! થોડા હશે!"

"તમારૂં ભાગ્ય જો રાજમંદિર બતાવે તો!"

"તો ભાગ્ય આધીન થવું જરૂરનુંજ છે! પણ એ સુખ કરતાં આ સુખ વધારે શાન્તિવાળું છે!" લાલને હસ્તે વદને કહ્યું.

"મન જ્યાં સુખ માને, ત્યાં સુખ છે! હિમાલયની તળેટીમાં વસનારા તાપસી, રેતીના રણમાં બાંધેલી ઝુંપડીઓમાં વસનારા જંગલી, ને વિકટ જંગલમાં રહેનારા રંકજનો, શું મહેલમાં વસનારા રાજાઓ કરતાં પોતાને સુખી નથી ગણતા! જો પ્રાણીઓ એમ શાન્તિ જ

માને, તો તેનાથી જીવાયજ નહિ! એ તો મનુષ્ય સ્વભાવ છે, ને ઇશ્વરી પ્રેરણા છે, કે જેવી અવસ્થા પ્રાપ્ત થાય, તેવી અવસ્થામાં પ્રભુ સૌને ધિરજ ને માન્યતા આપે છે. રાજામાંથી ભિખારી થાય, ત્યારે પણ તેનું હૃદય શાન્તિ માની લ્હે છે. ને રંક કદી રાજા થાય, તો તે વેળા તેનું સ્વરૂપ ઉચ્ચ વિચારમાં ફેરવાઇ જાય છે. તમારી રેખા કેવી છે, જોઉં ? ' કુમાર, લાલાંનો હાથ પકડવા ગયો–બાળા નીચું જોઇ રહી. હાથ માંહેનો પ્યાલો નીચે પડી ગયો–શરીર પાણી પાણી થઈ ગયું. કપાળપર કરચલી પડી. રાજકુમાર જેમ જેમ નજીક આવતો ગયો, તેમ તેમ અનુકંપ વધવા લાગ્યો. કુમારે જેવો લાલાંનો હાથ પકડ્યો, કે દૂરથી સાદ આવ્યો.

" લાલાં ? ત્હારી હરણી તોફાન કરે છે–દોડ ! દોડ ! " બીજી તરફથી રાધાએ બુમ મારી. કુમારના સંગમાં લપટાયલી લાલાં વાતમાં ગુંથાણી હતી. રખે તેનો પિતા આવી જાય ! બન્ને ચમકી ગયાં–લાલાં પાછી પાનીએ ચાલવા માંડી–કુમાર, બહારના અવાજ તરફ નજર કરવા લાગ્યો. શરમાતે ચ્હેરે લાલાંને જોતો, ને રાધાને દૂરથી આવતી નિરખીને ચીડાતો ચીડાતો પાછલા બાગની વાડ કુદીને બ્હાર નીકળી ગયો. અહીં નવીન કૌતુક બન્યું. રાજનો જુનો કારભારી મેઘાશા આવી ચડ્યો. દૃષ્ટિપાત થયો.

પ્રકરણ ૩ જું.

સખીઓનો સંવાદ! મન–વ્યથા!

" અરે લાલુ ? ક્યાં સંતાઇ ગઈ? અલી બોલતી કેમ નથી ? ક્યાં છું ? ' રાધા બૂમ–બરાડા પાડતી મેડી ઉપર ચડી આવી.

લાલનની નજર કુંવર ઉપર હતી. એક હાથની આંગળી હોઠની નીચે રાખી હતી. મોં ઉતરી ગયલું હતું. પોયણી જેમ ચંદ્રના અસ્તથી

સંકોચાઇ જાય, તેવી ઙ્ગાડુલી લાલુની કાન્તિ કરમાઇ જતી હતી. કુંવર દેખાતો બંધ પડ્યો, એટલે લાલુ નિરાશાનો નિશ્વાસો નાંખીને ઘડીભર વિચાર કરતી, ત્યાંજ એક નજરે, તે તરફ જોતી ઉભી રહી. રાધા બ્હીની. લાલુની સજ્જડ મૂર્તિ જોઇને તે સંકલ્પ-વિકલ્પના કરવા લાગી. ચતુર રાધાએ પરખી લીધું, કે લાલુ નક્કી કુંવરપર મોહિત થઇ પડી લાગે છે. પેલી હરણી પાછળ પડેલા શિકારીએ રખે આ હરીણાક્ષીનું ચિત્ત ચોરી લીધું હોય—રખે લાલુનું માંકડું મનડું ચળિત થયું હોય! રખે ભૂખી સિંહણે શિકાર કર્યો હોય! રખે ઉડતી પાંખણીએ પંખી પાડયું હોય! રાધા પાછળ ઉભી ને લાલુના કાનમાં ફૂંક મારી. લાલન ચમકી, ને ભયથી કંપતી રાધાને જોઇ જરે ચીડાતી બોલી—"જા -રાધા! એમ ચમકાવે છે શું? તને તો બધા દહાડા સરખા! જા—મને બોલાવ નહિ!—નીમાણે મુખડે, ધીમા સાદે, કરમાયલા ચ્હેરાએ, ધડકતી છાતીએ, ને પાછળ પડતા નુપુરના રણુઝણાટે, મોં સંકોચીને ચાલવા માંડી. રાધાએ હાથ પકડીને રોકી—અને હસતાં હસતાં બોલી.

"સખી, લાલુ? તું ચીડાઇશ નહિ, હું તારી હાલત જાણી ગઇ છું. તું એક પ્રેમી ચંદ્રનું પોયણું થઇ હોય, કે એક ચતુર શિકારીનું હરણું બની હોય, તો મને નવાઇ લાગતી નથી. કેમકે તારો પડી ગએલો ચ્હેરો, નિરાશાનું સ્વરૂપ પ્રત્યક્ષ દેખાડે છે. તારી નમી પડેલી કાન્તિ, તને ભોંકલાં તીરથી લચવેલાં જાદુનો નાટક દેખાડે છે. તારી પાછી પડતી પાની, તારા ચોરાયલાં ચિત્તનું સ્મરણ કરાવે છે. તારી અંતરની લાગણી, આ ઉપરના મોં કને રજુ કરે છે. તારા વિખરાયલા વાળ તારી ચોળાયલી ચુંદડી, ને તારો સરી પડેલો નેશે, તારી બેડોળ ચિત્તવૃત્તિ દેખાડી દે છે—તું કહે, વા ન કહે, પણ તું લુંટાઈ ગએલી છે. તારી જાણે કે અજાણે તારી જુવાનીયે તને બ્હાવરી બનાવી દીધી છે. તારા મને કે કમને પણ તું સપડાઇ ગઇ છું. તુ છુપાવી રાખીશ,

તોયે તારી ઘવાયલી સ્થિતિપરથી કોઇપણ ચતુર કળી શકશે, કે તું કોઇ કેદીના સંગમાં કેદી થઇને પડેલી છું. હું સમજી શકું છું, કે તું નાસીપાસ થયેલી છું, એટલે તું ચીડાઇ જાય, અથવા તો ગુસ્સામાં તમાચો મારી બેસે, તો નવાઇ નથી. વિયોગીની સ્થિતિ એવીજ હોય છે. તારા મોં પર લાલ રંગ છવાઈ રહેલો છે, એ પરથી સ્હજ સમજાય છે, કે તને કામ-જ્વર ચડયો છે. કામ-જ્વરનું પહેલું લક્ષણ અનુકંપ છે. એ તારા શરીરનાં રૂવાંટાં સાફ દેખાડી દે છે. જ્યાંસુધી પ્રેમી ભેટ નહિ, ત્યાંસુધી કેવલ કલ્પના કરવાથી આ સ્થિતિ પ્રાપ્ત થાય નહિ. ને જ્યારે તું પરવશ પડી ગઈ છું, તો પછી મને તારા અપમાનની, તિરસ્કારની કે બેમૂલા બોલોની દરકાર નથી–જા, સુખે જા–સુઇ જા–પણ લાલુ? તને નિદ્રા નહિ આવે–મનમાં પ્રસંગ ઘોળાયા કરશે. પ્રેમી નજરે પડશે. ચોરટી આંખ ખિલશે ને ઉઘડશે–જો વાત કરીશ, તો નિરાંત વળશે. તારી મરજી પડે તો તારી હકિકત કહે. તારૂં મન સ્થિર થશે. તારી સ્થિતિ સ્વાધીન થશે, ને વળી તને સલાહ મળશે-પછી તારી ઇચ્છા! મ્હારે નવું કંઇ જાણવું નથી. હું તો જાણી ચૂકી છું. વિયોગીની વિપત્તિનો ઘા સહી ચૂકી છું–" રાધાના મર્મભેદી શબ્દો એક પગલે, એક નજરે ને એક કાને લાલુએ સાંભળ્યા. અને બેભાન હાલતે રાધાપર પડી ગઇ. રાધાએ તેને પકડી લીધી.અને પાસે ખાટલો પડયો હતો, તેપર સુવરાવી. તેણે પાણી લાવીને મોં પર છાંટયું. ને પાસે બેસીને પવન નાખવા લાગી–

"રાધા? બાપુ હજી સુધી કથામાંથી કેમ ન આવ્યા?" લાલુ ધીમે સ્વરે બોલી—"બ્હેન! લાખાબાપાને તો સાધુ મળ્યા, એટલે ગોળનું ગાડું મળ્યું. ભગવત ભજનનો રસ લાખા કાકાને એવો લાગ્યો, છે કે ખાનપાન સઘળું ભૂલી જાય છે–કહે છે કે ભક્તરાજ સુરદાસજી આવ્યા છે. લાલુ? તેનાં પુન્ય તને ફળશે–" રાધા હસી, ને લાલુ મોં ઘુમટામાં લપેટીને સુઇ ગઈ.

કામનાં બાણુ આગળ બહાદૂર નરો નબળા થઇ ગયા છે. દીલશેર જેવો હડહડતો ખુની, પ્રિયાના પ્રેમથી કોમળ અને લાચાર બની ગયો છે. જ્યારે પુરૂષો જેવા કઠણુ હૃદયના પુરૂષો નબળા થઇ જાય, ત્યારે દશગણી કામ-શક્તિ ધરાવનારી અબળાઓનો શું ભાર ! તેમાં પણુ અગ્નિ કને ઘી પીગળ્યા વિના કેમ રહે! એક તો અબળા, બીજો પ્રેમ ને મોહ, ત્રીજો કામ, ને ચોથી જુવાની-પાંચમી એકાન્ત ને છઠ્ઠું દીલ, આ ષટશસ્ત્રોથી વિંધાયલી બાળા જો નબળી થઇ જાય, તો કશી નવાઇ નથી.

કુદરતી શિતળ હવાથી લોહીનું બંધારણુ થયું છે. નિર્મળ ને ઝરતા ઝરાના ઝરણુાનાં પાણીથી શરીર મસ્ત બન્યુ છે. વગડામાં કુદરતી ચારો ચરનારી ભેંસ-ગાયોનાં તાજાં ને કઢેલાં દુધ રગે રગમાં પ્રવેશ થયાં છે. તાપ કે તડકો જેની ગણુનામાં નથી. મહેનત કે શ્રમ જેના લક્ષમાં નથી. દુ:ખ કે રોગ જેના સ્વપ્નામાં નથી. એવી નિરોગી, ને મસ્તાન લાલાં એક ચક્ષુદોષના રોગથી કેવી ફુલ જેવી થઇ ગઇ છે ?

લાલાંનું શરીર ન જાડું કે ન પાતળું હતું. ન ઉંચું કે ન નીચું હતું. ન રાતું કે ન સફેદ હતું. સોનેરી રંગની ચામડી પર સૂર્યનાં કિરણો પડતાં, ત્યારે બીજો સૂર્ય લાગતો ને ચંદ્ર જો રશ્મી મુકે, તો રૂપેરી રંગ પ્રકાશતો હતો. તેની ખિલતી જુવાની એક મસ્ત હાથીણી જેવી જણાતી હતી. શરીરમાં માંસ જેમ જેમ ભરાતું જતું હતું, તેમ તેમ ચામડી રબરની નળીમાં ભરાયલા પવન પેઠે ફુલીને ચમકાટ મારતી હતી. તેનું માંસલ શરીર જોઇએ, તો સોળ વર્ષની વયે દોઢસો રતલ હતું. તેની ભૂજાઓ એટલી તો બળવંત હતી, કે એક હાથે દોઢમણુનો પથ્થર ઉંચકીને સિંહ તરફ ફેંકયો હતો. તેના માથાના વાળ, ગંડસ્થળ નીચે નમીને ધરતી પર ડોકીયાં કરતા હતા. તેની

પીઠ પાછળની ગરદન પર જાણે સફેદ ખુંધ નીકળી હોય, તેટલો માંસનો લોચો ચડેલો હતો. છાતીનો ભાગ માંસલ હોવાથી સોળ વર્ષે તે મોટી વયની સ્ત્રી જેવી દેખાતી હતી. તેનું મ્હોળું પણ નમણું ને હસતું મૂખડું કોઇપણ ઘાતકીનાં હૃદયને નરમ બનાવતું હતું. તેની મૂખ પર નિર્દોષતા છવાઇ હતી. તેનો સફેદ પણ પીળચટો ચ્હેરો, તેની કમાન જેવી ભમર, ને હરણી જેવી આંખથી જગતને લોભાવતો હતો. જો એ વનવાસીની નહત, ને નગરમાં નિવાસ કરતી હોત, તો હજારો લોકો તેની પાછળ દિવાના થઇ જાત; પણ નગરમાં હોત, તો આટલી આરોગ્યતાએ નહોત-શુદ્ધ રંગી શરીરે નહોત. એટલે જોરાવર જે મસ્ત બાંધાની છતાં મનની નબળાઇથી તે પરવશ પડી ગઇ હોત!

વનવાસિની લાલાં આટલી મોટી ઉમ્મર થઈ છતાં તેનામાં કામ કે મોહનો વિકાર ઉત્પન્ન થયો નહતો. કુદરતની ઇચ્છાથીજ આજ આ ચોઘડીયું આવ્યું હતું. ને વિનોદ થતાંજ કુમારની ભેટ થઇ હતી. કામદેવે લાલાં પર આજ પોતાનું બળ અજમાવ્યું હતું. પ્રેમ પુષ્પની માળા પહેરાવીને આજ કાન્તિવતી કમલીનીને રમણ ભ્રમણ કરાવ્યું હતું. જંગલવાસીઓને મિઠાઈ જોયા પછી જે રસ ઉત્પન્ન થાય, તેવો નવીન ચમત્કારીક રસ, લાલાંને ઉદ્ભવ્યો હતો. કોઇ દિવસ સ્વપ્નામાં પણ તેને કામે સતાવી ન હતી. તે કેવળ અખંડ નિર્દોષ બાળા હતી. યુવાનીનાં વૃક્ષ પર ઝુલતી છતાં ને તેનાં શિખરો પર પંખીણી પેઠે ફૂદતી છતાં તેને પ્રેમના, મોહના કે કામના પવનનું કશું ભાન હતું નહિ. અનેકવાર પુરૂષોમાં સાથે વસીને નિદ્રા કરવાનો સમય આવતો, તોપણ તેને કશો વિકાર થયો નહોતો.

જંગલવાસી બાળાઓ અર્ધ-નગ્ન શરીરે, આરોગ્યતાના હિંચોળાપર મસ્તાન બનીને ડોલતી છતાં, પરપુરૂષનો તેને કશો પાસ

લાગતો નથી. ભરવાડ, ચારણ રબારીને વણજારા કે પાધરી લોકોની કન્યાઓમાં મોટી ઉમ્મરે પણ પવિત્રાઇ જળવાઇ રહેલી હોય છે. પરપુરૂષોની સંગે સુખે નિદ્રા કરવા છતાં કદીએ ઉભયનાં દીલ ડોલતાં નથી. ભરવાડણો ને ચારણો એવી તો ચોખ્ખા મનની ને સાત્વિક વૃત્તિની હોય છે, કે આજે પણ તેની કરડી નજરમાં ઉડતો અગ્નિ, નબળી વૃત્તિના પુરૂષોને દહન કરી નાખે છે. તેઓ લોભી કે લાલચથી કદી ચળતાં નથી. તેને વૈભવની કશી દરકાર નથી. જો તેઓ પરવશ થતાં હોય, તો તે માત્ર એકજ ઉપાય સ્વિકારે છે. એ ઉપાય મનની નિર્મળતા ને દીલની દયા છે. દયાળુને માયાળુ માનવી પાછળ તે ઘેલાં થઇ જાય છે. તેઓ જંગલી અને સંસારી રિવાજોથી અજાણ લોકો છે, પણ તેની સદ્‌ભાવના ને તેની મર્યાદા તે કદીએ ઉલ્લંઘતાં નથી. તે દરેક ભલાં જનને પ્રાણ પર્યન્ત આપવા તૈયાર થાય છે, પણ પાપીનો પ્રાણ લેતાં તે કદી ડરતાં નથી. તેઓ પરોણાગત કરવામાં એકાં છે. મોટા લોકોના મંદિરોમાંથી મૂઠી અનાજ નહિ મળશે, પણ વનવાસિઓના ઝુપડામાંથી કોઇ ભૂખ્યો પાછો ફરશે નહિ, અને જો કોઇ સારો માણુસ પોતાના રહેઠાણમાંથી પસાર થશે, તો છેવટે દુધ પીવરાવવાની પરોણાગતમાંથી તો પાછાં હઠશે નહિ.

પ્રકરણ ૪ થું.

વિરહ—વ્યથા.

અલી સખી ? તું તો બહુ શરમાળ છું ને શું ? ઘડીભરમાં બરફના ગાંગડા પેઠેમ પિંગળી ગઇ ! ”

“ રાધા ? સૂર્યની કાન્તિથી કોણ અંજાતું નથી ? અગ્નિ

તાપથી કયો પ્રવાહીરૂપ નક્કર પિંગળતું નથી? મીણ કે ઘ્રત જેવું સ્ત્રીનું હૃદય છે."

" અલી તને આ વાયુથી કામાગ્નિની શાન્તિ થયલી લાગે છે?" અનસૂયા–પ્રિયંવદા પોતાની સખી શકુન્તલાને પુછતી હતી.

" શું કહું સખી ?—જાણે સાક્ષાત્કાર કણ્વ મુનિના આશ્રમમાં નાટારંભ થાય છે !

મરાઠી—પીલુ લાવણી.

મર્યાદા મૂકી કે'વું એ યોગ્ય નથી કહેવાતું,
પણ ધિરજ મનમાં રે આ દુઃખ નથી સેવાતું—

લાલને શુદ્ધ હૃદયે સખીને જવાબ દીધો.

રાધાએ બારીક નજરે જોયું હતું.લાલાંની આંખ લાલચોળ થઇ ગઇ હતી, આંખમાં વીરહ તાપ ભર્યો હતો. મગજમાં વીર્ય ઉછળી રહેવાથી, ને લોહી તપી જવાથી આંખધારા તેની ગરમ દેખાતી હતી. તાપસી જનો યોગની ધુનમાં જેમ મસ્તાન બને, તેમ લાલન કેફની ધુનમાં મસ્તાની બની હતી. રાધાને તો વીતેલું હતું, એટલે લાલાંની અપ્તરંગી ચેષ્ટાથી તેને ભય થતો નહોતો.

લાલાં પડખું ફરી, એટલે રાધાએ વાયરો નાંખવો બંધ કર્યો. લાલાંએ રાધાની તરફ દૃષ્ટિ ફેંકી, ત્યારે રાધાએ તેને બોલાવી.

" લાલન ? તને વાયરો ગમે છે કે ? "

" રાધા ? તું હજી અહીં બેઠી છું કે ?

' તું રાજભૂવનમાં પ્રેમ હિંચોળે પતિની સોડમાં પેસીને ઝુલે, ત્યારે શું તારી સખીને પાસે ઉભીને વાયરો નાખવાનો પણ અધિકાર નહિ હોય ! "

" રાધા ? તું કલ્પના કરવામાં કુશળ છે, હોં " લાલાં લગાર ખાટલા પર બેઠી થઇને બોલી—

" લાલાં ? તું જીવન-સુખની પ્રભાનો પ્હેલો પ્રકાશ જુએ છે, પણ તારી સખી તો તેનો કડવો ઘુંટડો ગળી ગયેલી છે. માણસનું મન આરસી જેવું છે. પોતાના આન્તરિક વિચારો ભલેને તે છુપાવે, પણ તેની અસર શું મોંહક નથી થતી કે ? અરે બ્હેન ? દુઃખાયલું દીલડું કે હસતું મનડું તો તરત પરખાઇ જાય ! ચોરની ગત ચોર જાણે-પીરની ગત મુજાવર જાણે-લુચ્ચી ? તું મને ઠગે છે ? ' રાધા લાલનની દાઢીપર પ્રેમ ભાવે આંગળી મારી.

" ત્યારે તેં મ્હારી વાત જાણી છે, એમજ કેની ! "

" તું જે માને તે ખરૂં ! પણ એ વાત ન જાણી હોય, તોપણ તું તે કેટલા દિવસ છુપાવશે ? "

"તું શું એમ ધારે છે કે હું કોઇ પુરૂષના મોહમાં અંજાયલી છું."

" હું ધારતી નથી, પણ માનું છું. તારા કહેવા પરથી નહિ, પણ તારા દીલ પરથી જાણું છું. "

" એક સાબીતી બતાવીશ ? "

" હું તને અપરાધી ગણું, તો દોષ ખરો કરવા સાબિતી બતાવું કેની ! તું દોષિત તો નથી ! "

" ત્યારે મ્હારા પર અપવાદ કેમ મૂકે છે ! "

" હું અપવાદ મૂકતી જ નથી. હું તો એમ કહું છું કે તને સત્સંગ થયો છે ! "

" પુરૂષનો સંગ તે વળી અપવાદરૂપ નહિ ! "

" મનનો કે કમનનો ! જો કમનનો સંગ હોય, તોપણ અપવાદ રૂપ નથી. ને મનનો હોય તોયે દોષરૂપ નથી. મનનો સંગ સાત્વિક છે. હા. લગ્ન પછીનો પર-જન સંગ દોષિત છે, પણ મન-સુખ મેળવવા માટે વ્યાપાર કરવાની દરેકને છૂટ છે. ને નીતિ માર્ગે વ્યાપાર કરવામાં અપવાદ લાગતો નથી. કમનનો સંગ તિરસ્કાર રૂપ છે. એટલે

તેમાં તો અપવાદ હોતોજ નથી! કેમકે તેને સારો કે નઠારો કાળો, કે ધોળો પાસ પડતો નથી?"

"ત્યારે એટલું જ કે મને સંગતનો પાસ લાગ્યો છે."

"પાસ લાગ્યો નથી, પાસા પડયા છે. કાચની કોરો પર સૂર્યનાં કીરણુ પડતાં, જેમ જુદા જુદા રંગ લાગે છે, તેમ તારી મનવૃત્તિ પર રંગ પૂરાયા છે. પણુ એતો હોવુંજ જોઈએ. અગ્નિ કને ઘી રહે તો પિગળે જ! તાપ કને કાચ હોય તો રંગ જણુાય જ!"

"તેમાં કંઈ વિકાર હશે, ખરો!"

"નેત્રમાં વિકાર રહેલો છે ખરો."

"લોકો 'અમૃત-દ્દષ્ટિ' કોને કહે છે, વારૂ?"

"મનની સાત્વિક-માયાને—"

"આપણું મન કંઇ મેલું છે!"

"તેમનાં પ્રથમ કીરણો ઝેરી છે. દૃષ્ટિ રાગનો પ્હેલો પ્રયોગ વિષરૂપ ગણુાય છે."

"એકની આંખમાં જ!"

"ના—ઉભયની! સ્ત્રી અને પુરૂષ બન્નેની આંખમાં વિકાર હોયછે."

"એ શાથી ઉત્પન્ન થતું હશે?"

"માયાનું બંધારણુ આંખ છે. આંખમાં એવું ઝેર છે, કે તે પ્રેમીને પછાડે છે! વેરીને પણુ તાડે છે! આંખમાં અમૃત ક્યારે હોય છે, કે જ્યારે મનના વિકારો શાન્ત પડે છે ત્યારે; પણુ યુવાન મદને કામમદ પ્રકટે છે, ત્યારે તો આંખ એવી ઝેરી બને છે, કે નાગ જેવા ઝેરી વા વાઘ જેવા ઘાતકીને પણ ત્રાસ આપે છે.'

"સ્ત્રીમાં વધારે ઝેર છે કે પુરૂષમાં!"

"યુવાન મુગ્ધાને પ્રેમીનું ઝેર જલદી ને વધારે લાગે છે. યુવાન પુરૂષને યુવાન સ્ત્રીનું ઝેર વધારે ચડે છે."

લાલન-વણજારી

[૨]



લાલનને નિદ્રાવશ થયલી જોઈને [illegible]

"ત્યારે મને નજર લાગી છે. એમ જ તું માને છે કની!"

"તે તો તું જાણે, તારી નજર તેને લાગી કે તેની નજર તને લાગી. અથવા બન્નેની એક નજરથી બન્નેને ઝેર ચડયું."

"રાધા? તારા તર્કનો હું કશો જવાબ આપી શકતી નથી."

"તોપણ તું ઘવાયલી છું, એતો કબુલ કરે છે કની?"

"તું કહે તો હા—બીજું શું?"

"ત્યારે હમણાં તે વાત પડતી મૂક! બાપુને આવવાનો વખત થઈ ગયો છે—બીજી વેળા તું મને કહેજે—તારી પણ ત્યારે શાન્તિ થઇ હશે—ને તેથી વાતની મજાહ પડશે—"

"હા, હું પછી તારા મનનું સમાધાન કરીશ—"

"પણ જોજે હં! રાતનો ગાળો વચમાં છે. તેટલામાં નવું જૂનું ન થઇ જાય!" રાધા હસતી હસતી ઉઠી ગઇ.

'જારે જા, ઘેલી!" લાલાંએ રાધાની પીઠપર હાથ માર્યો." ને હસતે મુખડે ખાટલામાં મોં દબાવીને સુઇ ગઇ.

"હવે તો વિમાસણ કરવી એટલુંજ! બનેલી વાત તાજી હશે. મનનો વિજોગ મોં આગળ આવશે—જરા વારે હસવું ને જરા વારે રડવું આવશે. જો કોલ લીધો—દીધો હશે, તો શાન્તિનું સ્થળ બંધાશે. નહિ તો મોહનું મૃગજળ જણાશે. જે થાય તે મને કહેજે. હું વિના તારો કોઈ વૈદ નહિ થાય. હું તારો ભૂવો, હું તારો ઉતાર ને હુંજ તારૂં ભૂત થઇશ. તું મને ઉતારો આપજે. હું તે મેલડી કે ખોડીયાર માતાને નિવેદ તરીકે મૂકી આવીશ. જો તું રાજભૂવનમાં જાય, તો મને સાથે તેડી જજે!"

"મ્હારા બાપુની ઝુંપડી, ને સુખની શિતળ ટેકરી, રાજભૂવનના કેદખાના કરતાં સારી છે. જા બા ના! ચિત્તને બીજે ચોંટાડ!" રાધા હસતી હસતી ચાલી ગઇ. લાલાં નિદ્રાવશ થઇ ગઇ.

મનના ખુલાસાથી લગાર શાન્તિ મળી. રાધાના એકેએક બોલ બ્રહ્માના લેખ પ્રમાણે નજરે ચડયા. ઘરની ચાકરડી ઝુંપડામાંથી ખાવાનું લઇ આવી, પણ તે ન ખાધું. ભૂખ ટળી ગઇ–ને એકાન્ત શય્યા સુખની શાન્તિ મળી ગઇ–લાલાં, કુંવરનો પ્રેમ-પ્રસંગ સ્વપ્નાંદ્વારા નીરખવા લાગી–ને છૂટથી મન દ્વારા વિનોદ કરવા લાગી–કુંવરને પણ તેમજ થયું. તેની ગતી પણુ રીતા વગરના રઘુવર જેવી થઇ! લાલાં એક તરફ કુમારનું ધ્યાન ધરવા લાગી, ત્યારે કુમાર બીજી બાજુ લાલાંનુ ગાન ગાવા લાગ્યાં. પ્રેમીનાં દીલ પ્રેમી જાણે–બીજાં તો વન્ધ્યા પેઠે પુત્ર-સુખ વખાણે—લાલાંને રાધા મળી, ત્યારે કુમારને માધવ મળ્યા. વિયોગી જનો મન શાન્તિ કેમ મેળવતાં હશે? તેનો ચિતાર આપણે અક્ષરદ્વારા અનુભવીએ તો ખરાં–ચાલ જરા આગળ—

પ્રકરણ ૫ મું.

રાજકુંવરનો રાજ–રોગ!

કુમાર અનંતસેન સાંજે નગરમાં આવ્યો. તેમની યુવાન મન-વૃત્તિ કોમળ ચલિત થઇ ગઇ હતી. લાલાંનાં સૌંદર્યપર આ યુવાન કુમાર મોહવશ થઇ ગયો હતો. તેનું સ્થૂળ દેહ નગરમાં હતું, પણુ તેના આન્તરિક ભાવ વગડામાં હતો. તેનું આશા-મન મહેલમાં હતું, પણ તેનું ચિત્ત-સ્થાન ઝુંપડામાં હતું. તેની દ્રષ્ટિ રાજભૂવનમાં લટકાં કરતી હતી, પણ તેની મન-દ્રષ્ટિ લાલાંને નિહાળતી હતી. તે ભૂલો પડયો હોય, તે કોઇ મહાવિચારમાં ગુંથાયલો હોય, એમ લાગતો હતો. કોઇ સાથે વાત કરતાં વિચાર તંત્ર તોડી નાખતો હતો. તેનું ચપળ મન કોઇ સાથે વાત થતાં મૂળ પ્રસંગ વિસારી નાખતું હતું. રાજા તથા

રાણીના સમજવામાં તેવું કંઇ આવતું નહતું. કુમારના મનમાં લાખાના મેળાપનો પ્રસંગ ગાજ્યા કરતો હતો. તેને જાણે સ્વપ્નું થયું હોય, એવો ભાસ લાગ્યો હતો. તે પરવશ પડી ગયો હોય, તેની મન-શક્તિ ખેંચાઈ ગઇ હોય, તેનું બળ હરાઇ ગયું હોય, તેની સાવધાન સ્થિતી લૂંટાઇ ગઇ હોય, ને તે કોઇ જાદુમંત્રના તંત્ર વડે બંધાઇ ગયો હોય, એમ લાગતું હતું. મહેલના ખાનગી ભાગમાં જ્યાં પોતાનું શયનગૃહ હતું, ત્યાં હિંચોળાપર બેઠો. અને જે દિશા ભણી લાલાનું રહેઠાણ હતું, ત્યાં જોવા લાગ્યો. ચળિત વૃત્તિએ ઘડીકમાં અહીં, ને ઘડીકમાં તહીં એમ ઉઠાડવા બેસાડવા માંડયું. રાજકુમારની દૃષ્ટે લાલાંનું રૂપ કોઇ તાપસી દેવી જેવું લાગ્યું. વગડામાં વસનારી એક ગરીબ ગણાતી વનવાસીની પુત્રીપર કુદરતે જે પ્રસન્નતા દેખાડી છે, એ સંભારી સંભારીને મનને મોહમાં પ્રવેશ કરાવા લાગ્યો. યુવાન મનપર મોહનાં પુષ્પે મનહર સુગંધ ભરી છાંટ છાંટી; વસંતની વન-કળીએ વિલાસી-નાં કાળજાં વીંધી નાખ્યાં હોય, તેમ લાલાંએ અનંતકુમારનું હૃદય ચીરી નાખ્યું હતું. એ ઝેરી વસ્તુને આનંદ આપનારી કહો, કે નિરાશા ઉપજાવનારી કહો, પણ તેના શોખીનને તે જીવન ફળ જેવું હતું. અફીણીને અફીણ વગર ચાલતું નથી, તેમ પ્રેમીને પ્રેમી વગર ચાલતું નથી. તે ઝેરી પદાર્થ છતાં પ્રેમીને મન મસ્ત છે. બીજાને તે વિકારી છે. મોહનો મહિમા મોહીતથી સમજાય છે. કુમારની અવસ્થા કેવી ગાંડી ઘેલી અને કઢંગી થઇ ગઇ છે, તે કુમાર જેવા વિયોગી જાણે! કુમારની અવસ્થા દુષ્યન્ત જેવી વિહ્‌વલ થઇ ગઇ હતી. કુમાર તો કુદરતની કારિગીરી પર લોભાયો હતો. દુષ્યન્તને તો ઘેલછા હતી. તેનો પ્રેમ સાત્વિક અંશોથી ભરેલો છતાં મનની નબળાઇનો હતો. તે પરણેલો રાજા હતો. તેનો પ્રેમ, પ્રિયાના પૂર્ણ સૌંદર્યમાં વહેંચાયલો અને તે છતાં શકુન્તલાના રૂપપર મોહ પામીને એક મુગ્ધ કન્યાને

સપડાવવામાં સફળ થયો હતો; એટલે દુષ્યન્તનો પ્રેમ માત્ર મોહરૂપ હતો. અપવાદી હતો. શકુન્તલા સરખી નિર્દોષ વનવાસિનીને કામના પ્રભાવે ચળિત કરી, એ શુદ્ધ પ્રેમની વાસના કહેવાય નહિ ! મોહના બળે પુષ્પથી અંજાઇ ગયો. કામના બળે શકુન્તલા શરમાઇ ગઇ. ભલે દુષ્યન્ત પોતાનો દોષ દૂર કરવા સાત્વિક પ્રેમની લાગણી બતાવે, પણ તેની વિસરાળ વૃત્તિ સાબિત કરી આપે છે. કે તે પ્રેમ-વશ થયો ન હતો, પણ મોહવશ થયો હતો. અનંતકુમાર લાલાં પ્રત્યે કેવળ તેવો નિષ્ઠુર કે અપવાદી નહોતો. તે કુંવારો હતો. મોહિનીનો પડછાયો તેના અંગપર પડયો નહતો. પ્રેમનો પડઘો તો સાંભળ્યો નહતો. મોહ કે કામ તેના લક્ષમાં નહોતો. કુદરતી શક્તિથી તે પદાર્થની સૌંદર્યતાને પરખતો હતો. બાળક પણ ગુલાબ જોઇને હરખે તો કિશોર કુમાર લાલાંના સૌંદર્યપર મોહ પામે, તેમાં નવાઇ નહતી. કુમાર કેવળ નિર્દોષ હતો. દુષ્યન્ત સમાન ચલિત મનનો નહોતો—પોતાને ત્યાં પ્રિય રાણી છતાં યુવાન કન્યાના મોહમાં પડવું; તેના પિતાની ગેરહાજરીનો, ને યુવાન કન્યાની કામાંધ સ્થિતીનો લાભ લઇને પાછળથી તે સ્ત્રીનો ત્યાગ કરવો, એટલી ધિક્કારવા લાયક સ્થિતીએ આ કુમાર પ્હોંચ્યો નહોતો. જેમ સાત્વિક ભાવનાથી ખડો રહેલો હતો, તેમ લાલાં પણ તેવીજ રીતે નજર કરતી હતી. કુદરતનાં સાત્વિક અંશોનો તેમાં પ્રકાશ હતો. લાલાંને માથે પરોણાનો સત્કાર કરવાની ફરજ આવી પડી હતી. એક તો રાજકુમાર, ને તે પરોણા તરીકે ઉભો હતો. વળી નગરવાસી કુમારોનો પ્રસંગ પડયો નહતો એટલે તેને કુંવરનો મેળાપ, ને તેની જોડે વાત-ચિત્ત કરવાની નિર્દોષ ઉલટ થઇ આવી હતી. કુંવરના મનમાં ઇશ્વિરી ચમત્કાર ઉદ્‌ભવ્યો હતો, કે જંગલમાં વસનારી બાળામાં અનહદ સૌંદર્ય ને મર્યાદા રહેલી છે ! આ ઉભય મન કેટલી હદ સુધી નિર્દોષ હતું ! નિરપવાદી હતું, આ તૂલ-

ના કરવાનું સુત્ર ને સૃષ્ટિ–સુખના પારાંગત સજ્જનોને સોંપીશું. પ્રેમના પુષ્પ–પુંજમાં હીંગનો જે સ્વાદ લગાડવામાં આવ્યો છે, તેને નિર્દોષ નજરે જોવામાં જન–દૃષ્ટિએ મહત્તા માની છે. કૃષ્ણનો ભક્તિમય ગોવાળણીઓનો પ્રેમ જેને વદાન્તકારોએ શારિરિક કે માનસિક ઇંદ્રિઓના લક્ષણોમાં સમાસ કર્યો છે, તે પ્રેમ નિર્વિવાદ અળગો કરીશું. પણ દ્રૌપદીનો પ્રેમ અપવાદમાંથી મુક્ત કરીશું નહિ. હા. દ્રૌપદીની દૃઢતા, સહનશીલતા, પવિત્રતા ને સદગુણતા વિષે તેની રીતિ–નીતીને માન આપીશું, તેનાં નિર્મળ અંતઃકરણને ધન્યવાદ આપીશું, તેની વિવર્ણીય સ્થિતીથી તેણે સામાન્ય પ્રેમ–ભાવના જાળવીને પાંચ પાંડવોની સ્વામી સેવા ઉઠાવી, ઉત્કૃષ્ટપણું બતાવ્યું તે માટે તેને દેવી તરીકે પુજશું પણ ધારાના તંત્રપર કસોટી કરતાં એટલું તો કહીશું કે તેનો પ્રેમ પણ અખંડ રીતે ભેદાયલો, વિછેદાયલો, ખંડિત થયેલો, વિવર્ણ થએલો ને પરાધીન પડેલો ગણીશું. પ્રેમનાં સાત્વિક અંશો બહુ થોડાં માલમ પડશે. નળ–દમયંતીનો પ્રેમ માત્ર હંસની કીર્તિ–ગાનથી ઉદ્‌ભવ્યો, પરન્તુ સીતા ને રામનો પ્રેમ પણ દૃષ્ટિરાગી છતાં જનસમુદાયમાં અપવાદરૂપ ગણાયો! રામે અખંડ એક પત્નિવ્રત રાજાની પદવી મેળવ્યા છતાં, લોક વાયકાને આધારે સતીને વિકટ વગડામાં રઝળાવી, એ અખંડ પ્રેમનું લક્ષણ નથી. જ્યારે માનસિક વૃતિથી ઉત્પન્ન થયેલા પ્રેમમાં આન્તરિક અપવાદ જણાય છે, ત્યારે દુષ્યન્તે કણ્વમુનિની ગેરહાજરીએ નિર્દોષ બાળાની પવિત્રતા લુટી, અને લુટી છતાં તેણે તે સ્ત્રીને સ્વિકારી નહિ; તેનો પ્રેમ કંઇ થોડા અપવાદથી લપટાયેલો છે! આ દુષ્યન્તની સાથે વિશ્વામિત્ર કે શુક સાથે મેનકા કે રંભાનો મોહ ક્યાં સરખાવીએ! મુખમાંથી, કાનમાંથી, દૃષ્ટીથી, ને બળાત્કારથી પ્રજોત્પતિ કરો, અને તે કામ કરનારા તપસ્વી, સાધુ, મહાત્મા, યોગી સન્યાસી, ને ગુરૂજન છે; તો પછી તેનાં વર્ણન ભાગવત કે મહાભા-

રતના ક્યા ભાગમાંથી ચુંટી કહાડીને પુરાવો આપી પ્રેમ—લક્ષણાનું કારણ બતાવીએ! એ માત્ર માયાનોજ પ્રભાવ! તાપસીજનોનાં ચલિત સુખ તે સુખમાં, તથા મોહનો પ્રેમ તે કંઇ પ્રેમમાં છે! ઝાકળનુંપાણી તે કંઇ પાણીમાં છે! મીઠાના ગાંગડા તે કંઇ સાકરનો સ્વાદ આપશે! મોહનો ચળકાટ તે પ્રેમ છે ? પિતળને ગમે તેવું ગીલટ કરો, પણ તે સોનું થવાનું નથી. સ્વાર્થનો પ્રેમ કદી પ્રેમની ગણનામાં આવવાનો નથી. અંતરની લાગણીથી ઊત્પન્ન થયેલો પ્રેમ, અખંડિત સ્થિતી ભોગવીને વૈકુંઠ પ્રાપ્ત કરે, તેજ પ્રેમ! અલબત અનેક ખટરસ પદાર્થ વિના ભોજનની માધુર્યતા આવતી નથી, તેમ પ્રેમમાં મોહ કે કામનો અંશ હોયા વિના પ્રેમ શોભતો નથી, પણ તે તો પ્રેમનાં એક માત્ર કીરણ છે. અને તે કીરણ ઝાંઝવાંના જળ રૂપે છે-જેમ અજ્ઞાની માટે મૂર્તિપૂજન તેમ અજ્ઞાત માટે એ કીરણ ! જ્યાં જ્ઞાન છે, ત્યાં દાખલારૂપ વસ્તુની અગત્ય નથી. પ્રેમ તે પ્રેમજ છે !! કસુંબ રંગ તે પ્રેમ છે ! !

પ્રકરણ ૬ ઠું.

મિત્ર—વિનોદ.

" કાયા ઘડી અજબ ચિત્ર સચી વિધાએ, "

Within the nauel of this hideous wood,
Immured in cyprus shades, a sarecirer dwells;
Of Bacchus and of circe born, great cauws,
Deep skill'd in all his heother's witcheries;—

* * * *

કુમાર નિર્દોષ લાલાનું કીર્તિ–કથન કરતો હતો. મનમોહન સુંદરીની ચપળ કાન્તિ પર ભૂલો પડેલો ભમરો ગણુગણુતો હતો. મોહની લપટમાં લપટાયલો–સ્ત્રી ભોગી, પ્રિય ભમરીનાં યશોગાન ગાવા લાગ્યો હતો. જાદુ મંત્રથી વશ થએલું પુતળું, જાદુના જોરે જેમ ડોલાવે તેમ ડોલાય, તેવી રીતે કુમારની અવસ્થા ડામાડોળ થઇ ગઇ હતી. તેના અંતઃકર્ણમાં લાલાંને પ્રિયાંગના કરવાનો ઉભરો ઉભરાઇ આવ્યો ન હતો. તે આ પ્રસંગે તો માત્ર તેનાં ઘટાદાર સૌંદર્યનો જ રસીઓ બન્યો હતો. તેનું ચિત્ત કંઇ વસંતની વેલીને ચીમળાવવા તલ્પતું ન હતું, તેમ તેની સુગંધી હરવાની ઇચ્છા કરતું ન હતું, પણ તેનાં સૌંદર્ય પર લલચાઇ ગયો હતો. લાલાંની નમણી ને લોભી આંખડીનું મટકું વારંવાર નિરખવાને તે લલચાયો હતો. પોતાની સ્થિતી તરફ નજર કરતો હતો, ત્યારે તેને વિમાસણ થઇ પડતી હતી. રાજમાતા કે મહારાજાની જાણમાં ન આવે, પ્રજા વર્ગ કે કારભારી વર્ગ ન જુએ, ને લાખાના કાનપર વાત ન જાય, તથા લાલાં પોતાની ભેટથી મનકોપ ન પામે, તેવું ચાહતો હતો. તેને મેઘાશાનો ભય પેઠો હતો. પણ એટલી ધિરજ હતી કે “મેઘાશા લોભીઓ હોવાથી એકદમ વાત બહાર પાડશે નહિ. તે આ નિમિતે લાલચ માગશે. તે જો પુરી પાડવામાં આવશે, તો તેને લાંબો ટુંકી કરવાની જરૂર રહેશે નહિ. એમ કુમાર ધારતો હતો. મેઘાશાને તો લાલચથી સમજાવી લેવામાં આવશે પણ લાલાં ફરીને શી રીતે સત્કાર કરશે?”

લાલાંની પ્હેલી મુલાકાત પ્રસંગોપાત થઇ છે. હરણીનું નિમિત્ત ને તૃષાની મિષે મુખદર્શન તો થયું; પણ બીજીવાર શા નિમિતે જવાય! લાલાં પ્રથમ તત્કાળ પ્રસગ પડવાથી ગભરાઇને અથવા પ્રેમ વિવેક કે સત્કારનાં કારણે શરમાઇને ભેટી હોય, પણ પાછળથી સંકોચાઇ ગઇ હશે તો? વળી તે સમય એકાન્ત હતો. હવે પછી તે

એકલી ન હશે તો ? તે વખતે પ્હેલો જોવાથી તેણે નિર્દોષ રીતે નિહાળ્યો હોય, ને પાછળથી હું મોહવશ થયેલો છું, એમ ગણીને એ સત્કાર ન કરે તો ! મુખ દર્શન વેળા, મોં, વાણી, મન, કાયા ને અંતઃકરણે તો સાત્વિક રીતે પરોણાગત કરતું હતું, પણ પાછળથી તેને વિચાર આવ્યો હોય, કે આકળાપણામાં અવિવેક થઇ ગયો છે. અને તેથી કરીને તેવું ન કરવાનો નિશ્ચય કર્યો હોય તો ! મૂર્ખ મેઘાશા મૂર્ખાઇમાં લાખા વણજારાને તો નહિ કહી દે ! લાખાની કહે તો ચિન્તા નહિ. શિકાર નિમિત્તે જઇ પડયાનું બ્હાનું ખોટું નથી, પણ કદી લાલાંને અપરાધી ઠરાવીને તેની કનેથી કંઇ છૂપો લાભ મેળવવા મથન ન કર્યું હોય, યા યથા ધમકી દીધી હોય, ને એ ધમકીથી લાલાં ભય પામીને ફરીને મુખ દર્શન ન આપે તો ! એ નિમિતે મેઘાશા જો અહીં આવે, તો તેને દાબી દઇ શકાય, પણ સામા જઇને કેમ કહેવાય! કાં કદાચ તેણે નજર કરી છતાં ખ્યાલ ન રાખ્યો હોય ! કાં તે પોતાના ધંધાના વિચારમાં ગુંથાયલો ન હોય ! કાં તેની નજર વિચાર વાયુમાં ઘેરાઇ ગઇ ન હોય ! માણસ પોતાના કામનામાં મસ્ત હોય છે, ત્યારે પાસે પડેલી વસ્તુ કે સામે ઉભેલા ઝાડ પશુ કે માણસને જોઇ શકતો નથી. કાં હમારા સંબંધમાં તેમ નહિ બન્યું હોય ! ઘણી વેળા એવું બને છે, કે ચોર બીજાંને જોઇને ભય પામે છે. ને જોનાર માણસ તો તે જાણતોએ ન હોય ! કાં મેઘાશાની કલ્પના વિસરાઇ નહિ ગઇ હોય ! મેઘાશા તો ગમે તે કરે, પણ લાલચનું પૂતળું એટલે કબજે કરી શકાશે; પણ લાલાં જો વેગળી ગઈ, તો તેને સ્થિર કરવી કઠણ થઇ પડશે. લાલાં વરશે કે નહિ ? મ્હારાથી વરી શકાશે કે નહિ? લાખો માનશે કે નહિ, પિતા કબુલ કરશે કે નહિ, એ તો હમણાં બીજા પ્રસંગ પર રાખીએ, પણ લાલાં ભેટશે કે નહિ! પ્રિયા તરીકે નહિ તો પૂતળી તરીકે મોં દેખાડશે કે નહિ ! ફરીને

મળવાનો સમય મળશે કે નહિ!" આ પ્રકારના વિચારે કુંવર ગાંડો ઘેલો બની ગયો છે. લાલાંના નામની જય માળ જપતો બગીચામાં ફરે છે. તે લાલાંનાં રૂપનું વર્ણન કરતો આમ તેમ ડોલે છે. સાંજનો સમય છે. મનમાં એમ રમણ થાય છે, કે રાત્રે પાછું લાલાંને મળવું! દીલ દોડયું છે, પણ ભીતિએ આડી ભીંત ત્રણ છે! કુમારે લાલાંનું સ્તવન કરતાં ફરીને ઉદ્‌ગાર કહાડયો.

દિસે રમા કુમુદ–કાન્તિની કાન્તિ જેવી,
દિસે ઉભી શિતળ ચંદની શાન્તિ જેવી:
દિસે એખંડ તન–રત્ન અમુલ્ય એવી,
વનવાસી–રાજ તનયા કહું કોણ જેવી ?—

કુમાર આ કાવ્યની ધુન ધ્યાન, ધરીને લવતો હતો, એવામાં તેનો મિત્ર માધવ આવી ચડયો. કુમારના મુખમાંથી તે મોહન–માળાનું આ પ્હેલુંજ કાવ્ય શ્રવણ કરતો હતો. કુમાર આજ સુધી નિવૃત્ત મનનો હતો. મનની નવી જંજાળ વોરવાને તે શકિતમાન થયો છે, એ આજેજ માધવે જાણ્યું હતું. કુમારના મનમાં સંસારની માયાવી વસ્તુ હજી સુધી પ્રવેશ થવા પામી નહતી. પ્રેમનો વિનોદ, પ્રીતિની સ્થિતી કે મોહનું ગાન કદીએ કુમારના મુખે માધવે સાંભળ્યું નહોતું. આજ કંઇક નવીન રંગમાં કુમારને તેણે નિરખ્યો હતો. કુમારને આજુબાજુનું ભાન નહતું. તે પોતાની ધુનમાં ઘૂમતો હતો. તે તો મોહન-સુંદરીનું પ્રેમ–ગાન ગાઇને મનને રિઝાવતો હતો. રાત પડે લાલાંને ભેટવાનો રસ્તો લ્હેશો, એવા કલ્પિત ઠરાવપર આવી ગયો હતો. તે મોહમાં અંજાયલો હતો. ને કામ ધુનની મુરલીના મધુર સ્વરો તનમાં રણઝણાટ કરતા હતા. મનનો ઉદ્‌ગાર કયાં ખાલી કરવો? પ્રિયાંગના કરવાને શા શા યત્ન કરવા! પોતાની પ્રિયા કરવાને કોની સહા-

યતા કે સલાહ લેવી, એ સઘળું વિસરીને ચોરરૂપે જાતે જવાનો નિશ્ચય કર્યો હતો. ને સમજતો હતો કે, મનની વાતથી ઇશ્વર સાક્ષી વિના સર્વ અ જાણ્યુ છે. પણ બેભાન કુમાર કયાં સમજતો હતો, કે માધવ તેના સઘળા ઉદ્‌ગાર સાંભળ્યા છે !

"રે દુષ્ટ મેઘાશા ? તને રોગ કાં ન થયો ! જો તું આવ્યો ન હોત, તો બે ઘડીની વધુ મજાહ પડત. અને હમણાં મને જે શોચ કરવો પડે છે—તે ન થાત ! ચંડાળ ? તારાં પાપે મને પ્રિય-પંખિણીને તજવી પડી ! ઓ કર્મચંડાળ ? તારાં દુષ્ટ પગલાંથી મને મનહર મૂર્તિ તજવી પડી. એકવાર તો ભલે અજાણપણે તું આવ્યો. પણ ફરીને આવ્યો તો તારૂં માથું ખોડીયાર માતાને અર્પણ કરી દઇશ ! મ્હારા શિકારને છૂટો કરવાના અપરાધ માટે હું તને દેહાન્ત દંડની શિક્ષા કરીશ !"

કુમારે એક પ્રસંગ અદૃશ્ય ભાવે પણ પ્રકટ રીતે માધવના કાનમાં દાખલ કર્યો. માધવ બીજો પ્રસંગ જાણવાને આતુર થઇ રહ્યો—કુમારના નાટારમ્યનો પ્રેમ-ઘેલો પ્રવેશ જોવાને એક ઝાડની ઓથે છુપાઇને ઉભો રહ્યો. કુમાર જાણે લાલાંને સમજાવતો હોય તેમ નાટકના પાત્ર પેઠે હવા સાથે રટણ કરતો કહેવા લાગ્યો.

"લાલાં ? તું ડરીશ નહિ-એ તો પેલો દુષ્ટ કારભારી મેઘાશા છે. તારા બાપ લાખા વણજારાની કને કંઇક દેવ-દેવના કામે આવ્યો હશે—જો તે જાય છે ! તેણે આપણને જોયાં નથી. તું નાહક કંપેછે. તારૂં રક્ષણ કરનાર હું ક્ષત્રી પુત્ર હાજર છું. તું નિર્ભય થા—તું શિકારીનો શિકાર થઈ નથી ! હું તને બળાત્કાર કરીશ નહિ—તું સિંહ ને નસાડે છે, ત્યારે મને જોઇને કેમ કંપે છે ! તારો કોમળ હાથ મને આપ—હું વૈદ થઇને તારી નાડી જોઉં—હું એવું ઔષધ આપું, કે તારા અંગ માંહેનો અનુકંપ ને કામ-જ્વર નાશ પામે. તારૂં ધડકતું હ્રદય સ્થિર થાય—ને તું આનંદી મુખડે હસી પડે ! કાં શરમાય છે ! કાં

નીચું જુએ છે ! કાં લજવાયમાન થાય છે ! કાં આડું અવળું જુએ છે ! તેં ચોરી નથી કરી ! તેં લજ્જા નથી છાંડી ! તેં રત્ન નથી ગુમાવ્યું લાલાં ! મુગ્ધ લાલાં ! હું ત્હારી ઇચ્છા વગર તને પ્રેમ-બંધનમાં બાંધીશ નહિ. તું એમ ધારતી હોય, કે હું રાજપુત્ર છું, તેથી બળાત્કારે તને મ્હારા કેદખાના જેવા જનાનામાં લઇ જઇને તારી સ્વતંત્રતા લૂંટી લઇશ, પણ તેથી તું નિર્ભય રહેજે-હું તેમ કરવા આવ્યો નથી. હું તો તારૂં પ્રેમ-પાન કરવા આવ્યો છું. તું ઇચ્છતી હોય, કે મ્હારૂં અંતઃકરણ તારે ખરીદવું છે તો, તે પણ જીવ સટોસટ યત્ને તને વેચીશ -તું વણજારી કન્યા છે, ને હું રાજકુમાર છું, તેથી તારી ધારણા પાર નહિ પડે, એમ ધારીને સંકોચાતી હોય. તો તેપણ ભય મુક્ત કરજે. તું નિર્દોષ છે. શકુન્તલા સરખા તું કેવળ મુગ્ધા ને અજ્ઞાન બાળા છે. શકુન્તલાને દુષ્યન્તે રક્ષણ કરવાને નિમિત્તે કામઘેલી કરી હતી; ને છેવટે એ કામી બાળા, દુષ્યન્તના મનોવિકારે શરણે થઇને સગર્ભા બની હતી; તેમ હું પાપકર્મ કરવા ઇચ્છતો નથી. તું નિર્દોષ પ્રેમી પૂતળી છે. તેને સાત્વિક પ્રેમ-પુષ્પથી હું તો વધાવીશ-તારી આ મનોહર કાન્તિનો હું પુજારી બનીશ-જો તું મ્હારૂં અંતર પરખીને ખરીદીશ, તો હું વેચાઇશ; નહિ તો હું તારો ભક્ત બનીશ. તું મને દેવી તરીકે તારૂં દર્શન અહોનિશ અખંડ ભાવનાએ આપજે. હું કામી નથી. પ્રેમી છું. હું ભમર ને પતંગ જેવો પ્રેમી છું ખરો, હું ચકોર જેવો ચપળ છું ખરો, પણ તેના જેવો મૂર્ખ નથી, કે અકળાઇને જીવ ઝપલાવી દઉં ! તારો ચાહ હોય તો મને વચન દે-તને પ્રિયાંગના કરવાનો યત્ન કરૂં-હજી પણ શરમાય છે ! આવ-આવ !" કુમાર લાલાંને પકડવા જતો હોય, તેમ દોડયો. એવામાં માધવનો હાથ પોતાના હાથમાં આવી ગયો. મોહદષ્ટિ ઢળી પડી શુદ્ધ નજરે જોયું તો પોતાનો મિત્ર માધવ નજરે પડયો. કુમારની

વિચિત્ર ઘેલછાનો નાટક જોઇને માધવને આશ્ચર્ય લાગ્યું. કુમાર, માધવને જોઇને શરમાઇ ગયો, અને મનનો મર્મ છુપાવવા માટે માધવના મનને બીજે માર્ગે દોરાવવાનો યત્ન કરવા લાગ્યો.

" માધવ ? પેલી કોયલડી જોઈ? વસંતને કેવી વિનવે છે ?

" જાણે કે લાલાં વણજારી પોતાના પ્રિનમને પંપાળતી હોય ! " માધવે મર્મમાં કહ્યું. કુમાર જાણે કે એ વાત જાણતો:જ ન હોય, ને માધવનું માર્મિક બોલવું અલંકારિક હોય, એવું ડોળ કરવા લાગ્યો—માધવના મનપરની અસર ખસેડવા લાગ્યો.

" કોયલનો રંગ કાળો છે, પણ વસંત કેવો એની પાછળ ઘેલો બનેલો છે ?"

" જેમ કે લાલાંની પાછળ આપ જેવા કુમાર ઘેલા બન્યા હોય !

" માધવ ? વસંતનું બીજું નામ માધવ છે. તેથી વસંત જેમ કોયલ પૂઠે પડયો છે, તેમ તુંતો—" કુમાર હસી પડયો.

" મન—પંખી આશરો શોધતુંજ રહે છે. જ્યાં તેનું દીલ ઠરે છે, ત્યાં તે જઇને નિરાંતે બેસે છે. પછી પંખી સુખી થાય, કે દુ:ખિ, તેનો લાંબો વિચાર કરવામાં આવતો નથી. જેમ કે હરણી પાછળ શિકારી ! શિકારીનું બાણ ખાલી જાય, ખરૂં ? ':

" બાણમાંથી હરણી છટકી જાય, ને ભાગ્ય સબલ હોય તો હરિણાક્ષી મળી જાય ! "

" માધવ ? તેં કોઇ વેળા એવો દાવ મેળવ્યો છે !

" મેં નહિ તો મ્હારા મિત્રે ! "

" મેં ! હા: હા: હા: ,' કુમારે અટ્ટહાસ્ય કર્યું. માધવનાં માર્મિક વાક્યોએ અંતરમાં ગ્લાની પેદા કરી. જે વાત જાણવા દેવી ન હતી, તે પ્રકટ થઈ જવાથી મનમાં સંકોચ થયો. કુમારે ફરીને બીજી બાજી માંડી. મૂળ વાત ભૂલાવી દેવાનો વળી યત્ન કર્યો.

"માધવ ? આજ તને બહુ વાર લાગી ?"

"પેલા મેઘાશાની વાતમાં રોકાઈ ગયો હતો !"

"મેઘાશાની વાત ? એ વળી શી ?" કુમાર મેઘાશાનું નામ સાંભળતાંજ ચમક્યો.

"મેઘાશા આપની કીર્તિ ગાતો હતો. શિકારમાં હરણી મેળવવા આપે જે બળ દેખાડયું, તેની બ્હાદૂરી વર્ણવતો હતો."

"હા–લાખા વણુજારાની વાડી કને તે ઉભો હતો ખરો !" કુમારે નિર્દોષભાવે, માધવની માર્મિક ગત સમજ્યા વગર કહી દીધું.

"અને આપની સામે હરીણાક્ષી છૂટવાને ફાંફાં મારતી હતી, કે ?"

"હરિણાક્ષી ? હા–હરણી ! એ બિચારી એવી ગરીબ દેખાતી હતી, કે તેને છોડી મૂકવા કરતાં પાળવાનું મને બહુ ગમ્યુ હતું !"

"શું એવી એ સુંદર હતી ?"

"એની સુંદરતા અવધી હતી. મને તો લાગે છે, કે એ આ લોકનું પાણી ન હશે. એ કોઇ વૈકુંઠલોકનો જીવ હશે !"

"સદ્‌ભાગ્ય કે તે તમારી કમાનનાં બાણનું ભોગ ના થયું ! જાણે કે જાદુગારી આંખથી મુગ્ધા પરવશ પડી જાય, તેમ !"

"માધવ ? મને એ હરણી બહુ ગમે છે. એની નમણી મુદ્રા, એની કોમળ ને સુંવાળી ચામડી, એની મનોહર આંખડી, એના નાજુક પગ, અને એનો સુંદર ઘાટ મ્હારી આંખ આગળ રમણુ કર્યા કરે છે !"

"મને તો દેખાડો'–એ હરણી ક્યાં છે ?"

"તે તો લાખા વણુજારાની વાડીમાં છે ! મેં તેને છોડી નથી. ત્યાંજ ચરે છે, ને હાલ તો ત્યાંજ રહેશે !"

"તમે લઇ કાં ન આવ્યા ?"

" લાખાની પાળેલી છે. તેની રજા વિના કેમ લઇ શકાય ? "

" લાખાને કહેશો, તો ખચીત તમારૂં વચન ઉત્થાપશે નહિ. "

" જો તું મ્હારી સાથે આવે તો હું તને એ હરણી દેખાડું !"

" હું તો તૈયાર છું. પણ પ્રથમ લાખાને ખબર કરીને જઇએ તો ! કદાચ હરણી ડુંગરોમાં રઝળતી હોય, અને રાતવેળા આપણા ખાવર તેઓ ક્યાં શોધવા જાય ? નાહક ફેરો પડે, તો શું કામનું ! રાત પણ વિતવા લાગી છે. "

" એતો બહાર જતુંજ નથી. હરણું બહુ રાંક છે ! "

" બહાર જતું નથી, ત્યારે તમારા સપાટામાં કેમ ના આવ્યું ? જાણી જોઇને વાડી માંહેનાં હરણુંપર ઘા કર્યો ? જો એટલી હદ સુધી તમે લાખાનો ભય છોડી દીધો હોય, તો તે હરણીને લાખાની વગર રજાએ લઈ આવવામાં, ને તમારી ગમતી ચીજને મૂકી આવવામાં કંઇક મર્મ હોવો જોઇએ ! કાં તો લાખાની હરણીને છોડી દેવી જોઇએ, ને કાં તે લાખાની હરિણાક્ષી તરફ નજર ઢળવી જોઇએ. "

" લાખાની હરિણાક્ષી તે વળી કાઈ બીજી હરણી છે કે ? "

" હા–પેલી હરણીનું નામ 'બાળા' ને બીજી હરણીનું નામ 'લાલાં' ! "—

" ખરેખર એ બન્નેમાં તું કઇ હરણી પસંદ કરે, માધવ ? "

" એક પણ નહિ ! "

" એમ કેમ વારૂ ? "

" કારણ કે મને તેના પર ભાવના નથી ! મન વગરનું અન્ન ક્યાંથી ગમે ? "

" ત્યારે તું રાગી પણ વિરાગી જેવો લાગે છે ! "

" વળી મેં નજરે જોઇ નથી, તેથી કેમ પ્રેમ ઉત્પન્ન થાય ! એટલુંજ નહિ પણ તેનું સ્વિસ્તર વર્ણને સાંભળ્યું નથી ! "

" માધવ ? એ સુંદરી આ રાજમહાલયને શોભાવે તેવી છે !" કુમાર પ્રસંગ ચૂકીને મનનો આવેશ પ્રકટ કરવા લાગ્યો. હરણીની વાત વિસરાઇ ગઇ. સુંદરીનો પ્રસંગ મોં ઉપર ચડી ગયો.

" ખરેખર એવી સુંદરી છે !"

" શું કહું માધવ ! પગથી તે શીખ સુધી તે દેવાંગનાને શરમાવી દે તેવી છે,"

" કુમાર ? વન વગડામાં વસનારી કોઇ કોઇ હરણીઓ તો એવી મનોહર ને રાજદીપક હોય છે, કે તેની જોડી વૈકુંઠમાં મળવી મુશ્કેલ પડે છે. "

" પ્રભુએ એવાં રત્નોને કેવી જગ્યાએ અદૃષ્ય રાખ્યાં છે !"

" રત્નો તો ધૂળમાંથીજ નીકળે છે ! આ હરણી પણ એવીજ રીતે ~~અદૃષ્ય~~ છૂપાયલી હશે. કોઇ ભાગ્યરેખાના બળે માનવની દૃષ્ટે પડી જાય છે. અને કર્મ પ્રમાણેજ તે સાંપડે છે. "

" માધવ ! મ્હારા જોવામાં તો એવું રત્ન કોઇ જગ્યાએ આવ્યું નથી. એ કેવળ અખંડ રત્ન છે. એ ખિલતી કળી જેવી છે, એ મુગ્ધા છે. એ માયાળુ ને શરમાળ છે. એ વનવાસી છે, પણ નગરવાસીઓને લજાવે છે.

" એનું નામ શું ?

" લાલાં–

" તમે કેમ જાણ્યું ?

" તેણે પોતેજ મને કહ્યું–

" ત્યારે એજ લાખાની હરિણાક્ષી–

" લાખાની- હરિણાક્ષી !–" કુમારનું લક્ષ ઉઘડ્યું. પોતે શું બકી જાય છે, તેનું તેને ભાન આવ્યું. વાત કરતાં અટકી પડ્યો. વિચારમાં પડી ગયો.

" બોલો—કુમાર ! બોલો. હવે અટકશો નહિ. હું સર્વ વાત સમજી ગયો. ભેદ છુપાવવાની અગત્ય નથી. તમે શિકાર તો હરણીનો કરવા ગયા, પણ હરિણાક્ષી મેળવી આવ્યા—હવે શું છૂપાવશો ? "

" તેં વાત જાણી લીધી, માધવ ! પેલા માણસ મેઘાશા—

" ના—મેઘાશા મને મળ્યો પણ નથી !

" ત્યારે તેં કેમ જાણ્યું ?

" આપના મનમાં રમેલી રાધાને પવનદ્વારા તમે મનામણું કરતા હતા, તે પરથી !

" વાહવા ! ચતુરાઇના બળે તેં વાત વરતી કહાડી ? ત્યારે શું અત્યાર સુધી વાત થઇ તે હરણીની કે હરિણાક્ષીની ? મને કંઇ ખબર રહી નથી, માધવ ? "

" હા—હું સમજું છું—જે વાત થઇ તે મર્મમાં થઇ છે. હવે સ્પષ્ટ કરો—

" માધવ ! હું કેવળ ભ્રમિત થઇ ગયો છું. તું મ્હારો મિત્ર છે. મ્હારી મન—વેદનાનો તું તારક છે ? મારો પરિતાપ તું સંહાર કરી શકે છે. હું શિકાર કરવા જતાં શિકાર થઇ પડયો છું. એક દેવાંગનાનાં નયન બાણનો ભોગ થઈ પડયો છું. હું ભોગી બનીને જોગી થયો છું !"

"ચિન્તા નહિ, કુમાર ! આ તમારો મિત્ર તમને સહાય કરશે—પ્રભુ તમારી શુદ્ધ વાસના ફળિભૂત કરશે. તમે મનનો ઉભરો પ્રકટ કરો. તમારી દૃષ્ટિ પર રમણ કરતી રાધાનો વિનોદ શ્રવણ કરાવો-દુધમાં મેળવણ ભળેલું છે. હવે દહીંમાંથી માખણ—ઘી કહાડવાનું છે, તે આપણા હાથમાંજ છે ! "

' માધવ ! હરણી પૂઠે દોડતાં, લાખાની વાડીમાં તે ન્હાસી ગઇ, અને મ્હારી નજરે તેની કન્યા લાલાં પડી. ભયથી કંપતી હરણી જેમ સપડાઈ જાય, તેમ એ હરિણાક્ષી જાણે કેદ થઈ ગઇ. જ્યાં ઉભી હતી,

ત્યાંજ થંભી ગઇ. આહા ! મેં તે વેળા શું જોયું ? ચંદ્રમા, હરણીના રથમાં બેસીને જગતને અંજાવતો જતો જતો થંભી ગયો હોય, એવી રીતે શિકારી હરણી પાછળ પ્રેમ-રથમાં બેઠેલા ચંદ્રને મેં નિરખ્યો ?"

"પછી ચંદ્ર ચાલ્યો ગયો, કે વાત કરવા ઉભો ?"

"ચાલ્યો તો ગયો, પણ ગરીબ બિચારૂં મુજ સરખું પોયણું જ્યારે તાપથી શિતળત થવાની માનસિક ઇચ્છા ધરાવવા લાગ્યું, ત્યારે તેને છેવટે દર્શન દઇને શાન્તિ આપી."

"પ્રેમ-જળ તેણે પાયું ખરૂં ?"

"હા—અને ભોજન માટે પણ વિનતી કરી"

"વાહવા ! ત્યારે તો મનેચ્છા તૃપ્ત થઈ હશે"

"તેટલાં તો પેલો ચંડાળ મેધાશા ત્યાં આવી ચડયો.

"અરરરરર ! પછી !—

"ચંદ્ર, હરણીના રથ સમેત ચાલ્યો—ને મન-પોયણું પણ બીડાઇ ગયુ !—

"તેનો મનોરથ પૂર્ણ ન થયો, ને તમે પણ આશાવંત રહ્યા—

"હા—માધવ ! હું અભાગી નીવડયો—તે કોણ જાણે કેવી સ્થિતીમાં હશે."

"તેની દશા પણ તમારા જેવીજ થઇ હશે."

"મને પણ તેવુંજ લાગે છે. માધવ ! તેની જંગલી અવસ્થા, તેનું ઝુપડું, તેની શારિરિક સ્થિતી, ને તેની જીંદગી જોતાં, તેની માધુર્યતા, નમણાઇ, મર્યાદા, સ્વરૂપ, અને સ્થૂળ બાંધો એવો તો દૃઢ હતો, કે દેવ પણ રિઝાય ! એના શરીરમાં માંસ અને લોહી એટલું તો ઉછળતું હતું કે, તેની ચામડી, કસકસતી ચોળી પહેરેલી યુવતી, કામના મદમાં લચકાતી જાય, તેવી ચમકતી હતી. તેના માથાના વાળ, ઘુંટણપર પડીને પવન સાથે હિંચોળા ખાતા હતા. તેના કપાળ

ઉપર ચંદ્રમાએ તેજ મૂક્યું હતું. તેની ભમર પર શંકરે ગાંડીવ ધનુષ્ય ચડાવ્યું હતું. તેની આંખમાં અર્જુને બાણુ મૂક્યું હતું. શંકર ને અર્જુનનાં શસ્ત્રોએ મને ભેદી નાખ્યો હતો. નાજુકાઇનો તો એ નમુનો હતી. તેના હાથનું ગૌરવ, કમળના દાંડાને શરમાવતું હતું. તેનું સુંદર ગળું, હંસણીને લજાવતું હતું. તેની પીઠપર ચડેલો માંસનો લોચો હાથણીનાં ગંડસ્થળને શરમાવતો હતો. તેની નાજુક કમ્મર, સિંહણુનું માન ભંગ કરતી હતી. તેનાં ગંડસ્થળ, હાથણીને ટક્કર મારતાં હતાં. તેની કદળી સમાન જંઘા, મોહનોને છણકો કરાવતી હતી. તેના પગની પાની, કામીની આંખને અંજાવતી હતી. નખથી શીખ સુધી નિરખતાં તે કામની સુંદરી જેવી હતી—દમયંતીનાં સ્વરૂપને હંસ ભલે આકાશ જેટલું ઉન્નત કરે, પણ લાલાંએ તો હદવાળી હતી—સ્વરૂપમાં તેની ગંભીરતા, સમુદ્રના સરખી સ્વચ્છ ને રૂપવતી લાગતી હતી. તેનું મન, ઉનાળાના પ્રભાતના આકાશ જેવું શાન્ત, ને નિર્મળ લાગતું હતું. તેની વાણીમાં અમૃત કુંડ ભર્યો હતો. તેના શુષ્ક-ભાવના તાપસી જેવી હતી—વધુ શું કહું ?

“ ભાવનાવાળી વસ્તુમાં અવગુણ જણાતોજ નથી.”

“ અવગુણ માત્ર એટલોજ જોયો, કે તે પિતાની આજ્ઞાંકિત અને પ્રેમની ભૂખી હતી. તે કોઇ પ્રેમીની તરસી હતી, એમ તેની વ્યાકુળ ચેષ્ટા ભાન કરાવતી હતી.

“ ત્યારે તો તક ગુમાવવી ન જોઇએ—

“ પણ હવે કેમ જાઉં? મ્હારૂં હૃદય ચોર બન્યું છે. નિમિત્ત વગર જાઉં, ને પકડાઈ જઉં તો, હાથ પડેલું રત્ન ગુમાઈ જાય !—

“ ત્યારે હું હંસ બનું ? દમયંતી જેમ નળના મોહમાં પડી, ને હંસને મોકલીને નળને સપડાવ્યો, તેમ હું આપ કુમારનો સંદેશો લઇને લાલાંને વશ કરૂં !—

" વિરોધીરૂપ ધરવામાં જો તું સફળ થતો હોય તો જા–

" પ્રભાતે જઈ શકાશે '–

" ત્યાં સુધી મ્હારી ને તેની સ્થિતી કેવી દયામણી થશે ?

" એ પણ તમારા જેવાજ ખ્યાલ કરતી ક્યાં નહિ હોય !

" તેનામાં એટલી સમજણ ક્યાંથી હોય ? "

" એ વસ્તુ ઇશ્વરી છે. તેનો પાઠ પઢ્યો પઢાતો નથી. એ પોથી વાંચી વંચાતી નથી. તેનો ભેદ જુદો છે. એ જેમ દાતા તેમ ભોક્તા છે. તમને એ રોગ વળગ્યો છે, એટલે હવે તેની સ્થિતી માલમ પડશે. અભ્યાસ કરતાં અનુભવ મોટી ચીજ છે. વૈદ કરતાં દરદી વધારે રોગનું નિદાન કરી શકે છે. તમને આ રોગ પિડશે, મુઝવશે. વિસરેલી વાત તાજી કરશે. મનપર મૂર્તિ ખડી કરશે. વારંવાર હસાવશે, ને તરત રડાવશે–નવાં કૌતુક, નવા રંગ, નવા ચમત્કાર, નવું શિક્ષણ, નવો અભ્યાસ, ને નવું જગત દેખાડશે. એ તો વીતે તેને ખબર–સાકરના શોખીનને બૂખ્યાનું ભાન ન હોય ! શહેરની કોયલને વનની મેનાના સુખની ખબર ન હોય !" "સંતાપ–પરિતાપ, અધિરાઇ, અકળાટ, વધારશે, અને ભાન ભૂલાવશે. તે તમારી કસોટી કરશે. વિઘ્ન નાખશે, માન ભંગ કરશે. અપવાદ ચડાવશે. ઘેલો બનાવશે. અકળાવશે, ને અંતે તાપમાં સોનું તપીને શુદ્ધ થશે, ત્યારે તે સ્વર્ગ જેવું સૂખ બતાવશે. પણ તેટલી હદ સુધી જો હરિશ્ચંદ્ર પેઠે સત્યનો સંતાપ સહન કરશે, તો તે સુખ પામશે."

' હું તે સઘળું સહન કરીશ. લાલાં જેવી નિર્દોષ રમણી મેળવવા માટે હું કાઠિયાવાડ પ્રદેશના મહાભારત ગિરિવર શેત્રુંજાને માથે ઉપાડીશ, પણ જીવન–સુખ ગાળીશ, તો લાલાં સંગેજ ગાળીશ !'

" ખરૂં–પ્રેમ વિના સુખ નથી. જ્યાં પ્રેમ નથી, ત્યાં સુખ સ્મશાન જેવું છે. મનના મેળા વિના સંસારનો સાર અસાર છે ! અનુ

ભવીનું અંતર એ વસ્તુની કદર કરી શકે છે. બહેરા કને શંખ ને ભેંસ કને ભાગવત કથા નકામી છે !"

"માધવ ! ત્યારે તું જઇને જો તો ખરો, કે લાલનની અવસ્થા કેવી છે ! તેની સાથે પ્રસંગ પાડીને વિનોદ તો કરી જો-તે કેવી લાગણી ધરાવે છે ?"

"હું જાણું છું-મિત્ર ? હું જાણું છું, પણ કદી વાત વેગળી ગઇ હોય-લાલાં માત્ર સમયને આધીન થઇને પ્રથમ પ્રેમ-દર્શન દીધું હોય, ને પાછળ વિચાર ફરી ગયો હોય તો !"

"તો સાંધી નહિ શકાય ?"

"કાચની બરણી સંધાય ?"

"ત્યારે કેમ જીવાય ?"

"કામની દોરી હાથ ન આવે, ત્યાં સુધી આશા ન બાંધવી !"

"દરેક કાર્યમાં વિઘ્ન ને વિરોધતા તો હોયજ.

"વિરૂદ્ધતા પણ હોય, ત્યારે કઠણ કામ પાર ઉતારવા હિમ્મત રાખવી જોઇએ ! વિપત્તીને હિમ્મત ઉત્પન્ન કરવાનું ઇશ્વરને બીજુ કારણ નથી. ઉપયોગ કરવો તે માનવનું કામ છે. જો પ્રેમમાં જેટલી નિર્મળતા ને પવિત્રતા છે, તેટલી કાઠીણ્યતા ને જડતા ન હોત તો તે જલદીથી પાર પામી જાત-અને એજ પ્રેમથી ઇશ્વરની માયાને લુટીને વૈકુંઠમાં પહોંચાડી શકાત ! માટે જે કઠણતા હોય તેને છેદી ભેદીને પાંસરી ને પાધરી કરવી. હું ત્હારૂં વ્હાણ થાઉં-તું મ્હારો ખલાસી થા-કિનારાપર લાવીને તું ઉતરીજા-પછી હું લાલાંને મ્હારૂં વહાણ કરીશ-ને તેનેજ સોખાણી બનાવી દઇશ."

"તે તો નેવનાં પાણી મોભે લાવવા જેવું છે."

"તું પ્રથમ પગથીઉં ઉલ્લંઘી જા-ને પછી આગળ વિચાર કર."

"પુર પ્હેલાં પાળ બાંધવી ઠીક છે."

"પ્રથમ જમીન સ્વાધીન કર–પછી મહેલ ચણવાનો વિચાર રાખજે."

"વારૂ, જેવી ઇચ્છા–હું નહોતો ધારતો, કે મ્હારે આ વેળા આવીને આ ધર્મ બજાવવો પડશે. પણ જ્યારે તમારી ઇચ્છા છે, તો હું જાઉછું."

"કુમાર? આશા તળાવડી પર પ્રેમ-હંસે જે રમણ કરવા માંડયું છે, તે પરથી એવું સિદ્ધાન્ત ન કરશો કે જળાપાન કરી શકાશે."

"યત્ન કરવો મનુષ્યના હાથ છે. ભાગ્ય ફળવું વિધી હાથ છે, પ્રયત્નથી દરેક વસ્તુ સાંપડી શકે છે."

"તથાસ્તુ–હું રજા લઉછું.

માધવ, હસતે મૂખે મિત્ર ધર્મ બજાવા ચાલ્યો. કુમાર મહેલમાં જઇને પલંગપર પડયો–વાણિયાને વેપારની ચિન્તા, રાજાને નગર રક્ષણની ચિન્તા, ને પ્રેમીયોને પ્રેમ–વિયોગી રત્નોની ચિન્તા થાય, તેમ કુમાર, પ્રિયા પ્રેમનાં સ્વપ્નાં જોવા લાગ્યો.

પ્રકરણ ૭ મું.

આબુની તળેટીમાં અનાથ બાળક.

" તાતા તાપ થકી તમામ તરૂથી પક્ષી બિચારાં પડે,
વૃન્દો વાંદરનાં વિશેષ વિખરી જ્યાં ત્યાં પછી જૈ ચડે;
અમ્બુ ઉષ્ણ નદી તલાવ તટમાં મચ્છો તપ્યાં તરફડે,
ભારે ભીષમ ગ્રિષ્મ કાળ કહીએ નાના પ્રકારે નડે!"

*   *   *   *   *

ગ્રિષમકી મજબ ઘૂકી હૈ ધૂપ ધામ ધામ,
ગરમી ઝૂકી હૈ જામ જામ અતિ તાપિની;
ભીંજે ખસ-ખિંજન ઝુલે હું ન સુકાત સ્વેદ,
ગાન ન સુ'ાત બાત દાવાસિ ડારાપિની;
ગ્વાલ કબિ કહે કોરે કૂંભનતે કૂપન તે,
લૈ લૈ જલ ધાર બાર બાર મુખ થાપિની;
જબ પિયો તબ પિયો અબ પિયો ફેર અબ,
પિવતહુ પિબત બઝે ન પ્યાસ પાપિની!

વિરહીને સતાવનાર, દર્દીને દઝાવનાર, અને ચિન્તાતુરનું ચિત્ત ખસેડનાર ગરમી જગતને ત્રાસ આપવા માંડી છે! વિરહિણી જ્યારે પતિ-સંગથી શાન્તિ પામે છે; તેમ તાપથી અકળાયલાં શિતળપવનની લ્હેરોથી આનંદ પામે છે.

આબુની તળેટીમાં વસિષ્ટ મુનિનો શિતળ આશ્રમ, જેને ઋષિ-શ્રૃંગ કહેવામાં આવે છે, તેની નીચે એક જળ-ઝરણાં નજીક ન્હાની સરખી ગુફા છે, ત્યાં એક વૃદ્ધ સિંહણ કોઈ અનાથ બાળકનું રક્ષણ કરતી હતી! આ અનાથ જન-બાળકને ઘાતકી પશુ ઘણાં વ્હાલથી ઉછેરતું હતું.

પશુઓમાં જ્ઞાન નથી, તે છતાં ઘણીવાર આશ્ચર્યકારક દાખલાઓ મળી આવે છે! અપંગ અને અનાથ માણસોને પશુઓની સારવારનો આશરો મળેલો જોવામાં આવે છે.

વિશ્વામિત્રનું તપ ભંગ કરવા માટે ઇંદ્ર રાજાએ જ્યારે મેનકા અપ્સરાને મોકલી, અને રાજર્ષિ વિશ્વામિત્ર, તે મનમોહિનીના મદનને વશ થઇ ગયા, ને તેના પ્રેમનો ગર્ભ રહ્યો, એ બાળક અનાથ થઇ પડ્યું! મેનકાથી તે બાળકને સ્વર્ગમાં લઇ જઇ શકાયું નહિ, વિશ્વા-

મિત્રથી સંભાળી શકાયું નહિ! (જુઓ, રવિવર્માનું ચિત્ર-શકુન્તલા જન્મ!) અંતે મેનકા તે બાળકને વગડામાં મૂકીને ચાલી ગઇ, ત્યારે તેનું રક્ષણ (શકુન્ત) પક્ષીએ કર્યું હતું. જ્યારે કણ્વ મુનિના હાથમાં તે કન્યા આવી, ત્યારે અનાથ બાળકના પર સ્નેહ ફુરવાથી મુનિરાજ પોતાને આશ્રમે લાવ્યા. પક્ષીઓના રક્ષણથી એ બાળક ઉછર્યું, માટે મુનિએ તેનું નામ 'શકુન્તલા' રાખ્યું! એ રીતે વગડામાં અનાથ બાળકોને પશુઓ સંભાળે છે; એ દાખલો શકુન્તલાપરથી સહજ મળી આવે છે.

સિંહણના સ્નેહથી આબુની ગુફામાં આ સૌંદર્યવાન કન્યા ઉછરવા લાગી–લગભગ એકાદ વર્ષ થયું, ત્યારે એક શિકારીના પંજામાં સિંહણ સપડાઇ ગઇ, અને પેલી બાળ–કન્યા ગુફાવશ થઇ ગઈ!

સિંહણને ગોળી લાગી, તેવોજ દમ રૂંધાઇ ગયો; પણ તેના અંતઃકરણમાંથી શ્રાપનો દમ છુટયો. શ્રવણને અજાણપણે વધ કરનાર દશરથ રાજાને, પુત્ર–વિયોગનો જેમ શ્રાપ લાગ્યો હતો, તેમ આ રાજ વંશી શિકારીને અવાચ્ય પશુનું પાપ શિરપર ચડયું!

રાજા આ શ્રાપથી અજાણ હતો. તે સિંહણને મારીને સેવકો કને ઉંચકાવી રસ્તે પડયો હતો. અને પેલું ટળવળતું બાળક ગુફામાં ગંભીર સ્વરે રડવા લાગ્યું હતું.

બે દિવસ વીતિ ગયા. બાળકના પેટમાં કંઇપણ ન પડયું, ત્યારે તે ભૂખ–તરસનું માર્યું રડવા લાગ્યું. જંગલમાં—ગુફામાં તેની કોણ સારવાર કરે! પ્રભુ દિન–દયાળ છે. તેણે એક સંસ્કારી માણસને પ્રેરણા કરી!

અહા! સિંહણે આ બાળકની કેવી સારવાર કરી હતી! અવાચ્ય અને અજ્ઞાત, ઘાતકી અને વિકાળ જનાવરે આ બચ્ચાંને કેવી માયાથી પાળ્યું હશે! ખરે તેની અભાગિણી માતા મરી જતાં પશુરૂપ માતાને

જાણે સારવાર કરવા માંડી હોય! પોતાનાં બાળકને ધવરાવે, તે રીતે આ બચ્ચાંને ધવરાવતી; જ્યારે દૂધ બંધ થયું ત્યારે, ગુફા નજીકના ઝાડ ઉપર એક મધપુડો હતો, તેમાંથી ટુકડો લાવીને તે માંહેનું મધ બાળકને ચટાડતી હતી! બાળક મળ કરતું, તો તે પોતે ચાટી જતી હતી. રાત વખતે પોતાના પડખામાં લઇને તે સુતી હતી. તે ટોળામાંથી છુટી પડેલી હતી.

શિકાર વગર અપવાસ કરતી હતી, પણ બાળકને છોડીને બહાર જતી ન હતી. અજલ આવી રહેવાથી તેજ દહાડે તે બહાર નીકળી હતી, ને તેજ કાળે તેનો પ્રાણ વૈકુંઠમાં પહોંચ્યો હતો. પ્રભુએ પેલાં બાળકને અનાથ જાણીને સિંહણની સારવાર તળે રાખ્યું હતું. પણ કાળ–શિકારીએ તેને અટુલું કરી દીધું હતું. ત્યારે શું પ્રભુએ નિર્દય કામ કર્યું હશે? અનાથનું રક્ષણ કરનાર સમર્થ ઇશ્વરે દગો દીધો હશે? ના; અજ્ઞાન પશુના હાથમાંથી માણસની સંભાળમાં મુકવું હતું. કેમકે તેનું વય બે વર્ષનું થયું હતું; પાંખ વિનાનું અંધ પંખી ગમે તેની પાસે રહી શકે, પણ આંખ–પાંખ થયા પછી તે સુખે રહેતું નથી; તેવીજ રીતે આ બાળક પણ રહી ન શકે, માટે સિંહણનો સંગ તૂટયો હતો. અને એક પંથી લુટારાના હાથમાં આ બાળક જઇ ચડયું હતું.

આબુની તળેટીમાં પડાવ કરી રહેલો એક લુટારો, યાત્રાળુઓને તથા વણુજ–વેપાર કરનારા મારવાડીઓને બહુ લૂટતો હતો. એક દિવસ લૂટ ન મળી, અને મધ્યાન્હકાળ થઇ ગયો; તાપ સહી ન શકવાથી કોઇ શિતળ જગ્યા શોધતો શોધતો આ ગુફા કને આવી ચડયો. જળનાં મીઠાં ઝરણાં ઝરતાં ઝરતાં હતાં, તે નાળાનું પાણી પીને લગાર બેઠો, એવામાં ગુફામાંથી બાળકના રૂદનનો અવાજ આવ્યો. લુટારાએ ઊઠીને અંદર જોયું, તો કોઈ સૌંદર્યવાન રાજકન્યા

નજરે પડી ! તેનું આરોગ્યવંત શરીર, માંસ ને રૂધિરથી પુષ્ટ બનેલું હતું, અનાથ છતાં તેની કાન્તિ આંખને મોહ લગાડે તેવી હતી. લુટારાએ ચોમેર નજર કરી, તો તેની આસપાસ, રાક્ષસી–ઘાતકી જનાવરનું રહેઠાણ લાગ્યું; કેમકે જનાવરોનાં હાડકાં ને માંસના સડેલા ટુકડા પડેલા હતા. અજબ રીતે આ બાળક બચી ગયલું છે ! લુટારાનું દીલ સ્નેહથી રસ–બસ થઇ ગયું ! કુદરત ઉપર આફ્રીન થઇ ગયું. અને સૌંદર્યવાન બાળકને હાથમાં લીધું; તેવુંજ બાળક રડતું છાનું રહી ગયું.

એક કઠોર દીલના લૂટારાનું દીલ પાણી જેવું પ્રવાહી થઇ ગયું. સ્વતંત્ર જીંદગીને પરબન્ધનમાં મુકી ! લૂટ–ફાટ કરવાનો વખત બાળકને ઉછેરવામાં મુક્યો ! ઇશ્વરની ગતિ તો જુઓ ! અરે એ કાળા કાનુડાનાં કર્મ તો જુઓ ! એક પાપી ને પથ્થર જેવા સંગ દીલના માણસને એવું કામ સોંપ્યું, કે તે ઘાતકીની જીંદગીજ સુધરી ગઇ ! ખરેખર આ લુટારાએ, પછી પ્રેમ બળે કે પુન્ય બળે, પણ બાળક હાથમાં આવ્યા પછી તેની મનવૃત્તિ ફરી ગઇ, અને ભગવત પરાયણ બનીને તેણે અનાથ કન્યાને ઉછેરવા માંડી !

આખુ માર્ગ છોડીને એક શાન્ત સ્થળે સાદ્યબીથી રહ્યો. અને અને પોતાનું જીવન–સુખ આ કન્યાને અર્પણ કરીને જીંદગી ગુજારવા લાગ્યો. એમ કરતાં લગભગ પંદર વર્ષ વીતિ ગયાં !

પ્રકરણ ૮ મું.

રાણી રૂપાળીબાનું સ્વપ્નું ! ચારણી માતાનો પરછો !

શેત્રુંજાની છાયામાં શોભતું તળાજા શહેર, વિક્રમના ઉજ્જન

જેવું હતું ! કાઠી રાજા એભલવાળાની માનીતી રાણી રૂપાળીબાને કેટલાંક વર્ષ સુધી સંતાન થયું નહિ ! અનેક જોગી–જતી ને પંડિત પુરાણી, જોશી–ડોશી ને સાધુ–સંત, જંતર–મંતર ને દોરા–ધાગા, હવન–હોમ ને ડાકલાં, ભૂવા ને ચારણો વગેરે અનેક ઉપાયો કર્યા; વૈદ–હકીમોનો પાર રહ્યો નહિ, ત્યારે ચારણી માતાની માનતા કરી; ચારણી માતાએ સ્વપ્નામાં પરચો દેખાડયો, અને તેણે રાણીને રાજકુંવર પ્રસવેલો દેખાડયો–પણ એટલું કહી ગયાં, કે મ્હારો ભક્ત લાખો વણજારો, જેમ મ્હારી ભક્તિ ઉપરાંત દ્વારિકાં વાળા રણછોડરાયજીની માળા ફેરવે છે; તેની દરરોજ ભજન-મંડળી અને આરતી થાય છે, તે આરતીનો ધુપ લ્હેવાથી તરત છુટકો થશે ! રાણીએ પ્રભાતમાં સ્વપ્નાની* વાત રાજાને કહી; અને રાજાએ તરત શેત્રુંજાની

---

* तृतिये तु त्रिमासंस्यादरुणे दशामदिनः ॥ 'स्वप्नाध्याय' જો ત્રીજા પહોરે સ્વપ્નું આવ્યું હોય, તો તે મુદતસર ખરૂં પડે છે ! નેપોલીયન બોનાપાર્ટ અને બૌદ્ધના જન્મ સંબંધમાં પણ એજ રીતે સ્વપ્નમાંજ આગમચેતી થઇ હતી. જ્યારે દૈવ્ય પુરૂષનો જન્મ થાય છે, ત્યારે એમજ થાય છે. શ્રી રઘુવર રામનો જન્મ થવાનો હતો, ત્યારે માતા કૌશલ્યાને પણ એવીજ હાલત થઈ હતી !

" That night the wife of king sud-dho dana, (શુદ્ધોદન)
Maya the queen, asleep beside her lord;
Dreamed a strange dream; dreamed that a star from heaven.
Splendid, Six-rayed, in colour rosy-pearl,
*   *   *   *   *
Shot through the void and shining into her,
Entered her womb upon the right ...."

" The Light of Asia "

તળેટીમાં નિવાસ કરી રહેલા લાખા વણજારાને બોલાવ્યો; અને તેને વરદી આપી, કે ભજન-મંડળીમાં આરતી વેળા જે ધુપ થાય છે, તે ધુપ-દાન મોકલી આપવું; લાખાએ પોતાના માનીતા રાજાની આજ્ઞા મુજબ ધુપ-દાનીકું મોકલી આપ્યું; અને તેની સાથે એક જડી મોકલી, કે કદાચ જો રાણીબાને વીણુ આવે, ને જલદી છુટકો ન થાય, તો આ જડી ઘસીને પેડુપર ચોપડવી, એટલે તરત કુંવર અવતરશે! લાખાનાં વચન માન્ય થયાં. અને એભલવાળાને ત્યાં કુંવરનો જન્મ થયો. તે દિવસથી લાખાનું માન વધી પડયું; તેની ભલી નિષ્ટા રાજાના મનમાં ઉતરી; અને લોકોમાં પણ તેની નામના વધી. કુંવરનું નામ અન્નાકુંવર પાડયું. રાણી રૂપાળીબાનાં માન વધ્યાં! એભલવાળો જે ઘણો તામસી તથા પ્રપંચી હતો, તે હવે શાન્ત, પ્રજાપ્રિય અને ધર્મ-કર્મમાં પ્રવર્ત્ત થવા લાગ્યો. પાંચ વર્ષનો કુંવર થયો, એટલે ચારણી માતાનાં નિવેદ કર્યા, અને યજ્ઞ-યાત્રાદિક ક્રિયા કરી. એભલવાળા વિષે એમ કહેવાય છે, કે તેણે બ્રાહ્મણો સાથે વેર બાંધ્યું હતું; અને કેટલીક બ્રહ્મહત્યા લાગી હતી! કેટલાક કહે છે કે તેને સિંહણનો શ્રાપ લાગ્યો હતો. તે ચારણી માતાના પરછાથી ટળ્યો; ને કુંવરનો લ્હાવ મળ્યો.

આ પ્રસંગને પંદર વર્ષ વીતિ ગયાં! કુંવર વિદ્યાકળામાં પ્રવીણ થયો, અને હવે પોતાના પિતાનો જમણો હાથ થઇ પડયો. ઇશ્વરની પ્રસન્નતાથી શું થતું નથી?

પ્રકરણ ૯ મું.

એભલવાળાની રાજ કારકીર્દિ! દેશમાં દુકાળ!!

કાઠી રાજાઓમાં પરસ્પર કુસંપ વધી પડયો; દેશ કાળની સ્થિતી

પ્રમાણે રાજ તેજ નબળું પડવા લાગ્યું; વીર પુરૂષો નબળા પડતા ગયા. રાજકૂળનો નાશ કરનારા પિત્રાઇઓ પેદા થયા ! રાજબળ નરમ પડવાથી, ને રાજ સત્તાનો લોભ વધી પડવાથી રાજકુંવરોની અદલી બદલી થવા લાગી ! પ્રતાપ રાણાના સમય સુધી મેવાડી લોહી ઝળક્યું, અને રજપૂત લોહીમાં મુસલમાની રજ પેસવા લાગ્યું, એટલે ખરા ક્ષત્રી બચ્ચાઓ નાશ થવા લાગ્યા !

રાસ–માળાનો લેખક લખે છે કે પ્રાચીન વલ્લભીપુરનો સિતારો અસ્ત થયો, અને ત્યાં મેદાન થઈ ગયું પણ તેની નજીક વાળા ઠાકોરની રાજધાની વિરાજવા લાગી. ઇ. સ. સઇકાના બીજા દસકામાં એભલવાળા–અથવા અભી ઠાકોરે વળાની ગાદી લીધી. એ વખતે વાળાક ધરતી પણ તેના હાથમાં આવી. વાળાકમાં તળાજા શેહેર અને શેત્રુંજય ડુંગર પણ હાથ કર્યો. દંત કથા પ્રમાણે શેત્રુંજયમાં તાલીવ્ય દૈત્યની ગુફા હતી, અને તે દૈત્ય પોતાની સત્તા વડે પ્રજાને કંપાવતો હતો. એભલવાળાને કાને તે વાત જતાં, તેણે દૈત્યને શસ્ત્રથી મહાત્ કર્યો હતો; ને તે માટે તેણે તળાજામાં પોતાનું રાજસ્થાન કરેલું હતું.

એભલવાળાને ઢોંગી સાધુ-બ્રાહ્મણો તરફ બહુજ અભાવ હતો. વળાના વિપ્રો તુમાખી અને હઠીલા માનીને ઠાકોરે તેઓને પણ મહાત કર્યા હતા; એ વૈર હજી સુધી ચાલે છે, અને હાલના ઠાકોર સાહેબ પણ એજ વિષય પરત્વે મથન કરે છે !

એભલવાળાના સમયમાં એક વેળા દુકાળ પડયો. પ્રજામાં અનાજ ને ઘાસચારાની મોંઘવારી પડવા લાગી, પાણીની તંગાસ પડી, ને લોકો તથા જનાવરોમાં ભૂખ મરો પેડો. રાજાને ચિન્તા થઈ! કેટલાક ડાહ્યા માણસોના મત લીધા, કે દેશમાં દુકાળ થવાનું કારણ શું ? પંડિત–પુરાણીએ યજ્ઞ–યાગાદિ કાર્ય કરવા આજ્ઞા કરી ! જોશી ડોશીઓએ બ્રાહ્મણ જમાડવા મત આપ્યું. અને મેઘાશા નામના

કારભારીએ દુર દેશાવરથી દાણો તથા ઘાસ લાવીને પ્રજાનું રક્ષણ કરવા ઉપાય સુચવ્યો. છેલ્લો ઉપાય એભલને પસંદ પડયો; અને તે કામ મેઘાશાને સોંપ્યું.

મેઘાશાએ તપાસ કરતાં જણાવ્યું, કે લાખા વણજારા પાસે અ-નાજ તથા ઘાસની ગંજીઓ છે; એટલે આડકતરી રીતે તજવીજ ચલાવી! લાખાએ તો તે માલ પૈસા વગર વહેંચવા માંડયો હતો. ખે-ડૂતો, ગરીબ લોકો, અને સાધુસંતને આપવા માંડયો હતો. મેઘાશાએ ત્યારે લાખાને પૈસાની લાલચ દીધી; અને તેના માલનાં બેવડાં નાણાં આપવા માંડયાં; તે છતાં લાખાએ ઘાસ–ચારો વેચાતો આપવાની ના કહી. તેથી મેઘા સાથે વેર વધ્યું.

મેઘાશા લાલચુ, કંજુસ ને હરામી હતો. દુકાળ નિમિતે રાજની તિજોરી ખાલી કરવાનો વિચાર હતો. લાખાને શામ દામ ભેદે સમ-જાવીને, ગરીબને નામે, દુકાળ નિમિતે, સસ્તામાં અનાજ પડાવી લેવું હતું, અને એભલવાળા કનેથી બેવડા-ત્રેવડા દામ કઢાવી લ્હેવા હતા! આ ભ્રષ્ટ ઇચ્છામાં નિષ્ફળ નીવડયા પછી લાખા વણજારા ત-રફ વૈરભાવ બંધાયો હતો.

કેટલાક દિવસ વિત્યા પછી મેઘાશાએ એક જૈન સાધુને લાલચ આપીને એભલવાળા કને મોકલ્યો; અને દુકાળ પડવાનું કારણ બત-લાવ્યું! મેઘાશાએ એવો પ્રપંચ કર્યો, કે લાખા વણજારાની એક હરણીના શીંગ પર કાળા કપડામાં મળી અને કોડી તથા લોખંડનો કકડો બાંધ્યો; ને વગડા તરફ છોડી મૂકી! પેલા સાધુજીને શીખવ્યા પ્રમાણે તેણે એભલવાળાને કહ્યું, કે આ વગડામાં કોઇએ એક હરણીના શીંગ પર વરસાદને બાંધ્યો છે, ને તે શેત્રુંજાની આસપાસ ફરે છે!" એભલે તે હરણીને પકડવા ઠરાવ કર્યો. એક તરપ પોતે મોટા જંગ-લમાં નીકળી પડયો; અને તેનો કુંવર અન્નાકુમાર શેત્રુંજા તરફ લાખા

વણજારાની વાડી તરફ હરણીને પકડવા નીકળ્યો. મેઘાશા પણ એ વાડી તરફ છુટી બાતમી મેળવવા ચાલ્યો. કોઇપણ નિમિત્તે લાખાપર આળ વળગાડીને દેશ પાર કરાવવાનો ઠરાવ કર્યો !

જગતમાં સારાં કર્મનું ફળ તો અવસરપર મળે છે, પણ અ-દેખી આંખના આંધળાઓનાં કર્મનાં ફળ તત્કાળ મળે છે ! જો કે તલવાર ભલે ભલાજનોનાં સાચાં કર્મથી એકઠાં થયલાં રૂધિરની નીક ચલાવે, પણ લોહી તો રાતું તે રાતુંજ રહેવાનું છે, તેમ સત્ય કદી અસત્ય થવાનું નથી; પરંતુ દુર્જન લોકોનો સ્વભાવજ છે, કે તેણે સ્વાર્થના આવેશમાં, જો કે ફળ ન મળે, તોપણ પારકાનું ભૂંડું કરવું ! ઉંદરનો એ સ્વભાવ દુર્જનને વારસામાં મળ્યો છે.

લાખોવણજારો ભલો ને ભક્ત છે. જો કે તેણે જુવાનીમાં ઘણી લૂટ-ફાટ કરી છે. સોદાગરીના ધંધામાં ભલા ભલા ઝવેરીઓ તથા વેપારીઓને પોતાની બુદ્ધિબળથી થાપ ખવરાવી છે; પણ હવે તેની સ્થિતી પુન્યબળે બદલાઇ ગઈ છે ! હજી પણ પોતાનાં સેંકડો વણ-જારૂઓ જોડે, રાજવંશી ઠાઠ અને સાહ્યબીથી રહે છે; અને પોતાની મેળવેલી દોલતપર મુસ્તાક થઇને ભજનમાં જીવન ગુજારે છે ! સાધુ સંતની સેવા, રંક-અનાથને ધન, અને સત્સંગનું પાન કરે છે. તેને એક લાલન નામની ભાગ્યવંત પગલાંની પુત્રી છે. પુત્રી એવી તો સૌંદર્યવાન અને ગુણિયલ છે, કે તે જો રાજકુળમાં હોય, તો રાજાના વંશજોને તારી દે ! ભાગ્ય યોગ આ વણજારાના ઘરમાં રહેવા લાગ્યો, અને કર્મ-કળી રાજદ્વાર તરફ પરાગ દેવા લાગી !

લાલન હવે વયમાં આવી હતી. તેને સાહિત્ય તરફ શોખ હતો. દેવ-પુજામાં દિવસ ગુજારતી હતી. નિર્દોષ અને નિષ્કલંક જુવાનીમાં તે હજી કામવશ થઇ ન હતી ! કણ્વ મુનિની શકુન્તલા જેમ પોતાની સખિઓ સાથે વિનોદ વાર્તામાં આનંદ કરતી, તેમ લાલન પણ

પોતાની વાડી માંહેના ફૂલડાંઓ, નિર્દોષ પંખાઓને, પાળેલી હરણીને સેવતી હતી-જ્યારે મન મુઝાતું, ત્યારે શાસ્ત્રી કે પંડિત પાસેથી કંઇ કંઇ કથા સાંભળતી હતી. લાખાવણજારાની બુદ્ધિમાં જો કંઈ સારો ફેરફાર થયો હોય, તો તે લાલનનો પ્રતાપ હતો. લાલનને સૌ કોઇ દેવી કહેતાં; અને લાખો તો તેણીનું મોં જોઇને પ્રસન્ન થઇ જતો. તે ઘણી વેળા કહેતો, કે 'પ્રભુએ મ્હારે ત્યાં દિવ્ય-રતન મોકલ્યું છે! સાક્ષાત્ સરસ્વતી દેવીનું દર્શન કરાવ્યું છે."

પ્રકરણ ૧૦ મું.

એભલનું અભય વચન.

પ્રજાનાં હિતને ખાતર, પુત્રના ભોગ દેવાયે;
ધન્ય છે ભૂપતિ નરવર, ધન્ય જીવ્યું જગ ગાણાય—

શેત્રુંજ્ય ગિરિશૃંગના મહાન્ રાજ્યાધિપતી એભલવાળાનાં રાજ્યમાં પડેલા દુકાળથી, રાજાની ચિન્તા વધી પડી હતી. અને પોતે જાતે શોધ કરતાં માલુમ પડયું કે, કોઇ મૃગશીંગ પર કામણ કરીને મેહ બંધ કરવામાં આવ્યો છે, ત્યારે તે કાળીયારને પકડવાને જાતે, જંગલમાં નીકળી પડયો હતો. જો કે આ બનાવ કેવળ વિચિત્ર, અને પ્રપંચથી ઉભો કરેલો હતો. મેવાશા કારભારીના તરકટનું આ એક નિર્બળ નિમિત્ત હતું. પરંતુ પ્રજાનાં રક્ષણ માટે પિતા-પુત્રે કમ્મર કસી હતી. કહેવામાં એમ આવતું હતું, કે "એ કાળિયાર મૃગ જ્યાં જાય છે, ત્યાં ત્યાં સઘળે લીલી હરિયાળી ભૂમિ થઇ જાય છે!" એમ કહેવામાં મેઘાશા ફાવશે, તેનું કારણ એટલુંજ હતું, કે ફક્ત શેત્રુંજ્યની તળેટી વધારે શિતળ હતી. સરિતાનો પ્રવાહ નજદીક હતો.

જે લાખા વણુજારાની વાડીમાં સદા લીલા છવાઇજ રહેતી હતી. તેની કન્યા લાલનને ફૂલ પાન તથા ઝાડ છોડાનો શોખ હતો. ને તેથી આ નિમિત્તથી લાખાને પાયમાલ કરવાને યોગ્ય નિમિત્ત હાથ ધરેલું હતું.

રાજાને આંખ કરતાં, કાનની સ્મૃતિ વધારે તીવ્ર હોય છે, પ્રપંચીઓનાં મગજ કરતાં તેની જીભ વધારે બળવતર હોય છે; ને તેથી ઘણીવાર, પ્રપંચીયો, ભોળા રાજા કને ફાવી જાય છે. મેઘાશાએ મુદ્દો પકડયો હતોજ! અન્નાકુમારનો મોહ, લાલન પર થતાં–મૃગલીને જવા દીધી હતી. જો કે તે મૃગલી તો લાખાની પાળેલી હતી, પણ એ હરણીને, મેઘાશાએ, પેલો કાળીયાર મૃગ ઠરાવ્યો હતો; અને તે લાખાએ પાળેલો–અથવા તો જંગલમાંથી પકડીને, વરસાદ બંધ કરવા માટે તેના શીંગ પર ચીઠી બાંધી–છુટો મુકી દીધેલો, પણ પ્રસંગોપાત પાછો વાડીમાં આવતો–આ રીતે બંદએસ્તો ભેદી ઉઠાવી રાખ્યો હતો. અને તે મૃગને કુમારે જતો કર્યો હતો. કારણ કે તે પેલી લાલન પર મોહી પડયો હતો. લાખાએ, પોતાનું ધાર્યું કરવાને માટે, કુમારને પરવશ કર્યો હતો–પોતાની પુત્રીને, કુમારના હાથમાં મુકી હતી–અને તે વડે પોતે ધારેલો લાભ લેવા યુક્તિ કરી છે. આ રીતે, પેલા પ્રપંચી મેઘાશાએ યુક્તિ શોધી કહાડી હતી–હવે તે પહેલાં એભલવાળો પોતે, એ કાળીયારને શોધવા ગયો હતો–તેની તપાસમાં આખરે એભલ થાકીને કાયર થયો–પણ પત્તો મળ્યો નહોતો. બપોરે મધ્યાન થઇ ગયા. તાપનો સુમાર નહિ. તરસ લાગેલી અને ચારણના નેહમાં જઇ ચડયો.

એભલવાળાની સરહદમાં દુકાળનું અતી જોર હોવાથી, ભરવાડો અને વણજારૂઓ તથા ચારણ–રબારીયો, પોતાનાં ઢોરો લઇને માળવા તરફ ચાલી ગયા હતા. આ નેહડીમાં ફક્ત સ્ત્રીવર્ગજ હતી–પણ તે

પવિત્ર મનની સહૃદયી અને સાત્વિક ભાવનાવાળી હતી. જંગલી છતાં નિર્દોષ અને પ્રભુત્વવાળી હતી. લોભ કે લાલચ યા મોહ કે કામથી નિવૃત થઇને પરવશ પડે તેવી નહતી. આ સ્થળમાં એભલ આવી ચડયો.

એભલ, તાપથી અકળાયલો હતો. પણ કયાં ઉતરી પડવું, એ સુજ્યું નહિ! પોતાની પ્રકૃતિ અસ્થિર લાગી. અજાણ સ્થળમાં ઉતરવાનો આ વખત નહતો. જંગલના એકાન્ત ભાગમાં ઉતરી પડતાં તબીયતનો ભય લાગતો હતો, તેથી આખરે નેહડાની એક ઝુંપડી કને આવી ચડયો. અને આખરે ત્યાંજ ઉતરી પડયો.

આ ઝુંપડી સાંઇ નેહડી નામની ચારણ સ્ત્રીની હતી, તેનો ધણી માળવે ગયો હતો. તેણીએ, આ અકળાયલા પંથીને ઘોડીપરથી ઉતાર્યો. અને પોતાની ઝુંપડીમાં લઇ ગઈ. એભલ તાપથી બેભાન થતો જતો હતો. ઘરમાં ખાટલો નાંખી, ગોદડી પાથરીને એભલને સુવરાવ્યો, અને એક બાઇને, ઘોડીની સંભાળમાં રહેવા જણાવ્યું; તથા પોતે એભલ કને આવી. એભલના માથાપર પાણી છાંટયું, ને પવન નાંખવા બેઠી; એક ખરી બ્હેન, જેમ પોતાના ભાઇની સારવાર કરે, અને એક ભલી પુત્રી જેમ પોતાના પિતાની સારવાર કરે, તે રીતે એભલની સારવાર કરવા માંડી. સાંઇ નેહડી ભલી ને વફાદાર ઓરત હતી. તેણે એભલની ઘણા ભાવથી પરોણાગત કરવા માંડી; જો કે તે એભલને રાજા તરીકે જાણતી નહતી, પણ કોઈ કુળવંત ઠાકોરડો શિકારી છે, એમ દેખાવ ઉપરથી જાણ્યું હતું. તે મોટો માણસ છે, એમ ધારીને તેણીને લાલચ થઇ નહતી, પણ અકળાયલો માણસ જોઇને, ઘેર આવેલા મહેમાનની સારવાર કરવા લલચાણી હતી. આમ તેની શુદ્ધ વૃત્તિ તેને ફળિભૂત થઇ હતી, અને થોડા વખતમાંજ એભલ શાન્તિ પામ્યો હતો.

"બ્હેન ? તમે કોણ છો ?" એભલે શુદ્ધિમાં આવીને કહ્યું—

"ભાઇ? અમે ચારણુ-ગઢવી છીએ. આ નેહડો છે, ને મારૂં નામ સાંઇ નેહડી કહેવાય છે!"

"સાંઇ નેહડી! હા! બ્હેન! બ્હેન! તેં મારો જીવ ઉગાર્યો! કહે, બ્હેન? હું તને પસલીમાં શું આપું? ભાઇ પોતાની બ્હેનને તેના વહાલપણુનાં બદલામાં કંઇક આપવા ચાહેછે, કહે! કહે બ્હેન!" એભલે ગદ્દગદ્દતા કંઠે, અને હર્ષના આંસુથી કહ્યું. સાંઇ નેહડી બોલી ન શકી, તેનું હૃદય ભરાઇ આવ્યું. તેના અંતઃકરણમાં પણ પવિત્ર બન્ધુપર પ્રેમનો ઉભરો ફાટી નીકળ્યો. "તું દેવી જેવી લાગે છે. તું પવિત્ર અંતઃકરણની છું. તારા કપાલપર પ્રભુનું તેજ છે. તારા હૃદયમાં સૂર્યની કાન્તિ છે, તારા મનમાં સત્યતાનો ઝળકાટ છે, તું ભોળી-ભલી ને શુદ્ધ પતિવ્રતા છું. તું જંગલમાં વસે છે, પણ નગરવાસીયોના વિવેક કરતાં ચડીયાતી છું. તું રંક પર્ણકૂટીમાં રહે છે, પણ મહેલ વાસીયોના કરતાં ભલી, ઉદાર, પ્રેમાળ, સત્યભાવીક અને દયાળુ છું-- તને જોઇને હું આનંદ પામું છું. તને બ્હેન ગણુવામાં, ને તેના ભાઈ તરીકે ગણાવામાં, હું ભાગ્યશાળી થયો છું. કહે, વ્હાલી બ્હેન? તને શું આપું? વળી તને પુછું છું, કે તારા દેખાવપરથી તું સૌભાગ્યવતી છું. પણ તારો પતિ ક્યાં છે? કેમકે મને અહીં ત્રણ દિવસ વીતી ગયા છે. આજે તો ચોથો દહાડો છે, બ્હેન?"

"ભાઇ! મેં તમારી બરદાસ કરી છે, તે કંઇ લોભ કે લાલચ માટે નહિ! હા; અમે ગરીબ, ઝુંપડીમાં રહેનારાં જંગલી વનવાસી છીએ ખરાં, પણ અમને તમારી લાલચની કે ધનની પરવા નથી— પ્રભુએ અમને અહીં પણ બટકું રોટલી આપી છે. અમારે મન, આ અમારી ઝુપડીજ મહેલ જેવી છે. અમારૂં હૃદય અમને પવિત્રપણે રહેવા કહે છે. સત્યથી ચાલવા કહે છે. પતિ તથા પ્રભુને ભજવા કહે છે. અતિથીનો આદરસત્કાર કરવા કહેછે. અને તેમ કરતાં, ફક્ત ફરજ

બજાવ્યા શિવાય બીજી લોભ કે લાલચ માટે અમે કરતાં નથી. મ્હારો ધણી, ગઢવી હાલ માળવા તરફ ઢોરો લઈને ગયો છે. હું જો કે અહીં નેહડાના સ્ત્રીમંડળમાં ઘરે એકલીજ છું. અમને પુરૂષ જોડે વહેવાર પડતો નથી. તોપણ ઘેર આવી ચડેલા, દુઃખીયા અતિથી જો આતિથ્ય માગે, તો અમારે આપવું, એ અમારાં ગરીબ પણ અંતરની લાગણીથી મોટાઇ માનીએ છીએ એમ નહિ, પણ ફરજ સમજીએ છીએ. હવે કહો. તમે કોણ છો?" સાઇ નેહડીએ નિખાલસ દીલે કહ્યું. "વાહરે વાહ! વનવાસીયોમાં આટલી ઉદારતા, ભલાઇ, વડાઇ ભલમનસાઇ, નિસ્પૃહતા, ને માયા હશે, એ આજે જાણ્યું! એ રંક જનો, લોભથી નિરાળાં, બેપરવા અને સાદી જીંદગીમાં સંતોષ માનનારાં, તથા પરોણાગતમાંહે શ્રીમંત કે રાજા કરતાં ચઢીયાતાં, અને ભાવ તથા ભક્તિમાં, કલિના શોભીતા મહેલવાસીઓ કરતાં પ્રથમ પંક્તિ ધરાવનારાં હશે, એ તો આજે જોયું! વાહ, બ્હેન વાહ! તને જોઇને, તારી વાણી સાંભળીને કૃતારથ થયો છું. આજે મારૂં જીવતર સફળ થયું છે. બ્હેન, હું એભલવાળો છું—

"એભલવાળો? તલાજાનો સાહેબો!" નેહડીયે ધીરે સાદે કહ્યું-નીચું જોઈ રહી—આંખમાં હર્ષનાં આંસુ પડયાં.

"કેમ બ્હેન, ભરી આંખમાંથી આંસુ પડયાં?"

"બાઇ? તારા જેવા સાહેબાની મેમાની મારી આ રંક ઝુંપડીમાં! તારાં પવિત્ર પગલાં આ ગઢવીના ઘરમાં થયાં? અમે ભાગ્યવંત થયાં?"

"તારી મોટાઇ, ને ભલી લાગણીનાં આ વચનો છે. હવે કહે બહેન? હું તને શું આપું?"

"મને કશું નથી જોતું! મારે અહીં સંપુર્ણ સુખ છે. તમે

પૈસા, ગામ કે ગરાસ આપશો—પણ અમારે એ જંજાળ શા માટે જોઇયે! પ્રભુએ અમને એવાં કામથી નિરાળાં રાખેલાં છે, તો નવા ભવ માટે અમને એ ભય શા સારૂ જોઇયે? ભાઇ? તમે આ બહેન પર તમારી પવિત્ર છાયા રાખશો, તો બસ છે!"

"બહેન! જ્યારે તું એટલી બધી નિસ્પૃહ ને સંતોષી છે, તો હું તને અભય વચન આપું છું, કે જે ટાણે જે કંઇપણ જોઇયે. યાને આ દેહ, કુટુમ્બ, કે રાજવૈભવ જેનો ખપ હોય, તે તારે માટે તેજ વેળા હાજર છે! હવે મને રજા આપીશ?" એભલ ટટાર થયો.

"ભાઈ? આજનો દહાડો રહી જાઓ. ગરીબ બહેનના ઘરની રાબ છાશ ખાઇને જાઓ."

"વારૂ, બહેન? તારી રાબ-છાશ મારે મન તો વિદુરની ભાજી કે શબરીનાં બોર કરતાંયે વધારે પ્યારી છે. પણ આ ભાઇનું વચન ન ભૂલીશ! જ્યારે ખપ પડે, ત્યારે અરધી રાતે, ભરસભામાં, કે નિદ્રાવશ થયો હોઉં તો, મહેલમાં આવી ઉભી રહેજે. તારે માટે સાતે દરવાજા છુટા છે. હું નગરમાં જાહેર કરી દઇશ, કે મારી બેન સોઇ નેહડી માટે કોઇયે અટકાયત કરવી નહિ!"

"વારૂ, ભાઇ, જેવી તમારી મરજી!" એટલું કહીને ગદગદીત થયલી નેહડી ઘરકામમાં વળગી એભલના મનમાં વનવાસીયો માટે કેવો ઉંચો ને ઉંડો વિચાર પેડો હશે?

બપોરના જમ્યો. ને સાંજે ઘોડેસ્વાર થઇને, બહેનની રજા લઇ તળાજા તરફ વળ્યો-અહીં એક ચાણ્ડાલ સ્ત્રીયે આ તમાશો જોયો. અને અદેખાઇથી ભરાયલી પાપિણીયે, કંઇક ઉંધું કરવા કલ્પના કરી. પણ જે થાય તે ભલાં માટે! હવે તળાજામાં શું થયું?

પ્રકરણ ૧૧ મું.

લાખો અને લાડકી લાલન !

પાળેલી પુત્રી સમ બાળા, લાડકી લાલન ભલી;
લાખાની પ્રેમની માળા, હૈયામાં પ્રાણવત્ ઠરી.
કણ્વને શકુન્તલા જેવી ભાવમાં ભિન્ન ના જરી,
પ્રભુવત્ પ્રેમની પાળી, ઉછેરી ઉત્સાહથી ભરી.

"બેટા, લાલુ ? આજે તારૂં મન ઉદાસ કેમ છે ! તારી કાન્તિ જાણે પાણી વિનાના કમળ પેઠે કરમાયલી છે ? જાણે તાપથી વેલી ચીમળાયલી જણાય છે ?" લાખાએ ભાવથી પુછ્યું.

"બાપુ ? એ તો આજે સવારે વાડીમાં હરણી જોડે રમતાં અને ફુલ છોડો સાથે ગેલ કરતાં તાપમાં બહુ વખત થઇ ગયો !" લાલુએ લગાર શરમાળ ચ્હેરે જવાબ દીધો !

"દીકરી ! આજે હું સવારે રણછોડજીના મંદિરમાં દર્શને ગયો હતો. ત્યાંજ મને જાણે એકાએક પરછો કેમ પડયો ન્હોય, તેમ યાદ આવ્યું, કે–લાલુ હવે જુવાન થઇ છે. માટે—

"ના બાપુ ! એ વાત ન કરશો ! શું મને તમે પારકે ઘેર સોંપવા તૈયાર થયા છો ? નાં–નાં—' લાલુ હઠ કરવા લાગી.

"બેટા ! દીકરી તો સાસરેજ શોભે ! જો કે તું મ્હારી પાલક પુત્રી છું. પણ મને મારા દીલ કરતાં વધુ વ્હાલી છું. તારી જો એમ મરજી હશે, કે મ્હારી સાથેજ રહેવું, તો હું તને તેવા સાથે પરણાવું, જેઓ આપણે ત્યાંજ રહીને, આપણું વણજારૂ ખાતું સંભાળે !"—

"તે કરતાં ન પરણવું શું ખોટું ! મીરાં બિચારી પરણીને પસ્તાણી, તે કરતાં, મન માન્યું જીવન કહાડવું, શું ખોટું ?"

" દીકરી ? તું વણુજાર કે જંગલી બાળકી નથી. તું ઉચ્ચ રાજવંશી જેવું બાળક છે. ને મ્હારા લાડમાં તને તેવી રાખી છે. તારા મનના વિચારો ને અંકુરો ભારે છે. તું જંગલમાં હવે વસવા લાયક નથી. તને કોઇ શહેરમાં—

" નાં—નાં—બાપુ ! મને કેદમાં ન મુકશો ! ભલે રાજમહેલ મળે, તોપણુ મારે મન તે કેદખાનું છે. મને ખુલ્લી જંગલની હવા બહુ પસંદ છે; મને મારા વહાલા લાખા બાપુનો સંગ પસંદ છે. પ્રભાતમાં ઉઠીને પ્રભુને યાદ કરતાંજ બાપુનું દર્શન કરવું, અને એજ રીતે મળવું, મને ગમે છે." લાલુથી રડી જવાયું. લાખાને પણુ હર્ષનાં આંસુ આવ્યાં !

અહા ! માણુસ જાતની ઇશ્વરી લાગણી કેટલી નરમ છે ? માયાથી ઉછેરેલી–પાળેલી કે ઉપજાવેલી વસ્તુપર માણુસને કેટલો ભાવ છે ? ખરે, કણ્વ મુનિ જેવા મહાત્માને પણુ પેલી પોતાને ત્યાં ઉછેરેલી વનબાળા શકુન્તલાને, દુષ્યન્તને ઘેર મોકલતાં કેટલું દુઃખ થયું હતું ? આહા ! પણુ મહારૂણીને વૈરી જમાત્રોના ત્રાસ, નામના પિતાને પણુ કેટલા દુઃખદ નીવડે છે, તે તો અનુભવથીજ સમજાય છે !—અરે, આખરે એ લોભી ભુંડાં, એ નિર્દોષ બાળાનું મગજ ફેરવીને, બિચારા ભલા પાળકોને કેવા હેરાન કરે છે !

" બેટા ? તારા શાસ્ત્રીએ તને પેલા કણ્વ રૂષિની વાત કરી હશે ? "

"હા"—લાલુ શરમાઇ ગઈ, તેને લાગ્યું કે રખે પેલા રાજકુમારના પ્રસંગની વાત તેને કાને આવી હોય ! તેણીએ ધીરા ગંભીર શબ્દથી જવાબ દીધો.

" જો કે બધાં છોકરાં નાદાન હોતાં નથી. તેમજ તેવા સંજોગ બધાંને મળતા નથી. તોપણુ આપણે વન વગડાનાં રહેનારાં–અને

અવસ્થા થતાં તો સૌને વહેવારીક થળમાં જવાનું, એટલે જ્યાં જેનું ભાગ્ય જાગે, ત્યાં જવાનું હોયજ માટે—

"બાપુ? હાલ એમ ન બોલો! થઇ રહેશે, હું તો જાઉં છું. જો પેલો કોઇ માણુસ તમને મળવા આવે છે? મને મારી હરણી બોલાવે છે. શાસ્ત્રી પણ આવશે. રણછોડરાયજી માટે ફૂલનો હાર તૈયાર કરવો છે. માલણ પણ આવશે. રજા છે?"—લાલને બહાનું બતાવ્યું.

"જા–મારી વ્હાલી બચ્ચુ! જા–જીવતી રહે, ને સદાયે તારા રૂડા વિચારમાંજ પળતી રહે!" લાખાએ ભલા દીલથી આશિર્વાદ દીધો. લાલુ હસતી હસતી ચાલી ગઇ. સામે રાધા કેટલીક વારથી ઉભી હતી. તે તરફ લાલુની નજર જતાં–બન્ને હબી પડયાં હતાં. લાલુ દોડીને રાધાને બાઝી પડી. ને બન્ને વાડી પાછળના મંડપમાં ગયા. લાખો, વાડીના દરવાજા કને આવ્યો. ત્યાં તેમને મેઘાશા કારભારી મળ્યો. લાખાને આ મુર્ખ લોભી માણસ મળ્યો, ત્યારે લાલનને પેલી પ્રપંચી માલણ મળી.

પ્રકરણ ૧૨ મું.

લાખો અને મેઘાશા.

"આવો કારભારી સાબ!" લાખાએ સત્કાર કર્યો.

"ભલા લાખા! તારી મીઠી બોલીથીજ આખું પ્રગણું તારા પર ફીદા છે. તને વણજારો ભલે કહેવામાં આવે, પણ તું ખરો વેપારી વાણીયો અને વધુ કહું તો એક ઉદાર ભગત છે!"

આ શિયાળને એટલી બધી હદ સુધી કીર્તિ ગાવાનું શું કારણ છે? ચતુર કાગડો જો કીર્તિવશ હોત, તો ચેતી ન શકત પણ જગ-

તનો અનુભવ, અને દેશ દેશનાં પાણી પી પી ને મોટો થયલો, તથા અનેક પ્રપંચી પુરૂષોના પગ તળેથી છટકી ગયલો લાખો, કંઇ મેધાશાથી ગાંજ્યો જાય, તેમ નહોતો. તેણે જાણ્યું કે વાણીયો કંઇક ગતમાં લોટે છે !

"કેમ બાપા ? આજે તો તમારાં પગલાં ?"

"લાખા ? હું આવી ગયો હતો, પણ તમે ન મળ્યા !"

"કહો, કહો, કાંઇ કામ હોય તો કહો."

"તું જાણે છેજ કે દેશમાં દુકાળ પડયો છે."

"હા, એતો જગત જાણીતી વાત છે ને તે વેળા આપણે જીભવાળાં માણસોએ અને હાથપગવાળાં જનોએ ઘટતી મદદ કરવાની છે ?"

"જીવતો રહે લાખા ! હું એજ જાણવા માગતો હતો, સાંભળવા માગતો હતો. મને ખાત્રીજ હતી, કે તું એવુંજ કહીશ. હવે તને કહેવાનું એટલુંજ કે બાપુ, આખો દેશ રખડીને આવ્યા. પણ પેલા કાળીયાર હરણનો પત્તો ન લાગ્યો, ત્યારે હવે જ્યાં સુધી તે પત્તો ન લાગે, ત્યાં સુધી વરસાદ પડે નહિ !"

"તો હવે શું કરવું કારભારી સાબ ?"

"લાખા ? તું તો ડાહ્યો છું. રાજા, વાંઝાં ને વાંદરાં એ ત્રણે અટકચાળાં ને ઉછાંછળાં હોય છે. એભલ બાપુને કોઇએ એવું ઠસાવી દીધું છે, કે લાખાને ત્યાં જે હરણું છે તેના શીંગ પર તાવીત બાંધેલું છે. હવે તે કોણે બાંધ્યું, તેની ખબર નથી, પણ કહે છે, કે તે લાખાએ કાં બાંધ્યું ન હોય ? કેમકે તેની કને ઘાસ ચારો અને અનાજના ભંડાર ભરેલા છે, ને તે વણજમાંથી મોટા મહેલ બંધાવવાના છે.

"વારૂ, પછી લાખાએ વાણીયાને બકવા દીધો"

"હવે રાજાને સમજાવે કોણ ? તેણે તો સદર હુકમ દીધો, કે

લાખાને ભલું લાગે કે ભુંડું, પરંતુ હરણીને હાજર કરો. તાવીત છોડીને બાળી નાખો, અને હરણીને મારી નાખો. એટલુંજ નહિ પણ તેની માલ મીલ્કત પણ લુટી લ્યો. હવે શું કરવું ? અમે તો વિમાસણમાં આવી પડયા છીયે, લાખા ? તને કંઇ રસ્તો સુજે છે ? ”

“ મેઘાસા ભાઇ ? રજવાડાનાં કામ ભુંડાં છે. હાસ્તો એજ કે હવે અમારો અન્ન-જળ દાણો-પાણી અહીંથી ઉઠયું હશે, તો ભલે—પણ હરણીના શીંગપર તાવીત બંધાયલાની વાત તદન જુઠી છે. અને અને “ એ તો અમે સૌ સમજીએ છીએ—પણ રાજહઠ—“ અને અન્ન--ચારો તો દુકાળમાં મફત વેરાય છે. ”

લાખાએ હર્ષથી કહ્યું—પણ મેઘાશાને એજ વાંધો હતો. લાખો જ્યારે મફત અન્ન--ઘાસ આપે, ત્યારે મેઘાશાએ ખાનગી, પોતાના દીકરા મારફતે વેપલો કર્યો છે, ને દેશાવરથી ઘાસચારો મંગાવી ડબલ ભાવે વેચવા કહાડયો છે. તે લ્હે કોણ ? એ માટે તો લાખાને ઉડાવવાની જુક્તિ કરે છે ?”

“ પણ તેથી કંઇ વરસાદ પડે ? ” મેઘાશાએ ઉમેર્યું.

“ તો કાંઇ આ લાખો વરસાદ લાવી આપશે ? ”

“ પણ રાજા કંઇ સમજશે ? ”

“ તો બાપુને કહો, કે લાખો ગામ છોડી જાય છે !”

“ પણ તેમ કરતાંયે કયાં છુટકો થાય છે ? ”

“ ત્યારે શું બધું લુટી લઇને, કેદ કરવાં છે ? ”

‘ ભાઇ લાખા ? મ્હારે મ્હોડે મારી લુજ્જે કંઇ કહેવાય તેમ નથી પણ હાલ હરણી તો આપ ? ”

“એ મારી મતા નથી-તેના પર મારી લાડકી દીકરીની સત્તા છે. અને તેને નારાજ કરવા કરતાં, આ મ્હારી રયાસત જાય, કે માથું ઉડે, તો ભલે. પણ હરણી તો આપી શકાશે નહિ-તે નહિજ !”—

" રાજાનો કોપ વોરવામાં લાભ શું ? હરણી બીજી નહિ મળે ?"

જેમ જેમ લાખો હઠ કરતો ગયો તેમ તેમ મેઘાશા ચડાવતો ચીડાવતો ગયો–તેને તો એવુંજ કરવું. કરાવવું હતુંજ !—

" ના–આ–ના ! નાહક જીકર કરવામાં ફાયદો નથી. જા તું હારા બાપુને કહે, કે તારે જે જોઇયે, તે માગ. પણ હરણી નહિ ! "

"પણ હરણી પર તો દાવો કરે છે ! કેમકે દુકાળ ટાળવાનું એ સાધન છે." મેઘાશાએ જાણ્યું, કે હવે આ બહાનુંજ જબરદસ્ત છે ! કેમકે મરતાં સુધી લાખો તે હરણી દેવાનો નથી.

" તે તો નહિ મળે–લ્હો, રામ–રામ ? મંદિરે જવાનું છે, માટે માફ કરો ! " એટલું કહીને રીસમાં લાખો ચાલ્યો ગયો. મેઘાશા ફતેહ પુકારતા ગયા.

પ્રકરણ ૧૩ મું.

દીલનું અનુસંધાન દીલ.

" સમજી ! સમજી ! અલી લાલન ? તારા હોઠમાં કંઇક ઉગતાં કમલીમાંની લાલી છે. તારી આશા કંઇક મતવાળી છે. સુકાયલાં પાનના છોડને તાજગી આવી છે. ખરૂં કહે, શું સમાચાર લાવી છે ? " રાધાએ હાસ્ય ઉપર લાલનની સમયસૂચક શબ્દ પરથી આનંદના અંતરનો તાર ખેંચ્યો. " રાધા ? શું કહું ? તું તો નકામી કંઇ કંઇ તર્ક કરીને મને પુછે છે ? "

" ને તારાથી કંઈ કહી જવાય છે, એમજ કની ? "

" હા બા, તું તો જાણે ખરી જાદુગારી છું. મને તો એવાં તર્ક વિતર્ક ન આવડે। "

"આવડશે–બા–આવડશે! તમે હજી પાંખ વગરનાં ફરો છો! જ્યારે પાંખ આવશે, ને ઉડતાં થશો–તથા આ જંગલ તજીને નગરમાં વણજારૂં તજીને રાજવંશી થશો. ત્યારે બધું આવડશે."

"જ્યાં સુધી પાંખ નથી, ત્યાં સુધી જગત આંધળું છે.

"જ્યાં સુધી પગ બાળકના છે, ત્યાં સુધી સૌ પાંગળું છે;

જ્યારે આંખ ઉઘડશે, ને હવા લાગશે દુનિયાંની;

ત્યારે હશો બીજાં તમે, ખબર પડશે દુનિયાની;

"હા, બા હા, કરો, મશ્કરી કરોઃ તમે નહિ કરશો તો કોણ કરશે?"

"હા, બા હા—બોલો બોલો, તમારે શેત્રુંજા ડુંગર પર ચડવાનું છે, અને હમારે નીચેની તલેટીમાં વસવાનું છે!"

"સમજી! સમજી! પણ એ ભાગ્ય આ લાલુનાં નહિ!"

"કાં? કુમારનો મોહ, તેમ ભાવ અને લગની હોય, એટલે એજ રસ્તે જવાશે–સરિતા સાગરમાંજ જવાની!—

"હા; પણ માર્ગ વિના!"

"લાલુ? આટલી ભણી–ગણી અને ભુલી? નદી તો આડી અવળીજ ચાલે, તેને વળી માર્ગ સાધવાનો શો? જ્યાં ત્યાંથી પણ સાગરનેજ મળે! લોહચુંબક વળી ક્યાં જઇને અડે!"

"વારૂ, વારૂ, પણ જો પેલી માલણ આવી. મને લાગે છે, કે બાપુ તો મંદિરે ગયા–દેખાતા નથી!" લાલુએ આડી નજરે જોઇને કહ્યું. મૂલ વાત ઉડાવી દીધી.

"હા–હા ઠીક થયું. એ માલણ રાંડ બડી નખરાખોર છે. રાજ દરબારમાં જતી આવતી–તારી લગનીની ખબર લાવી આપશે. આ આવી!—" એટલું કહીને રાધા એકદમ માલણ તરફ દોડી ગઈ. લાલુએ વિચાર્યું, કે દીલના અનુસંધાનનો તાર ઠીક પહોંચ્યો.

" રાધા બહેન! કંઇ સંદેશો કહેવા આવ્યાં ! " માલણ બોલી

" તું શું સંદેશો લાવી કે મને પુછ્યું ? "

" હું ? " માલણ હસી પડી. ખુશ ખબર લાવીછું—

" કહે, કહે, એવી શી ખબર લાવી ? " રાધા અધીરી પડી

" કુમાર અન્નએ આજ તો એક ફુલની માળા ઇચ્છી છે.

" અને તે લાલુના હાથનીજ બનેલી કે ? "—રાધા, લાલુની તરફ મોં, કરી હસતે વદને ઉંચે સાદે બોલી—

" શું છે અલી નખરાળી નારીયો ? " લાલુ હસતી નજીક આવી.

" કંઇ નહિ, એ તો માલણ ખબર લાવી છે કે-કુમારશ્રીને તારા હાથનો ગુંથેલો ગજરો જોઇએ છે "

" એ કામ માલણનું ! " લાલુ હસીને બોલી.

" હાજ તો, એ કામ બધુ માલણનું-જો માલણ ? તું ધ્યાન રાખજે. કામ તને સોંપાયલું છે. રાધાએ ચેષ્ટા કરી " જાઓ જાઓ તમે તો મશ્કરી પર ચડયાં ! ચાલો મને તો કામ છે ! " એમ કહી લાલન ચાલતી થઈ

" પણ પેલું કામ તો કુમારનું ! કેમ કરશો કે ? " રાધા બોલી-ને પાછળ પાછળ ચાલી. માળણને ઇશારો કરતાં તે પણ પાછળ ચાલવા મંડી—

આહા ! લાલનને કુદરતે કેવી યાદી આપી ! કેવો પ્રસંગ અનુકુળ મળી ગયો ! —

કુદરત ન ધારેલું કામ કરી બતાવે છે;
મનમાં ચીન્તન, તેજ લાવી આપે છે-
મહા મુશ્કેલીયે ન મળે, તે સ્હેજે હાથ ચડે છે;
ચડયા પછી પણ કસંજોગે, પાછું ત્યાંનું ત્યાં પડે છે,

પ્રકરણ ૧૪ મું.

મેઘાશાનો પ્રપંચ—એભલનો અમલ !

દેશી રજવાડાના અફીણીયા અને અમલખોર ઠાકોરડાનો જે જમાનો હતો, તે વખતે કારભારીયો પણ તેવા દગલબાજ અને અપ્રમાણીક હશે, એવા ભાટ-ચારણોના વાક્ દંતકથા પરથી માલમ પડે છે ! સામાન્ય રીતે એ કારભારીયો, ભોળા અને ભલા રાજાને, કેવળ આંધળા સમજીને, અને ખરેખર છતી આંખે, અમલના કેફમાં અંધા, અને રાજ વહિવટની કઈ પણ હકીકતથી બીનવાકેફગાર, રાજાઓની મુર્ખતાનો લાભ, એ કારભારીયો લહેતા હતા ! પ્રજાપર રાજાનો, ને રાજાપર પ્રજાનો વિશ્વાસ હતો; પણ પ્રપંચી કારભારીયોનું પ્રબળ એટલું તો જબરદસ્ત હતું, કે રાજા આગળ ફરિયાદ કરવાની મકદુર કોની હતી ! રાજાએ આપેલાં ઇનામ, કારભારીને ઘેર પહોંચતાં—રાજની ઉપજની સારી કિમતી વસ્તુનો માલેક કારભારી થતો—એવો પણ એક જમાનો હતો, કે જેમાં કારભારીજ રાજા હતા. રાજા તો નામના રાજા હતા. કોઇ કુંભાર તો કોઇ કોલી, અને કોઇ પિંજારો તો કોઇ તેલીનો છોકરો રાજા થઇ જતો; આ સર્વ પ્રતાપ, ભુંડા કારભારીયોના હતા, એવી જુની વાતો હજી પણ ભાટ-ચારણોના ચોપડા અને દુવામાં, વાતો અને કવિતના ઠાઠમાં સંભળાય છે!

એભલવાળો એક રીતે સત્તિશાળી હતો. અને પોતાની પ્રજા માટે તે જીવ આપતો હતો. પ્રજા, તેને ચાહતી હતી, પણ મેઘાશા જેવા નીમકહરામ અને પ્રજા પીડક કારભારીથી સદા નારાજ રહેતી. કેમકે એભલવાળો, મેઘાશાના વચનનું રમકડું હતું. તેથી કોઇ માણ-

સની હિમ્મત, એભલને કાને મેઘાશાની ફરિયાદ કરવાને ડગ ભરી શકતી નહોતી.

માત્ર જો કંઇક સત્તા વાપરી હોય, તો લાખા વણજારાએ—અને તે પણ સરજોરીથી નહિ—પરંતુ લાખો એક જાદુગારો છે, ને મેલડી તથા ખોડીયાર માતા તેને સહાય છે; તે ઉપરાંત રણછોડરાયનો તે પાકો ભગત છે—અને એ બધી વાતના પરછામાં, તેણે રાણી રૂપાળીબાને પ્રસુત પીડામાંથી બચાવ્યાં, એ પુરતું વિશ્વાસનું કારણ થઇ પડયું, તો પણ તેના કરતાં, એભલનો ભરૂસો, મેઘાશાપર વધારે હતો.

એભલવાળો, જંગલમાંથી પાછો ફરીને નગરમાં આવ્યો. કાળિયારની જંખના કરતો નિષ્ફળ થઇ આવ્યો. મહેલમાં આવીને રાણીને મળ્યો. સાંઇ નેહડીની ઉદારવૃત્તિ, અચલ ટેક અને જંગલી છતાં પરોણાગત કરવાની મમતાનાં વખાણ કર્યાં. રાણી રૂપાળીબા બહુજ રીદા થઇ ગયાં. અને કોઇ પણ પ્રસંગે, એ બાઇને બદલો દેવાની ભલામણ કરી.

એભલ આવ્યા પછી દાયરો ભરાવા માંડયો—સાંજનો વખત હતો. કાવા—કસુંબા ચાલી રહ્યા હતા. વરસાદની વાટ જોવાતી હતી. અને એજ વાત ચાલતી હતી. ત્યાં મેઘાશા આવ્યો. એભલવાળાને નમીને, તેની સોડમાં પલાંઠી મારીને બેઠો. મેઘાશાને વસ્તીની ખબર પૂછી—નવીન ખબર ઉડતી વાતોના પૂછ્યા—મેઘાશાએ જે કંઇ દાયરાને લાયક ઘટતું હતું, તેટલું કહ્યું. અને બાકીની હકીકત બાપુની ખાનગી ઓરડીમાં કહેવા જણાવ્યું.

દીવા બત્તી થઇ, અને દાયરો ઉઠી ગયો, ત્યારે એભલ અને મેઘાશા ઉઠીને મહેલના એકાન્ત ભાગમાં ગયા. એભલે સવાલ કર્યો.

“ કારભારી ! કહો, તમે હવે રાજની બેહતરી માટે, મ્હારી ગેરહાજરીમાં શું શું કર્યું ?

" બાપુ ! આપતો શિકારમાં નિષ્ફળ નિવડયા. કાલીયાર હરણુ પકડાયો નહિ; પત્તોયે મળ્યો નહિ; પણ મેં અહીં બેઠે બધી તપાસ કરી લીધી."

" વાહ ! વાણીયા ખરા ! કારભારી ખરા ! ડાહી માના દીકરા ખરા ! કહો, કહો, મેઘાશા ? શી તપાસ કરી ? "

" બાપુ ! તપાસ તો કરી, પણ તેમાં મ્હારી ફતેહ, ફકત તમારા હાથમાં, તમારાં વિચારમાં અને તમારી હુકમી સત્તામાં છે હો ! "

" મેઘાશા ? મ્હારા લાભ ખાતર, મ્હારે જે કંઇ કરવું, તેમાં પછી કચાશ શેની હોય ? ખજાનો બતાવ્યો, પછી ખોદાવી લેવામાં વાર હોય ? "

" ત્યારે બાપુને કહું કે—એ કાળીયાર હરણુ તો પેલા લાખા વણજારાએ ફરતું કર્યું છે. તેનું પાળેલું છે. શીંગડી પર તાવીત બાંધેલું છે. અને પોતાની અંદરની મતલબ માટે આ છુપું પ્રપંચી કામ કરેલું છે ! " કારભારીયે ધીમે રહીને પ્રસ્થાનું મુકયું.

" તેને તેમાં શો લાભ છે, મેઘાશા ? "

" અન્ન અને ઘાસના ઢગલા પડી રહેલા છે. વરસાદ બાંધે તોજ દેશાવરમાં નિકાલ થાય એમ છે. જાતે જાદુગર છે. અને છુપો રાજદ્રોહી લાગે છે ! "

" બરાબર—કદાચ લોભને વશ થઇને આમ કરે, પણ તેના પાળેલાં હરણાંના શીંગપર બાંધેલું તમે શી રીતે જોયું ? ને જોયું તો કબજે કેમ ન કર્યું ? "

" એનો ખુલાસો હું આપું, તે કરતાં આપણા અજાકુમાર બાપુ આપી શકશે ! એમનેજ પુછો, કે એ હરણું છોડી શા માટે દીધું ? "

" વારૂ, પણ હું તમને એટલું પુછું છું, કે તમે કેમ જાણ્યું ? "

"બાપુ! મને ખબર મળી, કે લાખાને ત્યાં તેની વાડીમાં એક હરણુ છે, તેની શીંગડીયે કંઇક બાંધેલું છે—એ ઉપરથી હું લાખા વણુજારાની વાડી તરફ ગયો. હજી પચાસ કદમ દુર હતો. ત્યાં હરણુ પાછળ અન્નાકુમાર જતા હતા. હું થંભી ગયો. એટલામાં લાખાની પાળક, કોઇ મહા રૂપવતી કન્યા, જેનું નામ તો કોણુ જાણે, તોપણુ દેવી જેવી મહા સતી સાધવી હતી. તેની પ્રતિ કુમારની દૃષ્ટિ ગઇ. અને હરણી પરનું બાણુ આડું નીકળ્યું. હરણી ન્હાસી ગઇ, અને હરિણાક્ષી હાથ ચડી ગઇ. એમાં બાજી બગડી."

"વારૂ, પછી તમે શું કર્યું?"

"પછી થોડીવારે કુમાર તો નિરાશ થતા પાછા વળી ગયા. પેલી કન્યા પણુ ઘરમાં ચાલી ગઈ. અને હરણી ન્હાસી ગઇ. તેટલામાં લાખો આવ્યો. મેં યથામતી તેને પૂછવા માંડયું. પ્રથમ તો તેની કને ઘાસ ચારો અને અનાજ કેટલું છે, તે પૂછ્યું. એ સર્વ રાજાને આપવાને સમજાવ્યો. તેણે સાફ ના પાડી. તે પછી મને જે હરણુ બાબતે ખબર મળી. તે માટે કહ્યું. તેના જવાબમાં લાખો ભભકીને રોષથી બોલી ઉઠયો, કે "એ હરણુ તો જીવ સાટે છે!" મેં કહ્યું. "એભલબાપુને તારા માટે માન છે. તેના રાજાનો દુકાળ દુર કરવાને માટે જો તું રાજાનો વફાદાર માણુસ હોય, તો વરસાદ પડે, તે માટે હરણુ એભલબાપુને સોંપી દે!"—લાખે, લાખ વાતે, વાત માની નહિ! મેં બહુજ સમજાવ્યો, પલટાવ્યો. લાલચ દીધી. ગુજરાતમાંથી ન્હાસી આવ્યા પછી, ને આબુની તળેટી છોડી શેત્રુંજામાં પડાવ કરીને સાથ્થળી મેળવ્યા પછી તથા એભલબાપુના આશરામાં, એક લુટારૂ, ધાડપાડુ તથા જુઠી વણુજ—વેપારના વેપારી—ધંધામાં સીધી-આડી મદદ કર્યા પછી, તું આજે મદાંધ થઇ ગયો છું. તો ભલે. બાપુને માન છે! વળી તું બળીયાવર ને આસ્થાવાળો છે. તારો પ્રભુ હાલ રજુ છે.

અને દયાનો ઝરો છે. તો તરફડતાં જીવડાંને પાણી પીવા દે. કાળીયા-રને સોંપી દે." ત્યારે છેવટે "ગળું જાય તો કબુલ-પણ મ્હારૂં હરણ નહિ!" મેં કહ્યું કે, તેવાં સો હરણ આપીયે!" તોપણ સાફ ના. હવે શું કરવું! આખરે વિનવીને ચાલ્યો આવ્યો. અને "તે લાખો, તે લાખોજ નહિ! આંખમાં શરમ નહિ!" એ જોઇ, અફસોસ કરતો, આપની હજુરમાં હાજર થયો. જે હેવાલ બન્યો, તે કહી દીધો. હવે આપ બાપુને જે ઘટીત લાગે તે કરો. મ્હારી એટલી વાત છે. હરણને છોડી દીધું. અને પાછું કુમાર બાપુને કહેતાં તેણે પણ વાત ઉડાવી. જો કે કુમારશ્રી માટે તો મ્હારે આપની કને ફરિયાદ કરવી ઘટીત નથી; પણ રાજની બેવડી બહેતરી માટે કહેવું પડે છે. એક તો તેઓ ભવિષ્યના ગાદી વારસ, અને જો વણજારી કન્યા પર મોહી પડીને પટરાણી બનાવી દે, તોયે વાળા કૂળને લાંછન! અને રાજના કુમાર તરીકે, દેશની ને પ્રજાની પીડ વેળા નાજુક લાગણીને વશ થઇ, જુવાનીના તોરમાં, અહિત કરવા પગલું ભરે, તે અટકાવ-વાની જરૂર, તે માટે પણ મ્હારે મ્હારી ફરજ બજાવવી પડી છે." પરંતુ હજી આપને ખાત્રી કરવાની જરૂર છે. કેમકે આ બનાવો ગંભીર અને ભયંકર!" મેઘાશાએ બરાબર એભલના કાનમાં રેણ મુકી દીધું. સંજોગ ને સમય સરખાવીને બરાબર ઝેરનો પવન ફુંકી દીધો. એભલ ઘડીવાર વિચારમાં પડયો ને પછી બોલ્યો. "રાત પડી છે. પ્રભાતે મળજો. વિચારીને ઠીક કરશું!" એટલું કહેતાં મેઘાશા ઉઠયો. અને એભલ જનાનખાના તરફ ગયો. મેઘાશાની ફતેહ થઇ!!

પ્રકરણ ૧૫ મું.

એભલનું સ્વપ્નું! રાજભોગ!

મધ્યરાત્રી વીતી ગઇ હતી, ગરમીનો ઉકળાટ શાન્ત પડયો હતો.

જેઠ માસ અરધો વ્યતિત થયા છતાં, આકાશમાં વાદળાંનું કાળું નામ દેખાતું નહતું. પશુ-પંખીઓ નિરાશ, ઝાડ-પાન સુકાયલાં, અને માનવો નિરાશામાં, તરફડતાં-ઝંપેલાં હતાં ! નદી-નવાણોમાં જળ બદલે કાંકરા ઉડતા હતા. પવન ગરમ ધીમો જણાતો હતો. કોઇપણ તરફથી ઉજ્વલ આશાનું કિરણ દેખાતું નહતું. ચંદ્રનું તેજ બહુ વિકાળ પણ નરમ અને સતેજ જેવું હતું ! તારાની ગણનાજ નહતી. શેત્રુંજયમાં સિંહની ગર્જનાઓ નાશ પામી હતી. જળ વિના તરફડતા આ વનરાજો કોઇ પણ જળાશય તરફ નહાસી ગયા હતા. આ વેળા દેવીયોને રાજભોગની તૈયારી થતી હતી !

એભલવાળો, વન વગડામાંથી આવ્યા પછી મહેલમાં નિરાંતે નિંદ્રા લેવાને આજે ભાગ્યવંત થયો હતો. અને તેમાં પણ લગભગ મધ્ય-રાત સુંધી તો કંઇ કંઇ વાતોમાં વખત ગયો હતો. કેમકે ઉકળાટ બહુ હતો. તે પછી જરા ઝંપ વળ્યો, કંઇક શિતળતા લાગી, ને આંખ મળી ગઇ-પણ મળતાંજ તેને ભયંકર સ્વપ્નું આવ્યું !—

કોઈ પ્રચંડ દીવ્ય સ્વરૂપવાન દેવી, અને તેની જોડે વિક્રાળ રાક્ષસ આવ્યો. દેવીને રંજાડવા લાગ્યો-દેવી તો ત્રાહ્ય ત્રાહ્ય પોકારવા લાગી-ક્ષમા-યાચના કરવા લાગી, પગે પડવા લાગી. પ્રતાપી છતાં, સત્યવતી છતાં, મહામાયા છતાં, કાળને યોગે, રાક્ષસના પ્રબળથી, તેની છાયા-માં પડવાથી, અને ગુન્હો રાંક ગણાયાથી, આ વનદેવડી પર જુલ્મ થવા લાગ્યો. પેલો બળવંત, ક્રોધ ને અગ્નિ વરસાવતો, પેલી ભલી દેવીનો હાથ પકડી, તેને ઉછાળતો અને ભય આપતો, મહેલ કને લાવ્યો. ઠાકોરનાં ગાત્ર પણ કંપવા લાગ્યાં-દેવીએ સહાય માગી-પણ ઠાકોરની છાતી ચાલી નહિ ! પેલા મદોન્મત્ત પુરૂષની લાલ આંખડી, જાણે શંકરે કામદેવને બાળવા ત્રીજું લોચન ઉઘાડેલું હતું, તેમ આ રક્તનેત્રમાં ક્રોધનો અગ્નિ ઝળહળતો હતો-જે તે જોઇને એભલ જેવો બહાદુર નર

પણ બીન્હો. પેલા પુરૂષે, વનદેવડીને બાજુપર કરી—અને એભલ તરફ કટાક્ષ નજરે જોઇ રહ્યો—એભલે તેને ધિરજથી શાન્તિ આપી, અને છેવટે પરિણામ એ આવ્યું કે—અન્નાકુમારનો ભોગ માતાને આપવામાટે વનદેવડીએ માગણી કરી! રાક્ષસની એ ઇચ્છા હતી, કે કુમારનો ભોગ માતાને આપવો—આ ત્રાસજનક માગણી કબુલ રાખવાની એભલને ફરજ પડી—એટલામાં રાણીશ્રી અને કુમાર આવી ચડયાં, રાજ સેવકો મહેલમાંથી આવી લાગ્યાં, અને કોલાહોલ થઇ રહ્યો. કુમારનો ભોગ આપવાની વાત થતાં, અને તે વાત પવનવેગે બહાર ફેલાતાં, પ્રજામાં હોહાકાર વરતાઇ ગયો! નાગરિકો એકઠાં થઇ ગયાં. આખરે કુમારને પેલો રાક્ષસ હાથ ઝાલી લઈ ગયો—અને તત્કાળ એભલ મુર્છિત થઇ બૂમ પાડી ઉઠયો કે—" **હાય! રાજનો તાજ ઉડી ગયો!** " આ શબ્દો, તે સ્વપ્નમાં મોટેથી બોલી ઉઠયો, તેવીજ રાણી જાગૃત થઇ ગઇ, અને સેવકો પણ જાગી ઉઠયા—એભલ બ્હાવરો બનેલો પલંગ પરથી ઉઠી ગયો, ને ચોમેર જોવા લાગ્યો. પાછો પલંગ ઉપર પડી ગયો, તેની દૃષ્ટિમાં હજી પેલોજ ચિતાર રમતો હતો. રાણીએ પલંગ નજીક જઇને ઠાકોરને પોતાની ગોદમાં પકડયા—શાન્તિ આપી. એભલ-ની આંખમાંથી દડદડ આંસુ ચાલવા માંડયાં—છાતી ભરાઇ ગઇ. રાણીએ ઘણી વિનતી કરી પૂછ્યું, ત્યારે એટલુંજ બોલ્યો કે, " **મ્હારો અન્નો કયાં છે?** "—રાણીએ તરત દાસીને, ઉપરના ખંડમાં કુમાર જ્યાં સુતો હતો, ત્યાં મોકલી, અને કુમારને બોલાવ્યો! આહા! કુમાર, તે દહાડે બહાર નીકળી ગયો હતો—અને તેને મહેલમાં પ્રવેશ થયે ફક્ત એકજ કલાક થયો હતો. સદ્ભાગ્ય કે વખતસર હાજર હતો—દાસીએ આવીને ખબર આપી, કે " માત–પિતા યાદ કરે છે " ચોરનું મન ચોર, તેમ અન્નાને ભય લાગ્યો, કે રખે ખબર થઈ હોય! દાસીને પુછ્યું, કે " આ ટાણે કેમ? " દાસીએ નમ્ર જવાબ દીધો કે, " બાપુનો જીવ

મુંઝાય છે, તેથી યાદ કર્યા છે” અન્ના તરત નીચે ગયો. અને એભલ કને જતાંજ તે દોડતો--આંસુથી ભીંજાયલી છાતીયે, કુમારને ભેટી પડયો!

"બાપુ! બાપુ! આ શું?" અન્નાએ ગદ્‌ગદ્‌ કંઠે પુછ્યું!

"કંઈ નહિ, બેટા? તું અહીં સજીવ છે કે?"

"હા બાપુ! પણ આપની તબીયત આમ કેમ?"

"બેટા! એ સ્વપ્નથી ભ્રમિત થઇ ગયા છે!" રાણી બોલી.

"જા-બેટા, સુઇ જા! હવે મને નિરાંત થઈ!" એભલે કુમારને રજા દીધી. કુમાર પોતાના શયનગૃહ તરફ ગયો. અને એભલ શાન્તિથી રાત્રી વ્યતિત કરવા લાગ્યો.

એભલવાળાની કારકીર્દિ અનિવાર્ય ને નિર્દોષ છે. તેના વિષે રાસમાળાના લખનારે નીચેની મુદ્રા-પત્રિકા પ્રકટ કરેલી, તે આ પ્રમાણે છે!--જે ચારણી ઢપમાં છે.

ઝુલણા છંદ.*

પ્રથમ મેહ વાળીયો, કોહોડ ટાળીયો પછે, વાળો સતવાદિયા જેત્ર વાદા:
તખત ભૂપાં શિરે શિરોમણ તળાજું, ગાદીમાં શિરોમણ વળે ગાદા;
કરોડ પરણાવ તલ, દીકરી એ કે કન્યા, ભયંકર બાંજ તલ, શેર બેબા;
શાપ ઉતાર તલ, નેહડી સાઇરો, અણારો આપ તલ, શિશ એભો;
પોતરો સુરરો, સૂર જેરો પિતા, મોજ મેહેરાણ, હીંદુ વાણ માજા;
બસારો ઉવસણ, ઉવસણ વસાવણ, સંકરો માવવો, ધર્મ રાજા;

પ્રથમ ભાગ સામસ.

---

*આ કવિત. ખોડીયારના પિતા મામડીયા ચારણે ગાયેલી એમ રાસમાળા પ્રથમ ભાગ--પૃષ્ઠ ૫૬૨--આવૃત્તિ બીજી વિ. સં. ૧૯૫૫ ઇ. સં. ૧૮૯૯ માં પ્રકટ થયેલી છે!--

દલવાડકર-વાર્તામાળા—નં. ૨૪.

લાલન-વણજારી
વા
પ્રેમ-ઘેલી રાજકુમારી!

ભાગ ૨ જો.

સચિત્ર-નવલકથા.

પ્રકરણ ૧ લું.

લાલનની વિરહાવસ્થા!

પ્રેમ ઘેલી લાલન! અન્નાકુમારને જોઇને સરોજ જેમ સૂર્યનાં કિરણુની ઝાંખી કરીને પ્રફુલ્લવદને ખીલવા માંડે, તેમ લાલનનું હૃદય કમળ ખિલવા લાગ્યું! આહા! સૂર્યનાં તીવ્ર કીરણો, જગતની લીલુ કુસુમાવળીને પણ કરમાવી દે છે, તે છતાં એ કમળને તો ખિલતુંજ રાખે છે. કમળ કહે છે કે પ્રેમીના અંગમાં પ્રેમીનો તાપ સખત હોતો નથી; ને કુદરત એટલી કૃપાળુ હોય છે, કે તેવા દઝાતા વિરહાગ્નિ વેળા, શિતળ જળમાં અંગ સમાવી દે છે! વાહરે પ્રેમી જોડલાં! ધન્ય છે, તમારી હિમ્મતને-લાલનના હૃદયમાં, કુમારની ભાવના પ્રેમરૂપે

એટલી તો વજ્ર થઇ ગઇ હતી, કે રાત-દહાડો તેને અન્ય કશું સુજતુંજ નહોતું ! એકલી એકલી ઘેલી મુગ્ધા .કઇ કંઈ બકતી હતી ! કોઇ વેળા કંટાળતી-દુઃખની જ્વાળા જીભકારા કહાડતી.

" શાને તમે જુલ્મી બની, સિતમ ગુજારો આવડા ?
નાદાનિયત હેવાનીયત, ઇન્સાનીયત એ છે નહિ !-
અશરારીને કે દાનીયતને, એ મુનાસિબ છે નહિ;
વાલીપણાના શુદ્ધ હકને એ લીયાકત છે નહિ"

" થાકેલું-હૃદય. "

\+ × × × ×

લાલનની અદ્ભૂત મનોભાવના આજે અસલ ખાનદાનીમાં ઝળકી રહી હતી. આજ સુધી તેનું જ્ઞાન જુદું હતું. હવે જુદું દેખાય છે. અત્યાર સુધી તે જમીનમાં દટાયલુ સોનું હતું. આજે તે ચોખ્ખું છે. આજ સુધી તે લોખંડરૂપ હતી. હવે પારસમણીનો સંગ લાગ્યાથી, સુવર્ણમય બની છે. આજ સુધી તે જંગલી હતી. હવે તે નાગરિક હૃદયની બની છે. આજ સુધી તે ભોળી ભરવાડણ હતી-હવે તે રાજબાળા બની છે. આજ સુધી મદનવાયુથી વિરક્ત હતી-પ્રેમથી અજ્ઞાન હતી. વ્યવહારથી અકુશળ હતી. સ્નેહ શબ્દ સાથે સગપણ ન હતું ! શરીરના મદનાંકુરનું શિથિળપણું હતું ! વિરહ વસ્તુથી અજ્ઞાત હતી. યુવાની છતાં દિવાની નહતી-પણ દિવાની જ્યોત જેવી તે દિવાની આજે દિવાની બની હતી !! જ્યાંસુધી તેણે આ કામી દેશનાં જળ પીધાં ન હતાં, જ્યાં સુધી જોડીનાં ઝુમણાં દીઠાં નહતાં, જ્યાં સુધી દષ્ટિના વિકાર પહોંચ્યા ન હતા, જ્યાં સુધી તે રસ-ગંધની ભાગી થઇ નહતી, ત્યાં સુધી તે અખંડ મોતી-અવિધ્ય મોતી જેવી વન દેવડી હતી, પણ હવે તેને દુઃખમય સંસાર લાગ્યો !-

આજ સુધી વનવાડી, મનહરણી મૃગલી, લાખા વણજારા જેવા પિતા, શેત્રુંજયની ઝુંપડી, રાધા જેવી સખી, નેહડાનાં ભરવાડનો સંગ, અને ફકત એક શાસ્ત્રી, આ તેનાં વ્હાલાં હતાં! શાસ્ત્રીજી જોકે આ બાળાની લાવણ્યતા, ઉચ્ચ મગજ, શક્તિ, ઉમદા વિચારો, કુલીન વૃત્તિ, હૃદયની ચડતી ભાવનાઓ, અને રાજ બીજની કંઇક છાયા દેખાયા પછી, તેને લાગ્યું હતું, કે આ કુમારિકા કોઇ રાજ દરબારના વૈભવને યોગ્ય છે! તેનું સૌંદર્ય એટલું તો ઝગમગતું અને રત્ન કિંમતી છતાં જાણે કેમ જમીનમાં દટાયલું હોય-વિજળી કેમ જાણે કાળી વાદળીમાં છુપાયલી હોય, તેમ લાગતું હતું! લાલનની અસલ ખાનદાનીનો તેને આભાસ લાગતો હતો. તેણે જે કંઇ શિક્ષણ આપવા માંડયું, તેમાં હિન્દી કાવ્યો તથા સંસ્કૃત, શકુન્તલાદિ નાટય-કળાનાં સાહિત્યનો પણ આભાસ દેખાડયો હતો. પ્રવીણસાગરનાં કેટલાંક કાવ્યો મુખપાઠ હતાં! આ પ્રકારનું પ્રેમી ગાન હૃદયમાં છતાં, તેને તેનો અનુભવ થયો નહતો, એટલે તેની કીંમત આંકી શકી ન હતી; પણ જ્યારે અન્નાકુમારના હૃદયામાં આ મૃગલોચનીયે વાસો કર્યો, ને કુમારે તેને કમલપટમાં દાબી, ત્યારેજ તેને આ સંસારનું ભાન થયું. સિંહનાં બચ્ચાંયે જ્યારે કાચું લોહી ચાખ્યું, ત્યારેજ મૂળ-બળ પ્રાકટય થયું! લાલનના અંગમાં વિરહનો તાપ પ્રજ્વલતો હતો. તેને હવે કુમારને મળવાની તાલાવેલી લાગી રહી હતી. પોતે વણજારી અને કુમાર તો રાજબાળક, એટલે પોતાનો તે સ્વિકાર કેમ કરે? અને તે કેમ મળે? આ સતામણા વિચારોથી તે અરધ દિવાની બની ગઈ હતી, આહા! તે શું શું રસ-કાવ્યની ઝંખના કરતી હશે?—

કીયબો કહુ ન અબ, હીયબો બિચાર ચહે;
જીયબો ભલો ન, વિષ પીયબો સહેલ હે—

સહેનો સબેહી દુઃખ, કહેનો ન કાહુ હાસે,
વહેનો જતની દહીસે, રહેનો સુફલ હે—
કરિયે ન શોચ કછુ, ડરિયે ન લોગ હિતે;
ધરીયે સુ પ્રીત રીત, મરીગે સુપલ હે—
પાર ન પરેગો પ્રાન, એહ દેહ ડારે દરે;
એસે ચિત્ત ધાર તબ, સાગર જ્યુ મલ હે! *

" નેહ કે ચોક કીયો નૃત ચાહે તો, બાજ પરેચ પરે ધરરે!

+ + + +

માગનકો અભિલાષ મહા રસ, દોહનિ દેખી કહા ડરરે!
આગેહિ પીછે જબે મરબો તબ, મૂહ મલિન કહા કરરે!
પ્યારે પ્રવીનકી પ્રેમકી જ્યોતમેં, પ્રાન પતંગ જેસે પરરે!"

સ્નેહરૂપી ચોકમાં નૃત્ય કરવાને તું ચકચૂર હોય, તો લાજ મુકી દે! માગણને છાશ માગવાની ઇચ્છા–તો દોણી શાને છુપાવવી! પ્રેમ બાણે, પહેલું કે પછી મરવું છે, તો પછી મુખ કાં મલીન કરે છે? સત્ય તો એજ કે–પ્રેમીની પતંગ–જ્યોતમાં પડવું!

+ + + +

" પ્રાન ગયો બિરહા ગરરે, પરરે કરરે ચકચૂર શરીર "
હે પ્રાણ! વિરહ રૂપી પહાડ પરથી પડતું મુકીને શરીર પાડી દે!

+ + + +

---

* હવે શું કરવું? હૃદયમાં બહુ વિચાર આવે છે. વિષ પી મરવું! એજ ઠીક! કોઇને કંઇ ન કહેવું! વડીલની મર્યાદા રાખી ચાલવું સારું, શોચ ન કરવો. લોકથી ન ડરવું! ધારણ કરેલી પ્રીત પ્રાણ જતાં સુધી સંભાળવી! દેહ બળે ભલે. હે મન! સદૃઢ રહીશ, તોજ પ્રીય મળશે!

બિરહા નિત સંતાત, મનહી મન જાનત દુહુ;
કછુ સંછેપ સુ બાત, લહત મિંત લાલન પ્રિયે !

વીરહ-પીડા, ઉભય પ્રેમીને સતાવે છે, તે બન્નેનાં મન સમજે છે. તેનો સાર કોણ જાણે ? સ્નેહી ! !—

લાલનની આ અવસ્થા, કેવલ મુગ્ધ, નિર્દોષ, અને અખંડ જ્યોતિરૂપ બની-અન્નાકુમારને જોવાને આતુર બની રહી છે ! પ્રભુ કૃપાળુ છે !

પ્રકરણ ૨ જું.

પ્રેમપ્રતિજ્ઞા !

સુપાત્ર પ્રિયા-પતિનાં વચનો, પ્રભુદ્વાર સુધીજ અખંડ રહે,
પણ જાત કુજાત મળે કદી જોડ, નિભે નહિ એક ઘડી ય પળે;
જગલોક હસે, તન રોગ વસે, અરિ પૂંઠ ભસે રસરંગ બળે,
અફસોસ ! પ્રભુ ! પ્રિય મેળવ તો, પરિપુર્ણ તું ધામ સુધીજ મળે !

× × × × ×

" હું અજ્ઞાન બાળા છું ! ગરીબ ઝુંપડીવાસી છું. પ્રપંચ કે કપટ, એ શબ્દોનાં લોહી, મેં જોયાં નથા ! મ્હારી ભોળી ને વિશ્વાસુ લાગણીથી માત્ર હું તમને જોઉ છું. માત્ર " વ્હાલા " શબ્દ શાખી છું મને કાદમ્બરી તથા શકુન્તલાના કંઇ કંઇ ભાગ, શાસ્ત્રીજી શીખવતા-તે યાદ છે-અનુભવ માત્ર આજે થયો છે, કુમાર ! "

ભોળી લાલન, પોતાના માનીતા સ્નેહીને, વનવાસી મુગ્ધાનું સૌંદર્ય બતાવતી-પ્રેમ-પ્રતિજ્ઞાની ઝાંખી કરાવે છે ! '

વાંચનાર! તું વિસ્મય ન થઇશ!—પેલી માલણને રાધાએ ગુપ્ત રીતે, લાલનની વિરહાવસ્થા બતાવી હતી—અને કુમારને સંદેશો મોકલ્યો હતો. કુમાર પણ એવીજ સ્થિતિ ભોગવતો હતો. માલણ સદાય રાજ· ભુવનમાં પુષ્પમાળા દેવા જતી હતી. અને તેથી રાધાના નમ્ર સ્વભા- વથી, માલણે લાલચસહિત, ઉભયનાં હૃદય જોડવાને સદેશો · કહેતાં, બરાબર મધ્યરાત્રે, એકલો આ સ્થળે આવ્યો હતો-સંકેત પ્રમાણે, રાધાએ, કુમારનો સત્કાર કર્યો હતો. અને ધીરે ધીરે, લાલનના નિદ્રા -સ્થાનમાં પ્રવેશ કરાવ્યો હતો. હજી કુમાર તેને મળે તે પહેલાં, લાલનના મુખમાંથી આ મુખબંધનાં વચનો સ્ફુર્યા હતાં!—

જા દિનતેં મન દોઉ મિલે અરૂ જા દિન રૂપ લખ્યો ચિત્ત ચોરે,
જા દિન નેનન સંજ મિલેહિતુ, જા દિન નેનન નેનસુ જોરે;
જા દિન જાદુનસી બતિયાં સુની, હોય ગયો હે બિછોર બિહોરે,
તા દિન તેં લખિ સાગર સંચર, આંગન કાગનસેં કર જોરે.

× × × × ×

"જે દીનથી બન્નેનાં મન મળી ગયાં—ને તમારા રૂપને મેં જોયું, તથા જે દહાડેથી નેહ ને નેત્ર મળી ગયાં, તથા તમારી જાદુભરી વાતો સાંભળી—તે પછી વિયોગ પડતાં—તમારી વાટ જોતી, આંગણું કને, કાગને વિનવું છું કે "મ્હારા નાથને સંદેશો કહે!"

"હા, એ સંદેશો કાગથી નહિ પણ કાગડીથી મળ્યો—માલણે મને તારી વિરહાવસ્થા કહી—ને હું આવ્યો છું! રસીલી! રિસાઇ ન જા—ઉઠ! ઉઠ! અને ભેટ!"

આ શબ્દ, સ્વપ્ન માર્ગે કાને પડતાંજ, લાલન સભય જાગૃત થઇ ગઇ! ચક્ષુ ઉઘડી ગઇ!—સામે જોતાં પ્રથમ રાધા પ્રતિ નજર પડી! સારૂં થયું. નીકર વનવાસિની બાળા, જરૂર ભય પામીને શોર કરી દેત—આજી બગડી જાત!

"કોણુ રાધા ? તેં મને જગાડી ?"—લાલને સાદા શબ્દે કહ્યું.

"હા, ચકોરી ! ઉઠ ! પ્રભાત થવા આવ્યું ! સૂર્ય ઉદય પામશે !"

"હજી કીરણોનો તો અંશ પણ નથી ! કાળી રાત્રી છે !"

"ચંદ્ર અસ્ત થયો. ચકોર, તેનું ધ્યાન ચુકીને હવે ચકોરીને મળવા આવે છે ! તું સુતી કેમ ? જાગૃત થા !—

"શું ચકોર મળવા આવે છે ?" હસીને લાલને કહ્યું. તે ફકત પહેરેલો ઘાઘરો સુધારી, ઓઢેલું અંગવસ્ત્ર બરાબર શરીરે ઢાંકી, છુટા વાળ, અને ઉઘાડા શરીરે ઉઠી—

"જો–જો–તારો ચકોર ! હવે હું જાઉંછું. બાપુ જાગશે–અથવા કોઇ સાંભળશે, તો કુમારને જતું ભારે પડશે–માટે સંભળજે !"

એટલું બોલીને જેવી રાધા, બાહેર સરળતાથી ચાલી ગઇ, તેવીજ લાલનની દૃષ્ટિ કુમારપર પડી–ને નીચી નજરે થંભી ગઇ—

"નિર્ભય મન રાખજે !" કુમારે પાસે આવીને ખભા ઉપર હાથ મુકતાં કહ્યું—

"નિર્ભયજ છું, તમે ડર ન રાખશો–પણ—

"કોઇએ મને જોયો નથી. માલણદ્વારા સંદેશો મળ્યો. કહો, અવસ્થા કેવી–ઇચ્છા શી છે ?"—

"આપની જે હોય તે–હું રંક વનવાસિની, ને તમે રાજકુમાર !"

"સ્નેહ, કંઈ હાલતના પર ઝુલતો નથી ! દીલ પર દીલ કુદરની દોડે છે. અને તેમાં પૂર્વનો અંશ રહેલો હોય છે."

"આપનું નામ, કુમાર ?"

"અનાકુમાર !–પ્રિયાનું નામ ?—

"પ્રિયા ? અરે, શું હું કુમારશ્રીનું અર્ધાંગ ?"

"હા, સત્ય પ્રતિજ્ઞાથી !"

"દાસીનું નામ–લાલન વણજારી !—

"ના—ના, પ્રેમ–ઘેલી રાજકુમારી કહો !

"વ્હાલાંને, ઘેલી વસ્તુ કે મેલી વસ્તુ પણ વ્હાલી !—

"કહે, મ્હારી લાલન ! હું તને મ્હારી કહું કે ?" કુમારે વૃત્તિ વધારી.

"હા, મ્હારા કુમાર ! હું તમારીજ છું—" લાલને, કુમારની છાતીમાં અંગ ફેંક્યું–કુમારે બાથમાં લીધી, ને ચુંબન કર્યું-ભોળી લાલનનું અંગવસ્ત્ર સરી પડયું–અર્ધ ગૌર વદન અજ્ઞાની દષ્ટિપર ચડી ગયું. હૃદય વીંધી નાખ્યું !–પછી શું થયું ?–હાલ તો એટલુંજ......

* * * * *

વાંચનાર ! વ્હાલાંની પ્રતિજ્ઞા, અધીરી હોય છે ! સ્નેહીયોની અધિરાઇનો અનુભવ, તેના અનુભવી જાણે. પણ જો ખરેખર વ્યભિચારનાં પાપી–પ્રેમ નેત્ર ન બગડે, તો પોતાની પ્રિયા–લગ્નવતી પ્રિયાનાં પ્રેમનું ગંગજળ, ઓ ભલા પ્રેમીયો ? તમે તેજ પીજો !-વ્યભિચારી સ્ત્રીયોના નામ પર પૂળો મુકજો ! પાખંડી ને લાલચુ નારીના ફંદ બુરા છે ! એ સફેદ નાગણથી દુર રહી, ઘરની કાળી કાગડીને સ્વિકારજો !!

નગરની સુંદર સ્ત્રીયોનાં નમણો દેખાવ કરતાં, આ વિશુધ પ્રેમ પરાયણી વનવાસિની, પ્રભુ ધામનાં નિર્વાણ માટે, વિશુદ્ધ જીવનના સંગ માટે, આત્માના કલ્યાણ માટે કોટી વાતે કલ્યાણકારી છે !—

લાલન જો કે વણજારી કહેવાય છે, પરંતુ રાજમહેલની પ્રપંચી ખવાસણોના સંગમાં ઉછેરેલી કુમારી કરતાં, બહુ પવિત્ર મનોભાવના વાળી છે !

આ બીજી મુલાકાતમાં–માત્ર અધીરાં પ્રેમીઓ સહજ મન–પ્રતિજ્ઞા કરી છુટાં પડયાં–રાત્રીનો ભયંકર સમય, અને હૃદયના કંપથી વધુ વાત ન થઇ; પણ આહા ! લાલનનું માંસલ શરીર, જ્યાં અજ્ઞાની

લાલન-વણજારી.

[૧]



“હા, મારા કુમાર ! હું તમારી જ છું.” ભા. ૨. પૃ. ૧૦.

છાતીમાં પડયું—અને તે નાટકનો સોંન, દેવલોકની દષ્ટિયે પડયો—ત્યારે તે પણ મોહિત થાય તો નવાઇ શું ? જાણે રવિવર્માનું " મનોરમા " નુ ચિત્ર !'—

કુમાર નગરમાં ગયો—પ્રથમ ભાગના છેલ્લા પ્રકરણમાં એભલને થયલું સ્વપ્ન—તે વેળા, કુમાર અહીં હતો. પણ તે સમયસર ત્યાં પહોંચી ગયો. હવે શું થયું તે પ્રસંગ જોઇએ.

પ્રકરણ ૩ જું.

અન્નાકુમાર પર આફત !

પ્રભાતમાં અન્નાનું મગજ, પેલી મનહરણી મૃગલી લાલન ઉપર લુબ્ધ થઇ ગયલુંજ ઉડતું હતું ! એ વેળા તેના ઉપર શત્રુ હુમલો કરી રહ્યાં હતાં ! પારકા દુઃખે દુઃખિ, એવાં તો જગતમાં પુન્યશાળી વીરલાં જન હોય છે, પરંતુ પારકે સુખે દુઃખિ થનારાં બહુ દેખવામાં આવે છે ! જેને કંઇ લાભ નથી, સુખ નથી, શાન્તિ નથી, કે ભાગ નથી, તે છતાં તેઓ બીજાનો વૈભવ કે સુખ અથવા ચડતી કે ઉદય જોઇ શકતાં નથી ! અને પેલાં સુખી જનોનું સત્યાનાશ કેમ ને ક્યારે વળે, કે પોતાની પાપી ધારણા ફળે ને મન ઠરે ! આ ચિન્તાના વનમાં પડેલાં હોય છે ! હાય પડજો, તેના આ પાપી વિચાર પર !

એભલ ઉઠયો. દાતણ, પાણી થયાં. કાવા—કસુંબા નીકળ્યા. અને દાયરો પણ ભરાવા લાગ્યો. ભાટ—ચારણો અને મીર લોકો "ખમાં ખમાં કરવા લાગ્યા. કસુંબાની ઘુંટ મિઠાઇના નાસ્તા, હુક્કાના ગડગડાટ થવા લાગ્યા. એવામાં મેઘાશા આવ્યો. અને વાત કહાડી. મેઘાશાની વાતને ટેકો દેનારા બેચાર ભુખડી બારસો ભોજક—તરગાળા

અને ભાંડો તૈયારજ હતા ! કસુંબાનો કેફ ચડવા લાગ્યો. જેમ જેમ દહાડો ચડવા લાગ્યો, તેમ તેમ એભલની મનેન્દ્રિયોનો ભોળો કેફ ચડવા લાગ્યો. વાતનો અંત એટલેથીજ આવ્યો, કે અન્નાકુમારને પેલા લાખાએ, પોતાની દીકરીના મોહમાં નાખી દીધો; અને હરણીને જતી કરી ! આ વાત અન્નાની કનેથી સાબીત કરાવવી જોઇએ ! લાખાને તેની શિક્ષા થવી જોઇએ. મેઘાશા જેવા પ્રપંચીએ અહીંજ એ વાતને અટકાવી. ને દાયરો વિખરાવા દીધો. તે પછી ભોળા એભલને ભંભેર્યો. ફક્ત એકજ સવાલમાં અન્નાકુમાર પકડાઇ જશે. અને તે એજ કે—" લાખાની વાડીમાં પેઠેલી હરણીને છોડી કેમ દીધી ? "—આ સવાલના જવાબ ઉપરથી ખાત્રી થશે ! બીજો પ્રશ્ન એ કે—" લાખાની છોડી સાથે તે વેળા કેટલો સમય વાત કરી અને શો કોલ દીધો ? " માત્ર આ બીજો પ્રશ્ન તો ઉડતો કલ્પિત, અને ફસાવાનો અથવા તો ખોટો જવાબ માગીને વહેમમાં નાંખવાનો હતો. જો આ બે સવાલ ખરા પડે, તો એભલને એવી રીતે બીજો રસ્ને ઉપાડવા મેઘાશાએ વિચાર કર્યો, કે એવીજ રીતે લાખાને પણ પ્રશ્ન કરવો ! એ પ્રશ્નમાં બે હરણીની માગણી કરવી. પણ નામ ન આપવું ! અને અબૂડ ફૂટાવા દેવું. લાખાને કાને વાત નાખી દેવી, કે " એભલ તો તારી દીકરી તથા હરણી બન્ને માગે છે ! અને તે પોતાને માટે ! નહિ કે કુમાર માટે ! " જો તે ન આપે, તો દેશ છોડીને લાખાએ એકદમ વણજારૂ પડાવ ઉપાડી લેવો, ને ત્યાંનું જે કાંઇ ઘર, વાડી, ઘાસ હોય તે જપ્ત કરાવવું. " આ ઠરાવથી મેઘાશાએ પ્રપંચ શરૂ કર્યો. અને એભલની સોગટી હાથ ધરી. બાજીનો દાવ નાખવા માંડયો.

" શું ખરેખર અન્નાએ હરણી છોડી દીધી ? અન્ના પેલી વણજારૂ છોકરીના પ્યારમાં લપટાઇ ગયો ? એ મુરખ કુમારને અહીં

બોલાવો !" અભલને અંધાપો શરૂ થયો.

"કોઇ હાજર !" મેઘાશાએ હુકમનો અમલ કર્યો.

"જી. હાં બાપુ ?" દરવાનીએ જવાબ આપ્યો.

"જાઓ–અન્નાકુમારને ખબર આપો, કે બાપુ યાદ કરે છે !" સિપાઇ ! "જી. હુકમ" કહીને દોડતો ગયો. પાછળથી મેઘાશાએ નવો બુટો ઉઠાવ્યો.

"બાપુ ! કુમારશ્રી બાળક છે. તેને દમ દેવાની કંઈ જરૂર નથી. નાદાન ને જુવાન દીલ, એટલે લલચાય; પણ મુખ્ય અપરાધી તો લાખો કહેવાય !"

"ત્યારે તેને શું કરીશું ?" અભલે પુછ્યું.

"બાપુ ! આપ સત્તાધારી ઠાકોર–સ્વતંત્ર રાજા ! શું કરવું ? તેની કનેથી હરણી તથા ઘાસ–પુલીની માગણી કરવી–યાને બે વસ્તુ મેળવવી. તેણે આપવીજ જોઇયે. જો આપવા ના કબુલ કરે, તો દેશ છોડીને રવાના થવું જોઇએ."

"બરાબર–એ ચીજો માટે તમારે લાખાને ત્યાં જઇ માગણી કરવી–ને શું કહે છે, તે જાણી લેવું !"

ભાવતું હતું, ને વૈદે ફરમાવ્યું. મેઘાશાને એટલીજ જરૂર હતી. વાત આગળ વધે, તેટલાં અન્નાકુમાર હાજર થઈ ગયો. રાજ રીત ને વડીલ ધર્મ પ્રમાણે બાપુને નમ્યો. ને અન્નો નરમ નજરે ઉભો રહ્યો.

"બેટા ! તું જાણે છે કે મ્હારે બીજો કુમાર નથી. પાટવીમાં, છત્રતરમાં, રાજમાં, ને વંશમાં તું છે. મ્હારૂ રાજ, મ્હારૂં રતન, મ્હારૂં નાક, મ્હારી આંખ, ને મ્હારૂં જીવન–ધન તું છે ! તારી લાજ ઉપર મ્હારી લાજ છે. ને આ દેશ, એજ આપણો દેહ છે ! કહે, ખરૂં કહે–જો કે ભુલ, એ તો માણુસના કાયનું એક જુનું કલંક છે, તો પણ ખરૂં

કહી દેજે; પછી ભલે મનથી કે અજાણુથી થયું હોય !

" લાખાની હરણી પર તેં તરાપ મારેલી, તે કેમ મુકી દીધી ?"

" ના–હા–ના, બાપુ ! તે ન્હાસી ગઇ ! છુપાઈ ગઇ ! "

" તું શા કામે ત્યાં નીકળ્યો હતો ?"

" હરણીને પકડવા ! "

" તો પછી જ્યાં દોડી જાય, ત્યાંથી પત્તો કહાડવો ન હતો ! એ ક્યાં છુપાઇ ગઇ હતી ?"

" બાપુ ? એતો પેલા લાખા વણુજારાની હરણી હતી. અને તે તો ભૂલથી મેં ઘેરી હતી–એ કંઇ પેલો કાળીયાર ન્હોતો !—

" વારૂ, તે પછી ત્યાંજ તમે ખોટી થયા કે ?—

" હા, બાપુ ! બહુ તાપ હતો. તરસ પણ સખ્ત લાગી હતી."

" અને ત્યાં લાખો હાજર હતો ? "

" ના–બાપુ !

" પાણી પીધું ?

" હા–બાપુ ! "

" વણુજારાના ઘરનું પાણી ! કોણે પાયું ? "

" તેની...તેની...દી...ક...રીએ" અન્નાએ ભાંગતે શબ્દે કહ્યું !

" વારૂ. બીજું તો કંઇ લફરૂં લાગ્યું લગાડયું નથી કે ? કેમકે આજ કાલમાં ગોહેલ કૂળનું નાળીયેર આવશે ! "

અન્નાએ કશો જવાબ ન દીધો. એભલ ગુસ્સે થયો. ને ફરી જવાબ માગ્યો.

" બાપુ ! વખત વગરનો જવાબ લેવાથી લાભ શું ? જે વેળા જે બનવાનું હશે, તે બનશે ! "

" હું ! ત્યારે તો કહોની, કે તમે બંધાયા છો ?–વાળા–કૂળને ડાઘ લગાડયો છે ? "

" ના, બાપુ-પણ " અન્નાએ ગુચવાયલા દીલે કહ્યું.

" બસ, બહુ થયું ! હવે મ્હારી રજા વિના તમારે મહેલની બહાર પગ ન મુકવો. અને ફરવા જવાનું હોય, તો મ્હારી રજા લેવી–" એભલે આકરો હુકમ કર્યો—

" વારૂ–બાપુ ! " અન્નાએ નીચી નજરે માન્ય કર્યું.

" જાઓ, તેવાં ચિન્તન છોડી દેજો. એ કોણ, તમે કોણ ? તમારા પર શી શી ફરજ છે ? તમે કોના માલેક છો ? અને જીંદગીના ભોગે પણ તમે એવું ન કરી શકો–છતાં નાદાની કરો છો ? તમારે માટે રાજવંશી કૂળનો નાશ થયો નથી ! તમારે માટે કાંઈ કન્યાઓનો તોટો પડયો નથી ! વણજારૂ ! રસ્તે ભટકતું ભિખારૂં ! શું એભલવાળા-ના પાટવી કુમારના ભાગ્યમાં ! ના–ના–કદી નહિ બને ! હવે પછી એક શબ્દ પણ તે વાતનો ન આવે, તે લક્ષમાં રાખજો ' " માધવને બો-લાવીને તમે ખબર આપજો–મેઘાશા ? "—

" વારૂ, બાપુ ! " મેઘાશાએ કુરનસ બજાવી કહ્યું—

" આ બધું મેઘાશાનું કામ ! " એટલું ગણગણતું કુમારે કહ્યું અને સર્વ છુટા પડયા–કુમાર પર એક અણધારી આફત આવી. વ્હાલી પ્રિયાના વિયોગનો સવાલ ! પ્રેમીઓના વિખૂટાપણાનો સવાલ ! સ્નેહી જનોને આ કરતાં વધારે આકરો ઘા તલવારનો નથી ! આકરી આફત, કેદની કે દેશનિકાલની નથી ! અન્નાને આસાન કેદની સજા થઈ, તો ભલે-પણ લાલનને મળવાનું નહિ બને ? આ પ્રશ્ને તેનું માથું ફેરવી નાખ્યું !–અન્ના પોતાના સ્થાનમાં ગયો. ગમગીનીમાં ગિરફતાર થઇ ગયો–તેનાપર મહા સીતમ ગુજર્યો. જ્યાં દીલ ત્યાં તેનું જીવન, ને ત્યાં શાન્તિ; પછી ભલે ભિખારી હોય કે પાદશાહ, પણ જ્યાં જેનું દીલ, ત્યાંજ તેનું સુખ ' અન્નાના સુખપર ઘા પડયો–અફસોસ ! હવે પછી શું થાય છે, તે જોઇએ ! મેઘાશાને જે કામ બીજું સોંપ્યું

ફક્ત હવે લાખાને દેશપાર કરવાનું હતું—ને તે ઘણી સરસ રીતે બજાવવા નીકળ્યો. બેબલ હૃદયમાં દુઃખિ થયો—પણ જ્યાં દેશ-રક્ષણ, ને પ્રજા-પીડ ટાળવાનો સવાલ, ત્યાં તે કદીયે પુત્રની પરવા કરે નહિ!

પ્રકરણ ૪ થું.

સાંઇ નેહડીનો શ્રાપ!

દુનિયાં! એક વાઘણ કે કાળી નાગણ!

નથી લાભ કે નુકશાન પણ હેરાન છે પર સુખથી;
દુનિયાં દિવાની ને અદેખી પાપિણિ છે દુઃખથી.

* * * * *

" અલ્યા રાયકા ? " ખોડીયાર માતાના......તારા ઘરમાંું ત્રણ દી હુધી કોઈ ઠાકોરડો પેઠેલો હતો. મેલડી માના હમ, કોણ જાણે નેહડીને લાગતું હોય કે ખમાં—પણ બા કોઇ રાજવીરો આવેલો તો ખરો ! " એક ભરવાડણે-ધીરે રહીને ટાહુકો કર્યો !

વાંચનાર ! પેલી નેહડી ચારણનો ધણી રાયકો, જે માળવા પ્રદેશ તરફ, દુકાળ નિમિત્ત, જનાવરોને લઇને ગયલો હતો, તે પાછો ઘેર આવ્યો—અને અદેખી એક પાડોશણે, નેહડીના નીતિ-ધર્મ ઉપર કલંકની કાળી ટીલી લગાડવા યત્ન કર્યો ! ભલો ને ભોળો રાયકો, આ વાયકાથી દોરાઇ ગયો—અને દોરંગી દુનિયાના પાપી રંગમાં ઝબોળાઇ ગયો !—સાંઇ નેહડી પર ગુસ્સે થઇ ગયો.

" ઓ કાળી નાગણ ? ઓ ઝેરી વાઘણ? તેં—તેં મ્હારા આ ચારણ કુળીયાને-વાઘેલ ભરવાડીયાને ડાઘ લગાડ્યો ? ઓ કાળા વાદ-

ળામાં છુપાયલી વીજળી? કહે, કહે, કોણ, કયો મેઘલો વરસવા આવેલો હતો? કયો મોરલો બોલવા આવેલો હતો? કયો બપૈયો પાણી પીવા આવેલો હતો? બોલ!" રાયકો જોસમાં આવી ગયો, અને નેહડીનો હાથ ઝાલી, રાતી આંખે ભમર ચડાવીને, કાળરૂપે પુછવા માંડયો!

"મ્હારા માથાના મુંગટ! મ્હારા હૈયાના હાર! મ્હારા સૌભાગ્યના શણુગાર! તું. તું વિના મ્હારા આ હૃદય પિંજરમાં બીજો કયો પોપટ ટહુકા કરે? મ્હારા વ્હાલા રાયકા! તને આજે શું થયું? અરેરે, કઇ રંડાએ મારા રમતા પોપટને જાદુ કર્યું? તારી આ વિશ્વાસુ નેહડી કદી બીજી નજરે જઇ ચડી નથી–જઇ ચડવાની નથી! વ્હાલા વ્હેમી ન થા!"—

"સાંઇ! સાંઇ! તેં બુરૂં કામ કીધું છે! તેં મારી ગેરહાજરીમાં પછવાડેથી કોઇ તારા વ્હાલાને ઘરમાં ઘાલ્યો છે!" ગઢવી દમામમાં આવી ગયો.

"હા–ખરી વાત! ફક્ત એક–એકજ આ વળાનો ધણી–ને તે આફતનો મારેલો આશરો લેવા આવેલો, તેની મેં બરદાશ કરી–એક ભાઇ તરીકે રાખીને, આ તેની બહેને બરદાશ કરી!"

"બહેન! ત્રણ દહાડા, ધણી બહાર, અને પારકા જણને ઘરમાં રાખે–તે બહેન?—સાંઇ નેહડી આ કરતાં તારે મરવું ભલું! સતવાદીની દીકરી થઇને આ કાળું કામ ન્હોતું કરવું?"

"મેં નથી કીધું! મારા પર આળ ન મુક, ગઢવી! હું અસલ જાતવંત છું. મ્હારી ખોડીઆર માતાના સમ ખાઇ કહું છું, કે હું સતી–સાચી છું!"

"કંઇ પરછો–બરછો બતાવી દે ખરી કે?"

"બસ–હવે એજ–એજ કે જો મેં તને પ્રભુ તરીકે પતિ માન્યો હોય! ને હું એભલવાળાની પરોણાગતમાં ભૂલી પડીને, તેને મ્હારા અંગનો

સ્પર્શ થવા દીધો હોય, તો હું ફાટી પડજો—અગર નહિ તો મ્હારા પર આળ મુકનાર પીતીયો થજો!" આટલું કહેતાંજ સાંઈ નેહડી જમીન પર ઢળી પડી—અને ગઢવી તરતજ આખા શરીરે રક્તપતીયો—સફેદ થઇ ગયો ! તે એકદમ બહાવરો બની ગયો—ગભરાઇ ગયો. અને પોકારી ઉઠયો—" ઓ માતા ! ખોડીયાર મા ! અમને બચાવો !—" આ શોર સાંભળીને આજુ બાજુના લોકો, ચારણ–ભરવાડો દોડી આવ્યાં. આખા નેહડામાં ખબર પડી ગઇ. અને સાંઇનેહડી એક સતી તરીકે જાહેર થઇ—થોડી વારે સાંઇ ઉભી થઇ—પોતાના ધણીને પીતિયો થયલો જોયો. ને ચોધાર આંસુડે રડવા બેઠી! પોતાની ઘેલછામાં પતિને શ્રાપ આપીને પીતિયો બનાવવા માટે ઘણી પસ્તાણી, પણ હવે શું થાય ?- ગઢવીએ તેને ધિરજ દીધી. બહુ બહુ સમજાવી—પણ નેહડી કદી માની નહિ, ને અન્ન–પાણી તજીને બેઠી, અને પોતાના ધણીનો રોગ દુર કરવા પ્રતિજ્ઞા લીધી.

વાહરે સ્ત્રી વાહ! વાહરે સાઇ નેહડી વાહ ! ગામડીયણ–ભરવાડણ–પણ ટેકી, અટંકી, જે નેકીનું પૂતળું ! હવે જોવાનું છે, કે તે સત્ય બળે શી રીતે, પોતાના ધણીનો રોગ દુર કરે છે ?

પ્રકરણ ૫ મું.

કૂટીલના કાવતરાંથી નિર્દોષનો ભોગ.

મેઘાશાની ચાણ્ડાળ વૃત્તિ, લાખા વણજારાને દેશ નિકાલ થએલો જોવા તલપી રહી હતી; કેમકે પોને સંગ્રહાવેલું અનાજ અને ઘાસનું પુરૂં મૂલ્ય પડાવવાનું હતું; લાખો ઉદાર દીલે, પ્રજાજનોને ઘાસ–અન્ન મફત આપતો હતો; અને તેથી મેઘાશાને સાત-

દાન ઉંઘ નહોતી આવતી, બિચારો પારકે દુઃખે બહુ દુબાતો, કેમકે મ્હોટી ખોટ ખમવી પડતી હતી. ને તેથી જેમ બને તેમ લાખાને શેત્રુંજ્ય ડુંગરમાંથી કોઇ બીજા પ્રદેશમાં ખસેડવા મથન કરતો હતો.

ભોળા ને ભલા-પણ અફીણી અને અજ્ઞાન ઠાકોરડાના કાન ભંભેરીને, મેઘાશા જેવા કારભારીને સજ્જડ ઉથલ-પાથલ કરવા, એ તેનેમનતો ફક્ત બકરાંનો કાન પકડીને ઝંઝેડવા જેવું હતું ! અને આ વણિક કારભારીને એ પ્રકારના પ્રપંચ તો માતાના ગર્ભમાંથી પ્રાપ્ત થયેલા હતા. પછી અફીણને ઝેરનો પાશ લગાડવાનો શો હતો !

મેઘાશાએ બાપુના હુકમથી, લાખાને રૂબરૂ રજુ કર્યો.

"લાખા ભગત ? તું વણજારૂ ટળીને હવે વેપારી થયો; લુટારૂ ટળીને હવે ભગત થયો. તું રાજ-રજવાડાનો માનીતો ને લોકોમાં જાણીતો થયો તે આ શેતરૂંજાના પ્રતાપ ! એ આ એભલવાળાના પ્રતાપ ! માટે બાપુ કહે તેમ કર દીકરા ! આપણે તેની રૈયત છે. રાજા બાપુ તો આંબાનાં ઝાડ છે. છાંયો છે. કેરીનાં રૂડાં ફળ દે-ને નિરાંતે શિતળ હવા આપે ! ધ્યાનમાં વાત આવે છે કંઇ ? ' મેઘા-શાનું આ ભાષણ લાખાએ ધીરજથી સાંભળ્યું. ને હજી એભલના મ્હોડાના થોડા શબ્દો સાંભળવા થોભી ગયો.

"લાખા ! બાપુ, આ તો મેં જાણેલું નહિ કે તું આવું હર-ણીયું પાળે, ને મે બંધ કરે ? ભલા માણસ, તારે લાલચ-સંભ હતો, તો કહેવું તું ! પણ હવે થયું તે થયું ! મારી વાત માન-ને મેઘો કારભારી કહે તેમ કર-બાપા !" એભલ, અફીણનો કસુંબો લઇને, હુક્કો ગડગડાવતાં ડોલતાં-ડોલતાં, આંખ અર્ધ ઉઘાડી અને મીચેલી, શું જીભ બબડે છે તેની જાણે બલા-પણ વાયુને આધારે વાત કરવા લાગ્યો. ને લાખાને કહેવા માંડ્યો. મેઘાશાએ વાત વધારી.

"સાંભળ્યું કે લાખા ! બાપૂ (એ) માગે છે !" ઇશારત કરીને

એ આંગળી બતાવી.

"હા; પણ તેમાંનું (એક) પણ મેળવી દેવા લાચાર છું!" લાખાએ અંગુઠો બતાવી મેઘાશાને સમજાવ્યો, મેઘાને પાણી ચડયું!

"લાખા ભગત? તળાજાની હવામાં રહેવું છે કે?"

"કારભારી સાહેબ? વળી વણજારને ઘર કેવાં? આજ આ ધરતી, તો કાલે બીજી? પ્રભુને ઘેર પણ ક્યાં ઠરી ઠામ પડવાનું છે? આજે આ એક અવતાર, તો કાલે બીજો! અમારે તેનું કાંઇ નહિ!" લાખાએ કડક જવાબ દીધો.

"હા, હા; કાંઇ નહિ! જેને ઘર–ઘરના ટુકડા ખાધેલા હોય, તેને એક ઘરનું ન ભાવે! જે ગામ–ગામનાં પાણી પીયે, તેને એક તળાવનું પાણી ન ગમે! ભલે, તારી એમ મરજી હોય, તો તું તારે ભાવે ત્યાં ઉપડી જા–જા. બચ્ચાજી! પણ યાદ રાખજે, કે આ એભલ નથી જડવાનો?"

"તો યાદ રાખજો, બાપુ, કે આ લાખો પણ નથીજ મળવાનો!" એટલું કહીને લાખો ભપકામાંજ ઉઠી ચાલ્યો ગયો.

"બાપુ! જોયો લાખાનો મદ! બહુ છકી ગયો?"

"જાવા દો. પણ એક તરણું લઇ જવા ન દેતા! લાખાને ત્યાં જઇને એભલની આણ દેજો. રામની આણ દેજો. ને કહેજો કે ઉઘાડે પગે તારી વણજાર ટોળી લઇને રવાના થઇ જા! પાપ ગીયું, ને જોવા ટળ્યું! મ્હારો વેલો વંઠી જાત, રાજ બીજ ટળી જાત, ને વણજારી રાજની રાણી થઇ જાત, તે કરતાં એ આંખથી અળગાં થયલાં ભલાં! પણ મેઘા! જોજે હં, કુંવરને ખબર ન પડે!" એભલે છેવટનો વિચાર જાહેર કર્યો.

"બાપુ? ફીકર ન કરો. મેઘો બધું બરાબર કરી આવશે."

મેઘાશાને ભાવતું હતું, ને મળી ગયું. હવે તો તે બલવંત બન્યો.

ને લાખાને દુર કરવા તૈયાર થયો, પણ બે મલ વચ્ચે ત્રીજું રાંકડું મરે છે, કપટીના પ્રપંચથી નિર્દોષનો ભોગ અપાય છે, તેની કોણ પરવા કરે છે ?

દુનિયામાં હમેશાં, નિર્દોષ માર્યા જતાં હોય તો, તે પાપીયોનાં કાળાં કરતુકનાજ ભોગે ! કેમકે એ નિર્મળ પ્રાણીઓને સદાય એવાંજ નીચ લોકોનો સ્વાર્થ આડો આવે છે; અને કુદરત એ પ્રેમી જનોની કસોટી માટેજ નીચ લોકોના પ્રસંગ લાવી આપે છે. ચંદ્રકળાના નાટકમાં દુર્જનતાનું કાવ્ય બહુ પ્રસંગોપાત્ત થઇ પડે છે !

પ્રકરણ ૬ મું.

પ્રેમીયોની ભેટ—પ્રભુ-પ્રતિજ્ઞા !

મનુષ્ય માત્ર આશાના વિમાનમાં ઉડતું-ફરતું જીવન-પ્રવાહ ચલાવે છે ! પ્રેમ-વિના જીવનની શાન્તિ નથી. કોઇ સાકર ખાય છે, ને કોઇ અફીણ ખાય છે ! જેને જે ગમે, અને રૂચે તે રીતે શાન્તિ માને છે ! પ્રેમમાં જે ભાવનાઓની રેષા લંબાઈ રહી છે, તેના ફાંટા, ને સાંધાઓના જરીફો બહુ હશે ખરા, તો પણ તે માત્ર મોહના ઘોડા પર કુદતા-તે પ્રેમના નામ ી દુર્બિને જોતા જોવામાં આવે છે; નહિ કે તેનાં ઉંડાં મૂળ તપાસીને, અને પ્રથક્કરણ કરીને, તેનો ઉપભોગ કરતા જણાશે ! જ્યારે તે પોતાના કાર્યમાં નિષ્ફળ નિવડે છે, ત્યારે તે પોતાની કળા પ્રત્યે બદનામી મુકતા નથી; પણ અજ્ઞાન બાળક પેડે, માર્ગ ન સુઝવાથી દઝાવા, ને આંસુ પાડવા માંડે છે ! પ્રેમની એ પ્રકૃત્તિજ છે, પણ એ પ્રેમ, વૈકુંઠનો અધિકારી છે, તેનું જ્ઞાન આ માર્ગીય સાધુડાને હોઇ શકેજ નહિ; એ કામ સંત જનોનું છે, કે જે સંતો

છેક પ્રેમી–પ્રભુના પાદામ્બુજનાં બિન્દુનું આચમન લઇ ચુકયા હોય છે !

પ્રેમને, કંઇ આશ્રમ–વિશ્રામની, કે પહાડ–જંગલની, ભૂચર–ખેચર યા ચરાચરની કે જાત–વિજાતની જરૂર છે, એમ નથી. જ્યાં દીલ લાગ્યું, ત્યાં આનંદ ! પછી રાજા ગમે તો નીચ ચાણ્ડાળ સેવકીને ભજે ! સંત પારાશર ભલે માછી કન્યા મચ્છગંધાને પ્રિય કહે !—

કોઇ વેળા જમીનમાં દટાયલા સોનાનો રંગ કદાચ ઢંકાઇ ગયો હોય–અને પથ્થર રૂપ ગણીને કોઇએ સ્નેહભાવે તેને સંભાળ્યો હોય, તો પણ લ્હેનાર ઝવેરી અને પથ્થર તે કુન્દન નીકળી પડે છે. શકુન્તલા આખર તો દુષ્યન્ત રાજાનેજ હાથ ગઇ; કેમકે તે ક્ષત્રી કન્યા ગણાયલી હતી–માતા ભલે મેનકા, પણ વિશ્વામિત્ર જેવા રાજર્ષિનાં ક્ષત્રીય બિન્દુથી ઉત્પન્ન થયલી, તે સાગરમાંજ સરિતા પહોંચી; તે રીતે લાલન અને અન્નાની ભેટ થઇ હોય, તો તેમાં નવાઇ કંઈ નથી–કુદરતે પોતાનું કામ વ્યવહારથીજ કરે છે; જોનારની આંખ અને માત્ર બુદ્ધિમાંજ આવડતનો ભ્રમ છે ! !

" દીનાનાથ ? હું રંક વણજારી–મ્હારો નિવાસ મહેલમાં, અને આ શેત્રુંજય ભૂમિકાની હું પટરાણી બનવા જોગ છું ? " લાલને પોતાના હૃદયમાંથી નીકળતા હર્ષના ઉભરા સહિત અન્નાને વળગીને કહ્યું...

વાંચનાર ? આ વેળા, અન્ના અને લાલન કયાં છે ? અહા ! વિજળીના પ્રવાહને કંઇ પછીત કે ભીંતે નડી શકે છે ? પેલી માલણ-દ્વારા, અન્નાને ઓચીંતી ખબર મળી હતી, કે " લાલન આજે, મહાદેવીનાં દર્શન કરવાને, રાધા સહિત સન્ધ્યકાળે જનાર છે; ને ત્યાં આપનાં દર્શન કરવાને, તેમજ આપની છાંયડી મેળવવાને તે આતુર બની રહી છે. " આ ખબર સાંભળતાંજ, હર પળે ચિન્તવન કરતો અન્નાકુમાર, વ્હાલી પ્રિયાને છુપોભેટવા ચાલ્યો. પિતાની અનેચ્છા છતાં,

અને કદાચ લાલન ખાતર, દેશવટો લેવો પડે, ભેખ હ્હેવો પડે, અને દેહનું બલિદાન દેવું પડે, તો તેમ પણ કરવા પ્રતિજ્ઞા લઇ ચાલ્યો.

"લાલન? મ્હારી ઘેલુડી વ્હાલી? તું મોટા ડુંગર જેવડી આશા રાખી રહી છે--પણ પ્રાણપ્રીયે? મને તું તે નજરે ન જોતી! સમયકાળ સરખો નથી--આજે હું રાજકુમાર છું, તો કાલે મને ભિખારી થવું પડશે! તું રાજવૈભવ ચાહે, છે કે વૈભવ? તને આ દેહીના અંતરમાં રહેલા એક પ્રભુભાવિક પ્રેમની દરકાર છે કે, મોજ-શોખની!"

"વ્હાલા? હું પ્રભુ સાક્ષીયે કહું છું કે મને આ તમારો દેહ, તમારા અંતઃકરણમાં વસેલો પ્રેમ, ને તેનીજ મીઠી જીભ પર ચડેલી–ગંગાંજળીની જરૂરછે. હું તમારી પ્રેમ--વિભૂતી ચાહુંછું. મુજ જંગલીને રાજવૈભવ શું કામનો છે, વ્હાલા?" લાલને સહૃદયે કહ્યું.

"હમેશાં માણસની વૃત્તિ, કંઈ કંઈ ભાવનાઓપર ટકી રહીછે, ને તે આશામાંજ પ્રેમના ગર્ભાધાનનો સમાસ થયલો હોય છે! તું મ્હારા સ્નેહથી કદાચે રાજસુખની આશા ન રાખતી! ભલી ને ભોળી લાલન, ત્હારી સાથે હું સ્નેહી તરીકે જોડાયા પછી કદાચ મ્હારી સ્થિતિ બદલાઈ જશે—એ વેળા તું ક્ષોભ ન કરતી–નિરાશ ન થતી—શ્રાપ ન દેતી! એમ ન કહેતી, કે હુંતો તારા રાજસુખ માટે વરી હતી! એમ ન કહેતી કે તેં મને રંજાડી—ને બનાવી છે!"—અન્નાએ સ્પષ્ટ વાત કરી.

"મ્હારા છત્રાધાર? તમને મ્હારે ખાતર કદાચ રાજસુખ તજવું પડશે. અને જો તેમ થાય, તો તમે મને દોષ દઈને દુઃખિ ન થશો—કોઈ તમને કહેશે, કે તમે એક હલકા કૂળની વણજારી સાથે જીવન જડવા બેઠા? મેં તો અન્નાકુમાર જેવો પ્રેમી મેળવ્યો છે. મેં ગુમાવ્યું નથી. અને જો તેમ કોઇ કહે તો તે ઇર્ષાનુંજ વચન છે. માત્ર તમારે વિશુદ્ધ ને અચલ રહેવાનું છે!"

" તોપણ હમણાં તું આ શબ્દો ઘણા વહાલથી ને શુદ્ધ ભાવથી કહે છે; પણ જ્યારે ત્હારી આશાએ ઉડવા માંડયું; ને તને નવા નવા પ્રદેશના વૈભવનો અનુભવ થવા માંડયો=અને ધારો કે હું એક ભિખારી, નિર્ધન, અને અપંગ જેવો થઇ ગયો, તે વેળા આ દેહી પ્રત્યે તે નજર રહેશે નહિ ! "

" મ્હારા વ્હાલા કુમાર ! હું એ જાતની નીચ ઓરત નથી. મેં હજી કોઈ પણ પાપી પ્રદેશનું જળ પીધું નથી. મેં કોઇ પણ કુટીલ માર્ગ જોયા નથી. પ્રભુ મને તે ન બતાવે ! પ્રભૂ વિશ્વાસથી શું કહું ? પણ મારા અંતઃકરણને સાક્ષીભૂત રાખી કહું છું, કે હું એકજ અન્નાકુમારની પ્રિયા થઇ રહીશ—પછી ભલે રાજ મળે, કે આ હાલ જંગલ છે, તે કરતાં એ અસહ્ય તાપ તાઢમાં નિવાસ કરવો પડે ! મારા વ્હાલા [redacted] મને જે વેઠવું હશે, તે વેઠીશ—જગતની મને પરવા નથી. સ્વાર્થ કે વૈભવની મને દરકાર નથી. હું મ્હારા સુખનો સર્વ આધાર પ્રભુ—સમક્ષ ઉભીને તમારાપર રાખીશ—માત્ર મને દગો—

"ના ! દગો એ મ્હારો સો ગાઉએ સગો નથી પ્રિયે ! હું તુજ જેવી અબળાને દગો દઉં, તો પ્રભુ દુભાય; પણ તારે—આ દેહી પ્રત્યેજ દૃષ્ટિ રાખવાની છે આળ-પંપાલ તજી દેવાના છે. ઇંદ્રનો વૈભવ તારે માટે નકામો ગણીને આ દેહ એજ વૈભવ ગણવાનો છે, પ્રેમીયોને બળવું કે વ્હાલા પાછળ મરવું બહુ દુર્લભ નથી. એટલું હસે, તો પ્રભુ સહાય છે. "

" મ્હારે કબુલ છે વ્હાલા ! "

" જીભથી કહી છુટવામાં અથવા ધર્મ-પ્રતિજ્ઞા ગ્રહીને, માત્ર સમજાવવામાં સુખ નથી. અંતરમાં—પ્રભુ સાક્ષી સાખીને તું આ જીવન-સુખ સુધારી-સંભારી લે ! જો વ્હાલી ? તને અનેકવાર નિરાશા થશે. અનેકવાર અભાવ આવશે. અવસ્થા, પ્રેમ, ઉભરો, આવેશ,

અને મોહ પળપળે બદલાશે–તે વેળા આજની નજર નહિ રહેશે. તે વેળા, મ્હારા શુદ્ધ પ્રેમની કિમ્મત નહિ રહેશે હો !"

"કુમાર ? એ સઘળું તમારે યાદ રાખવાનું છે. મેં તો એક મહા રત્ન મેળવ્યું છે. એટલે મને વિમાસણ નહિ થાય. પણ તમે એ વિચાર લક્ષમાં રાખજો. તમને રાજવંશી કન્યાઓનો સમુહ મળશે. નજરે ચડશે. તે વેળા એમ ન કરશો, કે આ વણજારૂ કન્યાને વરીને ભૂલ કરી ! તમારે મ્હારો મહા અપવાદ વ્હોરવો પડશે. કદાચ રાજા, રાણી, અને કુળ ગોત્ર તથા જન મંડળથી અપવાદ આવશે, કે શું ટાકી કુમારિકાના તોટા પડયા, કે વણજારીને વર્યા ? વળી આ રંગ, જુવાની ને માયા ઉડી જશે, ત્યારે શું તમે મને નહિ પાળો. સંભાળો ? જો જો કુમાર !" "મ્હારી નિર્દોષ હંસણી ? મ્હારી માનીતી મૃગલી ? એજ ખાતર તને કહું છું, કે હું તારે માટે રાજકુમાર ટળી જઇ, ભિખારી બનીશ. ને તે વેળા તારી નજર જે રાજ મંદિર પર હશે, તે બદલાઇ જતાં, તને અફસોસ થશે. તું કદાચ બોલી નહિ શકે, અંતરમાં દાહ થશે. કહે, એ સર્વ તું આ ટાણેજ ટાળી દે છે ? "

"હા—મને કબુલ છે. હું ગમે તેવી પણ મ્હારી જાત માટે વિશ્વાસુ છું. આ દેહ, અન્નાકુમાર માટે છે–અને તેના સુખ–દુઃખમાંજ પડે, તે જોવા ખુશી છું."

"તો મને મ્હારી લાલન એક ધર્મપત્નિ તરીકે કબુલ છે. પછી ગમે તે થાય—"

"અસ્તુ–અખંડ સુખ પ્રાપ્ત કરો"–આ ધ્વનિ થયો. માતાના મંદિરમાંથી આ શબ્દ થયો–કોણે કર્યો ? પેલી રાધાએ !— આખરે, માતા સમક્ષ રાધાએ, અન્ના તથા લાલનનો હાથ મેળવ્યો, અને પ્રભુ પ્રતિજ્ઞાયે, ગાંધર્વ લગ્ન કરી દીધાં !–હવે શું થાય છે, તે જોઇએ !—

પ્રકરણ ૭ મું.

એભલના અમલનું લાખાએ શોધેલું કારણ.

લાખા વણજારાના મનમાં અતી ખેદ થવા લાગ્યો. એભલવાળા જેવા ઉમદા દીલના ઠાકોર પ્રત્યે, તેમના દેશ પ્રત્યે અને તેમની પ્રજા મંડળે પોતાનો આત્મીકને સાત્વીક ભાવ છતાં ઠાકોરે એક ઘડીની શરમ ન રાખીને માત્ર નિર્જીવ કારણ માટે મહા કલેશ સ્થાપી, જુના રહેઠાણમાંથી એકદમ નીકળી ચાલી જવાની ધમકી આપી, અને તે પણ વળી એવા રાજકીય ક્રોધથી નહિ પણ અમુક આન્તરિક કારણથીજ દેશ નિકાલ કર્યો તે બહુજ નવાઇ જેવું લાગ્યું ! એભલ ઉપર લાખાનો ઉપકાર હતો રાણીશ્રીની પ્રસુત વેદનામાંથી લાખાએ તેને બચાવી હતી. કુમારનો અવતાર એક રીતે લાખાના પ્રભાવનો આભારી હતો એટલું છતાં એભલને એ દીવસો યાદ ન આવ્યા અને શરમ પણ ન આવી

લાખો વણજારો, તે આ કાળે વણજારો નહોતો-પણ વાણીઓ -વેપારી હતો; કેમકે તેનું લુટારૂં હૃદય, આજે ભક્તિમાર્ગમાં ફેરવાઇ ગયું હતું; તો પણ તેનામાં જાતિ અભિમાન અને પહેલવાન જુસ્સો કાયમ હતો. અને તે અમુક પ્રસંગે પ્રકટી નીકળે, એવો છુપો હતો.

રાજાને આંખ હોય છે, પણ કાન નથી હોતા, યાને આંખે દેખે છે ખરા-પણ કાને તો પારકાની વાતોજ સાંભળે છે. અને તે અમલ કરે છે.

લાખો સારી રીતે સમજતો હતો કે આ કામ એભલની ઇચ્છાનુંજ નથી; પણ કોઇ સ્વાર્થી યાને મેધાશા જેવા પ્રપંચીનું કામ છે; પણ તે કામ શા માટે?-લાખાએ તેનું તત્વ શોધી કહાડયું, ને તરત માલમ પડયું, કે કદાચ તેણે સંગ્રહેલા માલનાં વેચાણ માટે જે અટ-

કાયત થયેલી છે, તે ટાળવાનો આ ઉપાય છે=માત્ર વાળ કહાડવાને માથું કાપવાનો આ મુર્ખતા ભરેલો રસ્તો છે; પણ હવે બીજો ઉપાય ન હતો. એભલ જેવા નબળા મનના ઠાકોરને, લાખા જેવો અટંકી માણસ, ગમે તેવા ભોગે, પણ મનાવા જાય તેમ ન હતો; પણ આ પ્રપંચનો ભોગ થઇને એભલ, પેલા મતલબી શિયાળ મેઘાશાનો રમતો દડો કહેવાશે; અને શત્રુનો કોળીયો થઇ પડશે—પણ લાખાની આ ગણતરી કામ આવે, તેવી ન હતી—

બીજું કારણ એ વસ્તુ વિષે હતું, તે પણ લાખાએ કલ્પના તથા વિચારથી જાણી લીધું. હરણી અને લાલન—જોકે લાલન વિષે તો ખ્યાલ ન આવત, પણ મેઘાશાએ પાછળથી બીજા મારફતે લાખાને કાને વાત નાખી હતી—એભલે તેને દેશનિકાલનો હુકમ કર્યા પછી મેઘાશાએ, લાખાના ક્રોધમાં વધારો કરવાને, વણજારાના એક રાયકા મારફત કહેવરાવ્યું કે, એભલની નજર તારી દીકરી પર છે; જો તે તું એમને આપી દે, તો પછી બીજો કંઇ વાંધો નથી—આ છેલ્લી માગણી માટે લાખાને અતી ક્રોધ ચડયો—અને તેણે એકદમ પોતાની વણજારૂ ટોળીને ઉશ્કેરી દીવી—અને તત્કાળ, શેત્રુંજય ખાલી કરવાના ઠરાવ પર આવી ગયા—નિર્દોષ એભલ!—એ તો બિચારો આ પ્રપંચના અંદરના ભાગને—અંતરના ઠાઠને કંઇયે જાણતો નહોતો—આ મહા પ્રપંચમાં માત્ર એ રમતાં—ને ઉડતાં પંખીનો મરો થયો !—આશાવંત અન્નો ને લાડકડી લાલનની કોમળ મૂર્તિઓ ઉપર કુહાડાનો પ્રહાર થયો !—

પ્રકરણ ૮ મું.

કુમુદિનીપર સુરજનો તડકો !

શેત્રુંજય ડુંગર ખાલી કરતાં પોતાને તો નહિ, પણ પોતાની

આશાધાર-પ્રાણુ કરતાંયે પ્રીય, ને પ્રભુને પણુ વ્હાલી ગણાતી દીકરી લાલુને આ વાતથી કેટલું દુઃખ થશે, એ વિમાસણુમાં, આ બહાદુર લડાયક વણુજારો ગિરફતાર થઈ ગયો હતો. રીંગણીપર હીમ પડે, અને કુમુદિનીપર તડકો પડે, એથી જેમ તે વસ્તુ કરમાઇ, ચીમળાઇ અને મૃત્યુવત્ થઇ જાય, તે રીતે લાલનની દશા થઈ જશે, એ ભયથી, લાખાનું મન અતિ વિચારમાં પડયું હતું. કોઇ દહાડો નહિ, અને બાપુ આજે આ સ્થિતીમાં કેમ હશે ? એ માટે લાલન વારંવાર પેલી રાધા સખીને પુછ્યા કરતી હતી. પણુ લાખા કને જઇને ખુલાસો મેળવી શકતી નહતી. આખરે જયારે તેનું તરફડતું હૃદય જરાયે ધીર ધારી ન શકયું, ત્યારે ધીરે પગલે, ભયભીત હરણી પેઠે, બાપુ પાસે આવી-ને નમ્ર સ્વરે બોલી—

"બાપુ ! આજે આમ નબળા કેમ લાગો છો ?"—

"દીકરી ! તું મ્હારી પાસે હાજર હોય, ને બાપુ નબળો લાગે ?"

"હા-કહો ન કહો, પણુ તમારૂં બળ જાણે હરાઇ ગયું હોય, સિંહ જાણે જાળમાં પકડાઈ-સપડાઇ ગયો હોય, તેમ લાગે છે.

"તોપણુ મ્હારી બળવાન લાલુ, તું મને, પાંજરામાં પુરાયલા પિતાને છોડવાને સમર્થ છે !" લાખો, પોતાની પુત્રીને મૂળ વાતની એકદમ અસર ન થઈ જાય-માટે આ રીતે જવાબ દેવા લાગ્યો.

"પિતાજી ! ખરૂં કારણુ તમે ના છુપાવો ! જે વાત હોય તે ખુલાસાથી જણાવો ! હૃદયનો ભાર એથી ઓછો થશે, ને કાસો-ચેલો પણુ ખુલાસો મળશે. માર્ગ જડશે."

"હું માનું છું, દીકરી ! પણુ તને તે વાત કહેતાં મારૂં દીલ કંપે છે !" લાખો નીચું જોઇ ગયો. લાલનને ફાળ પડી. તેણીને પોતાના હૃદયમાં ઉભરાતો પણુ છુપો પ્રેમ, એક ચોર કરતાં વધારે

ભયંકર દેખાવા લાગ્યો.

" શું હું કંઇ વાંકમાં આવીછું ? " પડતા બોલે લાલન બોલી.

" ના—દીકરા ! આપણા ભાવીનો વાંક !"

" તોપણ —મ્હારી-મ્હારી કસુર તો થઇ નથી કે ?—

" ના—બેટા ? તું ન ગભરા-પણ કદી આપણને આ જગ્યા છોડી દેવી પડે, તો તને ગમે કે ?—

" હેં ! આ વ્હાલી જગ્યા ?—હા ! –ના–બા–પુ ! " લાલન તરત મુર્છિતજ થઇ ગઇ ! તેણીને લાગ્યું, કે પોતાના હૃદયની ભાવનાની ચોરી ખુલ્લી થઈ ગઇ—અને એજ ખાતર બાપુ આ જગ્યા છોડી દે છે '–લાખાને ખાત્રીજ હતી જો કે તેને લાલનના હૃદયમાં ઉછળતા પ્રેમ તાપનું ભાન ન હતું. પણ જેમ દેહમાંથી પ્રાણ જતાં જેટલો અકળાટ થાય તેજ રીતે નિવાસ-સ્થાન તજતાં, આમ શોચ્ય થશે, તેવીજ રીતે લાલનને થયું, ને તે પ્રત્યક્ષ જોયું–લાલનને ઝડપથી પોતાના ખોળામાં લઇ લીધી–તેવીજ રાધા, જે દુર ઉભી ઉભી સાંભળતી હતી, તે એકદમ જળનો કટોરો ને પંખો લઇ આવી ચડી—અને જરાવારમાં તો, ઘટતી સારવારથી લાલન શુદ્ધિમાં આવી ગઇ; પણ ચાલુ અસર હોવાથી, એ વાત પડતી રહી–છતાં લાલનના હૃદયમાં તો ભડકારૂપે સળગી. લાલનને કાને હજી શેત્રુંજય છોડવાની, પણ એભલની અથવા મેઘાશાના પ્રપંચની દુરાગ્રહી વાત આવી નહતી. માત્ર રાત–દીન જેવું રમણ થતું હતું, તેને પ્રેમ ને પ્રેમીનીજ વાત મનમાં ઉઠવા લાગી હતી. ને હવે શું થશે, એજ વિમાસણ કરતી હતી.

પ્રકરણ ૯ મું.

સત્યનું કીરણ !

"સત્યનો બેલી શામળો" એ પ્રમાણે, ભક્ત લાખાની પર આવેલી આફત વેળા, તેના સાચા ભાવની ભાવટ ભાંગનારો શામળો, ભલા જનના હૈયામાં આવી વસ્યો, અને પ્રપંચી મેઘાશાની બાજુ ઉલટાઈ ગઇ !—

લાખો વણુજારો, પોતાના લૂટારૂ ધંધામાંથી વિમુક્ત થઇને, કેવળ ભક્તીભાવ પર અખંડ શ્રદ્ધા રાખી જીવન ગાળતો હતો; એ વાંચનાર જાણી ગયા છે. તેનું હાલનું દીન વર્તન, ફક્ત સાધુ–સંતની સેવા, અને ભજન મંડળીનાં ગાન તાન સિવાય કંઇ ન્હોતું! રણુછોડરાય દ્વારિકાંવાળાનો એક આધાર ને આશરો રાખી બેઠો હતો, તેના પર ભાવીની ભક્તિ અરપી બેઠો હતો. તેના હૃદયમાં મ્હારૂં કે પરાયું હવે રહેલું ન્હોતું; જનક પેઠે કંઇક વિદેહ વૃત્તિ બની હતી– સીતાને વરાવવાનીજ ચિન્તા ધરનારા જનકને જે ક્ષણુવાર માયાએ બાંધી લીધો, તે રીતે લાલનની પ્રેમજાળથી ઝકડાયલો લાખો, એમલનો તિરસ્કાર સહીને, ત્યાંથી ઉપડવાની વીલંબ કરતો હતો–કેમકે લાલનની ઇચ્છા, શેત્રુંજય એકદમ છોડવાની લાગી ન્હોતી; એ સમય કંઇ લાખાથી અજાણુ ન્હોતો–કણ્વમુનિ સારી પેઠે જાણુતા હતા. કે શકુન્તલા કંઇ વનવાસિની બાળા ન્હોતી; પણુ રાજ–બીજ હતું. ને તે રીતે લાખો પણુ જાણુતો હતો, કે લાલન કંઇ વણુજારી યા ભરવાડણુ કન્યા નથી. રાજપુત્રી છે–ને તેનો પ્રેમ તો અજાકુમાર પર પરસ્પર લાગી રહેલો છે, ને તેથીજ લાલન આ સ્થળ છોડતાં આચકી બને છે, તો પછી લાખો કંઇ તેને દુભાવીને તજી જાય નહિ–ભલે એમલની અનેચ્છા

થાય—કદી એભલને સમજાવી લ્હે, અને પતાવટ કરી લ્હે—પણ કન્યાને દુભાવે નહિ; આ પ્રસંગમાં ગુંચાવાયલો લાખો કંઈક નવી તક શોધતો હતો.

ઇશ્વરની ઇચ્છા બલવાન છે—મનુષ્ય માત્ર પોતાની માયામાં લુપ્ત થવાથી—દૈવી શક્તિ કે ચમત્કારને જાણી શકતાં નથી—ને તેથી પોતાની પર આવેલી આફત વેળા કશી દિશા ન સુજતાં—આંધળાજ બની જાય છે—જો કે પોતે નિર્દોષ—નિર્મળ અને સાચા હોવા છતાં, સમયકાળની છાંયડી, અંધારામાં દાબી દે છે. પણ પ્રભુ સર્વ જુએ છે, જાણે છે, ને તેજ પાર ઉતારી દે છે.—

લાખાપર દુઃખનું વાદળ લાવનાર મેઘાશા છે. મેઘાશા પોતાની મતલબને ખાતર, તરેહવાર તર્ક તથા સંજોગ વચ્ચે-વિષય—વૃષ્ટિ કરાવે છે; પણ તે ક્યાં સમજે છે, કે જેનો પ્રભુ સવળો છે, ત્યાં જગત આંધળું છે.

મેઘાશાનો પુત્ર મુળચંદ ભક્ત હતો. બાપ દીકરા વચ્ચે જમીન આસમાનનો અંતર હતો. મેઘો જ્યારે ખારૂં જળ હતું, ત્યારે મુળ ચંદ નિર્મળ ગંગ—જળ જેવો હતો. "બાપ તેવા બેટા" એ કહેવત ખોટી પડી હતી. કોઇ સંસ્કારે કરીને, મેઘાને ત્યાં મુળીએ જન્મ લીધો હતો; પણ કર્મ જુદાં હતાં. મેઘાશાની કૂમતીથી થતાં કૂકર્મ ટકતાં હોય, તો માત્ર કંઇક પુત્રની ભક્તીનો પ્રભાવ હતો. પણ અંતે સત્યનું કીરણજ પ્રકટવાનું હતું—

મેઘાશાને એભલે આપેલા હુકમ પ્રમાણે, લાખાને દેશ ત્યાગ કરવાની ખબર આપવામાં આવી હતી. ને તેનો અમલ કરવાનો બાકી હતો યાને જબરદસ્તીથી લાખાને કહાડી મુકીને તેનો માલ—થાલ લૂટી લેવાનો હતો; પણ મેઘાશાનું જીગર ચાલતું ન્હોતું. કેમકે જાતે મ્હીકણુ વાણીયો, ને વળી અંતરમાં દુષ્ટ કર્મનો છુપો ડંખ, ઘા મારતો હતો. લાખો રખે જાદુ કરે તો! એ ભય લાગતો હતો.

મેઘાશાનાં કર્મ તેના પુત્ર મુળચંદને બીલકુલ પસંદ ન્હોતાં– મેઘાએ જો કે ઘણીવાર તેના દીકરાને દુષ્ટ ડહાપણ દેખાડી સમજાવ્યા હતો. રાજકીય લીલા બતાવી હતી. ને વણીક ધર્મ સુચવ્યો હતો. પણ ન દીકરાને ગળે વાત ઉતરી, કે ન બાપને વ્હાલ લાગ્યું.

અંતે બાપે જાણ્યું, કે દીકરો કમુલ પેદા થયો. ને દીકરે જાણ્યું કે નકામો જન્મ લઇને પાપી બાપને ઘેર પેદા પડયાનું આળ આવ્યું.

મેઘો જ્યારે દરરોજ પાપનો પોટલો બાંધતો; ત્યારે મુલીઓ, સાધુ–સંતની સેવા કરીને, લાખાની ભજન મંડળીમાંથી ભક્તિનો ભંડાર ભરતો હતો. મેઘાને તે લગારે રૂચતું ન્હોતું, પણ લાચાર હતો. કેમકે મેઘાશા વૃદ્ધકાળે સ્ત્રી વિનાનો વધૂર બન્યો હતો, ને મુળચંદના સ્ત્રી–સંસારમાં જીવન ગાળવાનું હતું!

મેઘાશા, એભલનો હુકમ લઇને રાત્રે આવ્યો. તેજ રાત્રે સ્વપ્નમાં બડબડાટ કરવા લાગ્યો. એ શબ્દવેધી સમસ્યા, મુળચંદને કાને આવી. સદ્‌ભાગ્યે તે દહાડે મુળચંદ, ભજન મંડળીમાંથી છેક અર્ધ રાત્રે મોડો આવ્યો હતો.

મેઘો અર્ધ-નિદ્રામાં હતો, ને મુળચંદ હજી તો ઘરમાં ધીમે પગલે પ્રવેશ કરતો હતો; મેઘાના સુવાના ખંડમાંથી પસાર થતાં, તેના કાને આ અવાજ આવ્યો હતો. મેઘો જાણે ગુન્હાની કબુલાત કરતો હતો!

"લાખાને મ્હાત કરવામાં–ને એભલને સમજાવી કામ કઢાડી લેવામાં ફતેહ મળી છે. એભલને એક, ને લાખાને બીજું સમજાવવામાં તર્ક વિદ્યા ફળી છે. લાખો પોતાની કનેથી અનાજનો ભંડાર આપે તેમ ન હતો. ને તેથી જૈન સાધુને સમજાવીને–દુકાળ નિમિત્તે કાળીયાર હરણની સીંગડીયે બાંધેલું તાવીતનું બ્હાનું ઠીક હાથ ચડયું. ને તે નિમિત્ત લાખાની હરણીપર પણ વખતસર ઢળી પડયું; જો કે

લાખો સમજ્યો નહિ, તેથી તેની હરણીનાપર અપવાદ મુકયો, અને એજ લાખાએ દુકાળ પાડવા—ને પોતાની કને પડેલું અનાજ તથા ઘાસ વેચીને બમણાં નાણાં એકઠાં કરવા કાળીયાની સીંગડીયે માદ-લીયું બાંધી વળાની સીમમાં ફરતો કર્યો છે, એ વાત ખરી ઠરાવી—અને એભલને સમજાવ્યું: અંતે અનાજની તથા હરણીની એ માગણી એભલ કને કરાવી. અને લાખાને જણાવ્યું, કે એભલને એ વસ્તુ જોઇયે છે. તેમાં એક હરણી અને બીજું લાલન—પણ લાલન માત્ર પોતાની રાણી બનાવવા માટે—કે યુવરાણી!—આ બન્ને વાત કદી પણ લાખો કબુલ ન કરે, ને તે નાકબુલાત તથા રાજ અપમાન માટે, એ વશ લાખાને વળા રાજ છોડાવવા, તથા તેનો માલ—થાલ લૂટી લેવા મેઘાશા ભાગ્યવંત થયો છે”—આ હર્ષ, વેગમાં, મેઘો સ્વપ્નમાં જોતો હતો.

મુળચંદ આ બનાવ સાંભળી હેરત થઇ ગયો. અલબત તેના કાને ફક્ત એટલીજ વાત આવી હતી , કે એભલ બાપુ કંઇક કારણસર લાખા ઉપર રીસે ભરાયા છે, પણ ખરૂં કારણ બહાર આવ્યું નહોતું. ને લાખાએ તે મુકયું ન્હોતું! એભલવાળા જેવો ભલો ઠાકોર કંઇ દુષ્ટ મતી કરે, ને વણજારૂ કન્યાની માગણી માટે આગ્રહી બને, તે વળા દરબારને શોભારૂપ હોયજ નહિ; ને તે માટે લાખાએ શેત્રુંજય ખાલી કરી દેવાને વિલંબ લગાડી હતી, કેમકે એકવાર એભલને રૂબરૂ મળીને ઠપકો આપવાનો હતો. પોતે જતાં જતાં બે વચન કહેવાં હતાં પણ તે તક કેવી રીતે મળે, એ માટે ખોટી હતો; તેવામાં તો પ્રભુએ તેની દાદ સાંભળી હતી, ને મુળચંદને પ્રેર્યો હતો. અંતે સત્યનું કારણ પ્રકટયું હતું.

પ્રકરણ ૧૦ મું.

લાખાની નિર્દોષતા! એભલનું અભય વચન.

લાખો તો હજી એભલને મળીને પોતાની નિર્દોષતા જાહેર કરે, તે દરમ્યાન ઇશ્વરેજ તેની ધા સાંભળી હતી.

મુળચંદના મનમાં ઉત્પાત ઉભો થયો, કે લાખાપર કેવળ અકાળ આફત આવી છે. એભલવાળાપર નાહક ત્હોમત ચડશે, ને પ્રજા જાણશે, કે તેણે લાખાની પુત્રી ઉપર કુડી નજર કરી છે, ત્યારે રાજ પ્રજામાં કોલાહોલ થશે, ને એભલને ઝેર ખાવું પડશે, યા તો મેધાશાને ઠાર મારશે! ત્યારે હવે "સાપ મરે નહિ, ને કાઠી તૂટે નહિ" તેમ કરવું જોઇએ! આખી રાત્રી તે પોતાની પથારીમાં વિચાર કરતો પ્રભાતની વાટ જોવા લાગ્યો, પ્રભાત પહેલાંજ એભલને મળવું જોઇએ, ને ખુલાસો કરી નાંખવો જોઇએ, નીકર હુકમનો અમલ થઇ ગયા પછી યત્ન નકામો!

મુળચંદને એક વાત યાદ આવી. એભલવાળો પ્રભાતમાં ફ્હેલો ફરવા જાય છે, ને તે સુરદાસના અખાડામાં, મહારાજનાં દર્શન કરવા જાય છે, ત્યાં તેને ભેટવું, અને ખરી વાતનો ખુલાસો કરવો. તરત તે ઉઠયો, અને એકદમ સુરદાસજી મહારાજને મળ્યો. તેને વિનંતી કરી, કે એભલ બાપુનો હુકમ થયો છે, કે લાખાભગતે શેત્રુંજય ખાલી કરી જવો, ને માલ-થાલ રાજને સોંપી દેવો, માટે હવે બાપુને વિનંતી કરવાની જરૂર છે." આ વાત સાંભળતાંજ સુરદાસજીનાં જ્ઞાન ચક્ષુ ઉઘડી ગયાં, ને બોલ્યા.

"બેટા! યહી બાતકા કુચ્છ ભેદ માલુમ પડા?"

"હા, મહારાજ! મ્હારા બાપુના બકવાદમાં એમ માલુમ પડયું,

કે લાખાનો માલ-થાલ લૂટી લેવાને ફક્ત તેણે પ્રપંચ કર્યો છે, ને બાપુને સમજાવ્યું છે, કે લાખાએ વર્પાદ બાંધી લીધો છે! વળી લાખાને એમ સમજાવ્યું છે કે એભલ બાપુ, એમની હરણી અને પુત્રી લાલન માગે છે! જો કે એ વાતની બાપુને ખબર પણ નથી!"

"અં-હં! યું બાત હય ? અચ્છા, જબ તો રણછોડરાયજી બલા કરેગા! એભલ અભી આયગા, વો દરમ્યાન તું લાખા ભગતકો યહાં બુલા લા-જા?" સુરદાસ મહંતે હુકમ કર્યો, અને મુળચંદ તરતજ લાખાને તેડવા દોડયો.

સુરદાસ જેવો નિર્મળ મનનો મહાત્મા, પણ જગતની માયા જાણીને દંગ થઇ ગયો! કાળા માથાના માનવી ફક્ત એક શેર અનાજનાં અધિકારી છે, ને ક્ષણીક જીવનનાજ ભોગી છે, તે શું શું કર્મ બાંધે છે? મેઘાશાપર તેને બહુ તિરસ્કાર આવ્યો, પણ તે સાથે નવાઇ તો એ લાગી, કે સંસ્કાર તો જુઓ? એનાજ વંશનો વેલો, પણ કાકડી મીઠી નીકળી-વેલો તો કડવોજ રહ્યો! બાપ કુપાત્ર અને પુત્ર સુપાત્ર નીકળ્યો!

સુરદાસજી હજી સ્નાન ધ્યાન કરીને દેવપુજાની આરતી કરે છે, ત્યાં એભલવાળો આવ્યો. ચેલાએ ખબર આપી, કે તરતજ સંત સુરદાસે મોટા ઘાંટા પાડીને હુકમ કર્યો કે "એભલવાળાકો કહો, કે તુમ બ્હાર ખડે રહો-અબ તુમ આરતી મેં આનેકા અધિકારી નહિ!"

એભલે સ્વકર્ણેજ આ શબ્દ સાંભળ્યા-ને મઠમાંજ ઉભો રહ્યો, મંદિરમાં ન આવ્યો.

ક્રોધને મારી નાખ્યો. ઉદયકાળ થવાનો હતો, તેથી સન્મતી સુઝી-ને નમ્ર બની ગયો. આરતી પુરી થઇ અને પ્રસાદ વેંચાયો. પણ એભલ તો જ્યાં હતો, ત્યાંજ ખડો થઇ રહ્યો.

આરતીમાં લાખો તથા મુળચંદ હમેશાં હાજર રહેતા-અને

એભલ તો પ્રસાદ પછીજ આવતો—પણ આજે ખરા એ ભક્ત હાજર થઇ શક્યા ન્હોતા—તેનું કારણ હવે પછી જાણીશું—

"એભલવાળા ? તું આયા સહી, લેકીન અબ મેરા રૂગનાથજીકા દર્શન કે યોગ્ય તુ ન રહા યેહી મુજકો બહોત શોચ ભયા !" સુરદાસે—એભલને એકાન્તમાં બોલાવીને કહ્યું—

"મહારાજ ? મારો અપરાધ હોય તો ક્ષમા કરો !" એભલે શાન્તપણે—હૃદયગ્લાનીથી કહ્યું. કેમ જાણે કુદરતે તેના અંતરને પોચ્યું—દયાર્દ્ર બનાવી દીધું હોય !

"ક્યા એભલવાળા વિકારી હો ગયા ! ક્યા પરધનપર કુભાવના હો ગઇ ? ક્યા પ્રજાકી બહુ—બેટીપર કુદૃષ્ટિ કરને લગા ? વૃદ્ધાવસ્થા મેં યહી કુમતી ?"

"મહારાજ ? તમને કોઇએ વ્હેમ ઉત્પન્ન કર્યો છે. એભલ કદી અન્યાય કરતોજ નથી !"

"લાખા ભક્તપર અન્યાય નહિ કીયા ?"

"તેણે વરસાદને બાંધ્યો મ્હારી લાડકી પ્રજાને હેરાન કરી—ને છેવટે ધન—લોભ ખાતર મ્હારૂં અપમાન કર્યું છે, મ્હારાજ ?"

"લાખા ભક્ત ક્યા ધંન ખાતર તેરા અપમાન કરે ?"

સુરદાસ વિચાર કરવા લાગ્યો. વિસ્મય થવા લાગ્યો—હજી ઉત્તર આપે—ત્યાં લાખો દાખલ થઈ ગયો—ને એભલના શબ્દપર શબ્દ લગાડયો—સુરદાસજીની વિસ્મયતા દુર કરતો બોલ્યો.

દુવો.

એભલ ત્હારી વાણુ, દવ લાગ્યો જેમ ડુંગરે;
લાખો ન મુકે માણુ—એભલ ખાતર જીવ દે—
લાખાને મન દેવ, એકજ નાથ રૂગનાથ છે;
પણ બીજી મારી સેવ—તે એભલ જાણું જગમાં—

મેરૂ ચળે નહિ થાન, સાગર માઝા નહિ મુકે;
આ એભલ તારી બ્હાણ–બોલી એ બદલી ગયો !
આજ સુધી તુજ નેણ–સાકર વેણ સમાં હતાં—
પણ બદલાયાં આ ચેન–રખડયું આ વાળાકડું !

"બાપલા ? માગાં કાંઇ ત્હારાં ફરે ? રાંક વણજારની છોકરીનાં હરણ કરાય ?" એભલે હજી અંધારામાં રહીને કહ્યું.

" એભલ કદી નીતિનું ડગલું નહિજ ભરે. "

"તેથી તું મ્હારી દીકરી હંગાથે વરવાથી વરસાદ આવશે ? "

"ના. ત્હારી દીકરી તે મ્હારી ! એ વચન કે વિચાર એભલ-માં ન હોય ! જો તે તું બોલતો હોય, તો લાખાવણજારાનો દહાડો ઉઠી ગયો. ! "

"લાખા ભગત કદાપિ અસત્ય બોલનેવાલા નહિ ! તુમને કહા નહિ હોગા તો—

"ગરીબ પરવર ! મ્હારા બાપા મેઘાશાની ભૂલ થઇ છે ?" મુળચંદે નમીને વચ્ચે ટહુકો કર્યો.

"તો તે ભૂલ માટે ક્ષમા–પણ વરસાદ બાંધીને લાખાએ મ્હારી રૈયતને હેરાન કરી, તે અપરાધ માફ થઇ શકે તેમ હોય, તો ભગવં-તની ઇચ્છા ! "

"કોઇભી લાલચમેં લાખા લપટકે મેઘરાજકો બાંધે, યહી બાત મયેં નહિ માનતા–લેકીન લાખા ભગતકો તું ભૂલ ગયા હોગા ! ઇસકી શકતી અંદર ભકતીકા પ્રતાપ બડા હય ! એભલ ' કયું ભૂલ જાતા હય ? વો દીન યાદ કર ! રાણીકો ગર્ભ દુઃખ હુવા થા–ઇસ દીન કુમાર–દર્શન કીસને કરાયા થા ! કીસકી જડી–બુટી લાયા થા !–"

"હા. એ મ્હારી ગરદનપર લાખાનો ઉપકાર છે. પણ–

"અબ યેહી લાખા હય ! પરછા દેખની હય ! બયઠજા ! "એભ-લને આસન પર બેસવા કહીને, સુરદાસજીએ ભગતોને વિનતી કરી.

"મેરે ભાઇ: ભક્ત જનો ! ભજન મંડળ જમાવો, ઔર વરૂણ દેવકો જગાવો—રણછોડ રાયજીકો બુલાવો—ચલો ભજન ગાઓ—

આ શબ્દ સાંભળતાંજ લાખો—મુલચંદ અને સુરદાસજીના ચેલાઓથી ઝાંઝ, કડતાલ, ઢોલક અને મંજીરાની ધુન લાગી રહી. રણછોડરાયજીનાં ભકતો, એક ધ્યાને ભજનમાં તલ્લીન થઇ રહ્યા. અને લાખા વણજારાની આણ દેતાંજ વરસાદ અનાધાર છુટી પડયો-લાખાની લાજ રાખવા રણછોડ રાયજીએ ગગન વાણી કરી, અને એભલે તરત લાખાને પગે પડી માફી માગી—સુરદાસ મહારાજનો ઉપકાર માન્યો. તલાજાનો સીમાડો—અને વાળા પ્રાંતમાં તો પાણીની રેલો ચાલી—લોકોમાં આનંદ પથરાયો. અને લાખા ભગતની જે બોલાવા લાગી એભલ મહેલમાં ગયો—લાખા પરનો હુકમ રદ કરી દીધો. અને મેઘાશાની આશ નિષ્ફળ નીવડી—જોકે ડાહી માના દીકરા મુલીયાએ બાપાની એબ ઉઘાડી ન કરી—માત્ર સમજ ફેર અને ભૂલચૂક બતાવી-ને લાખાનો પરચો બતાવીને વરસાદ વરસાવી દીધો. લાખાનું બારદ રહ્યું. એભલનું માન રહ્યું. અને દેશમાંથી દુકાળ ટળ્યો—આ રીતે મેઘાશાનું બેવડું અપમાન થયું. ને લાખો ભગત શેત્રુંજામાં કાયમ રહ્યો.

મેઘાશાની ઉમેદ બગડી જવાથી તે રીસે ભરાયા—પણ બીજું કાંઇ ચાલ્યું નહિ. હવે વળી દુર્જન માણસ પાછો કંઇ નવો દાવ જોતો બેઠો—મનમાં તો લાખા માટે ઘણી દાઝ ચડી, પણ મ્હોડેથી વાણીઆગત કરી મીઠું મનાવવા લાગ્યો. ને વખત આગળ ચાલવા માંડયો.

વાંચનાર ! હવે અન્નાકુમાર અને લાલનનું શું થાય છે, તે તરફ જરા ધીમી ઝાંખી કરીએ !

બીજો ભાગ સમાપ્ત.

હેલવાડાકર-વાર્તામાળા—નં. ૨૪.

લાલન-વણજારી
વા
પ્રેમ-ઘેલી રાજકુમારી!

ભાગ ૩ જો.

સચિત્ર-નવલકથા.

પ્રકરણ ૧ લું.

હૃદય-સન્દેશ-પ્રેમીને પત્ર!

કુદરતના પ્રવાહમાં પ્રેમના વિમાનનું વહન અલૌકિક માયાવંત છે! પ્રેમના આન્તરિક ભેદમાં ઉંડા ઉતરેલાંને તેની ખરી મિઠાશ માલમ પડે છે. માત્ર સ્ત્રીપરના મોહ ઉપર લોભાઇ જનારા કામી ક્રીડા માટે પ્રેમનું સ્થાન યોગ્ય નથી! માત્ર લાલચુ લોંડી લાડીઓ માટે એ પવિત્ર ધામ નથી. પ્રેમના પાઠકોની ઉચ્ચ વૈકુંઠવાસના તલમળી રહે છે. એવી પ્રેમી મૂર્તિઓનેજ તે યોગ્ય છે! વીરલાં પ્રેમી જનો, જગતની મર્યાદાના બન્ધનમાં આખો કાળ, અથડાઇ મરે છે! રાત્રી-દીન તેમની બળતરા, તેમનાજ હ્રદય--અગ્નિ કુંડમાં, ભડકાથી પ્રજ્વલીત

થતી રહે છે. મેળાપથી અરધી ઘડી, વિમાસણુ અને રદણુમાંજ પસાર થાય છે. વિયોગિની સ્ત્રીઓ દષ્ટિના ઉંચાં ભ્રમરો પ્રતિજ માર્ગ કરતી રહે છે! અફસોસ! પ્રભુના પ્રભુત્વમાં, મનુષ્ય માત્રની આ એક કસોટી છે! સાગરની પ્રવીણુતા, કે કુમારિ કુસુમાવળીની પ્રૌઢતા ક્યાંથી પ્રકાશ પામે? માત્ર હૃદયમાં વિકાસતી છતાં શાન્તિમાં ચીમળાતીજ રહેલી છે!—

દુ:ખયારી લાલનને લાગેલી અજાની લગની, એક વનવાસિ નિર્દોષ બાળાને લાગેલું લગડું, એક અખંડ ફળપર મરાયલી શુક–ચંચુ, એક મનોહર ગુલાબપર રમી ગયેલો બુલબુલ, અને એક પવિત્ર મૂર્તિપર બળવાન મોદ પામેલો પ્રિયતમ, ખરે દુ:ખરૂપ થઇ પડયો. સુખી ને નિર્મળ, શાન્તવતી અને ભાગ્યવતી જીંદગીમાં વમળરૂપ થઇ પડયો! જીવ–પ્રાણી માત્ર, પછી પશુ કે પંખી ગમે તે હો, પરંતુ સ્નેહ વિના જીવન નથી; અને શુન્ય હૃદયનાં ગમાર, તે ગમારજ છે; પણ જ્યાં ખરેખર સાત્વિક ભાવનાના પ્રેમના અંકુરો સ્ફુરતા રહે છે, ત્યાં તેના હૃદયની વનવાડીનાં કુસુમોના પત્ર પરાગની વાસના છેક સ્વર્ગ સુધી પહોંચી જાય છે; પણ તે પરાગનાં ભોગી, દેવરૂપ દમ્પતીજ ગણાય છે!—

પરનારીઓની લોભી વાસનાના ગંધાતા બગીચાનાં કાંટાળાં ઝાડે!, અસુગંધીત ફૂલો, માત્ર રંગરૂપ ને ટાપટીપના હાવભાવથીજ સુશોભિત હોય છે, તેવાં સડેલાં મૂળોનો પ્રસંગ, કોઇને પ્રભુ ન પાડશો!!

ચતુર લાલન, ભોળી લાલન, જો પેલા શાસ્ત્રીજીનાં પોથાં, અને રાધાના વિનોદથી નિરાલી હોત, જો તે ખરેખરી વણુજારૂ માતાના ઉદરમાં પેદા થઈ હોત, જો તેને અજાકુમારનાં દર્શન થયાંજ ન હોત, તો તેની આ હાલત ન થાત! લાખાએ, તેને હજી એવો પ્રસંગ આપ્યોજ ન્હોતો–કેમકે પોતાને શહેરી પ્રજાનો બહુજ કડવો અનુભવ

થયો હતો. જ્યાં સુધી તે વનવાસી અવસ્થા ભોગવતો, તે વેળા તે એકજ ઇન્દ્રિનું જ્ઞાન જાણતો હતો; માત્ર અનાજની પોઠો લાવ-લઇજા કરવી! પણ તે દરમ્યાન એક વેળા, તે એક નગરમાં ગયો હતો, અને એક શાહુકારને ઘેર, માત્ર એકજ રાતવાસો રહેલો હતો. ત્યાં તેના અનુભવવામાં આવેલો બનાવ એવો તીવ્ર થઇ રહેલો હતો, કે આખરે પોતાની વનવાસિની વણજારીજ ખરી, અને શહેરની સુંદરીજ નકામી, એવો ખ્યાલ સજડ પેસી જવાથી, કંઇક વૈરાગ્ય વૃત્તિ થઇ હતી. ને તે પછી તેણે નગરવાસીઓ જોડે થોડોજ પ્રસંગ પાડવા માંડયો હતો; કેમકે તે જનસમાજ તેમના મનને કાપટ્ય-ધુર્તરૂપ લાગ્યો હતો. ને તે અનુભવથી પોતાની પાળક પુત્રી લાલનને પણ નાગરીક પ્રસંગ પાડવા દેવામાં આવતો ન હતો, બલ્કે તેની દૃષ્ટિમાં, એ મોહ પણ ઉત્પન્ન થવા દેતો ન હતો. લાખાની ઇચ્છા એવી થઇ ગઇ હતી, કે આ અવિકારી કન્યાના મનમાં ભગવત સ્વરૂપ દાખલ કરાવી દેવું, અને કેવળ મીરાંબાઇ બનાવી દેવી-પણ કુદરત શું કરે છે, તેની લાખાને શી ખબર હોય? શાસ્ત્રી બાવાને પ્રભુ ઓળખાવવા માટે લાલનના પ્રસંગમાં રાખ્યા, પણ શાસ્ત્રીજીએ તો શકુન્તલાના પાઠ, ને રૂક્મણીનાં પદો શીખવવા માંડયાં-કૃષ્ણ-ગોપીની રાસલીલા, સત્ય ભામાનાં રૂષણાં, અને ઓખા-અનિરૂધની રસીલી વાતો કરવા માંડી. નિર્દોષ લાલનના જુવાનીના અંકુર દાબવા બદલે, વધારે કામ-જાગૃતિથી પ્રફુલ્લિત થાય, તેવાં દર્શન દેખાડયાં; પછી કદાચ શાસ્ત્રીજી પોતેજ લાલનના લાલિત્યમાં ભૂલા પડીને અઘટિત ઉપભોગ કરવા ચાહતા હોય! પણ પરિણામ એ આવ્યું, કે લાલન, અન્નાકુમારને પ્રેમ-પલ્લે પડી, અને આખરે જ્યારે લાખાએ, શેત્રુંજય છોડી જવાનું લાલનને જણાવ્યું, ત્યારે તે અતી પીડા પામવા લાગી; જો તેને શાસ્ત્રીજીનો બોધ, ને કુમારનો પ્રેમ-નાશ લાગ્યો નહોત, તો આ હાલત કદી ન થાત!

આખરે જીવને શાન્તિનો માર્ગ આપવાને, એ સ્થળ તજતાં પહેલાં, લાલને, અન્ના ઉપર હૃદય સંદેશ લખ્યો!

" મ્હારા વ્હાલા પસન્ના !–

વનવાસિની અજ્ઞાન બાળા, આપને શી ઉપમા આપી શકે? તેની હૃદય–તળાવડીમાં કેટલુંક પાણી હોય તે પાઇ શકે? આહા! વ્હાલા કહેતાં–ખરા શુદ્ધ ભાવથી એક ભક્તિની ભામા, પોતાના ભાવી ભરથારને ભેટતાં, પ્રેમભાવે પત્રથી ભેટતાંયે કેટલી આતુરતાથી લચલચતી હોય છે–એ ભાવે હું આ પત્ર લખી–તમને ભેટું છું–પણ અરેરે, મ્હારા પહેલાજ પત્રમાં નિરાશા, નિસાશા, ને નબળાઇ આવશે એમ મેં ન્હોતુ ધાર્યું! કોઇ હઠીલાં ને અભાગી હોય, તે તો હિમ્મત ન કરે, પરંતુ મ્હારાં કિમતી ઝવેરીએ, મુજ સરખી એક ખીણની પથરીને રત્નરૂપ માની છે. એજ મ્હારી હિમ્મતની કસોટી છે વ્હાલા!

ત્યારે મ્હારી યથાકિમત થઇ, તે અરસામાં, હું ભાગ્યથી ભૂલી પડીને ભ્રમણામાં પ્રવાસ કરવા જાઉં છું! જાઉં છું–ક્યાં? પ્રભુ જ્યાં લઇ જાય ત્યાં!–કાં? વ્હાલા, તમારાથી રિસાઇને નહિ! દગો દઇને નહિ! માર્યાદાથી દબાઇને, સમયને શરણે થઇને, કુદરતના કોપથી કંપીને–હું ત્હારી દષ્ટિ–છાયામાંથી જાઉં છું–મ્હારૂં હૃદય અહીંજ રહે છે–કાયા જાય છે! ....

અરેરે, હું વણજારી છું તેથી! હું કાઠી–કન્યા હોત, તો હું જાહેર રીતે, મ્હારા અન્નાની માનીતી રાણી થાત–પણ હા! મ્હારો વ્હાલો અન્નો–મને શી રીતે ગ્રહી શકે? હા! હવે લખી નથી શકતી!

અશ્રુધારા ચાલે છે! હૃદયમાં દુઃખનો ભાર છે! અવયવો કંપે છે! મગજ ફરે છે! શું અંતે અભાગી તે અભાગીજ ભાગી! હા!—

ખીલી કળી ફૂલબાગમાં, ચીમળાઇ કાચા તાપમાં;
ન સુગંધ દીધી પ્રેમીને, ફૂલાઇ નહિ મન–માપમાં.

વ્હાલા ? આફતની વાત જાણી હશે ! પિતાજી લાખાજીને બાપુ એભલે દેશ ત્યાગ કર્યો છે. તે સાથે હું પણ જાઉંછું. વેલી સાથેજ ફૂલ–કળી જાય છે !–પાકી નથી તે ખરી પડે ! વ્હાલા ! બને તો વ્હાર કરજો. નીકર હવે કયાં મુખડું જોઇશ ?

લી. ત્હારી ગમાર લાલન.

લાલને કાલી ઘેલી વાત લખી કહાડી ! વારંવાર વાંચતી વિચાર કરવા લાગી ! આ પત્રથી રખે વ્હાલાના અંતરપર કંઇ ઘા થયાની અસર લાગે ! શું ખરે તે મુજ વણજારીને રાણી કરી શકે ? ના–તેને ઘણી મળશે–કદી તાજા ફૂલની સુગંધીથી બે દહાડા પત્ર રાહની અસર જણાશે, પણ પછી કરમાયલાં ફુલ પેઠે વીસરાઇ જશે–પગ આગળ દબાયા છતાં, દૃષ્ટિ દુર દુર ઉડતી જશે ! ખરે માત્ર બે ઘડીનીજ આ કુદરતી રમત મળી ? હજી તો આ હૃદયના ભાવની પીરસાયલી પ્રેમ થાળી તો ખાલીની ખાલીજ છે ! અરેરે. આ માંસલ કાયાના યૌવનનું હૃદય–ભાણું અખંડજ છે ! શું મોંમાંથી કોળીયો પડી જવાનોજ હશે ? હા, એમજ ! બસ, લાલન ! ભાવી ! ત્હારાં ભાગ્ય ! વળી બિલાડીને ખીર કેમ પચશે ? કાળી કોયલડી તો વગડાનીજ ભોગી ! જા–જા ! ઉડી જા !–સંદેશો લઇ જા–વ્હાલાને ખબર દે કે—

"પીયુ પરદેશીને કહેજોરે મ્હારા પ્રણામ
કહેજો કે ગઇ દીન–દારા........."

આહા ! તળવળતી લાલન આમ રીબાતી, અન્નાને પત્ર મોકલવા ચાલી.

પ્રકરણ ૨ જું.

પ્રેમીનો પ્રત્યુત્તર.

પ્રેમ-ઘેલી લાલને, પોતાના માનસિક વિચારોનું આન્દોલન કરીને પ્રિયતમને પત્ર તો પહોંચાડયો!-વનવાસીઓની નિર્દોષ અને મુગ્ધા અજ્ઞાન જીંદગી બદલાઈ ગઇ, અને સો ટચના સોનામાં સહજભાર ત્રાંબાનો ટુકડો પડયાથી તેમાં કઠણતા આવી. આ રંગે રંગાયલું લાલનનું હ્રદય, હવે એવાજ માર્ગપર ચડી ગયું; એવાજ ચિન્તન પર ચડી ગયું; દીનરાત કામ-વ્યથામાં દેહને દઝાવા-ઝલાવા લાગી! પ્રેમની મહાવ્યથા તો પ્રેમીયોજ જાણે! અને જો તેમાં પુરૂષના હ્રદય પર પેલી પ્રેમ-પિશાચણી ભાગી-અભાગી, નાજુકડી નખરાળી, નારી ચડી બેઠી, અને જો તે લોભી-કામી તથા પાત્ર કુપાત્ર નીવડી, તો પછી જોઇ લ્હેવા અભાગીયાનો ભાગ!-આ પ્રસંગમાં તો જેમ નાયક અજાકુમાર સુપાત્ર ને નિર્મળ હ્રદયનો પ્રેમી છે. તેવીજ રીતે ભલી ને નિર્દોષ, રંક ને ગુણી લાલન છે.

માલણદ્વારા, સખી રાધાને સમજાવીને, પોતાના વ્હાલા મણી અજાકુમારને પત્ર તો પહોંચ.ડયો-હવે જવાબ શું આવે છે, તેની રાહ જોવા લાગી!—

પ્રિયતમ ક્યારે મળે !—

વ્હાલો કયારે મળે! મ્હારી આશા ફળે, દીલના દાહ ઝીલે,' ઇત્યાદિ સંગીતની ધ્વની, હ્રદયપટમાંથી રણઝણટ કરતા સીતારના તાર જેવા બહાર પાડતી હતી! અને અધીરાં મનડાંને વિશ્રામ અપાતી હતી!

અરે ! આ વેળા વ્હાલું પંખી શું કરતું હશે ! ઝરૂખાની બારીમાં, વ્હાલીની વાટ જોતું હશે !—

આ શુદ્ધ પ્રેમીના હૃદયની વાંસના હોય છે ! એ ટાણે તે ચોરની પેઠે ભય પામતું, રંક હૃદયનું, અપરાધી, અને સર્વજનનું કેમ જાણે ઓશીયાળું બ્હીકણુ મૃગલું હોય, તેવી તેની સ્થિતી હોય છે ! જો એક પક્ષ સાચો હોય તો બીજો પક્ષ લગાર જુઠ્ઠો—રંગમાં રગદોલાયલો હોય છે ! રીસામણાં ને મનામણાં, આ વિનોદ, માત્ર તેની દીનચર્યા હોય છે. પત્રો, એ તેનો ખોરાક છે ! વિષય-વાર્ત્તા, એ તેનો આનન્દ, અને રસ—ભાવના, એ તેનું જીવન હોય છે ! વિપત્તિ અને વિઘ્ન તેનો શીર—ગૃહ છે ! અપરાધ ને દોષ, હરપળની ચિન્તા છે.

શત્રુ આખું જગત છે ! ચંદ્ર કે ઝાડનાં પાન પણ શત્રુ છે ! માત્ર રાત્રી તેની સાથી—સખી ને સંગી છે ! પણ તે વિલાસની હોય તો ! વિયોગની રાત્રી તો તેની વૈરણીજ છે !

ઘણાં જનો પોતાની પરણેલી પ્રિયાના સુખમાં જ્યારે સ્વર્ગ સમજે છે, ત્યારે કેટલાક પરકીયાના ભોગી હોય છે ! ભ્રમિત મગજ, પરકીયાના પ્રેમમાં આનન્દ માને છે ! જ્યાં અછત અને બહુ કાઠીણ્યતાથી સાંપડનારી વસ્તુ વધારે વ્હાલી અને કિમતી કહેવાય છે ! પણ તેમાં જોખમ, ભય, ત્રાસ અને દુઃખનો સુમાર નથી ! ડાહ્યા શાણા રંક હૃદયના, સત્યાગ્રહી, અને વિવેકી પુરૂષોનો એ પંથ નથી ! એમ અનુભવીઓ કહે છે !!......

લાલનનો રસાળ પત્ર વાંચીને, અન્નાકુમારના હૃદયમાં એટલી તો ઊંડી છાપ બેસી ગઇ, કે અગર જો લાલન એક કંગાલમાં કંગાલ માબાપની કન્યા હોય, તોપણ તે પોતાને માટે કિમતી રત્ન છે !—તેને ખાતર ભલે કદાચ રાજ ત્યાગ કરવો પડે, તોયે તેને માન્ય છે !

આહા ! દીલદીલાવર છે ! જ્યાં અથડયું, ત્યાં ખાડો ખાબોચીયું, કે સરિતા-સાગર જોતુંજ નથી !—

અન્નાકુમારે, પોતાની પ્રિયતમાને કેવો પ્રત્યુત્તર આપ્યો હશે ? નવીન રસભોગી પ્રેમીના અંતઃકરણમાં, પ્રેમના પ્રારંભની લહેરીયો કેવી નિર્મળ ઉડતી હશે ? તેની હૃદય-કળીમાંથી પ્રભાતના પવનનો કેવો પરાગ ઉડતો હશે ? લગાર વાંચીયે તો ખરાં !—

પ્રિય લાલન !

અંધ-પ્રેમીયોની શ્રદ્ધા, માન્યભૂત અંગ પ્રત્યે અખંડ પ્રભુતાના અંશમાં મળેલી હોય છે ! તું અજ્ઞાત વનવાસિની છતાં, અભ્યાસે તને ચતુર સ્ત્રી બનાવી છે, એટલે શું કહું ! પ્રેમ વસ્તુમાં કુદરતે સ્વાભાવિકજ સુગંધ પ્રેરી છે ! એ પુષ્પોમાં અત્તર છાંટવાની અગત્યજ રહેતી નથી. તેમાં જ્યાં દીલનો પરાગ મળ્યો એટલે ચોમેર, હૃદય-ચાદર માત્ર પ્રેમ-સુવાસથીજ ચોળાયલી હોવાથી શયન-સ્થાન મ્હેકી રહેલું હોય છેઃ—

પ્રાણપ્રિયે ! ત્હારા ક્ષોભ પામતા હૃદયથી નીકળતા ઉદ્‌ગાર, જે સંકોચાતા મનથી નીકળતા વિચારોએ, જાણે લખતાં લખતાં તને એમ થયું લાગે છે કે રખે વ્હાલો, આમ લખવાથી રાજી થાય કે રંગાય ? તે પ્રીય લાલુ ! વ્હાલાંઓનાં દોષ, જ્યાં પ્રેમાંધ શ્રદ્ધા હોય, ત્યાં તે જોતાંજ નથી. સાંભળ !—પ્રિય લાલુ ? પ્રેમીયોનાં પવિત્ર અને નિર્મળ હૃદયની આ કાવ્ય ભાવના જો !—

રાગ દેશ.

અવગુણની તરફ નથી જોતાં બે—સ્નેહી ને હિતકર;
સદગુણ શોધક બની રહેતાં બે—સ્નેહી ને હિતકર—ટેક.
કસ્તુરીનો રંગ છે કાળો, પણ સદગુણ છે કિંમતી ભારો;

એજ ભલાંનો આશય ભાળો, તેને વળગી રહેતાં બે—
(કોણ?)—સ્નેહી ને હિતકર—(૧)
વડ-છાંયો કે રવિનાં કીરણો, નથી જોતાં તે ઉંચ-નીચ વરણો;
આપે નિજ ગુણ લાભ સકળ જો, ફરજ કદી ન વિસરતા બે—
(કોણ?)—સ્નેહી ને હિતકર—(૨)
રંગ કસુંબી રંગજ આપે, સજ્જન તો પર દુઃખજ કાપે;
ઉત્તમ સદ્દગુણ પર મન થાપે, વીરલા જગમાં જોતા બે—
(શું) સ્નેહી ને હિતકર—(૩)
મ્હારૂં મેં મુખથી કહ્યું મ્હારૂં, જીવન સુધી નહિ થાયે ન્યારૂં;
ભલે ઉઝળે પછી ભવનું બારૂં, પ્રેમ-સુખ નથી ખોતાં બે—
(કોણ?) સ્નેહી ને હિતકર—(૪)

જીલ્લા—લાવણી.

અજબ સમયની ગતિ ન કળાયે, કોઇથી આ જગ પટમાં:
કઇ ઘડીએ કંઇ અચરત થાશે, બદલાશે રંગત ઘટમાં—ટેક.
એક પ્રસંગે પ્રેમી ભવનાં, એક પ્રસંગે દાહક દવનાં;
એજ પ્રેમ ને એજ જીવડાં, બદલાતાં સંગત તટમાં-અજબ૦
જેને માટે પ્રાણજ આપે, એ તેની ગરદન અહીં કાપે;
એજ સમય ને એજ ઉથાપે, કુદરતની રંગત પટમાં—અજબ૦
જ્યાં સુધી લ્હેણી-દેણી છે, ત્યાં સુધી શારની વેણી છે:
પછી ડંસ કરશે—કહેણી છે, સમજુ જનની જગ-વટમાં-અજબ૦
નથી સમય સરખો સુખ-દુઃખનો, બદલાતો તાપ-છાંયો રૂખનો;
એજ શાન્તિ ને એ દીન ભુખનો, અકળ લીલા છે ભવ પટમાં—અજબ૦

વ્હાલી લાલન! પહેલું કાવ્ય, શ્રદ્ધાળુ પ્રેમીઓના શરૂઆતનું બિન્દુ છે, ત્યારે બીજું કાવ્ય, તેની અશ્રદ્ધાનો ભાન બનાવે છે!

બીજાું કાવ્ય, આપણા હૃદયને વધારે દઢ કરનારૂં છે ! કેમકે તેમાં આપણા વેગી–મનડાંને વારંવાર રોકવાની દવા છે. અનેક પ્રસંગ, અનેક સંજોગ, અનેક સાધન અને અનેક રાગ એવા આવશે, કે તે વેળા, વાત-વાતમાં વિવાદ, વ્હેમ અને વિચાર, શૂલ પેઠે નડતા આવશે ! મનને ઓછું પડશે–ને દીલમાં દાહ થશે ! પરબન્ધન અને પરભવ જેવી પ્રેમીયોની અવસ્થા છે. તે સ્વતંત્ર નથી. જો કે આપણો સ્નેહ પવિત્ર અને પ્રભુત્વવાળો છે ! ભાવીમાં એક થઇશું, પણ જગતના પ્રવાહમાં આપણી આશા, વાવાઝરડાં વેળા, સાગરમાં ડોલતાં વ્હાણ જેવી છે ! જગતે, મને રાજકુમાર કલ્પ્યો છે, અને તું ભલે અન્તરમાં રાજતેજોમયી પટરાણી થઇશ, પણ પ્રસ્તુત વણજારી છું. ને એવા સંજોગે, આપણે પરવશ છીયે ! માબાપની મર્યાદાના બન્ધનની બેડી આપણા હાથ–પગમાં છે; ને તેથી તે છુટતાં સુધી જે જે વિટમ્બના વેઠવાની છે, તે વેઠવી પડશે !

તું સ્ત્રીરૂપ, કુદરતેજ તને કોમળ બનાવી છે ! જો કે વિપત્તીમાં અબળા જેવી સદઢ ને હિમ્મતવંત, પણ પુરૂપ જાતી નથી; તે છતાં અંતે તું કોમળ કળી જેવી છું, ને તેથી તને આ પ્રસંગો અકળાવશે–વળી તું વનવાસી બાળા છું. નાગરીક કાપટય અને તેના દ્વેષભાવનો તો સ્વપ્ને પણ અનુભવ ન હશે ! તું એકાન્ત, સાદી જીંદગી ગુજારે છે ! પિતાનું માનીતું પુષ્પ છે. જગત કેવું અને કયાં છે, તે તું જાણતી નથી, આ એકમાર્ગિય અનુભવમાં ત્હારાપર જો ઇર્ષાનો દવ પડે, તો નક્કી તું દાઝશે; માટે તને ચેતવું છું ! પ્રેમનો તને અલૌકિક પાશ લાગ્યો છે. તું તે પંથ જાણતી નથી. અલબત મને પણ તેમજ છે; પણ કંઇક કુદરત અને કંઇક જગતનાં જીવનથી હું તો સહજ જાણી શકયો છું. ગ્રંથો કે કલ્પના તો જુદીજ છે ! હું માત્ર "અનાઘ્રાતં પુષ્પં" જેવી અવસ્થા જોઇ છે; ને તેથી એટલુંજ કર-

વાનું છે કે હૃદયમાં દૃઢતા, વ્હેમનો પરિત્યાગ, ને વિશ્વાસુને સ્થાન દેજે ! હું પણ દૃઢ રહીશ—

પ્રિય લાલુ ! તું નિર્ભય રહેજે ! હું ત્હારો રક્ષણહાર થયો છું ! હું દુષ્યંત જેવો વિસરાગ ભોગી ભ્રમર નથી ! ત્હારે એમ કરવાની જરૂર નથી ! ભલે, તું વણજારી, પણ મ્હારે મન તો સુખની ક્યારી છે ! પ્રેમીયો સદા આ પદના ચક્રપર ચડેલાંજ હોય છે, માટે તે ચક્રાવો ફરવા માંડે, તો ભય ત્યાગીને સંગ્રામમાં ચડવા તૈયાર રહેવું એજ વિજ્ઞપ્તી.

લી. ત્હારો પ્રેમાળ **અન્નો.**

તા. ક. પ્રિય લાલુ ? ત્હારે આ પ્રદેશ તજવાનો નથી ! કેમકે પ્રેમીયોનાં હૃદય તો હજારો કોસપરથી પણ, હૃદયને જોઇ શકે છે ! પિતાજીએ કદાચ કોઇ પાપીના પ્રપંચથી તમારા પવિત્રાશ્રમને ઉખેડવા યત્ન કર્યો હતો, પણ પ્રભુ સહાય થયો છે ! હું જો કે તરત વેળા તે પ્રસંગ અટકાવવા સમર્થ નહોતો તોપણ મ્હારાં વ્હાલાં માતુશ્રાને આડકતરી રીતે કહીને ત્હારી આશાનાં મૂળમાં જળ-સીંચાતું કન્ત ! માત્ર ત્હારેજ ખાતર કરત, તેમ નહિ, પણ તેમાં મ્હારી આશાએ જડ ઘાલેલી છે. ને હવે તે સદૃઢ કરવા માટે મ્હારાથી બનતો શ્રમ લઇશ. તું નચિંત રહેજે—

કદાચ પ્રેમપર પ્રકોપ થાય, અને ત્હારે આ સ્થાનનો ત્યાગ કરવો પડે, તો હૃદયને નરમ ન કરીશ—હું તને ત્હારૂં સ્થાન શોધીને મળીશ, ત્હારા પિતાનું હું શરણ લઇશ—ત્હારે ખાતરે જે કરવું હશે, તે કરીશ—અને ત્હારી પ્રેમાળ મૂર્તિને સદાની મ્હારી છાંયા તળે રાખીશ.-તુંજ મ્હારૂં રાજ, વૈભવ અને જીવન છે, એટલું વચન એ-ભલવાળાના કૂળનું બસ છે.

લી. અન્નો.

આ પત્ર, વ્હાલી લાલન પ્રત્યે ઉડયો તો ખરો, પણ વચ્ચે ઝડપાઇ ગયો! કયાં ગયો ?–

અફસોસ!—એભલ વાળાના અંતઃપુર તરફ, પ્રથમ રાણીશ્રીના હાથમાં, અને પાછળથી એભલની દૃષ્ટિમાં !—

વિપત્તિના વાંસામાં કાળું ધાબું હોય છે!–અને તેને ચૂડેલનો વાંસો કહેવામાં આવે છે! એ વાંસો, પ્રેમીયોની પાછળ પડેલો હોય છે! જો તેમ ન્હોત, તો પારકી પીડા વ્હોરનારૂં જગત, નિર્દોષ પ્રેમીઓના વિલાસ-ભૂલન પૂંઠે નાહક શ્રમ વેઠીને અફળ કર્મ મેળવવાનો પ્રયત્ન ન કરત! કુદરતની ગતિજ ન્યારી છે!!—

પ્રકરણ ૩ જું.

નવું—પ્રયાણ.

લાખા વણજારા પ્રતિ અભાવનો રોપ સુકાયલો વારંવાર તાજો થવાથી, એભલના મનને અતી પ્રકોપ થવા લાગ્યો! હજી પેલી હરણી અને દુકાળની હકીકત વીસરાયલી ન્હોતી, હજી પેલી તેની છોકરી અને કુમારની વાત બંધ પડી ન્હોતી, ત્યાં નવો મુદ્દો નીકળ્યો! મેઘાશા તો વાટજ જોઇ રહેલો હતો—પોતાની ધારણામાં નિષ્ફળ નીવડીને બેવકૂફ બન્યો–તથા લાખો ફાવીને સતો બન્યો, તેથી તે ક્રુર નાગ પેઠે ઝેરી તો બની રહેલો હતો–તેને આ એક નવો ખોરાક મળ્યો.

એભલના હાથમાં, અબાના હાથનો લાલન પર લખેલો પત્ર જવાથી, દરબારનું મન બહુ ઉંચું થઈ ગયું, તેણે પોતાની રાણી સાથે મસલત કરી; પણ કોઇ સુલભ માર્ગ હાથ ચડયો નહિ. અંતે

આ કાર્યમાં પણ કારભારી: મેઘાશાની મદદ લ્હેવી પડી–મસલત કરવી પડી !

મેઘાશા ચતુર વાણીયો–નંદ કંદન હતો. તેણે ધારે રહીને, વાણીયા ગત કરી કહ્યું.—

" બાપુ ! લાખો વણજારો જેવો તેવો માણસ નથી. એક તો ભગત, બીજો જાદુગારો, ને ત્રીજો બળવાન; ત્યારે હવે તેની સામે જે કંઇ કરે, તે મ્હારા જેવો તો પાછોજ પડે ! આપ ધણી છો ચાહે તે કરી શકો ! "

" મેઘાશા, તમે નબળા ન થાઓ ! શું કરવું ને કેમ કરવું, તે મ્હારૂં કામ છે. પણ સલાહ આપવી–સુચના કરવી, એ તમારૂં કમ છે ! કોઇ રસ્તો એવો સુજતો નથી, કે બન્ને બાજુ સરખા ત્રાજ-વામાં તોલાય ! કુંવર હવે હઠ પર ચડયો છે. તેને વણજારૂ લગની લાગી છે, હવે કરવું કેમ ? "

" બાપુ, તમે જાણો છો તો ખરા, કે વણજારૂ લોકો વશીકરણ વિદ્યામાં કુશળ હોય છે. કુમાર પ્રથમથીજ સપડાયલા છે. હરણી તજી દાધી, તે વખતથીજ મેં તો જાણ્યું હતું. પણ ધણીનો કોણ ધણી ? આ ખરૂં કહું તો માર્યો જાઉં ને પેટપર લાત પડે–જગતનો અપવાદ ચડે; બાકી સુરદાસ ભક્ત સહાય ન થયો હોત તો કદી પણ વરસાદ આવત નહિ–ને લાખાની લાજ રહેત નહિ ! એ કામમાં તો આપણું નાક કપાયું છે! એભલ બાપુ હુકમ કરે. ને પાછો ફરે. તે તો લાખો જાદૂ ન કરે, ને સુરદાસ વ્હારે ન ચડે, તો શું બને ? પણ ન બોલ્યામાં નવ ગુણ ! ફક્ત લાખાનાંજ આ પરાક્રમથી તેણે વરસાદ બાંધ્યો, ને તેણે છોડયો. મૂળ વાત એ છે કે તેને પોતાની છોડી કોઇ રાજ વળામાં નાખવી છે, ને તેથી અનાકુમાર બાપુને લાલચમાં સપડાવ્યા છે. મોહ પાશમાં નાખ્યા છે. બાળક બુદ્ધિ અને

એકાન્ત, તેમાં જુવાન રૂપાળી કન્યા, અને જાદુ-વશીકરણનું જોર ત્યાં બાળકુમારના શા ભાર? નકી સપડાઇ ગયાજ હશે! પણ જો મરજી હોય, તો કુમારનું મન રાખો?" મેવાશાએ હાનકાપણે સળગી દાઝ કશાડી, ને એમલને ઝંખવાણો પાડી દીધો.

"મેધાશા? આ શું બોલો છો? વાલ્લા કૂળમાં એક વાવરણુ લાવવા માગો છો?"

"તો શું કુંવરનો ભોગ દેવા માગો છો? જો રાજ હઠ કરી તો શું કરીશું?"

"એકવાર તેના મન-મગજને તેણે બીજે દોરવી દીધું, ને લાખા તથા તેની છોકરીને દુર કરી દીધાં, પછી શી હરકત આવશે?"

"એ તો મ્હારી મૂળ વાતજ હતી!" મેવાશાનો બોલ ઉપર રહ્યો. ને તક મળતાં ટાણો મારી દીધો.

"તો હવે શું કરવુ?"

"કંઇ લાખાને દેશપાર કરી શકાય, તેમ તો છેજ નહિ! તેમ હવે અપવાદ પણ કંઇ મુકાય તેમ નથી. તો શું કરી શું?"

મેવાશાએ મફતની લપ લગાડી, અને એમલને અકળાવીને છેવટે મગનુ નામ પાડયું.

"બાપુ! એક ઉપાય છે! કુમારશ્રી તથા રાણી માતાને હાલ થોડા વખત માટે યાત્રા-નિમિત્તે સુદામાપુરી તરફ રવાના કરો, અને લાખાને તથા તેની છોકરીને અહીંથી લાંબે દેશાવર રવાના કરો!"

"પણ કયા ઉપાયે તેને રવાના કરીએ?"

"મને એક ઉપાય એ સુઝે છે, કે આવતા માસમાં હરદ્વાર બદ્રી કેદારનાથનો કુંભ મેળો છે. અને આપણને ઉત્તર પ્રાંત કસ્મીર પ્રદેશમાંથી ઘઉંનો બહોળો જથ્થો લાવવાનો છે. માટે લાખાની પોઠો, તે લાવવાને મોકલવી, અને લાખાને તે તકનો લાભ આપીને યાત્રાએ

મોકલવો—લાખો કંઇ એકલો તો જવાનો નથીજ ! તેની પુત્રી સાથે જશે. ને શેત્રુંજય પોતાની મેળે ખાલી થશે, લાખાને હવે કશો શક જાય તેમ નથી. તેને આપે જાતેજ બોલાવીને સમજાવવો, કે ગયા દુકાળના પ્રસંગે આપણા દેશમાં અનાજ ખૂટી પડયું છે. ને રાજના કોઠારો પણ હવે ખાલી થવા આવ્યા છે, માટે તે પાછા ભરી રાખવાની જરૂર છે. દેશ–વિદેશમાં તપાસ કરતાં, ઉત્તર પ્રાંતમાં ઘઉંનો ગંજાવર પાક છે, માટે રાજના કોઠારી સાથે ઘઉં ખરીદી લાવવા–ને અહીંથી પોઠો લઇને ઉપડવું. આ ગોઠવણ ઉમદા છે, ને તેથી સર્વ ઇચ્છા પાર પાડશે ! વખત વીત્યા પછી ' આણી ચુકયું સો વરસ " અરે બાપુના ધ્યાનમાં ઉતરે તો આ સિવાય બીજી ગોઠવણ મને તો કશી સુઝતી નથી !"

"વાહવા ! ધન્ય છે મેઘાશા ! તમે બરાબર નજર પહોંચાડી છે ! સાપ મરે નહિ; ને લાઠી ભાગે નહિ ! રાણી તથા કુંવરને એકાદ બે માસ બહાર ગામ મોકલીશું. દરમ્યાન—

"કુમારશ્રીનાં વેવીશાળની ગોઠવણ કરો, અને ગળામાં ટોક ઓળવી દો—એ તો નવરા છે, ત્યાં સુધી જ્યાં ત્યાં નજર દોડાવે છે. બાકી ઘરમાં સાધન મળ્યું, એટલે કંઇ બહાર દોડાવાનું નથી. વળી દરબાર–કચેરીના કામમાં ગુથન કરી દીધું, એટલે નવરું રહે કોણ, ને ડાફયણ જુએ શું ?"

"બરાબર છે. શાબાસ છે તમને ! આ ખરી તક વખતે શુભ સલાહ માટે લ્યો ઇનામ ! —" એમ કહે પ્રસન્ન થઇ જઇને મેઘાને હાથમાંથી એક હજારની વીંટી કહાડી આપી, અને લાખાને રૂબરૂ બોલાવવાની ગોઠવણ કરી, છુટા પડયા—મેઘાશા મનમાં મલકાતો મલકાતો ઘેર ગયો, પૂર્વનું વૈર પાછું કર્યું જાણી આનંદ પામ્યો.

પ્રકરણ ૪ થું.

લાખો અને એભલ.

(કસ્તુરીની પોટલીમાં ઝેર.)

મેઘાશાની સલાહ પ્રમાણે, એભલે અમલ કરવાનું નક્કી કર્યું, ને લાખાને ઘણા માન સાથે બોલાવ્યો-પોતાના ધણીના માનવંત તેડાંથી રાજી થઇને લાખો તરતજ આવ્યો. "રામધણી કે ગામધણી" બન્ને એક ગણીને આવ્યો. કેવળ નિર્મળ ને નિખાલસ દીલનો લાખો, જાણે પોતાના ધણીપર વારી જતો હોય, ને રીતે દેખાવ કરતો આવ્યો. એભલે તેનો સત્કાર કર્યો-હુક્કો પાયો-પાસે બેસાડીને કસુંબો પીવરાવ્યો.

"બાપલા વાળા? લાખાનું આ ટાણે હું કામ પડયું? જે હોય તે કહીદે; આ કાયા એભલની સે!"—

લાખાએ ખુલ્લા દીલે માગણી કરી-એભલને તો ભાવતું હતું, ને વૈદે કહ્યું—

"લાખા! હું સારી રીતે જાણું છું, કે મારા રાજ્યમાં તું જેવો બ્હાદુર લડવૈયો ને રાજભક્ત નર છું! અરધી રાતે ખપ પડે, માથું આપે તેવો છું બાપલા! આજે ત્હારો ખપ પડયો છે. ને તે તું વિના બીજો કોઇ પાર ઉતારે, તેમ નજર ન પ્હોંચવાથી ત્હારા ઉપર આશાનો કળીસ ઢળો છે."

"કહે, મ્હારા બાપલા! ત્હારા માટે આ ડોકું તૈયાર સે!"

"ડોકાંનો વખત તો દૈવ ન લાવે; પણ ત્હારી ભક્તી ને ભાવના છે, તો આપણી વાળા ધરતી ખાતર તકલીફ લ્હે-ને ખુટી ગયલા

કોઠારમાં દાણા ભરી દે ! "

"મ્હારી કને જેટલું અન્ન હતું, તે મેં ત્હારાંજ રાંકડાંને ખવરાવી દીધું છે. હવે તું હુકમ દે બાપા, તો આભ કે જમીન ફાડી લાવું !"

"બનારસ ઘઉં બહુ પાકયા છે. અને ત્યાંથી હજારો મણની પોઠો લાવવાની છે. તું વણજારો વેપારી છું. અને ત્હારે ત્યાં હજારો પોઠો છે. માટે હિમ્મત કર, અને દીકરા જઈ ત્યાંથી લઇ આવ ! નાણાંનો ગાંસડો બાંધી જા—સાથે કોઠારીને પણ લ્હેતો જા ! વળી એક પંથ ને બે કાજ કરતો આવજે ! હરદ્વારમાં કુંભ મેળો છે. ને બદ્રીકેદાર પણ જવાય તેમ છે ! આ એભલવાળાનો ખજાનો લાખા માટે છે; માટે જા—ને એવડું કામ કરતો આવ ! મ્હારી તો હવે અ-વસ્થા થઈ છે. સડસઠ તીરથ હવે મ્હારે તો તળ જું છે. લાખા !"—

"ભલે, મારા બાપલા ! ત્હારી એમ મરજી હોય તો ભલે—હું જાતે જાઉં-ને ત્હારૂં ધાર્યું કરી આવું !"

"ત્હારી પોઠોને પ્રથમ રવાના કરી દે—ને પાછળથી તું તથા કોઠારી, આપણો સીગરામ સાથે લઇને જાઓ—અને બે વળાવીયા-બે ભોમીયા ને બે બીજા હથિયારબંધ સિપાઈ લઈ જાઓ—મ્હારા રાજ્ય નો મોભો જાળવી આવ !" એભલે સાકરના કોથલા બતાવ્યા.

"બાપા ! તારૂં પુન્ય જ્યાં ત્યાં પડેલું છે. લાખાને વળી વળા-વીયા ને ભોમીયા કેવા ! લાખો પોતેજ ત્હારો ગુલામ નોકર છે. માટે તે માન દીધું એજ બસ છે ! હવે હું ત્હારી મરજી મુજબ તૈયારી કરૂં છું બાપા !" લાખો ભલા દીલે અમલ કરવા ઉઠયો.

"પણ મને ખબર આપજે, લાખા ! ભાતું કરાવવાનો હું હુકમ આપું છું !"

"ના. અમારે વણજારૂને ભાતું ચાલતે મારગે રોટલા—જો ફાલા—ફૂલી કરવા જઉં તો વેપારીયો જાણી જાહે—માટે વણજારો થઇને જાવાદે—

"વારૂ જેમ તારી મરજી–પણ કોઇને હાલ ખબર ન પડે હાં, તેમ જવું ! જતાં પહેલાં ખબર દેતી, ને જ્યાં જ્યાં જાય–ત્યાંથી તારી તબીયતના ખબર આપજે–અહીંની ફીકર ન કરતો !"

"અહીં તારો અમલ છે. વળી ડુંગરમાં ફકત પાંચ માણસ વિના કોઇ રહેવાનું નથી. મારી દીકરી પણ મ્હારી સાથેજ આવનાર સે. કેમકે એકલી રહેવાની નથી !" લાખાએ હકીકત કહી–તેથી એમલનું દીલ ઠર્યું.

એમલ અને લાખાની વાતમાં જે ભેદ રહેલો હતો, તે મેવાશા વિના બીજું કોઈ જાણતું નહતું, પણ લાખાને પોતાની કન્યાને સાથે લઇ જવાનું કહ્યું, એ શબ્દ કુમારના કાનમાં પડયા. ખાનગી ઓરડા નજીક વંડા તરફ કુમારનું જવું, ને લાખાનું બોલવું, તેણે સાંભળ્યું, ને શકમંદ મન થયું: દરમ્યાનમાં તો તેને કાને વાત આવી ગઇ. જો કે લાખાને પણ વાત બહાર મુકવાની મનાઇ કરી હતી, પણ વિજળીજ વાયુ વેગે સંદેશો લાવી આપતાં હતાં ! જો કે રાણી તથા કુમારને પણ બહાર ગામ ઉપડવાનું હતું પણ કયાં જવું, તે ઉપડવાની છેલ્લી ઘડીયેજ જણાવવાનું હતું. પણ લાખો અને લાલન ઉપડવાનાં હોવાની ખબર તો કુમારને સહજવારમાં આવી ગઇ હતી, કેમકે ત્યાં વિજળીક તાર ચાલતો હતો. પ્રેમીયોનાં દીલનો દેતી સદેશો ચાલતો હતો.

પ્રકરણ ૫ મું.

લાલનને કુમારનો કોલ !

" દુનિયામાં પ્રેમી ક્યાં બધે, મતલબની યારી છે........એ
પોપટ જેમ પઢે જતો, અચરે અચરે રામ;
મુરખ જન તેમજ બકે, પ્રેમ પ્રેમનું નામ;

ક્યાં છે સાચો પ્રેમી, અરે હાં........હાં;
ક્યાં છે સાચો પ્રેમી, કયા છે સાચી પ્યારી રે.....દુન્યા
પ્રેમી પ્યારી કરી મરે, પ્યારી મરે મિજાઝ;
પ્યારી પીયુ પીયુ કરી મરે, પ્યારા રંડી બાજ-
ગયો સાચાનો વખત અરે હાં...........હાં
ગયો સાચાનો વખત, દગલબાઝીની બારી છે..... ..દુન્યામાં
સાથે મરવું જીવવું, પ્રેમીજ તેનું નામ;
નવીન પ્રેમી પતંગીયું, બાળે દેહ તમામ;
ભજે બેઠાં સુતાં પણ, અરે હાં........ હાં
ભજે બેઠાં સુતાં પણ, પ્રેમીની તો બલીહારી છે...દુન્યામાં

"વ્હાલા જીગર! મને હૃદયમાં ઘણી અધીરાઇ આવે છે! એક આંખ તે આંખમાં નથી, ગરીબની જીંદગી તે જીદગીમાં નથી. લાડકડો આશક તે આશકમાં નથી, રાજ વૈભવની આશામાં ગરીબ રત્નની ખાણમાં કંકર, અને સાગરની લ્હેરમાં ખાઓચીયું, તે ગણત્રીમાં નથી. હું રંકને હલકી વરણમાં ગણાતી રાજકુળમાં પગલાં કરવાની આશામાં છું; કદાપી મ્હારી જુવાની કે ઉછરતા રૂપપર હાલ તમે માન આપતા હોય તો? તમે મ્હારૂ ભૂખ્યાનું ભાણુ છે. ખાધું નથી ત્યાં સુધી એમ થાય છે, કે રખે ઢળી જાય; તમે મ્હારા વિરહ રજનીના શિતળ ચંદ્ર છો! મને એમ થાય છે. કે રખે તમે ચીડાઇને ચાલ્યા જશો તો! તમે મ્હારા લાડકડા હૃદય રંગ છો, મને એમ થાય છે કે રખે તમે વિસરી જશો તો? તમે મ્હારા આશાના ચન્દ્ર છો, રખે તમે છુપાઇ જશો તો? તમારા રૂપપર કુમુદ ફુલ પણ ફીદાજ! તમને નિરખવાને વાદળીયો પણ મગરૂર! તમને જોવાને પૃથ્વી પણ હર્ષઘેલી બને-રાંકને રતન, નિર્ધનને ધન અને ભૂખ્યાને અન્ન વ્હાલું હોય છે પ્રાણેશ!"

" વાહવા ! શાસ્ત્રીજીએ ઠીક રસભાવના બતાવી ! ધુળમાં સોનું હતું. તે અલંકારરૂપ થયું ! સાગરની છીપનું મોતી હવે કંઠની માળામાં—

" ના, કુમારજી ? મુકુટની લટમાં નહિ ?

" ના, લાલન સાંભળ.

વિલાસમાં નયન સમક્ષ-કંઠ-માળમાં ઝુલે;
અધર ચુંબન સમે પ્રીયા સ્વહસ્તમાં ડૂલે-ભુલે !
મહા મુનિ સમા એ માળમાં સમાધી છોડતા;
આ દૃષ્ટિ મૂળ ત્યાં જતી, પ્રીતિનું પાત્ર જોડતા.
પ્રેમીયો ગ્રીવા પરે મોહાન્ધ થઇ વિલોકતા;
પછી પ્રમાણી કંઠ-ભૂમિ ટેકરા નિહાળતા !
વિરાગમાં વિહારમાં-સુમાળ સાક્ષીભૂત છે,
રમા રસિક કેમ વિસરે ? રસાળ લૂટ છે.

\+ + + × +

અરે હા, હું વિસરી ! પણ હવે મ્હારા લૂટારાને હું વણજારો ક્યારે બાનવું ? એ પોઠ પકડનારો ક્યારે બને ? "

" અરે ! તું આ સ્થળમાં નહોત તો આ બાડ પડત ! "

" ખરે ! હું આ સ્થળમાં ન્હોત, તો કેવું સારૂં ! હું કેવી ઉછળતી હિમ્મતે રણઝણાટ કરતી આવતે ?"

" ખરેખર ! નીર તો બધાં નીર અને વળી ખારા જળમંથી-સમુદ્રમાંથીજ નીતરેલું તો પણ જગત મીઠાં જળ પીયે છે ! ખારા જળને શુદ્ધ કરવાની કોણ તસ્દીજ લ્હે છે ? પરંતુ તમાકુ ચાવનારને ચક્કર નથી આવતી, સામાં જોનારને આશ્ચર્ય લાગે છે ! જેને જે વસ્તુ પસંદ હોયજ, પછી તે ઝેર હોય તોયે શું ?"

" હા. હા. મ્હારા વલ્લભ, ખરી વાત ? તમે વ્હાલામાં વ્હાલા

એભલવાળાના કુમાર એક ડગલું પણુ દહાડે, બ્હાર એકલા ન ફરો-તે આ કાળ રાત્રીયે-વરસાદમાં વાડ કૂદાવીને-લાલનને ખાતર-આવ્યા ! શું ખરે મ્હારા જાન-તમે મ્હારા સદાનાજ-" લાલનની આંખમાં ચોધાર આંસુ ચાલવા માંડયા-ગગનનાં વર્ષાજળ, ભૂમિમાં-ને લાલનનાં અશ્રુજળ, અન્ના-કુમારના ખભાપર !-બે હાથે વ્હાલાને બાજુ પરથી પકડી-ગોરા કોમળ ગાલ રાખી-ટપકતે આંસુડે લાલને રૂદન છોડી મુકયું !

" ઘેલી ! આજે આમ શું કરે છે ? કોઇ સાંભળશે ?"

"મને કહો-મને વચન આપો-સોગન લ્હો, કે જીવતે પાળવી-ને મુવે બાળવી ! લાલનનો રક્ષણુકાર-લાલનનો કિરતાર અન્નાકુમાર ! કહો-મ્હારા વિશ્વાસનાં પાત્ર ! મ્હારા હૃદયના તાર ! મ્હારા પ્રેમના સંદેશ, મ્હારા જીવનના આધાર-કહો-મ્હારા અધીરાં હૈડાંને ટહાડક આપો-મ્હારી ઉન્નત આશાને શાન્ત કરો-મ્હારાં રંકનાં રત્ન ? મને તમારી કહો-કરો ! જો હું તમારી દાસી થઇ રહીશ-માત્ર એકજવાર, તમને અગવડ થાય, તો એકજવાર પ્રેમ-દર્શનની પ્યાસીને દર્શન દેજો-છ માસે કે બાર માસે ભલે ખબર લ્હેજો, પણુ મને તમારી કહેતા રહેજો-મને રાણીવાસમાં રાખવાનું ના પરવડે, તો ઝુંપડીમાં રાખજો-જાહેરમાં મને મૂકી ના શકો, તો લુંડી બનાવજો; પણુ મને તમારાં ચરણુ પડે, તેની ધુળ, મ્હારી આંખપર લગાડવા દેજો, વ્હાલા ! બસ-એથી મ્હારૂં જીવન કૃતાર્થ થશે. મને તમારા હૃદયની પરવા છે. વૈભવની નહિ ! મને તમારી જાતની દરકાર છે-વિલાસની નહિ !"

" બસ કર-પ્રેમઘેલી કુમારી ! અરે—

" હા-હા-ધારો કે હું કુમારી છું-તો ?—

" તો પછી સાકરમાં દુધ—

" તેમજ થશે ! લાખો વણુજારો મ્હારો નામનોજ બાપુ ઠરશે !"

લાલને જો કે માત્ર અંધ પ્રેમના વેગમાં કહ્યું, પણ વાત ખરીજ હતી, કે જે લાલન જાણુતી ન્હોતી.

વાંચનાર ! આ વાર્તાલાપ કેમ બન્યો, તે જાણ્યું ? સાંભળ-લાખા-વણજારાએ, એભલનો હુકમ માથે ચડાવ્યો, ને ઘેર જઇને લાલનને હકીકત કહી-એમજ કહ્યું, કે યાત્રાએ જવાનું ઠર્યું છે. અને બનારસી ધઉંનો મોટો સોદો કરવાનોયે છે, તેથી કાલે ને કાલે ઉપડવું છે ! આ સાંભળીને લાલનનાં હાંઝાં નરમ પડી ગયાં-ને તરતજ રાધા સખીને કહીને-માલણને ખબર આપી, કે ગમે તે રીતે પણ કુમારને કાને વાત નાખવી-ને કોઇપણ બ્હાને મળી જવું-આ ચાર ઘડીના વીજળીક વેગમાં કુમાર દોડતો અહીં આવી ચડયો છે-લાખો ભગત તો પેલા સુરદાસજીની ભજન મંડળીમાં ગયો છે, અને લાલન તથા કુમાર, કુંજમંડપની એક બાજુમાં-લટુ બની ગયાં છે ! રાધા ચોકી કરે છે. ઇશ્વર રક્ષણ કરે છે !—

અહા ! આ વખતે લાલનનો શું ઠાઠ હતો ! વણજારૂ વેશમાં, પણ વાડીના મોગરા, ચંબેલી ને વેલીયોની સુગંધ લાજતી હતી. તેણે એક "**કામિની-પ્રભા**"* તેલ તૈયાર કર્યું હતું ! વગડાઉ વનસ્પતિને મેળવીને-મનોહર ફૂલડાં ભેળવી, એવું તો રસીક બનાવ્યું હતું, કે કામની ધુનમાં કામિનીનો વિલાસ 'વૈકુંઠનાં' સુખ મેળવે-વિરહ તાપ શાન્ત કરે, ને માથાના વાળ, છેક ગંડસ્થળ સુધી ઝોકા લ્હેતા-વિલાસીયોનાં મગજ ફેરવી નાખે ! એ તેલનો બ્હાર ચોમેર ઘુમતો જણાતો હતો. ને કુમાર તો તેમાં તલ્લીન બની ગયો હતો.

"મ્હારી મનહરમૂર્તિ લાલન ! હવે ત્હારે વધારે શું કહેવાનું છે ? મ્હારા જીવનમાં જડાવ રૂપે જડાયલી તું, રજની પ્રતિ ભાનુ સમાન પ્રકાશ આપનારી તું, મ્હારા રાજવૈભવની પટરાણીરૂપ તું, આ મ્હારૂં

* "**કામિનીયા હેર ઓઇલ**" નામનું આધૂનીક તેલ, તે આ !

વચન ને આ મ્હારી પ્રતિજ્ઞા"–કુમારે કોલ આપતાં સાથે સાથે અધર-ચુંબન કરીને, જીવ્હાનો રસ પરસ્પર દીધો–લીધો.

"જો–જો કુમાર, વીસરાય નહિ ! પેલી શકુન્તલા જેવી દશા થાય નહિ ! મુજ ઘેલુડીને ગાંડી ન બનાવાય !"

"બસ–વચન એક ને વ્હાલ એક, બાપ એક ને મા પણ એકજ ! પ્રભુ એક, ને પ્રેમ પણ એકજ ! લાખ જાન જાય તો જાય, પણ લાલન વણજારી બીજાની નહિ, તેમ અન્નો પણ બીજાનો ન થાય, તે નજ થાય ! પરંતુ તું ત્હારૂં બીરદ સંભાળજે !"

"મને મ્હારા જાનની, મ્હારા ભગવાનની આણ છે. આ લાડુ-લીયે પરવાસના જાણી નથી ને જાણવી નથી મ્હારે તો અન્નાકુમાર તારે તો પણ તેજ બસ !"

"લાલુ ! બાપુનાં પગલાં સાંભળવામાં આવે છે હો !" રાધાએ પેલી ગૌતમી પેઠે ચેતવી—

આહા ! પ્રેમીયોનો મેળાપ આટલો બધો અધીરો અને વખત વિતાવનારો ? પ્રેમીયો માટે બેવડા કલાક કાં નહિ ? હજી લાલનને અન્ના વચ્ચે તો બહુયે વાતો કરવાની છે ! રાત્રી ચાલી જાય છે. ને બાપુ જેવા નડતર કરનારા પણ આવતાંજ રહે છે !—

શ્રીકૃષ્ણ ગોપાળને ભૃખુભાણની કન્યા મળી. સાત વર્ષ સુધી સાથેજ કૃત્રિમ રાસ રમ્યાં. પણ જ્યારે રાધાજી રીસાયાં, ને પ્રભુજીએ મનાવ્યાં, ત્યારે જાણે પહેલેજ દહાડે પ્રેમ–ભેટ થઈ ! પ્રેમીયોનાં કોમળ ને ચોર હૃદય કેવાં હશે ? પ્રેમીયો ! તમે વ્હાલાના વિલાસમાં રાત્રીયો ગુજારી હોય, ચોર બની પર સ્થળમાં પેઠાં હોય, તો વિચારજો, કે લાલન ને અન્નાને છુટાં પડતાં કેવું થતું હશે ? તેના વિહારમાં ભંગ પડાવનાર કેવું લાગતું હશે ?

"વ્હાલા ! મ્હારા બાપુ આવ્યા ! મ્હારે હરદ્વાર જવાનું થાય છે ! એકાદ બે માસે અવાશે, તો હવે કેમ રહેવાશે ?"

" કોઇ જુક્તિએ તું રહી જાય, તો કેવી મજા પડે ?"

" મ્હારૂં અહીં કોણ બીજું છે ? બાપુ કંઇ એકલી ના રાખે ! "

" ચાલો આપણે બન્ને ન્હાસી જઇએ ? " કુમારે હાસ્ય કર્યું

" ચાલ વ્હાલા ! ઉઠ ? બોલ્યો હોય તો પાળ–ચાલ ! " લાલને, વ્હાલના વેગમાં તુંકાર વાપર્યો. જાણે કુમાર કેમ પોતાનોજ થઇ ગયો, ઠરી ગયો હોય ! આહા ! વ્હાલેશ્વરીનાં વ્હાલુડાં વચનો કેવાં છકેલાં, છટેલાં, ને પ્રેમ રસથી ચમકતાં હોય છે ! જાણે મીઠાશના ઘૂંટડા !—

" પ્રીયે ! એ પણ વેળા આવશે. હાલ તો વખત સંભાળી લ્હે. ગડબડ ઉઠી છે, તે શાન્ત થવાદે. પ્રભુ કરે, તે સારૂંજ કરે છે. તું હાલ થોડો વખત બહાર જઈ આવ—એટલે સર્વ શિતળ થઇ જશે; પછી—

" મ્હારા કુમારનું મન શિતળ પછી થઈ જશે તો ?—

" ખાત્રી રાખજે, પ્રભુના ઘર સુધી ખાત્રી રાખજે, કે અન્નો બીજાનો થવાનો નથી. અનેક પ્રસંગ ભલે આવે, પણ જે દીલ લાલનનું તે બીજાનું નથીજ—હવે મને જવાદે ? "

" ભાવીની નિશાની ? " લાલન બાઝી પડી—

કુમારે, સુવર્ણ-ચંદ્રક (છબી સાથે) આપ્યો. એટલામાં લાખો આવ્યો. વાડીને પાછલે છીંડેથી આવ્યો ! એટલું સારૂં થયું. હઠ હઠ કરતો કુમાર છુટો પડયો. ને લાલન પોતાના નિવાસમાં ગઇ. કુમાર હજી વાડ કૂદાવી ભીંત પર ચઢીને બહાર નીકળી ગયો. ત્યાં માધવ મળ્યો—

" માધવ ! આ ટાણે, અહીં ? શું મારી પૂઠ પકડીને ?" કુમાર ચીડમાં બોલ્યો.

" મિત્ર ? બાપુ ત્હારી શોધમાં પડયા છે. કોઇ મહેમાન મહે-

લમાં આવ્યાં છે. માતાજીએ મ્હારે ત્યાં ચાકરને મોકલી ખબર કહ-ડાવી છે. મેં તેમને જણાવ્યું, કે " કુમાર વાત કરતાં અહીંજ સુઇ ગયા છે. હમણાં જગાડીને લઇ આવું છું." એમ કહેવરાવીને નોકરને જવા દીધો. મેં જાણી લીધું, કે ભાઇશ્રી બીજે ન હોય! માલણને ઘેર પુછ્યું. ને તેણે પતો દીધો. ચાલો ચાલો, મહેલમાં ગડબડ થઇ છે. તમે ન હોવાથી વળી પંચાત થઇ છે. પણ હરકત કશી નથી. તમારી તરફનો આવો વહેમ નથી. માત્ર બાપુના મનમાં કે રખે કુમાર રીસાળ હોવાથી મન દુઃખ કરે!" કુમારના મિત્ર માધવે ખરી વખતે મિત્રતા સંભાળી—

"શાબાસ માધવ! ઠીક બજાવી! ચાલ—હાલ તો કંઇ કહેવાનો વખત નથી. પછીથી વીગતે કહીશ!"

કુમાર ઝડપથી મિત્રને લઇને મહેલ તરફ ગયો! આહા! અહીં તો પેલી સાંઇ નેહડી અને તેનો પિત્તીયો ધણી મેહમાન થયાં હતાં. એભલવાળાના વખતનો બદલો લેવા આવ્યાં હતાં. હજી બાપુ એભલે કંઇ કુમારની બહાર જવાની વાત જાણી ન્હોતી. પણ રાણી માતાએ તપાસ કરી હતી. ને બારોબાર કામ પતી ગયું હતું. એભલ યાદ કરે, ત્યાં તો કુમાર મહેલમાં દાખલ થઇ ગયો હતો. હવે વળી નવું શું કૌતુક થાય છે, તે જોઇએ.

પ્રકરણ ૬ ઠું.

ધણીનું સંકટ નિવારણી ધણીયાણી!

રાત્રીના બાર વાગ્યા હતા. જગત જંપી ગયું હતું. કૂતરાં અને બિલાડાં પણ શાન્તિ ભોગવતાં હતાં. તમારાં કે પતંગીયાં સિવાય જં-તુઓ પણ વિરામ પામી ગયાં હતાં! માત્ર ચોકીવાનો જાગૃત હતા.

એભલવાળાના નગરમાં કિલ્લો તો ન્હોતો, પણ મજબુત વાડ હતી, ને દરવાજા કને સિપાઇઓની ચોકી હતી. દરવાજા નજીક પથ્થરની મોટી ભીંત ચણી લીધી હતી. અને ત્યાં એક મજબુત સિપાઇ પહેરો ભરતો હતો. એભલવાળાપર આવેલી કુદરતી આફત ટાળનાર સાંઈ નેહડી હતી, એ વાત દરેક લોકોમાં જાણીતી થઇ ગઇ હતી, અને એકવાર દરબાર-દાયરામાં પણ એભલે વાત જણાવી દીધી હતી. અને વાત વાતમાં દરબારી નોકરો, દરવાની અને પ્રજાજનને પણ ચેતવણી આપી હતી, કે જો સાંઇ નેહડી અરધી રાતે પોતાના કામ સારૂ દરવાજો ઉઘડાવે, અને જે માગે, તે તે વેળા આપવું ! આ હુકમ કોઇના લક્ષમાંથી વિસરાયો ન્હોતો.

પોતાના વહાલા ધણીના વહેમનાં પરિણામમાં, ગઢવી પીત્તયો કોઢીયો થઇ ગયો—અને સતી નેહડીના શ્રાપનો ભોગ થયો, પણ હવે તે ધણીને શ્રાપ મુક્ત કરવા માટે, પોતે સજ થઇ—અને જે પ્રકારે તે સાજો થાય, તે રીતે સહાય આપવા આગ્રહી બની. તે કોઢ ટાળવાનો માત્ર એક ઉપાય હતો—અને તે સુકુમાર રાજબાળકનો ખોડીયાર માતાનો ભોગ આપવાથીજ કોઢ ટળે તેમ હતું. સાંઇ નેહડીના મનમાં લગાર સંકોચ તો થયો—જો કે તેને તરતજ એભલવાળાનું વચન યાદ આવ્યું, પણ એ દરબારનો એકનો એક ગાદી વારસ કુમાર હતો. ને તેની માગણી કરીને, રાજનો નાશ કરાવવો, એ તેને વાજબી લાગ્યું નહિ; તોપણ બીજો ઉપાય નહતો. પોતાના શ્રાપથી ધણી કોઢીયો થયો હતો, ને તેમાંથી તેને મુક્ત કરવો, એ તેની પહેલી ફરજ તેમ જરૂર હતી. સાંઇયે હિમ્મત કરી. પોતે નિષ્કલંક છે, તેમજ એભલ પણ નિર્દોષ છે, એ ખાત્રી, ગઢવીને કરી દેવાની ખરેખર જરૂર હતી ને તેથી કુમારની તરત માગણી કરી દેવાને બહાને, નિર્દોષતા પ્રકટ કરાવવા, તથા ધણીના કોઢનું નિવાર્ણ કરવાની સલાહ લેવા માટે તે

પોતાના ધણીને લઇને તે અહીં આવી ચડી.

સાંઇ નેહડી આરોગ્યવતી અને હિમ્મતવંત હતી–સતીપણાના પ્રચંડ બળથી બહુ શોભતી હતી–ગઢવી બિચારો લોહી અને પરૂથી ખરડાયલો હતો, અને તેના પર જે આફત આવી પડી–તેથી નેહડી પણ પાછળથી પસ્તાણી હતી; પરંતુ બીજો છુટકો ન્હોતો. કલંકિત થઇને પતિને હાથે પ્રાણ ગુમાવવો, તેના કરતાં સતી થઇને મરવામાં શોભા હતી. ને તે માટે આ કર્મ ઉભું થયું હતું! સાંઇનો નિશ્ચય થયો હતો, કે આ દેહના ભોગે પણ પતિને નિરોગી કરવો, અને જગતમાં પોતાની તથા એભલવાળાની નિર્દોષતા જાહેર કરવી. "એભલ ખરો હશે, તો દીકરાનો ભોગ દેશે!" આ શબ્દો પેલા સ્વાર્થી ગઢવીના ચાલુજ હતા.!

દરવાને અરધી રાત્રે આ બન્ને માણસને જોઇને મ્હોટે સાદે ધમકી આપી—

"ખબરદાર! કોણ છે આ વેળા આવેલું?"

"દરવાન? ત્હારા રાજાની બ્હેન અને તેનો ધણી!" સાંઇ નેહડીયે, સો ગજ પાણી છાતીયે રાખીને કહ્યું.

"એભલવાળાને બેન નથી બાઇ!—

"છે. સાંઇનેહડી!" હજી દરવાની બોલવા જતો હતો, ત્યાંજ નેહડીયે તેને અટકાવી દીધો.

"હા! ખરી બ્હેન!–પણ અરધી રાતે!—

"કામસર આવી છું–દરવાજો ઉઘાડ–અમારે આ વખતે મહેલમાં જવું છે!"

"તમારી સાથે કોણ છે બ્હેન?"

"મ્હારો ધણી! હવે વાર ન કર! દરવાજો ખોલ!"

દરવાનીયે તરત દરવાજો ઉઘાડી દીધો. અને કંઇ પણ ગડબડ કર્યા વિના સાંઇનેહડી તથા તેના ધણીને જવા દીધાં.

ભલી સ્ત્રી આખરે દરબાર ગઢમાં પહોંચી, અને એભલવાળાની શાન્ત નિદ્રા ઉડાડી દીધી !

પ્રકરણ ૭ મું.

સાંઇનેહડીને એભલવાળાનો સત્કાર !

મધ્યરાત્રે, જરા પણ સંકોચ વિના, પોતાના ધણીને પોતાની પવિત્રતાની છાપ બેસાડવાને, એભલવાળાના નગરમાં, સાંઇ નેહડી આવી. દરબારગઢની દેવડી કને, પીત્તીયા–કોઢીયા, અને દુર્ગંધથી ઉભરાયલા ગઢવીને લઇને, સાંઈ નેહડી ઉભી રહી. દરવાની આશ્ચર્ય પામ્યો. જેને નગરમાંથી ધોળે દહાડે કહાડી મુકવાં જોઇએ, તે કંગાલ વેશમાં, રક્તથી પીડીત, જંગલી ધણી–ધણીયાણી, બંધ દરવાજે શી રીતે આવ્યાં–કોણે આવવાં દીધાં, કેમ આવ્યાં, અને એ લોકો છે કોણ ! આ રીતે દરવાનીના હૃદયમાં ઉત્પાત્ત થયો–તે પ્રતિધ્વની સાંઇનેહડી જાણે કેમ પેલા દરવાનીના મુખપર છવાયલી છાયાથી સમજી ગઇ હોય, તેમ જાણીને બોલી–

"મ્હારા ઠાકારને કહે કે ત્હારી બ્હેન સાંઇ નેહડી, પસલી લેવા આવી છે !"––રાયકો તો આમ સાંભળીને છક થઈ ગયો. અરધો વહેમ તો અહીંજ દૂર થઇ ગયો.

સાંઈનેહડીનું નામ સાંભળતાંજ દરવાનીને ચમક લાગી ! નામ જાણેલું હતું. અને નેહડીની ઉપર તેના ધણીયે મુકેલું એભલવાળાનું ત્હોમત જગ જાણીતું થઈ ગયું હતું. કેમકે નેહડીના શ્રાપથી ગઢવી રક્ત–પીતથી પીડાતો થયો હતો. આ ચમત્કાર, દેશ પ્રદેશમાં ફેલાવો પામી રહેલો હતો. ને એ વાત એભલને કાને પણ આવી હતી. પોતાનો ટેક, ધર્મ, અને જીંદગીપર બેસનારો ડાઘ તરત ટળી ગયો–

લાલન-વણજારી

[૪]



દમ્પતી અર્ધી રાત્રે આવેલા જોઈ દરવાને બન્નેને અટકાવ્યા !

આ. ૩. પૃ ૧૨૬.

ને નીતિમાં આગળ રહ્યો. આ સર્વ નેહડીયે લાજ જાળવી—એ માટે એભલના હૃદયમાં, નેહડી માટે મોટું માન ઉત્પન્ન થયું હતું. તેનો બદલો વાળવાને આન્તરીક ભાવે ફક્ત તરત વેળા નેહડી માટે એટલોજ હુકમ થયો હતો, કે એ બાઇ, અગર તેનો સંદેશો લાવનાર જે હોય, તેને રોકવાં નહિ! રાત મધ્યરાતે, સુતાં કે જાગતાં પણ મહેલના અંદરના ભાગમાં આવવા દેવાં—ને તે વાતથી ગઢનો દરવાની પણ જાણીતો હતો, એટલે ખુદ એ સતી ચારણી નેહડીને અટકાવવા તે સમર્થ ન હતો. તરત નમીને તેણે જવાબ દીધો.

"બહેન! બા!—બેસો. ઠાકોર નિદ્રામાં હશે; માટે પ્રાતઃકાળ સુધી તમે અહીં મ્હારી સેવા સ્વિકારો, તો કશી હરકત છે, બાપુ?"

હજી આ વાક્યોનો નેહડી જવાબ આપે, ત્યાં તો એભલવાળાનો હુકમ લઇને, ખવાસણ દરવાજા કને આવી ગઈ—અને ઘણા માન તથા સત્કાર સાથે, સાંઇ નેહડીને તેના ધણી સહિત અંદર બોલાવી ગઈ—

વાંચનાર! ભલાની ભલાઇજ છે! બુરાં જનો નાહક બુરાઇ કરીને જીવનનો બાર માથે વ્હોરી લ્હે છે. ઉપકાર ભૂલી જઇને અપકારમાં આનંદ માને છે! ભલે બુરો બુરાઇ કરે, પણ ભલાયે તો ભલાઈ તજવાનીજ નથી. તેમ ભલાંને ભલાં મળે-તે તો દુધમાં સાકર ભળવા જેવુંજ ગણાય! સજ્જનો બેલી શામળો છે. બુરાંજનો, ભલાની ભલાઇનો બદલો બુરાઇથી દેવા તો જાય છે, પણ તે પાપી પક્ષમાંજ પાછો પડી જાય છે. નેહડીપર અપવાદ મુકનારાં—અને રાયકા ગઢવી જેવા કાચા કાનના માણસને પણ પસ્તાવાનો સમય આવી ગયો. અને ભલા એભલની રાખેલી લાજ અખંડ રહી—નેહડીનો પવિત્ર ભાવ ઝળકી નીકળ્યો. અને એભલનાં વચનનું હવે પરિક્ષણ થવાનો પ્રસંગ આવ્યો.

એભલે જાતે બહાર આવીને સાંઇ નેહડી તથા ગઢવીનો સત્કાર કર્યો—હવે જોવાનું છે, કે બન્નેની ટેક શી રીતે જળવાય છે?—

— —

પ્રકરણ ૮ મું.

ધર્મ સંકટ !

એભલવાળાની અવદશા બેસી ચૂકી હતી. મેઘાશા જેવા નીચ કારભારી વરૂનો તે ભોગ થયો હતો. સ્વાર્થને અંગે ઉત્પન્ન થયલા પ્રપંચમાં, આ એભલ ઘેટું સપડાઇ ગયું હતું !

લાખાને દેશથી દૂર કરવાની તેની હવે દૃઢ પ્રતિજ્ઞા હતી. તેમાં નિદ્રા ઉડી ગઇ હતી-ભ્રમણમાં ચિત્ત ચડી ગયું હતું; હજી એ વાતનો કંઇક નિર્ણય થાય, તે પહેલાં રાત્રીના છેલ્લાં પહોરમાં સાંઇ નેહડીનું દર્શન થયું હતું. જો કે સ્નેહથી તેનો સત્કાર કરવાને એભલનું દીલ લગારે સંકોચાતું નહતું, પણ ગઢવીના રોગ માટે તે બહુ ખેદ પામ્યો હતો.

સાંઇ નેહડીના મનમાં ઓછું આવે, યા અપમાન લાગે, એ માટે રોગી ગઢવીને પણ છુટો ન કર્યો. જોકે હૃદયમાં એ પ્રસંગ અનુકુલ તો ન લાગ્યો !—રાત્રીએ તો તેમને મહેલ નજીક ઉતાર્યાં.

પ્રભાતમાં વહેલી ઉઠીને નેહડી ન્હાઇ, અને પોતાના ધણીની યથાર્થ સંભાળ ગ્રહીને-એભલ પાસે આવી-એભલ આજે ગ્લાની પામેલો હતો. તે છતાં સાંઇ નેહડી સાથે તો શાન્ત જીવે, ને હસતે મ્હોડે વાત કરતો હતો.

" બ્હેન ? ગરીબ ભાઇને આજે યાદ કર્યો ? " એભલે ઘણા માન સાથે, સહૃદયે પ્રશ્ન કર્યો.

" ભાઇ ! ત્હારી બ્હેન ત્હારી કને પસલી લ્હેવા આવી છે. "

" ધન્યભાગ્ય બ્હેન ? માગ્ય, શું જોઇએ છે ? કહે તો ગામ ગરાસ આપું ! કહે તો માલ મીલ્કત ને ધન દોલત આપું ! ને કહે તો આ શરીરનો—

"ત્હારા જેવા માનેલા ભાઇ આમ કહેનારા અને દેનારા બહુ થોડા મળશે.' હજી એભલ બોલતો હતો. ત્યાં નેહડી વચમાં બોલી. એભલે આગળ ચલાવ્યું.

"ને તેં ક્યાં મ્હારી ઓછી બરદાશ કરી છે?"

"મેં મ્હારા ધર્મ અને સ્વાર્થ માટે જે કંઈ કર્યું તે કર્યું, પણ ત્હારી આ અચળ માયા જોઇને મને નવાઇ લાગે છે!"

"ના, કશી નવાઇ નથી! મ્હારો ધર્મ છે, કે ત્હારા જેવી પવિત્ર બ્હેનનો યથાર્થ સત્કાર કરવો. અને માગે તે આપવું."

"ભાઇ? તું ઘણા હસતાં વદને, ને મીઠાં વચને કહે છે, તો ખરો, પણ મ્હારી માગણી પછી તું તેવો નહિ રહી શકે?" નેહડીએ ગંભીરપણે કહ્યું.

"ચિન્તા નહિ! બોલ, ત્હારી ઇચ્છા પુરી કરી દે!"

"ભાઇ? ત્હારાં પગલાંથી મ્હારી ઝુપડી પવિત્ર થયા પછી મ્હારા પર કાળો કેર ગુજર્યો. ને તને તથા મને દોષિત થવાનો અપવાદ આવ્યો. મ્હારા ધણીએ જ્યારે મને કાળો ડાઘ બેસાડવા યત્ન કર્યો, ત્યારે હાય, મ્હારા જેવી હતભાગીણી સ્ત્રીએ, તે ધણીને શ્રાપ દેવો પડયો. ક્રોધના આવેશમાં મ્હારૂં સત્ય ને પતિવ્રતતાનો પ્રત્યક્ષ પુરાવો આપવા માટે મેં તેને શ્રાપ આપ્યો, એ પ્રમાણ તું પ્રત્યક્ષ જુએ છે."

"હા, બ્હેન? હવે તેમાંથી તેને મુકત કરવાની ત્હારી ઇચ્છા હોવીજ જોઇએ!"

"હા; ભાઇ? મ્હારા પવિત્રપણા ખાતર મેં તેને આ સ્થિતીયે પહોંચાડયો, એવીજ રીતે તને નિર્દોષ કર્યો! હવે પવિત્રતાથી તેને સારો કરવાનો છે!"

"તેમાં મ્હારી શી સહાયતા જોઇયે છે?"

"ભાઇ? જેમ મેં, મ્હારા ટેકને ખાતર ભોગ આપ્યો, તે

રીતે ત્હારાપરનો દોષ ઉતારવાને ત્હારે જે ભોગ આપવાનો છે, તે બહુ વિકટ છે; પણ તેથી તું ભય ન પામીશ—ત્હારી ઉદારતા, દૃઢતા અને નિર્દોષતાનો બદલો તરતજ મળશે. આ બહેનડી પ્રભુના દ્વારમાં બેસીને, મીરાં પેઠેજ ગિરિધારીને પ્રસન્ન કરશે. ને ત્હારી આશાના અસ્ત થતા સૂર્યનો ઉદય કરશે. માત્ર જગતને બતાવવું છે, કે આપણી પવિત્રતા કેટલી ઉંચી ને ઉંડી છે. બહેન–ભાઇ જેવાં એક માતાના ઉદરમાંથી ઉત્પન્ન થયેલાં માનવી ઉપર પણ પતિ–પત્નિના સમાગમ જેવું દુર્ગંધ ત્હોમત આવે છે! કાળા માથાનાં માનવીને તેમ બોલતાં કશો ડર લાગતો નથી. આ પવિત્ર આંખને કુટીલ કાનથી તે ગમે તેવું જણાવે છે, તો આપણે માથે દોષ આવે, તેમાં નવાઈ નથી, પણ એ દોષથી દુર થવાને તથા આ જીવનને નિર્મળ કરવાને આપણે દૃઢ થવું જોઇયે."

"મારે કબુલ છે, બહેન?"

"તો મ્હારે જગતને બતાવવું છે, કે મેં મ્હારા પતિને સત્ય બતાવ્યું—પતિવ્રત્ત સદૃઢ કરીને શ્રાપ તો આપ્યો, પણ પાછો બચાવ્યો! એજ રીતે જેના પર મ્હારે ખાતર અપવાદ ચડયો, તેણે પણ પોતાના નિર્દોષપણા માટે ભોગ દીધો, તેને બચાવવો, ને બતાવવું કે બીજાથી ન અપાય!"

"એમ? કહે ત્યારે શો ભોગ?"

"જો તું એવો ભોગ આપે, કે જેથી દેવી પ્રસન્ન થાય, તો મ્હારો ધણી નિરોગી થઇ જાય, ને ત્હારૂં ને મ્હારૂં સત્ય અચળ રહે, પણ તે કઠણ છે. જોકે અંતે તો સત્યે જય છે!

"બહેન? હવે કઠણ કે નરમનો પ્રશ્નજ નથી!"

"તોપણ કહેતાં મ્હારી જીભ—

"તો પછી આકાશવાણી થશે?—

લાલન-વણજારી
[૫]



પિતાનું વચન પાળવાને પુત્ર [illegible]

" હા—સાંભળ—

ખોડીયાર માતા ક્ને હું મ્હારા પતિ સાથે જવાનું છે. ને મ્હારી પવિત્રતાની તથા તેના રોગની ક્ષમા માગું છું. પણ તે સાથે ત્હારે પણ અપવાદ ઉતારવા આવવું પડશે. સ્વારી સહિત કુમારને લઇ આવવું પડશે. જો જરૂર પડશે તો, કુમારનો ભોગ, સાચની કસોટી કરવા દેવો પડશે !"

" ઘણીજ ખુશી સાથે બ્હેન ? પણ આપણે સાચાં છીયે, પછી ભય શો છે ? હું ધામધૂમ સાથે આવું છું "

આ રીતે વાતચીત કરીને એભલે સાંઇને સંતોષ આપ્યો. પણ મનમાં બહુજ સંતાપ થયો. ને થોડીવારે મુર્છિત થઇને અકળાવા લાગ્યો.

પ્રકરણ ૯ મું

સ્નેહીયોની સ્નેહાર્દ્રતા.

નથી જ્યાં સ્વાર્થ કંઇ મેલો—સદા અંતર પ્રફુલ્લિત છે,
નથી જ્યાં એકગમ દૃષ્ટિ, સદા હીતકર મહા ચિત્ત છે;
મળો એવાં-મળો એવાં, ખરાં સ્નેહી સદા સુખકરં,
અમારી પ્રાર્થના એ છે, રહો દૂર સ્વારથી દુઃખકર.

* * * *

મજામાં ભાગ લઇ દઇએ—ખરે ટાણે રહી દુર તે,
તમાશો સર્વ તો જોઇએ, તમારો થાય ભરપૂર તે;
અમે એવા નથી વ્હાલાં, તમે જુદાં નથી દીલથી,
અમે તેવાં તમે પ્યારાં, દુઃખાશું બેવડાં દીલથી.

* * * *

અન્નાકુમારપર આફ્ત આવવાની જાણીને, માધવના મનમાં અતી ખેદ ઉત્પન્ન થયો–પિતાના વચનને માન દેવા, તથા તેનું પણ રાખવા ખાતર જો પુત્રને ભોગ દેવો પડે, તો તે વાસ્તવિક છે, પણ જો વંશનો નાશ થાય, એવો ભોગ દેવાતો હોય, તો તે અટકાવી દેવો–એ પણ પિતાએ વિચારવાનું છે; ને તે સંબંધી ખરી ખાત્રા કરવા માટે માધવે જાગૃતી પકડી છે. માધવ પ્રભાતમાં અન્ના કને આવ્યો–અને સાંઈ નેહડીવાળી હકીકત જાણી લીધી-તત્વમાં એટલુંજ નીકળ્યું, કે રાયકાનો વ્હેમ દુર કરવાનો છે–ને તેને ખાત્રી કરી આપવી છે, કે એભલ તો સાંઇને બહેન ગણે છે; ને નાહક રાયકાએ સાંઇપર ત્હોમત મૂક્યું છે. એભલ એટલો સાચો ને ભલો છે, કે સાંઇ નેહડી જેવી બહેન ખાતર પુત્રનો ભોગ દેવાને તૈયાર છે! પણ એટલેથીજ સંતોષ પકડવાનો નથી–કેમકે અણી વખતે કદી નેહડીયે કુમારનું ધડ માગ્યું તો? એભલ તો વચનનો સાચો છે, એટલે કંઇ બોલી નહિ શકે! આ વિચાર સુક્ષ્મ ને ડહાપણવાળો હતો. ને તેથી માધવના મનમાં પરિતાપ થયો. તે ગુપ્ત રીતે નેહડીને મળ્યો, ને જણાવ્યું કે–જો "ત્હારા પતિનો રોગ દુર કરવાને માતાજીને ભોગ દેવો પડે તો કુમાર બદલે બીજાનો કોને દેવો? કોઇપણ રાજબાળકનો ભોગ દેવાની પ્રતિજ્ઞા હોય, તો બાળક હું પોતે તૈયાર છું!" આ સાંભળીને નેહડી ખરે આશ્ચર્ય પામી. રાજહીતસ્વી પુરૂષોના પુત્ર–અને મિત્ર ધર્મ બજાવનારા યુવાનો કેવા સદૃઢ હોય છે, તેનું તેને ભાન થયું. ને તે બોલી–"બાપુ! કોઇનો ભોગ લેવાનો કે દેવાનો નથી–માત્ર વેણમાં વાંધો પડયો, તે દુર કરવાનો છે–માટે સૌ નચિંત રહેજો. માત્ર દેખાવ કરવાનો છે–જગતની નીંદામાંથી દૂર થવું છે." આ વચનથી માધવને સંતોષ થયો–ને જે

:મત થાય છે, તે પર ધીરંજ રાખી બેઠો છે.

વાંચનાર ? માધવ જેવા મિત્રે પોતાની ફરજ બજાવી-પણ કુંજી કોઇને ખબર થવા ન દીધી-આ વખતે લાલન કયાં છે ? પોતાના માવીના ભરથાર અને આશાના અંબારનો ભોગ દેવાતો જાણીને ક્યાં સંતાઇ બેઠી છે ?-ખરે, એ કુમારીકા આ પ્રાંતમાં નથી-લાખા સાથે યાત્રાર્થે ઉપડી ગઇ છે. ને જ્યારે તે આ ખરી ખોટી ઉડતી વાત વાત જાણશે, ત્યારે તેની કેવી હાલત થશે-એ વર્ણન અત્રે કરવુંજ ખોટું છે ! પ્રેમીયોના હૃદયમાં-એ વિયોગનો ધા લાગ્યા પછી તેનાં અશ્રુને હૃદય કેવાં ભીંજાયલાં રહેતાં હશે, તે અનુભવીયોજ સમજી શકે છે ! હવે જોઇએ, કે સાંઇ નેહડીનો નાટક કેવા નીવડે છે.

પ્રકરણ ૧૦ મું.

પિતાનું વચન નીભાવવા પુત્રે આપેલો ભોગ.

વચન નીભાવા કાજ, રાય હરિશ્ચંદ્ર વેચાયો,
વચન નીભાવા કાજ, રામે વનવાસ વસાવ્યો.

એભલ મુર્છામાંથી વિમુક્ત થયો, અને સાંઇનેહડી ઝંખવાણી પડી ગઇ. રાણીનું મન ઉદાસ થઈ ગયું, નોકર--ચાકરો પણ શાન્ત પડી ગયા. કેમકે એભલે તરતજ અન્ના કુમારને તેડાવ્યો. રાણીનું મન બહુજ ખિન્ન થતું ગયું. પણ કંઇ બોલી શકી નહિ—

" એભલ, તું નારાજ થઇ ગયો લાગે છે ! ત્હારા એકના એક કુમારનો ભોગ આપવાને ત્હારી છાતી ચાલશે નહિ, ને રાણીમાતા-

નેહડી હજી બોલવા જાય, ત્યાં કુમાર આવી ચડયો.

"એભલવાળો વજ્ર હૈયાનો છે, ને તેનો કુંવર કંઈ મરણુથી ડરવાનો નથી. સત્ય અને ધર્મ ખાતર આ શુદ્ધ ક્ષત્રી બચ્ચો મરવાને તૈયાર છે, મ્હારા પિતાનું વચન નિભાવવાને ખાતર જાતી ભોગ દેવા તૈયાર છે."

"બસ કર, મ્હારાં સિંહ બચ્ચાં ? બસ, મ્હારે એટલુંજ ત્હારા મુખથી સાંભળવું હતું !" એટલું બોલીને એભલ પોતાના કુંવરને બાથમાં લઇ ભેટી પડયો. રાણી હર્ષથી બોલી—

"કુંવર ? ત્હારી પિતૃભાવના જોઇ મને બહુ હર્ષ થાય છે !

"આ ચંદ્રરૂપ તેજસ્વી કુમારનો ભોગ ?" કોઇ દાસીનો ધીમો સ્વર આવ્યો.

"મ્હારો કુંવર અમ્મર છે !" રાણી બોલ્યાં—

"હા, અમ્મર જ છે. માત્ર સુરજપર વાદળું છે !" સાંઈ નેહડી બોલી.

"વ્હાલા ભાઇ એભલ ! વ્હાલી બહેન રાણીબા ! અને કુમાર અના ? સાંભળો ? હું પવિત્ર છું. એભલવાળો મ્હારા પિતા સમો–ભાઇ સમો છે, પણ કૂટીલનાં કાવતરાંથી મ્હારો ધણી વહેમાઇ ગયો છે; ને તેને મેં શ્રાપ આપ્યાથી આ દશા પામ્યો છે. તેનો શ્રાપ ને વહેમ ટાળવા, તથા એભલ પરથી અપવાદ ઉતારવાને, ને જગતને દેખાડવા આ પ્રયત્ન છે. માતા મ્હારાપર પ્રસન્ન છે. માત્ર કુંવરના ભોગ દેવાનું તો નિમિત્ત માત્ર છે. જો એ દેખાવ થાય, તો જગતમાં કહેવાય કે સાંઈ નેહડીએ એભલ સાથે ભાઇ–બાપનો વહેવાર રાખ્યો હતો. ને તે સાચો હતો, તોજ કુંવરનો ભોગ દેવા તૈયાર થયો હતો. અમે સાચાં છીયે. માતા ભોગ માગતીજ નથી. મારૂં બીરદ અને

લાલન-વણજારી

[૬]



ખોડીયાર માતાનો પરંઠો—ઓબાન કુમારનું મરણ-સ્થાન -

ભા. ૩. પૃ. ૧૪૮

એભલની ટેક જવાની નથી. પણ લોકને બતાવવાનું છે. બાકી કુમાર અમ્મરજ છે.”

પ્રભુએ સૌના હૃદયમાં સત્યતા પ્રકટાવી; અને કંઇપણ સંકોચ, શોચ, શોક કે ગ્લાનિ વિના એકમત થઇ ગયાં.

“કુમાર? તું મ્હારા આંખનું જીવનનું રતન છે. તને છુટો થયેલો જોવા કે જાણવાને આ એભલનું હૃદય કબુલ કરવાનું નથી, પણ–

“વચન નીભાવવા, ને વંશની લાજ રાખવા માટેજ પુત્ર ઉત્પન્ન થાય છે. કપૂતને કંઠે કોડીયું, પણ સપૂત પૂઠે તો શાલ હોય! તમારૂં નામ જાળવવાને જન્મ્યો છું. એભલવાળાની ટેક એજ મ્હારૂં જીવન છે. જોકે આ તો માત્ર વહેમ ટાળવાનો નાટારંભ છે, પણ ખરૂં હોય તોયે શું? રજપૂત બચ્ચા ઉદરમાંથીજ શૂર લાવે છે. મરણ તો તેને મન વીરજીવનનો પડ્ગો છે.”

પુનઃ રીઝાવવા પછી એમજ ઠર્યું, કે આવતી કાલે પ્રાતઃકાળમાં ઘણીજ ધામધુમ સાથે કુંવરનો ભોગ માતાને આપવો.

ધન્ય છે, નરવીર ક્ષત્રી બચ્ચાઓ? તમે જન્મતાંજ સિંહણ જેવી માતાનું દુધ ધાવતા થયા છો. તમારાં શરીર માત્ર રણ સંગ્રામ માટેજ છે. યુદ્ધ અને મરણ તો તમારો શિકાર ને ખોરાક છે. જીવતા રહો, રણધીરાઓ? અને આ રીતના પવિત્ર ધર્મનાં કામો સદા કરતા રહો–તમારી ટેક નિભાવતા રહો!—હવે જોઇએ, કે એભલની ધિરજ, અન્નાકુમારની હિમત અને સાંઇ નેહડીના પવિત્રપણાનું શું પરિણામ આવે છે.

પ્રકરણ ૧૦ મું.

સત્ય-પ્રાકટ્ય!—જગદંબા માતાનો પરછો!

એભલવાળાની સરહદમાં પવનમાર્ગે ખબર પડી ગઈ, કે સાંઇ નેહડી, પોતાનું સતીત્વ પ્રકટ કરવાની છે, અને તે માટે એભલવાળો પોતાના કુમારનો ભોગ આપવાનો છે. આ વાત સાંભળતાં લોકોનાં ટોળે ટોળાં, જગદંબા માતા—ભવાની આગળ એકઠાં થવા લાગ્યાં. આસ-પાસ પવન વેગે ખબર પડી ગઇ, ને આ અલૌકિક બનાવ નિહાળવા તથા તેનું પરિણામ જોવા—જાણવા બહુ મેદની મળવા લાગી.

નગરમાં હાહાકાર થઇ રહ્યો. કેટલાક ડાહ્યા અને ખુશામતીયા-ઓ, એભલને ના પાડવા લાગ્યા—દયા ખાવા લાગ્યા-અને પાટવીના ભોગથી રાજગાદી તરત વેળા ખાલી પડશે, એવા એવા વહેમ બતા-વવા લાગ્યા.

સાંઇ નેહડીના ઉપકાર ખાતરજ એભલે આ પગલું ભર્યું હતું, એમ ન્હોતું; એભલપર જે અપવાદ આવ્યો હતો તે ખાતર, અને પોતાનું અભયવચન પામવા ખાતર પોતાના પુત્રનો ભોગ દેવા સમર્થ થયો હતો. અણાકુમારની લાગણી પણ એવીજ પ્રબળ થઇ ગઈ હતી. જો કે લોકોના મનમાં આ વાતથી મ્હોટો કોળાહોલ થયો હતો કેમકે કુંમારના બલિદાનની વાત નીકળી હતી પણ રાજકુટુંબમાં શાન્તિ હતી. કેમકે કુમારનો ભોગ દેવાનો હતોજ નહિ. માત્ર સાંઇ પરનું આળ ઉતારવા, અને એભલને નિર્દોષ ઠરાવી, રાયકાનો રોગ ટાળવા માટે, માત્ર માણસને દેખાવ દેખાડવો હતો. ને તેથી નચિંતપણે સૌ બનાવ બનેલો હતો.

બીજે દહાડે પ્રાતઃકાળે કુમારને શણગારીને હાથીપર બેસાડયો. અને તે સાથે તેનો મિત્ર માધવ પણ અંબાડીપર પાસે બેઠો ! અને સંપુર્ણ ધામધુમ સાથે જગદંબાને મંદિરે લઇ ચાલ્યાં—આહા ! તે વખતતો ગંભીર દેખાવ—દબદબો અને ભયંકર દિશાઓ પડેલી જોતાં નબળાનાં મન ગભડી જાય તેમ હતું. રાણીમાતા અને રાજમંડળની સ્ત્રીયો, મીયાના તથા ઝુલવાળા માફાઓમાં આવતાં હતાં—સાંઇ નેહડી, એક સતીના રૂપમાં, કપાળે કંકુની પીળ કરીને, ઉઘાડા વાળ તથા હાથમાં સમશેર લઇ, મોખરે ચાલતી હતી—ગઢવી પાછળ હતો—આ દમામ સાથે સરઘસ ચાલવા માંડયું.

માતાની નજીક આવતાં શોર ને ઘોર નાદ થઇ રહ્યો—પુજારીયો—અને સાધુ વગેરે માતાના જયનાદ કરવા લાગ્યા—

એભલ, રાણી, કુંવરશ્રી, માધવ માતાજીને ચરણે નમ્યાં, અને રાજમંડળ એક બાજુ ઉભું રહ્યું—સાંઇનેહડીને શુર ચડયું. ને તે માતાની સ્તુતિ કરવા લાગી. ઘડીપળમાંજ રાયકો અચેત થઇ પડયો—અને સર્વ જોનારની આંખમાં ચોધાર આંસુ તથા હાય પુકાર થઇ ગયો. પણ એકજ પળમાં નવોજ બનાવ બન્યો—

સાંઇ નેહડીએ માતાના ચરણ આગળ શીર નમાવી—તલવાર હાથમાં રાખી—વંદના કરીને બોલી—

" ઓ મહામાતા જગદંબા ! જો હું પતિવ્રત્તા હોઉં, અને તને ત્હારો ભોગ મળ્યો હોય, તો મ્હારો સ્વામી જે ગઢવી પીત્ત—કુષ્ટથી પીડાય છે, ને અચેત પડયો છે, તેને નિરોગી બનાવી દે—

આ શબ્દના છેલ્લાજ બોલમાં ગઢવી, આરોગ્ય—દીવ્ય તેજસ્વી બની ગયો—પણ કુમારશ્રી એકદમ ધરતીપર ઢળી પડયો. અને હોહાકાર

થઇ ગયો–તે સાથે માધવ પણ મૂર્છિત થઇ ગયો ! તરતજ નેહડીયે તરવાર ઉગામીને–પોતાના ગળાંપર મુકવા માંડી–એવામાં સાક્ષાત્કાર માતાજી પ્રકટ થઇને–નેહડીનો હાથ ઝાલી લીધો. ને બોલી,

"માગ્ય ! માગ્ય ! નેહડી ? હજી શી ઇચ્છા છે ?" ત્યારે નેહડીએ કર જોડી–હાથમાંથી તરવાર નીચે મુકી–આંખમાં જળ લાવી બોલી:–

"મહામાયા ? મુજ રંક યુવતી શું માગે ? મ્હારૂં સૌભાગ્ય સુધાર્યું, ને ટેક રાખી–ને હવે એટલુંજ માગું છું કે–મ્હારા ભાઇશ્રી ઠાકોર એભલવાળો પવિત્ર હોય, ને મને એક બહેન તરીકે માની ગયો હોય, તો તેનાપરથી આળ દુર કરજે, અને તેના સુકુમાર બાળક તથા મિત્રને સજીવન કરજે ! વિજયી કરજે." આ વિનંતી સાંભળ-તાંજ— અસ્તુ.

એટલું કહીને–માતાજી અદૃશ્ય થયાં; ને કુમારો ઝડપથી ઉઠી ઉભા થયા. આ સ્વપ્નવત્ બનાવ જોઇ સર્વ આનંદ ને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં–નાટકનો પડદો પડી ગયો. અને સત્યનો જય થયો. એભલ તથા નેહડીના ગુણ ગવાયા, ને માતાજીનો પરછો પ્રત્યક્ષ પડ્યો. હવે લાલનનું શું થાય છે, તે જોઇએ.

ભાગ ત્રીજો સમાપ્ત !

લાલન-વણજારી

અથવા

પ્રેમ-ઘેલી રાજકુમારી !

ભાગ ચોથો.

રસમાં રમતી રસના-લલના-મન મોદ અને તન મોહ ભરી,
ન પ્રકાશ-તિમિર તણું મન ભાન કે ધ્યાન રહે દીલમાંય જરી;
મૃગલોચન-અંજન કામ તણું, બને મસ્ત સુગ્રસ્ત સુપ્રેમ ધરી,
ધન્ય ! ધન્ય ! પ્રભુ પ્રીય પ્રેમી જરા નિરખો પ્રભુતા
ગુણ ગ્રાહ્ય કરી—

પ્રકરણ ૧ લું.

મદન-સરોવર પર બે મકરંદો.

યુવાનીમાં ઝુમી રહી વેલડીયો, શરદ્ ઋતુની મસ્તાનીમાં વહેતી નદીઓ, અને કામના મદમાં ઝુલતાં જુવાન જોડલા પોતાનાં આયુ નિર્ગમન કરતાં કેટલાં કાળથી નિર્ભય ને ગંભીર રહે છે ! નવીન વસ્ત્ર

ધારણ કરનાર સુંદરી, નવપલ્લવ પ્રાપ્ત કરનાર તરૂવરો, ને નવીન પ્રેમ સંપાદન કરનારાં આશાવંત માનવો કેટલાં અંધાતુર હોય છે, તેનો ખ્યાલ તેનાંજ ભોગીયો જાણી શકે!

. શરદ્ ૠતુ વીતિ જવા આવી છે. આશ્વિન માસ—દિવાલી કહો, કે વિજ્યાદશમી કહો, પણ નવા વર્ષમાંનાં ધાન્ય પાકવા આવ્યાં છે. એ સમયે, ગુર્જર સીમાડાના એક રાજઉદ્યાનમાં, ભરચક યુવાનીમાં લચી રહેલી રાજબાળા પોતાની સમાન સાહેલીયો સાથે જળકુંડમાં સ્નાન કરવા આવી છે. અને એજ રાજબાગની નજદીકમાં બે રાજબાળકો શિકાર કરતા આવી ચડયા છે. !—

રાજકુમારી રત્નમાળાની નાજુક નમણાઇપર જો ઇંદ્રિ પણ ડોલે કે બ્રહ્મા ભૂલે, તો માનવની મોહક દ્દષ્ટિને ચક્કર ચડે, તેમાં બહુ નવાઈ નથી.

હાસ્યવિનોદ કરતી—રમણીય ઠઠ્ઠા અને બહુ—બોલી સખીયોના શ્રૃંગાર—સરોદ સાંભળતી બાળા પરજનને મોહ ઉપજાવતી હતી-શુક કે બુલબુલ પણ ઘડીભર આ વિલાસ—ક્રીડા સાંભળવા ચૂપ રહી જતા હતા—ત્યારે બે રાજકુમાર કેમ થંભી ન જાય?

રાજકુમારી રત્નમાળા—પોતાની સખીયો સહિત, જળકુંડમાં હસ્ત પાય ધોવા ઉતરી—અને હજી પગથીયાં ઉતરીને જળ હાથમાં લ્હે, તે પહેલાં તેની દ્દષ્ટિ દુર વાડ નજીક પહોંચી—તેની લાલિત્ય ભરી લોચનીયે શું જોયું! કોઇ બે ચન્દ્રકુમાર!

તરતજ કુમારી એ તરફ ફરી—સખીયોને હાથ તાળી આપી—

"બ્હેનો! મને તો મ્હારા પેલા નાજુકડા—સરોવર તરફ આવતા ઝરાના ઝરણુ તરફ જવું છે; તમે ગમે તો અહીં રહો!" એમ કહીને ઉતાવળી ઉતાવળી સખી મંડપમાંથી છટકી—પણ તે વાત તેની એક બીજી સખીના જાણવામાં આવી ગઇ—જો કે સઘળી સખીયો તો કુંડમાં

પહેલીજ ઉતરી પડી હતી–રત્ન હજી પાછળ હતી. ત્યાં તેણે મિપ કરી હતી–ને તેથી બીજી સખીયો રત્નની પાછળ જવાને તત્પર ન્હોતી–એકજ સખી, રત્ન પાછળ ધીમે પગલે જવા માંડી હતી—

આહા ! રત્નમાળા–જેવી કુમાર તરફ ધસી–તેવો એક જોરાવર અજગર, ફૂફવાડા મારતો બહાર નીકળ્યો. મણીધર નાગનો જોરબંધ ધસારો ન જોતાં, કામ–વિહ્વલા–પ્રેમયૌવના રત્નકુમારી એકજ દૃષ્ટિએજ કુમાર તરફ ચાલી–તેને ભાન ન રહ્યું, કે અજગરના સપાટામાં આવી જવાશે–પણ આ નજર કુમારે રાખી–જેવો અજગર તેની નજીક આવવા લાગ્યો, તેવોજ કુમાર બગીચાની વાડ નજીક નિશાન તાકીને ઉભો રહ્યો–ને દશેક કદમ કુમારીથી નાગ દુર રહ્યો, તેવોજ બંદૂકની ગોળીથી તેને મ્હાત કરી દીધો–આ અવાજ થતાંજ કુમારી મુર્છિત થઇ ગઇ, અને સખીયો પણ અનુકંપતી, પોતાની રાજ સહચરી કને આવી પહોંચી !—

વાંચનાર ! આ જોડલાં કોણ હતાં ? તે વિષે આપણે આગળ જાણીશું–તેમજ હવે પછી અહીં શો બનાવ બન્યો હશે, તે પણ જોઇશું. પણ હાલ તરત તો આપણે, સાંઇનિહડી અને એબલની છેલ્લી હકીકત તથા પસલીનો પ્રસાદ, તેમજ કુમાર અન્ના અને વણજારી લાલનની સ્થિતી તપાસીયે !—

ભૈરવી.

" ભાગ્ય વિના ન પમાય–સકળ સુખ—
રાજમહાલયમાં જન્મે પણ ભાગ્યવશાત્ લેવાય.
મધુસંચય કરે કોઇ પ્રાણીઉં—
ભાગ્ય હોય તે ખાય—"

" ચિત્રસેન–ગંધર્વ " નાટક.

પ્રકરણ ૨ જું.

સાંઇનેહડીની વિદાયગીરિ !

" મ્હારા માના જણ્યા ભાઇ કરતાંએ પવિત્ર વ્હાલાભાઇ ? ત્હારી આ સાહ્યબી આગળ, આ એક ભરવાડણ તો કાંઇ હિસાબમાં નથી; તે છતાં ત્હારી ખાનદાનીની છાયા વડે, મને તેં ઉજળી કરી બતાવી ! સાપના માથાનું મણી, તે પરમાત્માને શીરે જઇ ચડવાથી કીમતી થયું ! માછલાંના પેટમાંનું છીપ–મોતી, તે રાજવૈભવી રાણી-ઓના કંઠમાં, એકાવલ હાર તરીકે જવાથી, અને રાજાઓના મુકુટમાં બીરાજવાથી કિમતી થયું. તેમ હું પણ ત્હારા સત્કારમાં શોભવાથી સર્વ જગતમાં યશવંત પવિત્ર અને મહાસતી થઇ ! તેં મારી લાજ રાખી. તેં મને તારી. " સાંઇ નેહડીએ વિદાયગીરીની પસલી લ્હેતાં એભલવાળાને રડતે હૃદયે એટલું કહ્યું. ને ચોધાર આંસુડાં છોડી મુકયાં !—

" આ રાંક રાયકાનો ગુનો માફ કરજે એભલ બાપા ! ત્હારા પુન્યથી હું જીવતો રહ્યો. મેં મારી પાપી અક્કલે વસાર કર્યા વિના કહ્યું, તેનો બદલો ભારે મળ્યો. " રાયકાએ પણ છેતરટનાં બે વચને મારી ચાહી—

" રાયકા ? એ બધો પ્રતાપ આ ત્હારી ભાગ્યવતી અને પતિવ્રતા સ્ત્રી સાંઇનેહડીનો છે. મેં મ્હારૂં વચન નિભાવ્યું છે. અને મારા સત્યભાવને જાગૃત કરી જગતને જણાવ્યું છે. તેમાં વધારે કાંઇ કીધું નથી. "

" અમે બન્ને તમારા ઘરનાં ઓશીંગણ છીએ ! "—

એટલામાં રાણી અને કુમાર બન્ને બહાર ચોકમાં અંદરથી આવ્યાં—ને તેઓ પણ સંતોષ પામ્યાં—

" રાણી બા ? મ્હારો અપરાધ થયો હોય, તો ક્ષમા કરજો " નેહડીએ બે હાથ જોડી કહ્યું.

" અપરાધની માફી તો આપણી ચારણી માતાએ આપી દીધી છે. તમે સૌ નિર્દોષ થયાં. એજ બસ છે. "

" અને કુંવરજી ? મને તો તું માફ કરીશ કે ? "

" મ્હારો તમે કંઇ દોષ નથી કીધો ફુઇબા ! "

" ત્યારે મને લગ્નમાં બોલાવીશ કે ? હું ફૂઇયારૂં કુમાર ત્હારે માટે લાવીશ-જો જીવતી હઇશ તો " સાંઇએ હાસ્ય કર્યું. અને છેવટે રજા માગી—એભલે સાંઇનેહડીને કેટલીક સોના મ્હોરો આપવા માંડી-પણ વગડાઉ રહેઠાણ હોવાથી ધન લેવા નેહડીયે ના પાડી, ત્યારે તેની મરજી મુજબ કેટલાંક ઢોરો ને તેના નિભાવ માટે દર વર્ષે અનાજ ઘાસ ચારો આપવાનું નક્કી કરી દીધું. તેનો લેખ કરી આપ્યો. અને બલા એભલે પોતાની મહત્તા તથા ટેક જાળવી—તે વિષે ભાટ ચારણોયે પછી દુવા જોડી કહાડયા ને દેશ દેશાવરમાં લલકારતા થયા—

એભલ ત્હારૂં અંગ–ઢાંકયું સતને છાબડે;
આખર કસુંબ રંગ, ઉડીને વળગ્યો આંખડી.

સાંઇનો કરી સત્કાર, માથેથી આળ ઉતારીઉં;
વ્હાલો ન કીધો કુમાર, ધન્ય વળાના ઠાકરા !

પ્રકરણ ૩ જું.

અન્નાકુમારનો અસાધ્ય રોગ

કરશો ના કોઇ પ્રીતડી પરદેશીની—ટેક.
કદી થઇ ગઇ હોય જાણ્યે અજાણ્યે—
તાપી લઇ કરજો તાવીત;
વળી ફૂલ ને હૃદય પિછાણી–છેવટ દેજો ચિત્ત રે—
આશક અંધો અને દિવાનો દેખી ન્હેશે લાભ;
ધનલોભી ને કામ વ્યાકૂળી વિરહી પાશે આબરે—
નજર નજીકની ઝુંપડી ભલી નહિ પરદેશી મહેલ;
અંતર એટલો અંતર અંતર અંદર રહેશે મેલ—કરશો.

સાંઇ નેહડીની ગડબડ અને પંચાતમાં, રાજ મહાલયના વ્યવહાર વ્યવસાય અને ઉત્પાતમાં–કુમાર સપડાયો. આ તક તપાસીને, એભલ તથા મેધાશાએ લાખાને રવાના કરી દીધો–જોકે લાખાની પોઠો પહેલાંથીજ કાશી તરફ રવાના કરી દીધી ને તે સાથે કેટલાંક ખાનગી માણસો રાખ્યાં, કે જ્યાં સુધી એભલવાળાની રજા ન આવે, ત્યાં સુધી વાળાક તરફ તેને આવવા ન દેવા–તેમજ બનારસ તરફ મેધાશાએ એવી ગોઠવણ કરી, કે વરસ બે વરસ સુધી અનાજ આપવાના વાયદાજ કર્યા કરે; તે દરમ્યાન લાખાને યાત્રા પરિક્રમણ કરાવવું, કે તે આ તરફનું નામ ન લહે ! આ સઘળી છુપી ગોઠવણ થઇ ચુકી. પોઠો રવાના થયા પછી લાખાને વિદાય કર્યો, પણ લાખાએ એકદમ પરભારૂં કાશી જવા બદલે, દ્વારિકાધીશ રણછોડજીની ઝાંખી કરીને

પછી કાશી જવા રજા માગી; એભલે તે રજા આપી, પણ સાથે કોઠારીને એવી રીતે સમજાવી મોકલ્યો, કે લાખો પાછો આ દેશ તરફ ફરવા ન પામે, અને તેની છોકરી લાલન પણ આ દીશા ન જુએ !–આ કપટ ની કળાવડે બાંધીને લાખાને દેશપાર કર્યો. એભલે વળી અભયદાન દીધું, કે તેની તળેટીનો માલ સામાન સલામત રહેશે !–જોકે લાખાને પણ કંઇક હૃદય સૂચન થયુંજ હતું, કે હવે તેનો દેહ લાંબો કાળ કહાડશે નહિ ! તે ઇચ્છતો હતો, કે કોઇ પણ રીતે તેનો દેહ કાશીમાં પડે ! માત્ર એકજ મહા ચિન્તા વ્હોરી લીધેલી એ હતી, કે લાલનને સ્થળે પાડવી ! પણ કયાં પરણાવવી ! રાજબાળક છે, એમ કહેતાં કોઇ માને તેમ નથી–સાબીતી બતાવ્યા છતાં તેનો કોઇ અંગિકાર કરે તેમ નથી. ત્યારે હવે શું કરવું ! લાખાએ રાધાદ્વારા છેવટે કેટલીક લાલનની હકીકત જાણી હતી, પણ કપટથી કુમારને ગળે ઓળગવામાં સુખ મળશે નહિ, તેમજ એભલને ગળે પણ ઉતરશે નહિ તેથી તે મુઝાયલો દેશ છોડી ચાલ્યો. અને પ્રભુ પર શ્રદ્ધા રાખીને–પર્યટન કરી આવ્યા પછી જો સંસ્કાર હોય, તો એભલને વિનતી કરીને, લાલનને કુમાર સાથે વરાવવી !–જોકે લાલને પણ શેત્રુંજય છોડતાં બહુ તાલાવેલી લગાડેલી હતી–પણ લાખાએ રાધાદ્વારા શાન્તિ ને આશા આપી જ હતી, કે ત્હારૂં ધારેલું રત્ન તને મળશે. હાલ તો એભલને ઉપકાર તળે દાબવો, ને પછી વચન માગવું–આ વાત લાલનને ગળે પણ ઉતરી–ને પ્રદેશ તથા તિર્થ જોવા નિમિત્તે છુટી પડી–વળી કુમાર તરફથી પણ અભયવચન હતું. એટલે લાલનને તો કંઇ દુઃખ ન થયું–તોપણ પ્રેમ–લગનીનો પરિતાપ અને મનેન્દ્રિયનાં ધર્મ સંકટો તેને પણ નડવા તો લાગ્યાં–છતાં પ્રવાસમાં દુઃખકર ન થયાં ! અહીં તો કુમારનુ મન નિવૃત્ત થતાં લાલનની લગની ચાલુ થઇ–દીન રાત એજ ધુન અને એજ જપમાળ—વારંવાર જીવડો શેત્રુંજય તરફ જાય, અને રડીને ચાલ્યો આવે ! અંતે વિયોગનો રોગ શરૂ થયો ને મન પર એ

વ્યથા લાગુ પડી ગઇ ! એબજ્ઞ તથા રાણી બન્ને સારી રીતે સમજી ગયાં. પણ શો ઉપાય કરવાથી તેની શાન્તિ થાય, એ વિચારમાં પડયાં ! અન્નાનો મિત્ર માધવ બહુ રીતે સમજાવવા માંડયો, પણ તેની અશાન્તિ ટળી નહિ. કોઇએ તેને એવી રીતે સમજાવવા જણાવ્યું કે લાલને દગો દીધો, ને ન્હાસી ગઇ ! પણ આમ જણાવતાં, તો કુમાર જે હાલતમાં છે, તે કરતાં વધારે પીડિત થાય, પણ તે કરતાં એક કિસ્સો ઉત્પન્ન કર્યો. અને બેવફા સ્ત્રીની એક કથા તેમના હસ્તમાં મુકી !—અન્ના-કુમારને એકાન્તમાં–આ કથા વાંચવા આપી–તેનું નામ "પ્રેમ–પ્રતિજ્ઞા" હતું–એક ખરો બનેલો બનાવ હતો–અને એ જોટલાંમાં ઝુરતો આશક, હજી વેદના ભોગવે છે. બેવફા એ તો વફાદારનું રૂપજ ધારી રહેલું છે !

પ્રકરણ ૪ થું.

કપિલમુનિના આશ્રમની યોગમાયા !

કવિવર કાલિદાસે વર્ણવેલા મુનિ આશ્રમનાં વર્ણનનો રસ–ભાવ, સ્વાદુજનોની જીવ્હામાં શર્કરારૂપ થતો જાણી વદાય છે કે–

" માળામાંથી ધાન્ય તરૂ તળે, પથરાયું વેરાય,
હિંગુળિયાંનાં ફળ ફોડતાં, પથ્થર ગયા ચિગદાય;
ભય તજી મૃગલાં જોઇ અમને, શબ્દ થકી નવ ભાસે,
રસ્તે લઇને જાતાં વલ્કલ, નીકળતાં તે ભાસે. "

(અભિ. શકુ.) દ. પ્રા. ખખ્ખર.*

---

* સ્વર્ગસ્થ રાવ સાહેબ દલપતરામજી કૃત "અભિજ્ઞાન શકુન્તલા" સાંપ્રત રંગભૂમિપર ભજવવાની, તેમના સુજ્ઞ પુત્ર રા. મગનલાલની ઈચ્છાને આધીન થઈને, સુધારા–વધારા સાથે, રચીને તૈયાર કરવામાં આવ્યું છે. અને કોઇ અનુભવી ગુજરાતી નાટક કરનારી મંડળીને ભજવવા આપવાનું છે. તેના સર્વ હક્ક, લેખકે પોતાના સ્વાધિનમાં લીધા છે.

[૧૭]



કપિલ મુનીના આશ્રમની યોગમાયા. ભા. ૪ પૃ. ૧૫૬.

વર્ષા ઋતુનો જન્મ થવા આવ્યો. સગર્ભા વાદળીયો-જળપુરવતી ગગનમાં આમતેમ આળોટતી-કવિ કાલીદાસ કહે છે તેમ-ગર્ભવતી સ્ત્રી પેઠે પ્રસુતા થવાનું દર્શન દેતી, ફરવા લાગી હતી-સહજ વીજુ આવતી હતી-ઝરમર છાંટા ઝરતા હતા-ખેડુતોની આશાનું થુમડું બંધાવા લાગ્યું હતું. તરસથી કંટાળેલાં પશુ-પંખીઓ મોં કાઢી રહેલાં હતાં. નદી-તળાવોની અવદશા થઈ રહી હતી. નગરકાંઠો શુન્ય હતો. નદી બિચારી પાતાળમાં પેસી ગઇ હતી. જ્યાં જળવાસ હતો, ત્યાં હાલ રણવાસ લાગતો હતો. પ્રભુ કૃપાએ નર્મદાતટ, જળથી ભરપુર હતો. વિશેષ કરીને કપિલાશ્રમ પાસે જે મોટું વ્હેણુ હતું, તે જળથી ભરપુર, જાણે બાંધેલું સરોવર હોય, એમ લાગતું હતું.

કપિલમુનિ વૃદ્ધાવયના તાપસી મહાત્મા હતા. ગૃહસ્થાશ્રમ ધર્મ પ્રતિપાલક હતા. અસલ ગૌડ સારસ્વત બ્રાહ્મણ હતા. પિતામાતા ભિક્ષુક હતાં. કાળ-દુષ્કાળને લીધે કેટલાંક વર્ષથી દક્ષિણ વિભાગ ત્યજીને ગુજરાત પ્રાંતની વન-લીલા જોવા આવ્યાં હતાં. ઘેલુડી ગુજરાત-રસાળ પ્રદેશમાં તેને આશ્રય મળ્યો હતો, અને એજ નગરમાં નિવાસ કર્યો હતો. તે વૃદ્ધ સારસ્વતનો સંસ્કારી પુત્ર, તે આ મહાત્મા કપિલ મુનિ હતા! ગુરૂપ્રતાપે તેમને સંસાર-વ્યાધી પરથી મન ઉઠી ગયું ને અંતે યોગ દર્શન પ્રાપ્ત કરીને, ગુરૂનાજ આશ્રમમાં જીવનપ્રભાની ઉચ્ચ શ્રેણી ચલાવી.

કપિલ મુનિ નર્મદા તટ ઉપર સ્નાન-ધ્યાન કરવા ગયા છે અને આશ્રમમાં ફક્ત એક નિર્દોષ હરણી, અટુલી પડેલી હોય એમ ડોકીયાં કરી રહી છે; કોઇ નવીન પંથીજનથી ભય પામતી હોય, એમ અનુકંપે છે. એમની પાળક માતા ક્યાં છે? આ આવી! ફુલદાની હાથમાં લટકતી હતી. કોઇ જન-દૃષ્ટિ પડે, તો તેને સહજ લાગે, કે

વૈકુંઠમાંથી કોઇ મુનિકન્યા, તપોવનમાં મહા મંદિરમાં પુજન કરવા આવે છે. જંગલ-તપોવનમાં, ને મુનિના આશ્રમમાં આ રાજરત્ન હોય? હા—એ યોગમાયાની વિભુતી-સંતનાજ કેવળ અટુલા આશ્રમમાં રહી છે. તપોવનની તે વનવાસિની નથી. તે નગરથી દુર છતાં, સંસારીઓના સહવાસથી વિમુખ છતાં, સંસારનાંજ સુખનો લ્હાવ લ્હેતી હતી. આ યોગમાયાનું નામ કૃપિંજલા હતું. કપિલ મુનિના આશ્રમમાં ઉછરેલું આ બાળક એક વેળા અનાથ હતું, ને તે કપિલ મુનિનું પાળક બાળક થયું, એટલે મુનિપત્નિએ, આ બાળાનું નામ કપિંજલા રાખ્યું હતું! રૂપમાં દેવાંગના શરમાય, તેવું ચંદ્રરશ્મિ જેવું શાન્ત ગૌરવ તેજ હતું! શરીરનો બાંધો, કેળના સોટા જેવો, સફેદ દુધ સરખો અને લાંબો નહિ તેમ ટુંકો નહિ, તેવો બેઠો હતો.

વનવાસિની હતી. નિર્દોષ હતી. કણ્વ મુનિના આશ્રમમાં ઉછરેલી શકુન્તલા જેવી નિર્દોષ હતી ખરી, પણ ગમાર ન્હોતી; કેમ કે કપિલ મુનિ ગૃહસ્થાશ્રમી હતા, ને તેથી તેમનાં પત્નિના સહવાસમાં ઉછરતી બાળા, કંઇક સંસારી વિષયોની અનુભવી થઇ હતી. તેને લગ્ન યોગ્ય કરવાની હતી. પંદર વર્ષની વયવતી યુવાન કન્યા ગૃહસ્થાશ્રમ ધર્મ પ્રમાણે પતિ-વાન્છના કરતી જણાતી હતી. મુનિની નિંદ્રા વિમૂખ થઇ હતી. પોતાની પ્રિયા પ્રભુદ્વાર પહોંચ્યા પછી, પાળક પુત્રિને પરણાવી દેવાની અતિ આગ્રહી ઇચ્છા હતી—પણ ક્યાં પરણાવવી? આ ચિન્તામાં તપ અને ધ્યાન ચુકી જતું હતું. બહારની પીડા પગમાં આવી પડી હતી. શીરે હાથ મુકવા જતાં હાથ કપાઇ ગયો હતો. પર ધન સાચવવા જતાં શરીર ક્ષીણ થયું હતું. બાળાનું શુભ કરવા જતાં પોતાનું સાર્થક ગુમાઇ જતું હતું. તે થયું. હવે પુરૂં કરવાનીજ સાધન સધાતી હતી.

હરણી આમ તેમ અકળાતી બંધ પડી. તેની વ્હાલી સખી કપિંજલા ઝડપથી—અનુકંપા પ્રાણી કને આવી–ગોદમાં ઘાલી–ચુંબન કરી–ચાંલ્લો કર્યો. હરણી ગેલમાં આવી. ઘડીભર રમાડીને હાથ–પગ ધોવાને કપિંજલા નજીકના જળ ભાગ તરફ જવા ચાલી. આહા ! ત્યાં યોગમાયાએ શું જોયું ! એક રજનીકાન્ત !

પ્રકરણ ૫ મું.

માયાનો ભ્રમ !

ચન્દ્રના પ્રતિબિંબનું કીરણ જાણે કપાળમાં સાધના કરી રહેલું છે. બાળ બ્રહ્મચારી યોગીરૂપ એક યુવાન, જળકાંઠે–બે હાથ જોડી અર્ધ કટી વસ્ત્ર પહેરી, આંખ્યો મીંચીને, સૂર્ય પ્રતિ, એક દૃષ્ટે જોઇ રહેલો છે. આહા ! યુવાન તાપસી ઉગ્રતપ કરી રહેલો છે ! કપિંજલા આ આગ્રહી તાપસીને જોઇને થંભી ગઇ ! જળ લેવાનું ભાન ભૂલી ગઇ ! એક અણુમાત્ર પણ સૂર્ય પ્રતિ દૃષ્ટિ ખેંચી રખાય નહિ, તે આખો ઘડીઓ સુધી સૂર્યનાં પ્રતિબિંબને ખેંચતી ખડી છે, એવો પ્રચંડ યુવાન કોણ હશે–એ જાણુવા આતુર થઇ રહી ! દૃષ્ટિ ચુકે અને પોતાની પ્રતિ જુએ, તો માયાદેવીનો પ્રભાવ પ્રગટે–તે સિવાય આપની અધિકારી થવાને સમજુ અધીરાઇ કેમ કરે ? ઘડીભર ઉભી રહી બળવાન્ સત્તાવાળા યોગીની હઠયોગ ક્રિયા જોઇ રહી. વિરાટ આસનનો પ્રભાવ દૃષ્ટે પડયો !

યુવાનનું શરીર તેજોમય હતું. માંસલની ઉપર ચળકતી ચામડી, દૈવી તેજ પ્રકટાવતી હતી. મુખ ઉપર ચન્દ્ર–રશ્મીની છાયા ઓપી રહી હતી. સૂર્યનાં કીરણથી તે સ્થાન રક્ત થતું છતાં યોગનો પ્રભાવ

સત્વગુણનાં સ્થાન, ને દૈવી શક્તિને પહોંચી વળવાની સત્તા સર્વે પદાર્થે આ ગુણી બાળાને મોહક બનાવતા હતા.

જેમ જેમ દુરાગ્રહી યોગી તપ-બળમાં મસ્ત થતો ગયો, તેમ તેમ બાળાની અધિરાઇ વધતી ગઇ. ત્યાંથી તે પોતાનું ડગલું દુર કરવાની શક્તિ તજી ગઇ! એકજ દષ્ટે, સત્યાત્મિકભાવે તેના હૃદય જોડે તે મળી ગઇ! દષ્ટિ દુર કરી શકતી ન હોતી—ખગાકાર થઈ રહી હતી—આ બાળયોગી કોઈ સિદ્ધજનનો ખરો સંસ્કારી છે, અને વરવું તો તેનેજ આ પ્રતિજ્ઞા તે લઈ ચુકી, અફસોસ! આગ્રહી મોહવશ બાળાએ—જળભરી મુઠી—બે હાથ વચ્ચે જળ રાખીને, સૂર્ય પ્રતિ પ્રતિજ્ઞા કરી કે, " સવિતા દેવ! ત્હારી દષ્ટિમાં મળેલા તાપસીની પત્નિ થવા મ્હારી પ્રતિજ્ઞા છે; ત્હારા સેવ્ય-ભાવી યોગીના હૃદયમાં પ્રેરણા થવા દે—યુવાન પ્રભાને તેના સ્વરૂપમાં મળી જવા દે!"—આ પ્રતિજ્ઞા—જળ પાછું જળમાં પડયું, કે તે અવાજ પેલા યુવાન યોગીના કર્ણમાં ગયો. ને દષ્ટિ ફરી. આહા! તેણે શું જોયું! મુનિ આશ્રમ નજીક રમતી યુવાન યોગિની, જળકાંઠે આવી—એકટશે મોહવશ થતી, સપ્રેમ લક્ષણા ભક્તિથી શ્રીકૃષ્ણ—ચન્દ્રને રિઝાવતી ઘેલી ગોપીયન પેઠે, એક દેવાંગના યુવતીને જોઈ. બસ જોઇ—અને હૃદયમાં એટલોજ આઘાત થયો, કે " ભાગ્યવંતનેજ આ રત્ન પ્રાપ્ત થાય!" " આદેશ!" ગુંઠણભર બેસી—બે હાથ જોડી—નીચું શીશ કરી, કપિંજલા—પેલા બાળયોગી પ્રત્યે બોલી—યોગીએ આશિર્વાદ આપ્યો.

" સૌભાગ્ય—સુખ મનવાન્છીત પ્રાપ્ત કરો!—"

" અને તેનાથી પુત્ર-વાત્સલ્ય પ્રાપ્ત થવાનું વરદાન?"

" અસ્તુ!—" સાવિત્રીએ યમરાજ કનેથી માગેલું વચન, બન્ધનકારક શબ્દથી, પતિ-જીવન મેળવવાને જે યુક્તિથી મેળવેલું

તેજ વચન આ સ્થળે પ્રાપ્ત થયું. કપિંજલાએ આ મહાયોગી યુવાનનું તન–મન હરી લીધું.

"હવે મને જવાની આજ્ઞા છે?" કપિંજલા ઉભી થઇને બોલી.

"ક્યાં જશો?" યોગીની મોહક દૃષ્ટિ, સમાગમ ઇચ્છતી હતી.

"કપિલ મુનિના આશ્રમમાં–આપ તેમનું આતિથ્ય સ્વિકારશો?"

"અતિથીનો સત્કાર કરવાનું કામ આપ કરતાં હશો."

"હા–" શરમાતી બાળા–કંઇક મિષ્ટવાતે–મૃદુ શબ્દે, નીચી દૃષ્ટિએ મન-વાન્છના પાર પડી ગણીને, ઉભરાતા પ્રેમે એકજ જીર્ણ તારમાંથી રણઝણાટ કરતા ધ્વનીનો તાર વગાડયો!

"મુનિશ્રીનાં આશ્રમમાં દર્શન થશે?"

"જુઓ, મ્હાત્માશ્રી દુર સન્ધ્યા વદન કરતા જણાય છે!"

"હું તેમનાં દર્શન કરીને પછી આશ્રમવાસી થઇશ!"

"અસ્તુ! જય–દેવ! જરૂર પધારજો!" કપિંજલા–હસતી ઠણુકતી, ભાવીનો પડદો ઉઘડેલો જોઇને આડી નજરે જોતી ચાલી! યોગીનું હૃદય સંપૂર્ણ પ્રેમ–તારમાં ઝકડાયલું જોયું! કંઇ નવીનતા જોઇ! માયાનો ભ્રમ ઉભયને પ્રાપ્ત થયો.

પ્રકરણ ૬ ઠું.

પ્રેમીયોની ઘેલછા?

ભૂલે છે ભાન પ્રેમીઓ પ્રીતિનો પી જઇ પ્યાલો;
બને છે અંધ કેરી જન, રસિક રસ લાગે રઢીયાળો. ૧
નજર ક્યાં, ને અરે તન ક્યાં, કરે છે વાત ક્યાં, દીલ ક્યાં;
ફરે છે ક્યાં, સ્મરે છે ક્યાં, નજરમાં રંગીનો પ્યાલો. ૨

ભૂલે છે વાત ઘડી પળમાં, ભૂલે છે કામ તો ઘરમાં;
કહે દિવાનું તે થળમાં, સ્મરે છે એક તે વ્હાલો. ૩
અજબ એ ઘેલછા છે તો, અજાણ્યાને નથી કંઇ જો;
વીતે તેને એ સાલે તો, બુરી છે ઘેલછા જો જો. ૪

કપિંજલાને ખરે પ્રેમ-લગની લાગી. વનવાસી બાળાને આ યુવાન જોગીએ જાદુ કરી દીધું. કેવળ શુદ્ધ ને પવિત્ર મનની યોગિની માત્ર એક યોગાસનમાં ધવાઇ ગઇ—લપટાઇ ગઈ, જાદુથી દબાઇ ગઈ! પ્રભુત્વના પાશમાં, કંઇ વિલાસની આશામાં, કંઇ યોગના આભાસમાં, કંઈ સંગીના સાથમાં, ખરેખર મોહિની લાગી ગઇ; કપિંજલાને ઘરસુખ, કે સંસાર–વૈભવનો અનુભવ ન્હોતો; કપિલ મુનિનાં પત્નિ સાથે તે રહી, તેટલામાં તે એટલુંજ શીખી, કે " અતિથીનો સત્કાર કરવો, દેવ પુજન કરવું, સંત જનોનો સત્કાર કરવો, ધર્માચાર રાખવો. વડીલોની સેવા કરવી, પ્રભુ પુજન કરવું, દયા, ક્ષમા, ને શાન્તિ રાખવી, અપવિત્ર વસ્તુ પ્રતિ દૃષ્ટિ ન કરવી, અયોગ્ય પદાર્થ પ્રતિ ભાવ ન જવા દેવો, મનને નબળુ ન કરવું, અને પોતાના કરતાં નીચ જનોનો સમાગમમાં ન આવવું, ઇત્યાદિ શિક્ષણ પ્રાપ્ત થયું હતું. ભોજનમાં કંઇ માધુર્ય, મિષ્ટાન્ન જેવું તો ખાવાનો ચસ્કો ન્હોતો! વ્યાયામ તો હતોજ, કેમકે ફુલ–વાડીમાંથી ફુલ–બિલ્વપત્ર વગેરે ચુંટવાં, પાણી પાવું, હરણીને સંભાળવી, અને કોઇ કોઇ વાર ભોજન ક્ષુલ્લક કરવું, એ સિવાય તો પઠન–પાઠન, દેવ–સેવા અને ગ્રંથો વાંચવા ઇત્યાદિ કાર્યમાં જીવન ગાળતી હતી. મનોવિકાર હજી પ્રદીપ્ત થયા ન હતા. ઇંદ્રિય ધર્મનાં મૂળ હજી પરિપકવ થયા ન હતાં, અજાણુ વસ્તુથી જાણીતી થવાનાં સાધન ન હતાં, અખંડ કિમતી મોતી હતું; અને માત્ર તેને કંઇપણ જગત–જુવાની કે જીવનનાં સુખ–સાધનનું ભાન થયું હોય, તો પહેલીજવાર યુવાન જોગીપર પડેલી દૃષ્ટિપાત પછી થયું હતું.

કપિંજલા ખાત્રીથી માનતી હતી, કે "મ્હારા જીવનનનો એક સાચો જે મિત્ર કરવો છે, તે આ યોગી થશે. એમની યોગ-માયાની વિભૂતી સપ્રેમે ગ્રાહ્ય કરીને, તેનાજ ધર્મમાં મુક્તિ મેળવી શકાશે." બિચારી ભોળી વનવાસિની બીજું શું ધારે? તેને થોડાં પકવાન કે મિઠાઇની મજા મેળવવાની હતી! તેને થોડા છત્રપલંગપર પોઢવાની આશા હતી! તેણે થોડુંજ સંસારીયોનું વૈભવ દર્શન કરેલું હતું! જે પદાર્થ જોવા કે જાણવામાં ન આવે, તેની ખરી કે ખોટી કલ્પના શી રીતે થઇજ શકે?

કપિંજલાનું લક્ષ, માત્ર સાથી જોતું દોડયું છે. વળી વધારે મોહ તો એ પુરૂષની વય ને તેમાં તેનું યોગપ્રાબલ્ય અતી ઉગ્ર જોયું! આ ચમત્કારી યુવાન સંગે થતો સહવાસ, વૈકુંઠ દર્શન કરાવશે, એ પણ વિચાર આ યોગમાયાને આવ્યો હતો. તેને યોગ ઉપર પ્રીતિ હતી, પણ સમાન વયનાં સંગાથી વિદ્યાર્થીઓને પરસ્પર તેનો રાગ બેસે, ને તે રીતે પહેલો-વહેલોજ પ્રસંગ આ યોગી સાથે કુદરતી થયો હતો.

કપિંજલા પર્ણકુટીમાં આવી. અને આમ તેમ પડેલું બાજુપર મુકી દીધું. જ્યાં કંઈ કચરો પડેલો હતો, તે પણ સાફ કરી નાખ્યો. મૃગચર્મ પાથરી દીધું. પાસે મુનીશ્રી માટે આસન-દર્ભાસન નાખી દીધું. અને આતિથ્ય માટે વનફળ પણ બાજુપર તૈયાર રાખ્યાં—આતિથ્યમાં મુનિશ્રી જો વિવેક કરતાં ચુકે, તો પોતે આદરસહ પ્રસાદી યાદ આપવી, ને એ વિનંતી એવા દયાળુ રૂપમાં મુકવી, કે યોગીને દયા આવે! વળી યોગીની સેવા કરવા પોતે આખરે યાચના કરીને પણ યોગીના પ્રસંગમાં આવવું, તથા કોઇ પ્રકારે યોગીની કૃપા વ્હોરી લઇને તેને ગળે પડી જવું. એટલી હદ સુધી તીવ્ર ઇચ્છા રાખી–હિમ્મત આગળ આવીને ઉભી રહી. આશા હૃદયમાં ઝળકી રહી. મોહ દૃષ્ટિમાં રમી રહ્યો. પ્રેમ હૃદ-

ચમાં ફટકી રહ્યો. ભય, હાથ-પગમાં લટક્યો રહ્યો. અનુકંપ અંગમાં ફરકી રહ્યો. શરીર ઝુપડીમાં ને દૃષ્ટિ માર્ગમાં એ રીતે બાળા વાટ જોવા લાગી.

અધીરી લલનાની ઘેલછા વધી પડી. તે એમ ધારતી હતી, કે હમણાં પિતાશ્રી કપિલ મુનિ જોડે પ્રેમી આવશે; પણ યોગી નજરેજ ન પડયા! ઘડીભર ઉભી રહી. ઝુપડી બહાર નીકળીને ઝાડની ડાળી ઝાલી, ઉંચી ઉંચી થતી, નદીના નિચાણ ભાગમાં જોવા લાગી. થાકી—આખરે અંદર ઝુપડીમાં ગઇ, ત્યાં બેઠી–થોડી પળે મુનિશ્રી કંઇ આ બાળાની અંતર્ગતથી અજાણ રહ્યા! ના–તેણે આવતાંજ કહ્યું–

"કોઇ યુવાન યોગી બહુ ઇચ્છાએ મ્હારાં દર્શન કરવા તત્પર થઇ રહેલો પણ ધિરજ ગુમાવીને અંતે કયાં ગયો—તે ગયો—"

"બાળયોગી—ન્હાની વયમાં યોગનો અડંગ અભ્યાસી જણાય છે." કપિંજલાએ પ્રેમદર્શનનું પ્રતિબિંબ પ્રકટાવ્યું.

"તેં કયાં જોયો?"

"જળ લેવા ગઇ હતી–ત્યાં સામે કાંઠે તેઓ સૂર્યનારાયણનું એક દૃષ્ટે લક્ષ ખેંચી રહેલા હતા! અજબ દૃષ્ટિમાં બળ જોયું. યોગી શું એટલો પ્રબળ હશે?"

"મન પ્રબળ હોય છે, બેટા! બન્ધન અને મોક્ષનું મૂળ મન કહેવાય છે! જો મન વશ થાય, તો જગત સ્હેજે જીતી શકાય છે!"

"ત્યારે શું ભાગ્ય–યોગ બળવત્ નહિ?"

"એ વાત પ્રકૃતિથી તદ્દન જુદીજ છે, ભાગ્ય ચક્રનો સંબંધ કર્મ સાથે છે અને કર્મ પ્રમાણે બુદ્ધિ તથા મન–યોગ આવી મળે છે!"

"ત્યારે ઋણાનુબંધ તે શું?"

"એ પણ ભાગ્યયોગની રેખા!"

"ત્યારે મ્હારો ને તમારો સંબંધ શાથી હશે?"

"પૂર્વ યોગથી! નદી નાવ સંજોગે સર્વ આવી મળે છે.
જો કે હું તાપસી અને તું માયા–પણ તે છતાં તે માયા વિકારી નથી–એજ તપ ને કર્મનો સંયોગ!"

"ત્યારે પેલા તાપસી કુમાર તે કોણ, ને મ્હારે શું?

"તે તને પેલી સારિકા પંખિણી કહેશે!"

"સારિકા! પંખિણી! તેને વાચા ક્યાં છે?"

"પૂર્વ યોગથી તેના કર્મ વડે વાણી પ્રાપ્ત થશે, તું તેની કને જા. જા, તે શું લવે છે? કુંજ–મંડપ પરથી તે જ્યાં સુધી વિતક નહિ કહે, ત્યાં સુધી તે ઉડશે નહિ. હું લગાર મધ્યાન્હ સન્ધ્યા કરી લઉં, ત્યાં તું પરવારીશ, એટલે ફળાહાર કરીશું; જા બેટા!"

આટલું કહીને તાપસી મુનિ કપિલજી ગયા. અને કપિંજલા તે સારિકાનાં વચન શ્રવણ કરવા કુંજમંડપ કને આવી! અહા! ત્યાં તેણે વિસ્મય સૂચક વચન શું સાંભળ્યું?

વાંચનાર! ભાવી–યોગ અને તાપસી બળ કેવું પ્રબળિષ્ટ છે, તેનો આ પડછાયો જો—પ્રતિબંબ જો! કર્મનો પડઘો જો!–પ્રેમનો પડદો જો!

પ્રકરણ ૭ મું.

સારિકાનો સંસ્કાર.

એ પંખીઓ અમે એક વનમાંહે ફરતા'તાં,
કરતાં'તાં સુખ દુઃખની બે બે વાત સાથ ચરતાં'તાં–
એ સમે એક પારધી આવીયો વનમાં,
રે કપટ કળાથી જાળ બિછાવી તનમાં—

*   *   *   *   *

"શું સારિકા? તુ ખરૂં કહે છે, કે તેં પ્રેમની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો, ને તે આપથી આ પંખિણીની અવાચ્ય ગતિ પ્રાપ્ત કરી?"

"હા–પણ હવે હું આ અવતારે બોલું છું."

"તે વિસ્મયની વાત છે! તને આમ કોણ બોલાવે છે?"

"મને પઢાવી છે. પણ પઢાવનારના મહાપાશમાં હું ઘેરાયલી છું, એટલે પુરૂં વદી શકતી નથી. હું અભાગિણી! મહા અઘોર કર્મ-વાદીએ–અરેરે, મ્હારા પ્રિય ભરથારને મેં દગો દીધો—ને હું સાચા સુખના અધિકાર પરથી ઉઠી ગઇ–ઉડી ગઇ! સાંભળો, મ્હારી સખી પ્રત્યેનો મ્હારો પાપી પસ્તાવો સાંભળો!

કાલીંગડો.

સખી રે અમુંઝાયે છે શાને! કયમ ભૂલી ભ્રમિતા, ભાને?
સંસારે, સુખમય વનિતા જાણે, તું કયમ અમુંઝાયે, બ્હાણે?–
સખી શું કહું મનની પીડા રે! હું થાકી જોઇ જગ ક્રીડારે—
ક્યાં જાવું રે, કાં નહિ જાઉં રાને? ભ્રમણા પેઠી ગુણ ગાને—
શેની પીડા–શ્રવણ જો મુજને કરાવે,
ચિન્તા ટળે તન તણી મન જો મુકાવે!
ત્હારી વ્યથા, સુરખડી બની શું લજાવે?
કહે ના કહે પણ મુખે થતી દ્રશ્ય ભાવે.
સંસાર સુખધારા વિષે ધારા વહે છે નિર્મળી;
નારી અને નર જોડલાં થઇને ફરે છે હળીમળી
છે દ્રષ્ટ જે સંસારમાં, તે આપણે લ્હેવી ન કાં?
સ્નેહી બની સર્વે જગતનાં, ભાવના દેવી ન કાં?
ના આર્ય ભવમાં એ રીતિ, અંતીમ સર્વાળો કૂડો;
થાયે સ્વચ્છંદી જીવ તો, બન્ધન તણો ભાગે ચૂડો.

તેમાં વળી વૈધવ્યની સ્થિતી બુરી તું જાણજે,
માટે વિચારીને પથારી પર કરે તું ધારજે
કેવી ભૂલે છે તું સખી? શું જીત સર્વે ભ્રષ્ટ છે?
ખાબોચીયનાં જળ જુએ, તેથી શું સિન્ધુ અદ્દષ્ટ છે?
ટુંકી નજરમાં વસ્તુ લાગે ફક્ત ન્હાની એજ છે;
શું જીંદગી કેદી તરીકે નારીને સરજીત છે?
ભારત તણાં બન્ધુ–બ્હેનો–ને પ્રદેશી મિત્રને,
મળવું અને ભળવું ખુશીથી એક દીલથી મિત્રને;
હું તો લઇશ યશ–ઘુટથી સ્નેહી બની મન માનતાં,
ભુંડાં ભલે, બકવા કરે, છો ને અનાડી ભાગતાં!

દોહરો.

સમજાવી સમજી નહિ, ગઇ રસભાનુ દૂર;
વિકળ પંથમાં પ્રસરતી, વિખરાયું નિજ નૂર.
જે વ્યાપાર ન તેહનો, કીધો ભૂલી ભાન;
નવલ રંગમાં રાચીને, લીધું તન અપમાન.
વળી દાન પર દક્ષણા, બગડયો વટલ્યો દેહ;
આર્ય બાળ જન્મી છતાં, પામી ના તું નેહ.
મર્યાદા મનની ગઇ, મૂકી જગની લાજ;
આખર પસ્તાણી પુરી, મુકયું તરતું જહાજ!
બહુ કાળે મધુમંજરી, ગઇ કરવાને તપાસ;
સમાચાર એવા મળ્યા–સખી ગઇ પ્રભુની પાસ.
પણ આ લેખ મુકી ગઇ, આર્ય નારીને કાજ:
સત્ય સુધારો છોડતાં, મૂકી મનની લાજ.

પર સંસારે પ્રસરવું, લલચાઇ નિજ મન;
મોહાઇ મશગુલ થઇ, તાડી દેવું તન.
અજ્ઞાને થઇ આંધળાં, ભૂલે જે જન ભાન;
આ અવદશાએ પહોંચશે–રસભાનુ રૂપ માન.

"સખી સારિકા ? ત્હારા સખી સંવાદમાં હું તો કંઇ વધુ ન સમજી; માત્ર એટલું સમજી, કે તેં દ્રવ્ય લોભ, મોહ અને કુસંગના પરિણામે સાચાં પ્રેમસુખ, અને અલૌકિક વૈભવનો નાશ કર્યો; અને ત્હારાં કર્મનાં બન્ધનોથી તું ઝકડાઇને, મનુષ્ય દેહમાંથી આ પશુ-યોનિમાં આવી !"

"એજ ! બ્હેની ? એજ તેનો અર્થ ભાવાર્થ છે. મેં બહુ ખોટું કર્યું છે ! હું આંધળી–મેં મ્હારા પ્રેમી પ્રતિજ્ઞેય પતિને ઠગ્યા ! મેં ગંગાજળનું પાણી હાથમાં લઇને, એકજ પતિને પ્રભુરૂપ માન્યા હતા ! અરેરે ! એ મારા વ્હાલા નાથે મ્હારે ખાતર અતી જંજાળ ઉઠાવી છે. અનેક અપવાદોનો ગાંસડો બાંધીને અતી શ્રમ માથે ધર્યો છે. અરેરે, તેની મેં કશી કદર કરી નહિ ! અરે જુવો—જુવો—મેં વળી બીજી શી શી ભૂલો કરી, તેનું વર્ણન પણ તમને કહી સંભળાવું ! અરેરે, પસ્તાવાનો અગ્નિ મારા હૃદયમાંથી જ્વાળા રૂપે નીકળે છે ! મ્હારા માનીતા ભરથારને જાણે—તે સાચી પતિ કપિંજલા—

"કપિંજલા ! તે કોણ ?"

"તે—તે—હું કહું—પણ મારૂં સાંભળો !—

જે મ્હારા ભાવી–નાથની લગ્નવતી પ્રિયા—હજી આશાવંતી છે, તે પ્હેલાં હું પ્રતિજ્ઞેય પ્રિયા છું; પણ મેં ભ્રષ્ટ ભાવનાથી તેમને તજેલા, એટલે મેં તેને વિનવવાનો યત્ન કર્યો છે. સાંભળ–મ્હારી અરજી ને તેનો જવાબ !

"મહાશય ? હજી સાંભળો ! હું, તમારી ઋણી છું. હું તમારી અપરાધિણી છું ! આપે મને મહા અઘોર કર્મમાંથી બચાવી, અને પુનઃ કદીયે દુષ્કર્મ ન કરવા, અસત્ય ન બોલવા, પ્રભુને ન ઠગાવા, અને લોભ–માયા તથા કાચી કાયાને આધીન ન થવા, ઘણા ઘણા ધર્મ દાખલાઓ આપીને મ્હારાં પાપી મનને પવિત્ર તથા સ્થિર કરવા યત્ન કર્યો; પણ હું અભાગિ પંખિણીને કશું સુઝયું નહિ; મેં જાણ્યું કે મેં માનેલા પ્રેમી કરતાં, મ્હારા ભાવીને વધુ વૈભવી બતાવનારો ભરથાર મળે તો ઠીક ! આ શ્વાન લોભમાં તણાતાં, મે રોટલાનો ટુકડો પણ ગુમાવ્યો ! આહા ! મ્હારા સંસ્કારો અને પ્રતિજ્ઞેય પતિને મેં ઠગ્યા ! મ્હારૂં રાજ્ય વૈભવમાં હૃદય ચોંટયું ! હું ઉચ્ચ વનિતા ! હું ધાર્મિક ભારતસ્ત્રી, તેને અંગદોષ—કામદોષે લજાવી–અને સુત્રકળાના અધિકારીના સહવાસમાં શાસ્ત્ર શીખવા ઇચ્છા થઇ–પણ ત્યાંથીએ ચિત્ત હઠયું; હઠવા છતાં, સરિતા કાંઠે મહાદોષ થયો મ્હારાથી હત્યા થઇ–અને મહાઋષિ વિશ્વામિત્રનું સ્મરણ થઇ ગયું ! આહા ! તે પછી મ્હારા પરમ રક્ષવાદી બન્ધુની સંસર્ગમાં રહી, તો ત્યાં પણ મ્હારા ભાગ્યે અસુખ ઉત્પન્ન કર્યું: અરેરે ! મેં બહુ કષ્ટ વેઠયું ! બહુ અનુભવ કર્યો. છેવટે કોઇ પૂર્વ ઋણાનુબંધ અને યોગ સંસ્કારે, આપનો આશ્રમ સ્વિકાર્યો; હું સત્ય પ્રતિજ્ઞાથી કહું છું કે જો હું મૂળ દેહે અશુદ્ધ રહી હોત, તો સુખી થાત. આપે મને પ્રેમ પ્રતિજ્ઞાથી બાંધી—અને ગંગાજળ હાથમાં લઇ, સૂર્ય પ્રતિ અર્ઘ દઇ, આશાના સોગન લેવડાવીને સુમાર્ગે ચાલવા લેખ લીધો, છતાં હું ભૂંડી ભમરી ભૂલી—અને ચંદ્ર દેવને શરણે ગઇ ! અરેરે, હું નાજાત પણ કાળી રજનીનો સંગ થયો, અને ચંદ્રને મેં ઉજવળ જાણ્યો, એટલે તેમના તેજમાં અંજાઇને મેં મ્હારા જીવનસુખ પર ઘા માર્યો ! અરેરે, એ ક્ષયરોગી મિત્રે મને એવો તો ફટકો માર્યો, કે

હું બધી બાજુ ભૂલી. હું તે સર્પના સંગમાંથી, જગતના પાપનો વ્યાપાર કરતાં શીખી. મેં જૂઠું બોલવાનું, પ્રપંચ કરવાનું, ને લોકોને હાથ તાળી દઇ બનાવવાનું યંત્ર હાથ કર્યું; મને તે મ્હારી નવી સખી રજનીએ શીખવાડયું; ને હું ભોળી-પણ ઠગારીએ ને બેવકૂફ બીયે, પારકા નિશાનપર પોતે ગોળી ચડાવવા યત્ન કર્યો. આખરે તે ગોળી મનેજ લાગી. ચન્દ્ર તો ચાલ્યો ગયો અને અંતે હજાર ફાંફાં મારતાં મારતાં—મૂળ આપ શ્રીમાન કને આવી આપે પાછો મને ઉપદેશ કર્યો! અનેક રીતે મ્હારો ઉદ્ધાર કરવાને, પવિત્ર માનવ દેહને તારવા યત્ન કર્યો; પણ હાય! પાછી દુર્બુદ્ધિ પ્રાપ્ત થઈ, અને હું તો પાશ્ચિમાત્ય ભૂવનમાં લપટાઈ! મને ગૌવર્ણના લોકમાં જવું ગમ્યું! ત્યાં નવીન ભાન થયું! અને હાય! આપને મેં કેવા ઠગ્યા? આપ વિશ્વાસુ અને ભલા પ્રિય સ્નેહીને કેવા ઠગ્યા? આપ તો સર્વને આપ જેવાંજ ભલાં સમજો છો, પણ હું ઠગારી-ફૂનારી, કુસંગીના પાશમાં પડેલી દુર્બુધીવાળી કામિનીએ તમને પણ ઉડાવ્યા. સતીનું રૂપ લઇ, વેશ્યા જેવો વેશ કર્યો, હંસણીનું સ્વરૂપ બનાવીને કાગડીનો ખોરાક ખાધો! અરેરે, હજુ પણ મન સ્થીર નથી! એ અનેક પ્રતિજ્ઞા કરીને તમને જૂદા પાડવાને હું ઋણી બની, પણ કંઇ છુપું ના રહ્યું; ને મ્હારાથી મહા અઘોર હત્યા થઇ ગઇ! આ કરમાંથી છુટવા મેં અતી કલ્પાંત કર્યું! મને કંઇયે આશ્રય ના મળ્યો, ત્યારે આખરે મ્હારા પૂર્વ વેરી પિતાની ભુષ્ટિતાને શરણે ગઇ; અને યવન કામિનીના યોગભાવે હું દેહ જતાં બચી ગઇ! હવે નાથ? હવે મારે શું કરવું?" ત્યારે મને એટલોજ જવાબ મળ્યો, કે "હવે ત્હારે ત્હારાં કર્મને આધીન થવું! મ્હેં ઘટતું કર્યું છે, અને હજી કરીશ; પણ હવે ત્હારાં પાપ અને કર્મ એટલાં વધી પડયાં છે, કે ત્હારા પ્રેમસંગમાં રહેવું તે વિષકુંડમાં રહેવા જેવું છે! જો કે મ્હારાથી ત્હારૂં જેટલું શ્રેય થયું

તે મેં કર્યું! ત્હારા દુષ્ટ કર્મમાંથી તને તારી, અને મ્હારા જીવન સુખનો છાંયો દીધો; પણ કાગડીને ખીર ના પચી. તને વિષ્ટા ગમી, તો હવે જા—ત્યાં જા! મ્હારો સંગ ત્હારા આ દેહને નકામોજ છે! પુનર્જન્મે જરૂર હું તને પ્રાપ્ત થઇશ; તું મ્હારી કશી કદર ન કરી શકી. હવે મને મ્હારી શુદ્ધ સંસ્કારી પવિત્ર પ્રમદાના ભાગ્ય યોગ શોધવા દે; ત્હારા અઘોર કર્મવાદી જીવડાને હવે મ્હારી સંગે રાખવો, તે ઉભયને હાનિકારક છે, માટે જા-જા-જા દુર થા!" આ જવાબ મને મળ્યો! અરેરે બ્હેન? હું તો બ્હાવરી બની. હજી સાંભળો!

કાલીંગડો.

સખી મેં સ્વપ્ને જોયા સ્યામ.
કનૈયો તેનું જાણ્યું નામ— **સખી.**
બહુ બહુ દર્શન મેં મન દીઠાં, ક્યાંય ન મળ્યો વિશ્રામ;
અંતે મેં સંદેશો દીધો, કહાડી નામનું કામ—**સખી.**
સંદેશાનું સ્વરૂપ જોઇને, હરખ્યા કાળા કાન;
પત્રરૂપે દર્શન આપીને, કીધું મુજ સન્માન—**સખી.**
રાજનગરમાં રૂડા રાજવી, મ્હારે ધામ ન કામ;
પરદેશી પ્રીતમ મન ભાવ્યા, થયો મને આરામ—**સખી.**

દોહરો.

રાધા! ત્હારૂં મન બહુ વ્યાકુળ છે-મળજોર;
શાથી કહે તું સ્થિર નથી, અનંગ ત્હારો ચોર-
મન-વાંદર સમ ભટકતું, આ ડાળે પર ડાળ;-
રૂપ વિષે રાચી રહી, નહિ જામે તુજ તાલ.
ચિન્તા મુજને એજ છે, લાવીશ ના મન દુઃખ;
સહવાસે સખી પારખ્યું, મેં તો પુર્ણ અસૂખ.

ચોપાઈ.

સાંભળ ત્હારા મનની વાત, હૈયું તુજ નથી ત્હારે હાથ;
કરે કનૈયા સાથે પ્રીત, નિભાવવાની નથી તુજ રીત.
પહેલાં તો મનમાં મગરૂર, રૂપે રાચી ખાલી જરૂર;
વળી છુપી લાલચે ચકચૂર, નકી વાળશે જીવન ધૂળ—
પ્રીતિ હશે નિર્મળ નિસ્પૃહ, તોજ નિભશે થાતાં સ્પૃહ.
તને ખુશામત બહુ મન ગમે, છતાં દીલ હરથળમાં ભમે—
નહિ શાન્તિ એકાદે પ્રેમ, ઘર ઘર પર છે ત્હારી નેમ;
વળી કાળું ને ગોરૂં જુએ, નાહક પાણી ડોળી ધુએ—
તને સ્વચ્છંદી રીતિ ગમે, મન ઇચ્છા પરમાં જો રમે;
એવો પ્રેમી ક્યાંથી મળે, તુજમન માન્યો ચિત્તે ચળે—
મળે ઘણા-પણ મનના નાથ, ત્હારૂં દીલ નથી તુજ હાથ;
કાળો છે કનૈયો બ્હેન, તેથી તુને ન પડશે ચેન—
મુકીશ જો તું ત્હારૂં માન, ખાઇશ ખત્તા નકી જાણ;
ઘાત કરીશ જો તારે હાથ, ખોઇશિ તું સાચો સંગાથ—

માલિની.

કઠિન વચન સૂણી, રાધિકા રોઇ ભારી,
મનન ગ્રહણ કીધું કૃષ્ણને જોઇ ધારી;
દૃઢ મન કરી બોલે, નાથ ગોપાળ મ્હારો,
જીવન સકળ આપું, લઇ પ્રતિજ્ઞાય પ્યારો,

શાર્દૂલ વિક્રીડિત.

જો જે બ્હેન ભૂલી પડી ચળિત થૈ, પ્રેમે બની આંધળી,
પાછળથી પસ્તાઇને રઝળતી, જો જે થતી આકળી;
પ્રેમી સુત્ર ગ્રહી પછી વિસરતી, થાતી કલંકીત તું !
ના રે ના, સખી એમ ના સમઝીયે, ગા પ્રેમના ગીત તું

સોરઠો.

સખીને મન સંદેહ, સદા શાન્તિનો તો હતો,
આખર વટલ્યો દેહ, તજી કૃષ્ણ ગોપાળને,
ગ્રહયો *ચંદ્રરૂપ પ્રેમ, મોહી પડયું ક્ષણમાં રતી,
ક્ષય જોયો નહિ તન, ભૂલી રાધા ભામિની.

વસંત-તિલકા.

વિત્યા બહુ દીન પવિત્ર પ્રીતિ પ્રમાણ્યે;
નાદાન ચિત્ત ભમતું ચકડોળ જાણ્યે;
સારૂં નઠારૂં કરતું તરૂ ડાળ ડાળે,
પંખી બિચારૂં રડતું મન તો અકાળે !—
" શું કૃષ્ણ-નાથ કરૂં સુંદર રાધિકાનો ?
સંભાળશે પુરણ પ્રીત થકી સદાનો ? "
ભ્રાન્તિ વિષે ભ્રમણતા થતી રાધિકાને,
તેમા કુસંગ થયો એક વિહારિકાને—

સવૈયા.

હું સખી લલિતા, રાધા તારી બાળકપણની સાહેલી,
હાસ્ય વિનોદ કરી મનગમતાં રહેતાં'તાં ખેલો ખેલી—

---

* ચંદ્ર, દેખાવડો ને મનવંત રૂપાળો ગણાય છે; પણ તેનું જીવન, અંધારી રાત્રિમાં ઉજાશ આપનારૂં, અને વળી ક્ષયરોગી, તેથી તે કંઈ અહોકાળ સ્નેહ સંભાળી ના શકે, કેમકે મહિનાના થોડા દહાડાજ ઘેલી રજનીને રિઝવી શકે, અને તે પણ ચડતા ઉતરતા તેજ (કામ) વડે; એટલે અચળ પ્રેમી નહિ;—એથી સખીનો મનસંદેહ ખરો પડવા સંભવ લાગ્યો—કેમકે ચંદ્ર પર રાધાનો મોહ માત્ર કામ-લોભી હતો. પણ કૃષ્ણ-ગોપાળ તો રાધા પર સત્ય પ્રેમથી જોતા; ને તેથી તે અચળ હતો.

નામ તને વ્હાલું કાનાનું હતું હૃદયમાં અલબેલી,
ભૂલી તું પણ હું નથી ભૂલી, સ્મરણ તને છે કે ઘેલી?–
હા રે હા, સખી! સ્મરણ મને છે, સાહેલી તું છું મ્હારી!
પણ મનભાવ-અભાવે થઇ તું છુટી મુજથી મનધારી;
કહે કહે, કાનુડાની ગત, તેં નિજ પ્રસગે શી જાણી?–
અનેક રંગે રમતો નટવર, પ્રેમ તણો ઘુંઘટ તાણી!
એ ગોપાળ ગુણીજન કહાવે, ગાંડો થઇને ગેલ કરે.
પણ રાધા? કહું સાચું તો, તે ત્હારી પ્રત્યે કેમ, ઠરે?
સોળ હજાર ને આઠ ગોપીકા–સૌનો મનમાં પ્રેમ ભરે?
તું તો કહે કે મ્હારો–મ્હારો, કહે કેમ એ સત્ય ઠરે?
હા, હા, જાણ્યું જાણ્યું છે મેં, કપટી કાનુડો કૂડો;
પ્રીતિ નહિ પણ કામવિકારે ભમતો મેં દીઠો રૂડો!

લલિતા—

ભાગી અભાગી કપટી લપટી કામ રંગમાં એ રમશે.
તેની તે શી પ્રીતિ ભૂંડી? ચપટીમાંહે તે ચળશે!—
હા, હા, સત્ય મને લાગે છે, હું તો તે નામે અળગી—

લલિતા—

હા, બા, અળગી રહેજે રાધા? જો જે હોં પાછી ચળતી?

મંદાક્રાંતા.

કાનુડાએ પરમ પ્રીતની, આ પરિક્ષા કરી છે,
રંગી રાધા ચળિત મનની, કે ઠરેલી ભરી છે?
લીલા કીધી, પરમપ્રભુએ તાવવા પ્રેમ ધાતુ,
લોભી નારી, અકળ ગુણને ટાળીને ભૂલી જાતું!—

હરિગીત.

રાધા બની રજની રૂપાળી, ચન્દ્રના ચિત્તમાં ગઇ;

રંગી રસીલી વિવિધ રંગે રાચીને રમણી થઇ;
આકાશ ને પૃથ્વી તણા બહુ શ્વેત રંગે મોહી રહી,
વ્હાલો કરીને વધાવીઓ—તનમાં મળી જીવથી જઇ!
"છે કૃષ્ણ કાળો ગાંડીયો ગોપાળ નબળો મનતણો,
મુજ ચન્દ્ર કેવો શ્વેત અંગી પ્રેમનો પ્યાલો બન્યો—"
ઉપર ઉપરથી જોઇને, ભાનૂ ભૂલી નિજ ભાનને,
પંદર તિથી પૂરી થતાં શશિ અસ્ત પામ્યો પ્રાણ એ!—

ઇંદ્રિવજ્રા.

રાધા બિચારી મન દુઃખી પામી,
વ્હાલો નિહાળી, અતી પુષ્ટ જામી;
ત્યાગી ગયો તે તવ ક્રોધ આણી,
એ દુષ્ટ ચંદ્—કહી બોલી વાણી!
અંગે રૂપાળો પણ દીલ કાળું,
કામી ધૂતારો, બહુ બોલો ભાળું;
મ્હારો ભલો છે, પ્રીય કાનુડો તો,
મને તે વ્હાલો, ભલે હોય ભૂંડો—

મંદાક્રાંતા.

અંતે આવી, લટપટ કરી, રાધિકા કૃષ્ણ પાસે,
"વ્હાલા હું તો, તનમન ભૂલી, દે ક્ષમા આપી હાસ્યે;
નારી પાપી, અવગુંણી હું તો, બૂદ્ધિ કૂબૂદ્ધિ વાળી,
લોભી કામી, શરણ પડું છું, તાહરા ચર્ણ ન્યાળી!—
ભૂલી વ્હાલા, ચળિત મનથી તે કુસંગી પ્રસંગે,
ધોળો ન્યાળી, ક્ષયી છતાં મેં સ્વિકાર્યો સુઅંગે—
પાપી દીઠો મતલબી પુરો, ત્યાગી ચાલ્યો ગયો તે,
ત્યારે જાણ્યું, જગત અવળું, રે અભાગી રહ્યો તે;

ઝાલી હાથે, નિરમળ કરી, થા ગુરૂનાથ મ્હારો,
હું તો ત્હારી, જીવનભરની પ્યારી દે છાંયો ત્હારો
ભક્તિ સાચી, તનમન ધરી હું કરૂં સત્ય ભાવે,
ગોપાળા, તું વચન ગ્રહીને, ભાવ દે પ્રેમ લ્હાવે !

સાખી.

પ્રેમ—લક્ષણા ભક્તિનું ભાનુરૂપ થયું ભાન;
તિમિર ગયું અંતે ઉડી, ચંદ્રતણું ગયું ગાન—

તિરસ્કાર શશિનો કરી, ગ્રહ્યો હસ્ત ગોપાળ;
ગ્રહી પ્રતિજ્ઞા પ્રેમની, થયો અચળ ઉદ્ધાર—

પ્રેમ—ધર્મનાં પગથિયાં, સાચાં હોય સુજાણ;
સાક્ષી ત્યાં છે શામળો, નિશ્ચય મનને માન—

રાધા—કૃષ્ણ રીસામણું, તુટયું તરત સુમન;
ઉદય ભાનુ થાતાં બન્યું-પ્રેમ લક્ષણા તન—

હજી કવિતાનું ચરણ પુરૂં થાય; ત્યાં તો સારિકા એકદમ ઝાડ-પરથી ભૂમિપર ઢળી પડી. અને આત્મા ઉડી ચાલ્યો. દેહ કાયા તો માટીમાં પડી ગઇ. એવામાં કપિલ મુનિ આ સ્થળે આવી પહોંચ્યા ને બોલ્યાઃ—

" કપિંજલા ? જોયું કે ? જો પેલો આત્મા જાય ! "

" કયાં જાય છે, પિતાજી ? "

" તેના ઉદ્ધાર અર્થે—માત્ર ત્હારા દર્શનથીજ તેનાં પૂર્વ પાપ ટળી ગયાં—અને તે મોક્ષ પામી !

" કોના આશિર્વાદથી ?

" પેલા મુનિ કુમારના.

" તે કુમાર કોણ હતા ?

"ત્હારા પૂર્વના ભાવી પતિ, ને સારિકાના સ્નેહી!

"ત્યારે મ્હારા?"

"પ્રતિજ્ઞેય પતિ! લગ્નના સંસ્કારી ભરથાર!

"ને સારિકાના?—

"માત્ર સ્નેહથી બંધાયલા—માન્યભૂત વાણીરૂપ ભરથાર—

"ત્યારે હવે મને મ્હારા પ્રતિજ્ઞેય ભરથાર મળશે?

"હા—જો આવે!—

આમ દૂરથી બોલતાં બોલતાં કપિલમુનિ કપિંજલાને લઇને પર્ણકુટી કને આવ્યા, ત્યાં પેલો મુનિકુમાર પણ આવી પ્હોંચ્યો! આહા! શું ભાવી યોગ-સંયોગ? કપિંજલા અને મુનિ કુમારનો હસ્ત મેલાપ થતાંજ સારિકાનો મોક્ષ થયો—અને તે પંખિણીના દેહને યથા વિધી સંસ્કાર કરી.

પ્રેમ—પ્રતિજ્ઞા

પુરી થઇ! અસ્તુ! વાંચનાર? આ અભેદી કથા જો સારી રીતે મનન થશે, તો જગલીલાનું સત્ય દર્શન થશે; કેમકે પ્રેમલક્ષણા ભક્તિનું આ નિદાન છે-પરમ પ્રભુ કૃષ્ણચંદ્રનું અવિધાન છે.—

સકલ સંસારમાં સૌ દમ્પતી, એ યોગથી સુખમાં હજો;
સાચો ધરીને સ્નેહ, સૌ પ્રેમી પુરાં સુખ પામજો.

એવફાની ઉઘડેલી આંખ જોઇ, આ સર્વ વાત અન્નાએ સાંભળી—મનન કરી! હમેશાં આંધળો—વૈરાગ્ય, અને મોહનો ધા, તે અનુભવ વિના કદિયે ન સમજાય--તેમ કુમારને કંઇ અસર ન કરી--ત્યારે હવે નવો ઉપાય શોધવા માટે પ્રયત્ન ચાલુ કર્યો—પરિણામ શું આવ્યું? પ્રદેશ-ગમન કરાવવું.—

પ્રકરણ ૮ મું.

પ્રયાણ.

देशाटणं पांडित मित्रता च, वारांगना राज्यसभा प्रवेशः ।
अनेक शास्त्राणि विलोक्यतानि चातुय मोलानि भवन्ति पंचः॥*

એભલવાળાના કાનમાં એવું રેણુ મુકાયલું હતું, કે પોતાનો કુમાર કદાચ જુવાનીના તોરમાં કૂળને દોષ લાગે, તેવું અઘટીત પગલું ભરી જાય, તો પછી થુંકેલું ગણાય નહિ; તે માટે તે દરેક રીતે સાવચેતીના ઉપાય લ્હેતો હતો. અને તે દરેક માબાપની ફરજ હતી. માણુસ પોતાથી બનતું કરે છે, પણ પથ્થર તળે દબાયલો ઉગતો છોડ, તેનું પાણી બતાવ્યા વિના રહેતો નથી. ગમે તે રસ્તે પણ માર્ગ કર્યા વિના રહેતો નથી. એજ રીતે જુવાનીમાં આવેલાં પુત્રી કે પુત્ર પણ પોતાના મનાંકુરોને માર્ગ આપ્યા વિના રહેતાં નથી. તેના પર દેખરેખની, સારી સોબતની, અને ઉંચા પ્રકારનાં માનસિક શિક્ષણુની જરૂર છે ખરી, પણ તેના ઉપર અઘટિત દબાણુ કરીને, તેના મનને કબજે કરવાનો પ્રયત્ન કરવાની જરૂર નથી; કેમકે મનનો સ્વભાવિક ધર્મ છે, કે તે પરવશ રહી શકતું નથી; પછી ભલે તેનું હીતકર હોય.

અન્નાકુમાર પર લાગેલી હીમ, છાંયડેથી તે હાલ શાન્ત હતો. લાલન તો હાલ યાત્રાર્થે જનાર હતી, એટલે હાલમાં જે ઉલ્કાપાત ઉપડયો છે, ને વ્હેળાનો ઉકળેલો જળ-વેગ ઉછળ્યો છે, તેને શાન્ત થવા દેવાની તે ઇચ્છા રાખતો હતો. પણ તેમાં તે હારી ગયો હતો, એમ એભલ માનતો હતો. કેમકે એભલનું ધારવું જુદું હતું-અન્ના-

---

* દેશાટણુ કરવું, પંડિતની મિત્રાચારી, વારાંગનાની ચાતુર્યતા સંબંધી નિરક્ષણુ, અને રાજ-દરબાર, તેમજ અનેક શાસ્ત્રોનું અવલોકન, આ સર્વ ચાતુર્યતા આપનારાં છે.

ના મનમાં હવે એમ હતું, કે લાલનના વિયોગે, આ સ્થળમાં વધારે દુઃખ સાલશે, માટે આશ્રમ તજી જવો ! એભલ એમ ધારતો હતો, કે લાલનને તથા તેનાં સ્થળને અને દીલને વિસ્મરાવા માટે, કુમારને બહાર પ્રદેશ મોકલવો; પ્રથમ તો એવો વિચાર કરેલો હતો, કે રાણી સાથેજ કુમારને, તેના મોસાળ તરફ રવાના કરવાં ! પણ સાંઇનેહડી આવી ગયા પછી, અને મેઘાશાની કુશળતાથી લાખાને દુર પ્રદેશ કહાડવાની યોજના અમલમાં લાવ્યા પછી તે વિચાર માંડી વાળ્યો. પરંતુ કુમારનું ચિત્ત અસ્થિર લાગ્યાથી હવે તેને જણાયું, કે થોડો સમય પ્રદેશમાંજ મોકલવો; પણ રાજવૈભવના ઠાઠથી નહિ !– એક સામાન્ય મુસાફર તરીકે રવાના કરવો, ને તેની સાથે તેના માધવ મિત્રને, અને મેઘાશાના પુત્ર મુળચંદને મોકલવો ! મુળચંદ ભક્ત છે. તેની રીતભાત ને નીતિ રીતિ ઉત્તમ છે. અને વળી યુવાન બાળકોમાં પક્ષોટાઇ જાય, તેવો છે. તેથી તે પસંદગી વધારે અનુકુળ થઇ પડી. મેઘાશા પણ ખુશી થયો. કેમકે બાપ દીકરા વચ્ચે અણુબનતું ચાલતું હતું, વૃદ્ધકાળે સ્ત્રી વિનાના વૈભવી પુરૂષની હાલત ઘણી દયાજનક હોય છે, તે અનુભવી સમજે છે. મેઘાશાની એવી આન્તરીક ઇચ્છા હતી, કે વૃદ્ધકાળ જાળવી શકે. દેહને સંભાળી શકે, તેવી સ્ત્રી કરવી ! નાતરૂં કે પુર્નલગ્ન તો થાય તેમ ન્હોતું; તેમ કોઇ સ્ત્રીને **રાખ** તરીકે પણ રાખી શકાય તેમ નહતું; પણ પૈસાનો લોભી કોઇ વાણીયો, પોતાની જુવાન દીકરી જે કોઇ કુંવારી રંડાયલી હોય, યાને વિવાહ મેળવેલો પણ વરનાર મરી ગયો હોય, તેવી છોડીની સાથે લગ્ન કરવાના વિચારમાં હતો. અને તે તક લ્હેવાને, મુળચંદ દુર થયલો જેવા ઇચ્છતો હતો, કેમકે ને આડો ન આવે ! મહારાજા એભલને પણ તેણે મુળચંદનીજ સંમતિ આપી હતી. અને તે પ્રમાણે, કુમાર તથા માધવ સાથે, મુળચંદને પ્રયાણ કરાવ્યું હતું; માત્ર કાઠિયાવાડની સારી સારી

હવાવાળી જગ્યાઓ ફરવાની હતી. દ્વારિકાં, પ્રભાસપાટણ, દેવદાર-કારણ્ય, જાલંધરાશ્રમ. દીવ બેટ અને ગોપનાથજીનાં દર્શન કરીને વતનમાં પાછું ફરવા ઠરાવ્યું હતું ! ને તે માટે, સારી સામગ્રી લઇને, સાદાજ ઠાઠમાં, યાત્રાળુ તરીકેજ, થોડાં માણુસો સાથે રવાના થયા હતા ! અહીં મેઘાશાનો નવોજ રંગ જામી ગયો હતો. ભૂલ ભૂલામણીમાં મેઘાશા રંડાયલી હાલતમાંથી મંડાયલી દશાએ પહોંચ્યો હતો.

પ્રકરણ ૯ મું.

મેઘાશાનો માંડવો.

એભલવાળાના વડીલથી દરબારનો માનીતો અને વિશ્વાસુ કારભારી નામે મોતીશા ઘણો લાયક અને કૂળવાન કુટુમ્બનો હતો. કાળને વશ જગત છે. એભલનો બાપ ગુજરી ગયો, અને મોતીશાનો પગ દરબારની દેવડી પરથી ઉતરી ગયો. એભલનો અમલ થયો. અને મેઘાશા જેવા ખટપટીયા કારભારીનું પગલું પેસી ગયું ! એભલનો બાપો ઘણો ઉદાર અને દાન આપવામાં દીલાવર હતો. ભાટ–ચારણોનાં તથા બ્રાહ્મણ–બાવાનાં વચનો પર તેનો આનંદ હતો. વળી ધર્મ ચુસ્ત હોવાથી, ઉપજ કરતાં ખરચ બેવડો રાખતો, ને તેથી કરજાલું હાલતમાંજ ગુજરી ગયો હતો. એભલના બેસતા અમલમાં લેણુદારોએ તાકીદ કરવા માંડી, ને તે એભલથી સાંખી શકાયું નહિ ! મોતીશા કારભારૂં કરતા હતા. તેનાથી નાણું લાવીને કરજ પુરાયું નહિ. આ તકનો લાભ લઇને મેઘાશાએ કારભારૂં ઝુંટી લીધું ! એભલને નાણાંની મોટી મદદ કરી, પણ જુક્તિથી ! લેણુદારોને અરધાં નાણાં દેવાં, ને તે પણ “ સો કે હુવે સાઠ, આધે ગયે નાઠ; દસ દીલાયગેં, દસ દેંયગેં, ઓર દસકા દેનામેં હય કયા ?” આ રીતે સૌને પતાવ્યા ! મેઘાશાની કુશળતા અને

બુદ્ધિ ચાતુર્યતા પર, એભલ આફરીન થઇ ગયો. ને મેઘાશાનીજ સલાહ પર કારભારૂં કરવા લાગ્યો. મોતીશા ઘેર બેઠો, અને અહીં દરબાર ગઢમાં નવા કારભારનો ધુમાડો ઉછળવા લાગ્યો. જે પ્રતાપે દુકાળ પણ પડયો !—

રાજકુમાર તથા તેના મિત્ર માધવ વગેરેને પ્રદેશ દેશાટણ અર્થે રવાના કર્યા પછી, મોતીશા વિરૂદ્ધ મેઘાશાનો નવો મીના–કેસો ઉત્પન્ન થયો. બામણા નામના ગામથી ઘેલા મોદીએ, પોતાની દીકરીનું વેવીશાળ, મોતીશાના દીકરા માધા સાથે કરવાનું નક્કી કીધું; ને વર જોવા તથા વિવાહ નકી કરવાને પોતાના ગોરને મોકલ્યો; ગોર અજાણ્યો હોવાથી આંધળે બ્હેરૂં કૂટાયું ! તે તળાજામાં આવ્યો, અને ભાન ભૂલી ગયો. મોતીશા કારભારી બદલે મેઘાશાનું નામ દાખલ થઇ ગયું. ગામને ઝાંપે કારભારીનું નામ પુછતાં મેઘાશા મળી ગયું. જુના કે નવા કારભારીની વાત યાદ ન રહી. મહારાજની આ સમજણ ગડમથલ થઇ ગઇ ! ગોર તો મોતીશા બદલે મેઘાશાને ત્યાં આવ્યો, અને નાળીયેર આપીને ચાંલ્લો કર્યો. તેણે પુત્રની ખબર પુછી, ત્યારે દેશાવર જવાની વાત જણાવી. ગોર એમ પણ નથી પુછતો, કે દીકરો કુંવારો છે કે ¿ માત્ર મેઘાશાની મોટી મોટી વાતો ને કારભારાંના દમામમાંજ ગોર દબાઈ ગયો, ને કાંઇ લાંબી ટુંકી પુછયા વિના ચાંલ્લો કરીને ચાલ્યો ગયો. મેઘાશા સમજ્યો, કે પોતાની ઉપર ઘેલો મોદી આશક પડયો હશે ! કારભારાં અને સાયબી પર મોહી પડીને, વૈભવ માટે તેની દીકરી આપી હશે. ઘેલો મોદી એમ સમજતો હશે, કે મેઘાશા કેટલાં વરસ જીવશે ? પછી બધું દીકરીનુંજ છે તો ! મેઘો આમ સમજ્યો, ગોર બીજું સમજ્યો, ને ઘેલો મોદી ત્રીજું સમજ્યો. આખરે લગ્ન પ્રસંગ આવ્યો. મેઘાશાએ કપડાં, દાગીના તથા થોડો અવેજ પણ મોકલ્યો. ને લગ્ન પત્રિકા મંગાવી. ઘેલો મોદી તો હર્ષ

ઘેલો થઇ ગયો. ને લગ્ન દીન નક્કી કર્યો. મેઘાશા ડમડમ કરતા વર-ઘોડે ચઢી આવ્યા. પાદરે જાન આવી ને મોટી સાયબી જોવા ગામના લોકો આવવા માંડયા ! વરને જોવા સૌ તલ્પે, પણ વર કયાં ? કોઇ કહે માફામાં છે, ને કોઇ કહે ઝુલ્લામાં છે ! મેઘાશા તો સાદા પોશાકમાં હતો. છેવટે સામૈયું આવ્યું. ત્યાં સુધી કોઇ વરની તપાસ નથી કરતું ! વાણીયા ભાઇ, ડાહીમાના દીકરા પણ ગાંડીયા તો ખરા ! સૌ મળ્યા હળ્યા, ખાંડનાં પાણી પીધાં, ને જાન ગામમાં લેવા માંડી, ભારે ઘોડા પર મેઘાશા પણ ન બેઠા, સીગરામમાં સવાર થયા !

મેમાનોને વેવાઇ તરફથી પુછવામાં આવ્યું, ત્યારે સૌએ કહ્યું, કે મેઘાશાનો છોકરો તો બચરવાળ છે. ને તે તો કુંવર સાથે ફરવા ગયા છે. આ વાતથી રસ્તામાંજ ભંગાણ પડવા માંડયું. જાનીવાસે પહોંચ્યા, ને ઘેલા મોદીએ તપાસ કરી, ત્યારે તો દીકરા બદલે બાપ પરણાવવા આવેલા માલમ પડયા. ગામમાં હોહા થઇ ગઇ, અને સગાં વ્હાલાં પણ છેડાયાં ! મેઘાશાની ઠગાઇ કરતાં ગોર મહારાજની લુચ્ચાઇ જાહેર થઇ. અજાણ્યું ને આંધળું બરાબર, તેમ ગોર તો બે હાથ ઉંચા કર્યા: મેઘાશાએ ગોર પર ઢોળ્યું. હવે અપમાન કરીને પાછા પણ કેમ ફેર-વાય ! લગ્ન દીન ખેડવાય નહિ, ને લગ્ન થાય પણ નહિ. પરિણામ એ આવ્યું કે પરણનાર છોડીને ખબર પડી ને તેણે ગમે ફાંસો ખાઇને આપઘાત કર્યો, લગ્નમાં ભંગ પડયો. મેઘાશા મોં કાળું કરીને રાત લઇ ઘેર વિદાય થયા. અફસોસ પ્રવર્ત્યો. પણ પાછળથી ખબર પડી કે મેઘાશાને અથવા તેના પુત્રને કન્યા વરાવવાની ન્હોતી, પણ મોતીશા કારભારીના પુત્ર માટે ગોર આવ્યો હતો. અંતે કન્યાના ભાગ્યમાં. મેઘાશાની મ્હોકણ નડવાની હતી, તે નડી; અને ઘરડે ઘડપણ મેઘા-શાએ પાણી ગુમાવ્યું; પણ તે માટે મેઘાશાના મનમાં કંઇ ન લાગ્યું;

એક દાવ અજમાવ્યો ! નફટને નાક કેવું ? આ વૈર એવડું થયું ! એક તો મોતીશાના દીકરાને વરનાર કન્યા પોતે પડાવા જતાં, તેનો ઘાત કરાવ્યો ! કૌતક નવું એ બન્યું, કે મેઘાશાની જાન પાછી ઘર તરફ ફરતાં રસ્તામાં એક ગામ આવ્યું, ત્યાં એક વણિકની મૂકાયલી કન્યા હતી. જો કે આંખે ચુંચી ને પગે લંગડી તથા જીભે બોબડી હતી. પણ મેઘાશાની અવસ્થા ક્યાં સીધી હતી ! આ ચોકઠું બેસાડી દીધું. આલાને કોઇ આપે નહિ, ને લાલીને કોઇ લ્હે નહિ ! મેઘાશાની ઇજ્જત તો રહી. ને વાજતે ગાજતે તળાજામાં પેઠા !–મેઘાશાનો વરઘોડો તો ચડયો. પણ હવે માંડવો કેવી રીતે છુટે છે, તે મુળાયો દીકરો આવ્યા પછી ખબર પડશે ! હાલ તો મુલચંદની ગેરહાજરીમાં પાને પડેલાં તેની સ્ત્રી બાળકોને દમમાં રાખીને કામ લીધું છે, ને લ્હે છે, પણ હવે જોવાનું છે. કન્યા કેવી મળી છે, તે હવે જોઇશું ! આ એક ફાર્સ પણ નાટક તખ્તાને લાયક ગણીને ભજવ્યો હોય, તો ગમગીની ઉદાસીનાં હૈયામાં પણ હરખ આવે ખરો ! તે પ્રસંગ અહીં રાખીને, હવે કુમારના પ્રવાસ તરફ નજર કરીએ.

પ્રકરણ ૧૦ મું.

લાખા વણજારાના વારસા ઉપર ધાડ !

મેઘાશા કોઇ પૂર્વનો લાખા વણજારાનો પિત્રાઇ હશે ! જો તેમ ન હોત, તો બિચારા લાખા પ્રત્યે તે દુર વર્તણુક ચલાવત નહિ, ને એભલવાળાને અવળે રસ્તે ચડાવત નહિ !

સ્વાર્થી, લોભી, અને પાખંડી વાણીયાએ એભલને ઉસ્કેર્યો,

કુંવરને દેશ-વિદેશ કઢાડયો, લાખા વણુઝારાને કપટકળાથી પરદેશ પહોંચાડ્યો, અને પેલા મોતીશા કારભારીની સામી આવેલી કન્યા પોતે પરણી ગયો ! ઇશ્વરને ત્યાં ન્યાય છે. પુન્યકળા વડે, અમુક સમય સુધી, દીવામાં તેલ-ને દીવાને લીધે પ્રકાશ આપે છે, પણ તે અમુક-જ વખતને માટે, પછી કાળચક્રના બળે-અંધકાર થવાનોજ છે. જે તે રીતે મેઘો હાલ ચડતી દશાનાં દમામમાં ફાંકડો ફીતુરી ભલે બન્યો, પણ અંતે ચોરને પોટલે ધૂળની ધૂળજ રહેવાની છે.

મેઘાશાના પેટમાં, લાખા માટે ફક્ત એકજ દાઝ હતી. દુકાળ નિમિત્તે, પોતાના દીકરાને નામે પોતે વેપલો કરવા માગતો હતો. અનાજ, ઘાસનો ડબલ ભાવ લેવાનો વિચાર હતો. અને તે પણ એભલના કોઠારો ભરીને, ખજાનો ખાલી કરવાનો હતો. પણ તે ધારણામાં ધૂળ પડી-લાખાએ આ દુષ્કાળમાં દાણો તથા ઘાસ વેચવા ના પાડી. અને તે ગરીબ પ્રજા તથા અવાચ્ય પશુમાં મફત-ધર્માદા આપી દીધો. આ કાર્યથી મેઘાશાને આડકતરો ફટકો એ લાગ્યો, કે પોતે બીજી તરફથી ખરીદ કરીને સંગ્રહેલા અનાજ-ઘાસનો ભાવ પણ નબળો-આવ્યાથી મોટી ખોટ ગઇ-ને તે દાઝ, લાખા-પર ઉતારી !

મોતીશા કારભારી જુનો હતો. તેને પણ મેઘાશાએ ખસેડ્યો હતો. પણ એક પ્રસંગે તે એભલને ઓચીંતો મળ્યો હતો. પ્રસંગ તો મેઘાશા આવવાજ દેતો નહતો. એભલને મળવાની તક લાવવા દેતોજ નહતો. પણ પોતે જ્યારે બૈરી પરણવા ગયો, ત્યારે મોતીશાને બેવડી તક મળી હતી. ને પોતાના પુત્રને માટે આવેલી કન્યાનું માગું, પોતે અદ્ધર ઉપાડી ગયો છે, આ ફરિયાદનાં કારણે મોતીશાએ તક લીધી હતી. અને એભલને મળીને મેઘાશાનાં પાપ પ્રકટાવ્યાં હતાં. એભલ,

ગંભીર ને શાણો હતો. તેણે વાત સાંભળી. અને મોતીશાને શાન્તિ આપી-ધર્મનો જય-ને સાચનું રાચ જોવા જણાવ્યું-આ વાતપર એભલે લક્ષ દેવા માંડયું.

મેઘાશાએ હવે લાખાની વાડી જપ્ત કરાવી. એભલ બાપુ તો દાયરાની મજાહ, ને કસુંબાની લ્હેર લ્હેતા હતા-બારોટની વાતો, અને તરગાળાના નાચમાં વખત ગાળતો હતો. રાજ્યમાં શીની ઉથલપાથલ થાય છે, તેનું તેને લાંબું ભાન નહોતું. બનતાં સુધી તો મેઘાશા કદીયે એભલને કાને ફરિયાદ જવા ન પામે, તેવો બંદોબસ્ત કરી રાખેલો હતો. પાશવાનો એવા હતા કે જો ભૂલ્યે ચુકયે કોઈ આ ચડે; તો પરભારોજ જવાબ દઇ રવાના કરતા-ને કદાચ અકાળે ભે થઇ જાય, તો મેઘાશા ઉડતો જવાબ આપીને એભલના મનનું સમ. ધાન કરતો હતો. હમણાં તો મેઘો સ્વતંત્ર હતો. કેમકે તેની પુંઠે કોઇ જોનાર નહતું, તે તેથી લાખાનું સર્વ ઉંધુ વાળવા બેઠો હતો. વાડી કબજે કર્યા પછી રાયકાઓને દમ આપી-લાલચ આપી, ભોળવી ભમાવીને ભંડાર હાથ કર્યા હતા. અને તે ભંડારો શેત્રુંજાતી તળેટીમાં ગુફાની અંદર હતા-તેમાં આગળ અનાજ ભરેલું હતું. એ સર્વે મેઘા-યે હાથ કરીને એભલને બતાવ્યું હતું. ને પોતાનો વિશ્વાસ, નીતિ નેકી તથા વફાદારી બતાવી હતી. જો કે ખજાનો હોત, તો કદીયે હાથ ચડવા ન દેત-પણ દાણો અને તેપણ હાલ ભાવ આવી ન શકે, તેવા સમયમાં, જો પોતે વેર વ્હોરી, જોખમ ખેડવા જાય, તો જીવથી જાય-ને એભલના હથિયારનું બલિદાન થઈ જાય, તેથી વાણીયા વિદ્યા કરીને, વફાદારી દેખાડી હતી. એભલ ખુશી થયો હતો, ને લાખો રડી રહ્યો હતો.

પ્રકરણ ૧૧ મું.

લાખા ભગતનો નવો અવતાર.

" જેને સાહ્ય સમર્થ કિરતાર, તેનું કોણ નામ લ્હેરે ! "

આ પ્રમાણે લાખાના અવતારનું અવતરણ થયું;
" પ્રલ્હાદને પર્વત ઉપરથી દોડવી દીધો હતો,
બળતી કડા જે તેલની તેમાં સુધન્વા દાઝતો;
કાયા તણી દરકાર ના—બસ આશરો ઇશનો હતો,
ના દેહ દાઝયો કે મુવો—વ્હારે સમર્થ પ્રભુ હતો. "

" દુશ્મનો ચાહેંસો કરેં, કયા હોતા હય ?
વહીં હોતા હય જો મદદે ખુદા હોતા હય ! "

લાખાની પૂર્વની રહેણી-કરણી, એક જેસલ જેવા કચ્છી લૂટારા જેવી હતી—પણ તેને સુરદાસજીનો સત્સંગ થયા પછી, તેના અંતઃકરણમાં દબાયલો પ્રભુ, પ્રકટી નીકળ્યો હતો. ને તે સીધી રાહપર આવી ગયો હતો. માત્ર એક પ્રભુનું ધ્યાન, એક ગાન-તાન, અને એકજ નિદાન હતું ! પારમાર્થિક વૃત્તીપર સંપુર્ણ લક્ષ હતું, ને તેમાં તેનો વિજય હતો. મોહ—માયા કે લાલચ-લોભ, વૈભવ-સત્તા કે રંગ રાગની હવે તેને કશી પરવા ન હતી. મન મરી ગયા પછી સંસારની જંજાળ રહેતી નથી-ઇશ્વરી ચૈતન્યમાં અંશ મળી ગયા પછી, ક્ષણીક સુખની વાન્છના ટકતી નથી. તે ઝાંઝવાનાં જળ પેઠેમ પળમાં પ્રસરી જાય છે. વ્યસન-ધૂળ સાથે મળી જાય છે ! જ્યાં ખોટી અને ખરી

વસ્તુનું નિદાન કરતાં આવડયું, ત્યાં જગતની માયાવી નજરે ભલે ઘેલછા લાગે, પણ ભક્તજનો તે આનંદ માનીને, મુર્ખત્વપર હસી— પોતાનાં પૂર્વ કર્મપર તિરસ્કાર કરી પોતે સુખમય માર્ગે ચડેલો માનીને, પ્રભુત્વમાં મળવા યત્ન કરતો રહે છે, ને છેવટે જય પામે છે.

ભૂંડો માણસ સામાનું ખોટું કરવાની નિત્ય લાલચે પ્રયત્ન કરતો રહે છે, પણ તેમાં સામાનું કલ્યાણ થાય છે, તેનું એ ભૂંડાને ભાન હોતું નથી. જો કથા–પુરાણોમાં જ્યાં જ્યાં જોઇશું, ત્યાં ત્યાં ભક્તજનો પ્રતિ, શત્રુરૂપે અનેક વિટમ્બના નાંખનારાં માણસો મળ્યાં છે, ને વિના કારણે તે ભલાં જનોને સતાવી, દઝાવીને રીબાવ્યાં છે; પણ તે માત્ર સારા ભાગ્યની કસોટી છે! વસિષ્ઠ ને વિશ્વામિત્રની તકરારમાં હરિશ્ચંદ્રનું સત્ય પ્રકટ થયું; અને તેવા અનેક દૃષ્ટાન્તોમાં જે જે ભક્તજનો, પ્રતિષ્ઠા પામ્યા, તે દુરિજનનાજ પ્રતાપથી તો લાખો વણજારો તે દશા પામે, તેમાં નવાઇ શી! મેઘાશા જો ન મળે, તો લાખાની કીર્તી ગવાય શી રીતે? ને તે પ્રભુદ્વારામાં ભક્ત તરીકે જાહેર થાય શી રીતે? ઇશ્વર કરે છે, તે સારૂંજ કરે છે.

લાખો પોતાના રંક રસાલા સાથે રણછોડજીની ઝાંખી કરવાને દ્વારકામાં આવ્યો. લાલનનું હૃદય તો પોતાના અંતરમાં વસેલા અન્ના કુમારનેજ દેવરૂપે ઝાંખી કરતું હતું. એટલે તેના સ્થૂલ દેહને તો દ્વારિકાં પણ શેત્રુજયની તળેટી હતી. બલ્કે તેથી એ અભાવ વાળી હતી.

દ્વારિકામાં યાત્રા નિમિતે અનેક સંઘમેળો મળ્યો હતો. કેટલાંક રાજ રજવાડાં પણ આવ્યાં હતાં, અને તેમાં રત્નનગરીનો એક રાજકુમાર પણ આવ્યો હતો. લાખાનો ઉતારો જે ધર્મશાળામાં હતો, તેજ ધર્મશાળા સામેની બીજી એક ધર્મશાળા જે મહાન લોકોનેજ ઉતરવા માટે, રાજ રજવાડાંનેજ ઉતરવા માટે ખાસ બંધાયલી હતી.

તેમાં રત્નનગરીના કુમારનો ઉતારો હતો, તેની નજરે લાલન ચડી હતી. ને તે વખતથી કુમારને એક જાતનો મોહક પવન લાગુ પડયો હતો.

કોઇપણ રીતે તેને હાથ કરવાની તેની ઇચ્છા હતી, અને પોતાના ખાસદારને આ કુમારિકાની તપાસ માટે રોકયો હતો. એ કન્યા લાખા વણજારાની છે, અને લાખાને લલચાવીને કન્યા હાથ કરવાથી મન ઇચ્છા પાર પડે, આ છેવટ ઉપર કુમાર આવ્યો હતો.

લાખો એક પરમ ભક્ત છે, ને તે નિમિતે તેમનો સત્કાર કરવો, પણ તે તક લેવા માટે કયો પ્રસંગ હાથ પકડવો, એ વાટ જોવાતી હતી. જેમ જેમ દિવસ જતા, તેમ તેમ કુમારના મનને બેચેની વધતી. યાત્રાળુઓ કાંઈ ત્યાં કાયમ રહેનારા હોતા નથી, ને તે કયારે ઉપડી જશે, એ પણ નકી હોતું નથી; તેથી કુમાર ટળવળી રહેલો હતો, અને અધીરો બની રહેલો હતો.

મનુષ્ય ધારે છે એક, ને કુદરત બનાવે છે બીજું ! લાખાની ઇચ્છા એવી હતી, કે દ્વારિકાંધીશની ઝાંખી કર્યા પછી તરતજ સુદામાપુરી (પોરબંદર) જવું, પણ તે પહેલા અદ્‌ભૂત કૌતક બન્યું !

લાખો, ગોમતી માતામાં સ્નાન કરીને, દ્વારિકાંધીશના મંદિર તરફ આવ્યો, ને ત્યાં સમુદ્ર સ્નાન કરવા જતાં વીળ આવ્યાથી સમુદ્ર દેવનાં ચરણમાં સપડાઇ ગયો ! કયાં ગયો, તેનો પત્તો ન મળ્યો. પણ આશ્ચર્યકારક રીતે પાછો કેટલેક સમયે તે નવો અવતાર પામ્યો ! !

વાંચનાર ? તે કયા પ્રકારે નવો અવતાર પામ્યો હશે, એ પ્રસંગ પછી જણાશે, પણ હવે લાલનની શી ગતિ થઇ ? તે જાણીયે !

પ્રકરણ ૧૩ મું.

અનાથ લાલન !

વનમાં ભૂલી પડેલી અટુલી મૃગલી આમતેમ ફાંફાં મારતી પોતાનાં ટોળાંને શોધતી હતી !—

વાર્તાની નાયિકા મધુરી લાલન, પોતાના હૃદયાધાર અને શાન્તિના સાગરને સદાકાળ પ્રભુ તુલ્ય જંખતી હતી ! પિતાની મર્યાદા જાળવવાને અનિવાર્ય સંજોગે આવી હતી; આહા ! તે પ્રવીણ સાગરનાં પૂતળાં પેઠે શું જાપ ઝપતી હશે ? વિયોગી પંખીડાંની પ્રેમ લગનીનો પરિતાપ તો તેજ સમજી શકે !

"દુઃખની વાતો દુઃખયાં જાણે
સુખીયાં શું પરમાણે રે !" "મનોહરી-રંભા"

પરંતુ વધારે વિરહ જ્વાળા તો એજ હતી કે,

કોઇ કરશો નાં રે, પરદેશીની પ્રીત !
ચોરી ચાલ્યાં જે ચિત્ત, પાછાં વળતાં લાગે વારરે,
ચડતાં બહુ બહુ નિમિત્ત—"

સીતાએ રામચંદ્રજી જેવા મહાપુરૂષને પરણતી વેળાએ શું એમ ધાર્યું હશે, કે અયોધ્યા નગરીની પટરાણીનો વૈભવ મેળવવા બદલે, વનવાસનો કષ્ટ વેઠવાનો કઠીણ કાળ આવી અડશે ?

भर्त्ताच रामो जनक पिताच
गुरोवसिष्ठो सकळार्थ सिद्धिः ।
तथापि सीता रघुनंदनस्य-
दैवो बलि केवलमिश्वरेच्छाः ॥

અને તેવા દુષ્ટ સંજોગમાં દુર્મતિ થાય છે, તો તેનું પરિણામ પણ તેવુંજ ભોગવાય છે.

લાલન શેત્રુંજયનો સીમાડો છોડીને, પિતા સાથે યાત્રાર્થે નીકળી, તે વખતે તેને શું શુકન થયું હશે ?

યુવાન કુમારિકા, માતા વિનાની થયા પછી પિતાના મહારાજ્યમાં ભલે વૈભવ ભોગવે, પરંતુ તેને પતિવતી થવાની કુદરતી આતુરતા અદ્‌ભૂત હોય છે.

તેના મનના અંકુરો સ્ફૂરી નીકળે છે. તે આ અવસ્થામાં માતપીતાના પ્રેમ કરતાં, પીયુની પ્રતિ વધારે ભાવના ધરાવતી જોવામાં આવે છે! આ માત્ર અવસ્થાનો પ્રભાવ છે ! કામદેવ–રતીનાથની પરમ ભક્તિનું ફળ છે ! !

ઘડી પ્રતિ ઘડી પ્રવાસમાં પણ જાય જપતી આ મનોહરી લાલન, પોતાના કયા ભાગ્યપર ચડવા જતી હશે ? કઇ વિકટ વાટમાં રઝળવા જતી હશે ? કયા દુઃખના ડુંગરાઓમાં અથડવા જતી હશે, તે તો પ્રભુ સિવાય કોણ જાણે ? ભાગ્ય–અંધારામાં જ્ઞાન–ચક્ષુ ધરાવનારાજ, વસ્તુ પદાર્થ જોઇ શકે છે.

લાખાની દશાનો અંત, કોઇ વિચિત્ર પ્રકારે આવ્યો, અને લાલન અનાથ થઇ પડી. પણ આ બનાવ બન્યા પછી લાલન એકદમ ગુમ થઇ ગઇ ! કયાં ગઇ, એ લાખાના સાથી કોઇ જાણી શકયા નહિ.

આજુ બાજુ ઘણી તપાસ કરી, પણ અલૌકીક રીતે ગુમ થઇ અને સર્વે નિરાશ થઇ ગયા—

મેઘાશાના માનીતા કોઠારીને એવુંજ જોઇતું હતું. લાખા સાથે મોકલેલા કોઠારીની ફરજ એ હતી, કે લાખાને કોઇ પણ રીતે, વળા દેશ જોવા પાછો ન પામે, તેમ કરવું. અને તે આપોઆપ આ પ્રપંચીઓની નજરે ચડયું, પછી તેમનું હીત કે અહીત થવું, તે તો દૈવ જાણે !—

વાંચનાર ? લાખો ભગત તો રણુછોડરાયના શરણમાં ગરક થઇ ગયો. ને લાલન વણજારી યા પ્રેમ-ઘેલી રાજકુમારી કોણ જાણે ક્યાં ગુમ થઇ ગઇ ! ત્યારે હવે લાલનનાં વ્હાલાં લોચન અન્નકુમાર તરફ હવે નજર કરીએ, કે તે ક્યાં છે ?

ભાગ ચોથો સમાપ્ત.

દેલવાડાકર-વાર્તામાળા.

લાલન–વણજારી

ભાગ ૫ મો.

પ્રકરણ ૧ લું.

અન્નાકુમાર રત્નનગરીના પરોણા તરીકે !

મન મોહિની લાલનને ખાતર દેશ ત્યાગ કરીને પ્રદેશ ગમન કરનાર, એબલવાળાનો કુમાર અન્નો, રત્નનગરી તરફ આવી પહોંચ્યો છે, અને તે રાજ્યના મહેમાન તરીકે રાજ મહાલયમાં ઉતર્યો છે !

વાંચનાર ! તને તાજુજ સ્મરણ હોવું જોઈએ, કે જે રાજકુંવરી, એક ઝેરી સાપનો ભોગ થતી અટકાવનાર શિકારી કુમાર તે આ અન્નો હતો. અને તેની સાથે તેનો મિત્ર માધવ હતો !

કુમારી જ્યારે સાવધ થઈ, અને તેની સખીયોની સારવારમાંથી તે વિમુક્ત થઈ, પછી તરતજ અન્ના કુમારની ભેટ લીધી. કુમારને અંદર બોલાવીને તેનો સત્કાર કર્યો. અને રાજવંશી અતિથી તરીકે તેમની પ્રશંસા કરી ! કુમારી અને કુમારી વચ્ચે હજી થોડી મર્યાદાશીલ અને વ્યવહાર-વિવેકની વાત થતી હતી, તેટલામાં મહારાજાને ખબર પડવાથી એકદમ ત્યાં આવી ચડ્યા હતા. ફક્ત કુમારી પર કોઈ ઝેરી સાપે તરાપ મારી, એટલીજ હકીકત પરથી તેઓ આવ્યા, પણ સાપને મારી નાખનાર તો અન્નાકુમાર છે, એ હકીકત બગીચામાં આવ્યા

પછી જાણ્યું ! અને મહારાજાએ તેઓને પોતાના પરોણા તરીકે રહેવા અભિલાષા બતાવી ! કુમાર અને માધવને તેમાં કંઇ અયોગ્ય ન લાગવાથી રાજ્ય પરોણા તરીકે ગયા—આ વાત કુંવરીને વધારે પસંદ પડી ! જોકે કુમાર અન્નો, આ કુંવરીના રમણીય સ્નેહથી મોહિત તો થઇ ગયો, પણ ફક્ત લાલનની મૃગલાં જેવી આંખ, ચંદ્ર જેવું કપાળ, અને કમળ જેવા અંતઃકરણ સાથે સરખાવતાં, મન હઠવા લાગ્યું ! સર્વ કરતાં વધારે લગની લાલનની એજ લાગેલી, કે એના જેવું પ્રેમ વદન, હાસ્ય—વદન કોઇનું ન દીઠું ! અને તેથી આ કુંવરી પર, જેમ કુંવરી ધારતી હતી. તેટલું મન ન ચોંટયું ! કુંવરીના મનમાં પોતાના રૂપનો અને આવડતનો ફાંકો હતો, પણ તે વ્યર્થ ગયો. હવે જોઇએ, કે બન્નેના પ્રસંગો કેવા બને છે.

પ્રકરણ ૨ જું.

પ્રેમ અને મોહનું યુદ્ધ !

મોહનકળી કુમારીના હૃદયમાં અન્નાની છબીયે નવો મોહ ઉત્પન્ન કર્યો હતો ! ઠાવકા સ્વભાવનો, ધીમાં સ્વરનો, અને મંદહાસ્ય વદનનો કુમાર, તેની આંખને ને હૃદયને ભાવ્યો હતો. વળી કુમારીનો જીવ એવા કઠણ પ્રસંગે બચાવ્યો હતો, કે તેના બદલામાં જો પોતાના જીવનને અર્પણ કરવામાં કશી મણા રહે, તો તે પ્રેમીયોના કાયદામાં, તેના ન્યાયશાસ્ત્રમાં ખામી રૂપ લાગે !—

કુમારને આપેલા ખાનગી ઉતારામાં બીજા કોઇ માણસને જવાનો હુકમ ન્હોતો—માત્ર માધવ જતો હતો, મુળચંદ ભગત તો દેવ મંદિરોની ભેટ લ્હેતો, અને રાજ્યના પરોણાના ઉતારામાં નિવાસ કરી રહેલો હતો.—

કુમારનાં આતિથ્યને બે દિવસ થઈ ગયા. કુંવરીને મળવાનો કે મુખદર્શન કરવાનો સમય ન મળ્યો, ત્યારે દાસીદ્વારા યુક્તિ કરી, અને મહેલના દરવાજા વીંધીને અંદર રહેનારાંને જાદુથી અંધ બનાવીને આ સુંદર કુમારી પોતાના પ્રીયજન કને આવી પહોંચી.

આહા ! ઇંદ્ર પણ લાજે, તેવી દેવાંગના સમાન નમણી ને રમણી હતી ! અપ્સરા જેવી તેની દાસી થવાને લાયક હતી !

તેને જોતાંજ કુમારનું મન હરાઇ ગયું ! કંઇ પણ ચેન કે ચાળા વિના નિર્ભય ને નીડર કુંવરી, સ્મિત હાસ્ય કરતી, નુપુરનો સહજ ઝણકાર ન થવા દઇને ડગલું ભરતી, મુગ્ધા જેવી ડોલતી ડોલતી અંદર આવી, કે કુમારે ઉઠીને આશ્ચર્યસહ નમન કર્યું !—

" પધારો ! આ સમયે એકાન્ત પ્રવાસ ! "

" હા–પ્રવાસીના આતિથ્ય માટે પ્રયાસ કરવા આવી છું—

" આભાર થયો ! પણ એકાન્ત ને રાત્રી છે, તેથી—

" તથા કહોને રાત્રી અને આપણે યુવાન છીયે, તેથી—

" સમજ્યો—નિર્મળ મનને કંઇ ન હોય, પણ જગતની આંખ કમળા જેવી કહેવાય છે ! "

" એટલે કે કદી કોઇ ખોટો શક લઇ જાય,

" તો પણ આ અજાકુમારને બંધુ ગણીને—

" બસ કરો–જીવ્હા રોકી રાખો, કુમાર ?—

" કેમ, કેમ, કુમારી ? આમ કેમ બોલ્યાં ! "

' સ્રીનો રક્ષહાર કોણ ?

" તેનો પતિ ?

" ત્યારે મ્હારા જીવનનો ને કાયાનો રક્ષણહાર કોણ ?

" પરણ્યા પછી પતિનો અધિકાર, પણ તમે કુંવારા છો. અને હું તમારા પરોણા તરીકે હોવાથી, તમને ધર્મ તથા મર્યાદારૂપે જો બહેન—

" બસ કરો–હું તે શબ્દ સાંભળવા નથી આવી–મને તો આ-

પની સાથે જીવન ગાળવાનું—

" હશે–પણ હું એ સ્રીઓ પરણવા, કે નિભાવવા ઇચ્છતો નથી—

" એટલે ? આપે લગ્ન કર્યું છે ?"

" ના–પણ વચનથી બંધાયલો છું!—

" તે કુંવરી મારી હાલતમાં હતી ?

" કુંવરી ? ઉપકાર કરનાર–બદલા માટે કરે છે, તેમ નથી; વળી લગ્ન કંઇ એવાજ પ્રસંગો મેળવીને કરવાનું નથી. દીલની પસંદગી જુદી ચીજ છે ! "

" ત્યારે હું આપના હૃદયમાં વસવા યોગ્ય નથી ? "

" હું કહું છું કે આપને વરનાર ભાગ્યશાળી થશે ! "

" પછી તમે અભાગી છો ? "

" જેમ ગણો તેમ–પણ મ્હારે માટે એક મોતીડું છે. "

" કયા સાગરનું ? "

" તે રત્ન છે. હું ભૂલ્યો ! સાગરનું મોતી નથી, પણ પર્વતમાંથી નીકળેલું રત્ન છે. "

" કોઇ ભરવાડ–વણજારાનું જળ–બિન્દુ છે ? "

" જે કહો તે–પણ છે તે ખરૂંજ છે ! "

" મને ખુલાસો કરો–એટલે હું મારો દુરાગ્રહ દગ્ધ કરી દઉં ! " કુમારી નિરાશ થઇ બોલી.

" નિરાશ ન થશો. મારા કરતાં તમને વધારે લાયક ભરથાર મળી શકશે ! તમે જે સ્થિતિમાં ઉછરો છો–રહો છો ને શોભો છો, તે હાલતમાં હું નથી. તેથી જો સુંદર વનની મેનાંને સુકા વગડામાં સમાવાનો હું યત્ન કરૂં, તો દોષિત ઠરૂં–માટેજ હવે મને ક્ષમા કરશો ! "

" હૃદયનો પ્રેમ કંઇ રાજ વૈભવનીજ ઇચ્છા નથી રાખતો–તેને તો પ્રાપ્ય વસ્તુ સાથેજ સંબંધ છે, કુમાર ! ",

લાલન-વણજારી.

[૮]



લાલનનું હરણ. ભા. ૫ પૃ. ૧૦૬.

"સત્ય કહ્યું—એમજ છે. ને મને આ દેશાટણ કરવા નીકળવું પડયું છે, તે પણ એજ પ્રભાવે !"

"તમારી પ્રિયાંગના ગુમ થઇ છે, તેને શોધવા ?"

"ના. તેમ તો નહિ—પણ અવધી પુરી કરવા—

"ત્યારે શું મ્હારો અંગિકાર નહિજ કરશો ?"

"દીલગીરી સાથે ક્ષમા ચાહું છું !"

"તમારે આ શરણાગતનો હાથ પકડવોજ પડશે !"

"આ દેહે તેમ નહિ બનશે !"

"તો તમને ખમવું પડશે !"

"દયાથી કે દમથી !"

"તમને જેમ ગમશે તે રીતથી !"

"ના—હું મ્હારી લાલન—અરે—" કુમારથી પ્રેમાવેશમાં બોલી જવાયું.' ને તરત અચકી ગયા !

"લાલન !" આ શબ્દ કુમારીના મ્હોંમાંથી નીકળતાંજ "જી આવી—જી !" મધુરી લાલને આજ્ઞા ઉઠાવી લીધી !—

આહા ! આશો ચમત્કાર ?—લાલન અહીં કેની ?—કુમારના કાનમાં ધ્વની થતાં—તે પણ વિસ્મય થઇને સ્તબ્ધ બની ગયો !

"આ શબ્દ ન્હોતો—ને કયાંથી આવ્યો ?"

"મ્હારી લાલનના જેવો સ્વર !" કુમાર તો પ્રેમ ઘેલછામાં હસતે વદને બોલી ઉઠયો—જાણે કેમ ખરેખર લ.લન મળવાની હોય !

પ્રેમમાં ને પ્રભુત્વમાં કંઇ ફેરજ નથી ! સત્ય પ્રેમીઓ ચાહે, તો પ્રભુત્વ દેખાડી શકે છે. ખરેખર લાલને જવાબ દીધો.

"હું લાલન પોતે હાજર છું, મ્હારા સરદાર ! આ જવાબ સાંભળતાં ખરે બન્ને જણ આનંદ અને આશ્ચર્યમાં ગરકાવ થઇ રહ્યાં ! વાંચનાર તને શું લાગ્યું ?

પ્રકરણ ત્રીજું.

લાખો વણજારો લાલનની શોધમાં !

" ભક્ત વારે ભગવંત ! "

વાંચનાર ! તને વિસ્મય તો લાગશેજ, કે લાખો વણજારો તો ગૌતમી માતામાં સ્નાન કરવા જતાં—સમુદ્રનાં જળ પીવા ચાલ્યો ગયો, પણ—

જેને શીર કીરતાર સમર્થ વ્યર્થ ડર શાને ધરેરે—
જેને ઓથે સરજનહાર, કાળ ભય શુંરે કરેરે—

તેમ શ્રી રણછોડરાયજીના ભક્તનો ઉદ્ધાર કરનારજ પોતે પ્રભુ પાસે હતા—પછી લાખાને સમુદ્રનું કયું જંતુ એક દાંત કે નખ લગાડનાર હતું !

ભક્તની કેટલી મહત્તા છે ? ભગવંતને ભક્ત કેટલા વ્હાલા છે ? અને ભક્તની ભક્તી પર ભગવાન કેટલા દાસ રૂપ છે, તેનો એક દાખલો, એક મહાત્માયે વિચારવા યોગ્ય, ને શ્રદ્ધા ઉત્પન્ન થવા યોગ આપ્યો છે.

મહાત્માશ્રી પાગલ હરનાથ* શું કહે છે—

એક વેળા નારદજીને માયાનો વિભ્રમ થયો. અને તે માટે જંગલમાં ભટકતા હતા. તેવામાં એક અઘોરી અદ્દભૂત યોગી મળ્યો. જ્યારે

---

* " પાગલ હરનાથ " નામના અદ્દભૂત મહાત્મા યોગીનું ચરિત્ર પુસ્તકાકારે પ્રકટ કરવામાં આવ્યું છે, ને તેમાં તેની અદ્દભૂત શક્તિનું વર્ણન છે કિંમત ફક્ત આઠ આના.

તેને કહ્યું કે " અરે મહારાજ ! આમ ઉંધે મસ્તક ટીંગાઇને કાં નાહક દેહ દમો છો ? એમ કંઈ ભગવાન નવરા નથી, તે તમને મળી જાય ! " ત્યારે મહારાજ સાધુએ કહ્યું કે " તેરા ભગવાનનું કહેનાં, કે આ અદ્‌ભૂત સાધુકાં અબ તક ગાંજા કયું ન પહોંચાયા ? " નારદજી તો આ સાંભળીને હસ્યા, ને બોલ્યા, કે " મહારાજ, તમારા જેવા તો અસંખ્ય સાધુજન દમે છે- ને ગાંજાની કળીઓ માગે છે, પણ તેની પાછળ કોણ પડયું છે ? " ત્યારે કહે અચ્છા-જબ તો દેખનાં આતા હય યા નહિ ! " નારદ તો ત્યાંથી રવાના થયા—અને હજી થોડે દુર ગયા, ત્યાં એકદમ ચાલતા-દોડતા શ્રીકૃષ્ણ ભગવાન પ્રભુને જોયા. ને નારદજી એકદમ સામા ઉભા રહી-રસ્તો રોકીને નમન કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ બોલ્યા કે " નારદજી ? હમણાં મને ન રોકશો—મારો પેલો ભક્ત સાધુ ગાંજા વિના કલ્પાંત કરતો હશે-તેને ગાંજો પહોંચાડી આવવા દો-ઉભા રહો અહીં-હું હમણાજ આવું છું ! " એમ કહીને પ્રભુજી તો ચાલતા થયા-નારદજી તો ત્યાં તાડ પેઠે ઉભાજ થઇ રહ્યા. ને પેલા સાધુની અપૂર્વ ભક્તિનો વિચારજ કરવા લાગ્યા-ઘડીવારમાં પ્રભુજી પાછા આવતાં ખુલાસો કર્યો કે " મુનીરાજ ? કેવલ્ય નિષ્કામ ભક્તિ વડે મને અખંડ સ્મરે છે—ત્યારે એવા ભક્તને ફક્ત એક કળી ગાંજો આપવો મને બાહુલ્ય છે ? જેને બીજી કશી અપેક્ષા નથી— ને તમે તો માયા તથા મોહમાંથી હજી નિવૃત્ત થતા નથી ! " નારદજી શરમાઇ ગયા-ને ભક્ત વત્સલ ભગવાન તેમની સાથે ચાલ્યા—

જો ભગવંત પોતાના ભક્તનું દાસત્વ કરવાને ખુશી છે—સુદામા તથા નૃસિંહ જેવા, દ્રૌપદી તથા મીરાંબાઈ જેવાં ભક્તના શીરપર

પડેલા ભારને ઉતારવા સમર્થ છે, તો પછી દ્વારિકાંધીશ રણછોડરાયજીના શરણમાં ડુબેલા લાખાને બચવું, તેમાં નવાઇ શું છે? આહા! તે કેમ બચી ગયો હશે?—

સમુદ્રના તરંગે લાખાના દેહને ઝપાટામાં લીધો, ને પાછો ભરતીમાંથી ઓટ થતાં, જે ધકેલ્યો, કે દ્વારિકાંધિશના મંદિરની અંદરના ભોંયરામાં ફેંકી દીધો-ને ત્યાંથી સલામત, ભગવત ચરણમાં લાખાનો દેહ આવી ચડયો- સેવકો વિસ્મય થયા, લાખાને બહાર કહાડયો-ને સજીવ દેહે આરતીમાં સામેલ થયો-યાત્રાળુઓ પણ આશ્ચર્ય પામ્યાં-અને આનંદ સાથે ભજનમાં ભાગ લેવા માંડયા—

જ્યારે ભજન પુરૂં થયું, ત્યારે લાખાને પોતાની પુત્રી લાલન યાદ આવી-ને તપાસ કરી, તો ન મળે પુત્રી કે પોતાનાં સાથીયો! અંતે માયાને શરણ થઇને, લાલનને શોધવા નીકળ્યો—

ખરે, સ્નેહભાવને લીધેજ, ભરત મુનીને હરણનો અવતાર લ્હેવો પડયો હશે.—

લાખો ક્યાં ગયો? તેને લાલનની કોણે ખબર આપી હશે?—

પ્રકરણ ૪ થું.

લાખાને સાંઇ નેહડીનો મેળાપ.

લાખાની અવિચળ ભક્તિથી પરમ સંતોષ પામી, પ્રસન્ન થઇને, શ્રી દ્વારિકાંધીશે, અખુટ—અખંડ કીર્તિથી શણગારી લીધો, અને જન સમુદાયમાં, તેમના માનનો પ્રતાપ અને પરછો પાડી દીધો; એટલું છતાં પાલક પુત્રીની અનિવાર્ય માયા તેના હૃદયમાંથી ખસી શકી નહિ! તે પાછો માયામાં તલ્લીન થયો-અને લાલનની શોધમાં નીકળ્યો-પણ હજી

તેની શોધ ચાલુ હતી, ત્યાં પરમ ભક્તિની સતી સાંઇ નેહડી* યાત્રાર્થે દ્વારિકાં આવતાં, લાખાની કીર્તિ સાંભળીને તેનાં દર્શન કરવાને આવી. લાખાએ પોતાના દરબાર એભલવાળાની, અને ગામ તલાજા સાથે શેત્રુંજાની ખબર પુછી–જાણે સાંઇ નેહડી ત્યાં જઇ આવી, ને ભાઇનો કરીઆવર લઈ આવી, તે વાતની પોતાને ખબર હોય ! સાંઇનેહડીએ એભલનાં વખાણ કર્યાં. અને પોતાની ઉપર આવેલું આળ ટાળવાને એભલે પોતાનો તથા પુત્રનો દેહ વ્હાલો ન કર્યો, તે વિષે બહુ કરૂણા-જનક શબ્દોમાં વિવેચન કર્યું; છેવટે તેનાથી એમ બોલી જવાયું, કે " લાખાભાઇ ? તમારી માલ–મીલ્કત અને કોઠારો બધા દરબારના પહેરા તળે રાખ્યા છે. કશી વાતે તમને ફિકરમાં મુકયા નથી ! " અર્થ તો એજ કે સર્વસ્વ લુંટી લીધું છે ! આ સાંભળીને લાખો એટલુંજ બોલ્યો કે—

" બાઇ ? મને ધન–માલની કશી પરવા નથી ! "

" લાખા ભગત ? તમને હજાર હાથવાળો સહાય છે, પછી બે હાથવાળાના ભાર શા છે ? પણ તે છતાં તમારા મોં ઉપર ઉદાસીની કાળી વાદળી કેમ છવાઇ છે ભાઇ ? " સાંઇએ ધીમેથી પુછ્યું. મને મ્હારૂં રૂણ અદા કરવાનું બાકી છે, ને તે જો ન થાય, તો મારો

---

*સાંઇ નેહડી અને એભલવાળા સંબંધી, ભાવનગર જીલ્લાનો એક બારબર નામે દાદુ કાસમ કસબાતીયે " બાપુભાલાળા " ની વાતમાં એવું લખેલું છે કે–આઈઆ નેહડી અને સાંખડાજી ચારણ, તે સાંઈ નેહડી અને રાયકો ભરવાડ–બન્ને સરખાં છે. આઇબા બોલી હતી કે—

" જો તું દીધું જાણુ, હું અણજોતાંને શું કરૂં ?
જાચલને દીધું જાણ, તેં કનેરી વાળું કાપડું–
મંગળમાં મહોકાણ, તું કરતાં કંપ્યો નહિ–
રે નવખંડમાં આણ, એભલવાળા તારી હજો;

અવતાર અફળ થઇ જાય તેમ છે ! " તે ઋણ શું છે,ભાઇ ? મારાથી બને તેમ હોય, ને મારી મદદની જરૂર હોય તો કહો !"

" મદદ તો મ્હારા દ્વારકાંવાળા રણછોડરાયજીની આપણને બધાને મળે તેમ છે; પણ મ્હારી એક પાલક પુત્રી લાલન જે મ્હારી સાથે યાત્રામાં હતી, તે મ્હારા દેહના ગુમ થવાથી તે પણ હરાઇ ગઇ છે ! મને નથી કાળ કે માયાનો સંતાપ થતો, પણ તે કુંવારી છે–કેવળ અજાણી ને નિર્દોષ છે. તેનો મને શ્રાપ નડશે ! તેનું શું થયું હશે ?"

આટલું બોલતાંજ લાખાની આંખમાં પ્રેમનાં આંસુ આવી ગયાં !

"ભાઈ ધીરજ રાખી મને તો જણાવો, કે તે તમારી પાલકપુત્રી તમને કયાંથી મળેલી ?"

"એકવાર ગિરનારમાં પોઠ લઇને જતાં, ગુફામાં કોઇ બાળક રડતું સાંભળ્યું, ને તે મેં ઉંચકી લીધું. તેને જોતાં કોઇ રાજબાળક જેવું લાગ્યું. વળી જાતે છોડી, એટલે મને કુદરતી પ્રેમ ઉપજ્યો. તેટલામાં એક સંત મળી ગયા–તેણે મને કહ્યું કે " ભગત ? ઉસ્કો રક્ષણ કરનેકાં લ્હેના–તેરા ઉદ્ધાર કરેગી ? યહી રાજપુત્રી હય, સો રાજકુળમેંહી દેનાં ! "–

ખરેખર જેમ જેમ તે મોટી થતી ગઈ, તેમ તેમ તે રાજપુત્રીનાંજ આચરણ બતાવતી ગઇ; ને આજે તે રાજદરબારગઢમાંજ જવાના માર્ગપર ચડી ગઇ છે, પણ તે હવે કયાં હશે ?"

" લાખા ? તે રાજગઢમાંજ હશે–પણ તેને કોઇ સાથે પ્રેમલગની હતી ?"

" હા–એભલના કુમાર અન્ના સાથે પ્રેમમાં પડી છે. ને કુંવર તેની પાછળ દિવાનો છે, એમ લાલનની સખી રાધાએ મને તૂટતા શબ્દે કહેલું હતું. !"

" લાખા ભગત ? કુદરતતો પહેલો પોતાનો માર્ગ કરે છે, પણ

તે છતાંયે જો વિઘ્ન નડે, તો મને કહેજો. બન્ને જોડલાંની મરજી છતાં એભલ જો આડો આવે, તો મને આજ્ઞા કરજો-હું તેમનું સુખ સુધારી આપીશ."

"ફક્ત એભલ બાપુને એટલીજ ખાત્રી કરી દેવાની છે, કે એ કુમારીકા એક રાજપુત્રી છે! જો કે હવે પેલા સંતને ક્યાં શોધવા જઇયે, પણ હાથે માદળીયું છે, તેમાં તેની નિશાની છે, તેમ તે સંત કહેતા હતા ખરા!"

"તો નચિંત રહો! પ્રભુ સારૂજ કરશે!" એવામાં લાખાનો જાસુસ ખબર લાવ્યો, કે રત્નનગરીનો કુંવર, લાલનની પાછળ મોહિત થઇને, તેનું હરણ કરી ગયો છે!" ખબર સાંભળતાંજ એભલ ચમક્યો. સાંઇ નેહડીયે તેને સમજાવ્યા, ને રત્નનગરી તરફ જવા પ્રયાણ કર્યું-સાંઇ નેહડી ત્યાંથી પ્રેમભાવે છુટી પડી, પણ જેમ તે લાખાને તેની મીલ્કતના ખરાબ સમાચાર દેનારી નીવડી, તેમ લાલન સંબંધી કેટલીક હકીકત સાંભળનારી સાક્ષી તરીકે પણ ઉપયોગી થઇ પડી, આ સાક્ષી ક્યારે કામ આવશે, તે હવે પછી જાણીશું; પણ હાલ તો તે છુટાં પડયાં?

વાંચનાર! લાલનના હરણની વાત હવે જાણી શકયા છીયે. ધર્મશાળામાંથી અણધારી રીતે ઉપાડી જનાર રત્નનગરીના કુમારે લાલનને, પોતાના જે મહેલની ખાનગી ઓરડીમાં રાખી હતી, ત્યાંથીજ રત્નનગરીની કુમારિકાના કાનમાં, અજાના પ્રેમ પ્રસંગે તેનો અવાજ આવ્યો હતો. ત્યારે હવે તેની તપાસ લઇયે, કે એ પ્રેમઘેલી રાજકુમારીની શી સ્થિતી છે!

પ્રકરણ ૫ મું.

એભલનું સ્વપ્નું ! વ્હાલાંઓનો ભેટો !!

" મૃગજળને મોતી માને સ્વપ્નાં જેવો સંસાર રે ! "

લોકો કહે છે, કે પ્રભાત સમયનું સ્વપ્નું ઘણે ભાગે ખરૂંજ પડે છે ! સ્વપ્નાં વિષે તરેહવાર તર્ક બાંધવામાં આવે છે. કોઇ વાર ન જાણેલું ને ન જોયલું સ્વપ્નું આવે છે, તેને પૂર્વનું સ્મરણ કહે છે ! કોઇ વાર બનવા કાળ બનાવની આગાહી થાય છે ! અને કોઇ વાર બનતો બનાવ પણ જાણે આરસીમાં મુખ પ્રમાણે, મગજ બ્રહ્માંડમાં દૃષ્ય થાય છે ! મનની સ્થિતી અને અંતરની વિશુદ્ધી પ્રમાણે કર્મ બન્ધન થાય છે, ને તેજ પ્રમાણે મનસ્વી માર્ગ દેખાય છે. કુદરતની કળાને કોઇ પહોંચી શકયુંજ નથી.

એભલવાળાના અમલમાં જે વખતથી મેઘો કારભારી દાખલ થયો, તે વખતથી એભલની છુપી અશાન્તિ ટળી નહોતી ! તે હમેશાં ચિન્તાતુર રહેતો હતો. તેનું કારણ તે પોતે પણ સમજી શકતો નહતો.

મોતીશા નામના જુના કારભારીને દુર કર્યો, અને પોતાના પિતાના વિશ્વાસુ નોકરોને કહાડી મુકીને, નવો અમલ અને નવાં માણસો દાખલ થયાં, તે વખતથી રાજમાં નવાંજ કૌતકો થવા લાગ્યાં ! દુકાળની આફત, પ્રજામાં પ્રપંચ અને રાજમાં કોલાહલ થવા લાગ્યો. એભલ જાણતો હતો, કે મેઘાશા પ્રપંચી હતો. ને ઘણી વાર તેના પ્રપંચો ઉઘાડા પડતા હતા, તે એભલને નાશકારક હતા, તે છતાં મેઘાશાની કુશળતા ને કાબુથી એભલ ઉંચું માથું કરી શકતો ન હતો. ખાસ કરીને લાખા વણજારાએ મેઘાનું અપમાન કર્યું, તે પ્રસંગથી તો શેત્રુંજયની તળેટી જાણે ગાજવા લાગી હતી,

મેઘાશાને માથે આપત્તનાં નગારાં વાગે, તેમ વાગવા લાગી હતી. દરેક સારી યા નઠારી વસ્તુનો અંત હોય છે. ને તે રીતે આ જુલ્મનો પણ અંત આવશે.

એભલના સ્વપ્નામાં એક સંત આવ્યો. તેણે એભલના હૃદયની છુપી બળતરાનો ચિતાર બતાવ્યો. મોતીશાનું પ્રમાણીકપણું અને મેઘાશાનો પ્રપંચ દેખાડયો ! લાખા અને મેઘાશા વચ્ચેની ટપાટપી તથા લોભ-લાલચનો પડદો બતાવ્યો. અને તે પછી લાલન અને અન્નાકુમારનો નિર્મલ પ્રેમ દેખાડયો. એભલ આ વેળા ક્ષત્રી લોહી ઉછાળતો ચમકયો, પણ મહાત્માએ ધીરો પાડીને લાલનનું ક્ષત્રીય-બીન્દુ બતલાવ્યું. તે એક રાજપુત્રી છે, ને તેની નિશાની તરીકે એક તાવીત તેના હાથ પર છે. એ સિદ્ધ કરી બતલાવ્યું. આ પ્રસંગ પછી તરતજ જાણે અંધારૂં થઇ ગયું, અને પોતાના પુત્રને જેલમાં પડેલો જોયો ! એટલામાં તરતજ આંખ ઉઘડી ગઇ. જોતાં તો સર્વ આળપંપાળ લાગ્યું.પણ પ્રભાતે ઉઠતાં એકદમ મુલચંદ અને માધવ બંન્ને એક બાજુ થી, ને કોઠારી તથા સોમીયાઓ બીજી બાજુથી આવ્યા ! કોઠારીએ તો લાખાના મરણની અને લાલનના હરણની ખબર આપી, ત્યારે માધવે તો કુમારના કેદ પકડાવાની અને લાલન વણજારીએ, તેનું ખૂન થતું અટકાવીને સાથેજ જેલમાં પુરાવાની ખબર આવી પહેલાં કરતાં બીજી વધારે અગત્યની હતી. ખુલાસો પુછતાં માલમ પડયું કે રત્ન-નગરીનો કુમાર પેલી લાલનને દ્વારિકામાંથી ઉપાડી લાવેલો હતો. ને તેને મહેલના એક ભાગમાં રાખી હતી. કુમારને પણ મહેમાન તરીકે ત્યાં ઉતાર્યા હતો પણ રત્ન નગરીની રાજકુમારી, મોહ વશ થઇને કુમારને પરવશ કરવા આવતા કુમાર હઠીલા થવાથી, તે ખૂન પર ચડી હતી તેટલામાં લાલન જે પાસેના ઓરડામાં કેદ પડી હતી, તેણે ઉંચે સ્વરે સાદ પાડીને, કુંવરીને ગભરાવી હતી અટકાવી હતી. આ ભોપાળું ખુલ્લું થઇ જતાં, રાજા પોતે જાતે તપાસ કરવાને આવ્યા

હતા પણ રત્નકુમારે અને રાણીએ મહારાજાને ઉલટ પાલટ સમજાવી દઇને લાલન તથા અન્નાકુમારને કેદ કર્યા છે:—

એબલ આ હકીકત સાંભળીને એકદમ ઉશ્કેરાઇ ગયો હતો—ને તેણે તરત રત્નનગરી, એક જોરદાર લશ્કરી સરદારને મોકલ્યો—અને જો કુમાર તથા લાલનને છોડવા ના પાડે, તો યુદ્ધ કરવાની ધમકી દેવાનો સંદેશો મોકલ્યો હતો ! આ રીતે એબલના સ્વમાનો અંત આવ્યો હતો—હવે લાલન તથા અન્નાનો કેવો મેળાપ થયો, તે જોઇએ.

પ્રકરણ ૬ ઠું.

લાલન અને અન્નાકુમાર.

"દુનિયામાં નથી કોઇએ દીઠો પ્રેમ કિનારો."

જ્યાં સત્યભાવના, અને હૃદયદ્રાવક પ્રેમ હોય છે, ત્યાં સદા સંકટમાંયે સુખ હોય છે; જ્યાં પાપી પ્રેમ, યાને લોભ કે લાલચમાં લપટાયલો, કામ–ક્રીડાથી દબાયલો, અને સ્વાર્થના પડમાં વીંટળાયલો પ્રેમરૂપ મોહ છે, ત્યાં સદા ભય, ત્રાસ, અને અનિષ્ઠ પરિણામ પામેલું દેખાય છે !

પ્રેમ દબે પાતાળે, તો પણ નભ–સ્નેહ ન્યાળતો આવે;
ગગન શશિ ઉન્નત પણ, ભૂમિપરનું કુમુદ પ્રફૂલાવે:—

"બહાદૂર કલો."

વિજળીવેગે ખેંચાયલાં પ્રેમીયોનાં હૃદયનો પરિતાપ તો આનંદ–સાગરમાંજ પર્યાપ્તિ પામે છે ! તેનાં સંકટોનો સરવાળો છેવટે શાન્તિમાંજ લય પામે છે ! તેનું જીવન કેવળ દુઃખમાંજ ગુજરે છે, મરણ પણ દુઃખમાંજ ગુજરે છે, પણ તેનો મેળાપ બહુ સુખરૂપ હોય છે !

આંસુડાં, એ તેની પ્રશાન્તિ છે. ચુંબન, એ તેનું વીરત્વ છે. ને ધૈર્ય એ તેની શક્તિ છે! સાચાં સ્નેહીયોના મેળાપનો હર્ષ, એ તો તેનાં હ્રદય જાણે! તેનો અત્રશાન ભલે દુઃખકર હોય, પણ તેનો પુનર્જન્મ ઉચ્ચાભિલાષી બને છે! તેને વર્ણાશ્રમની શી પરવા છે? જગબન્ધનો તેને ક્યાં અશ્રેયસ્કર છે! હ્રદયનો તાર જ્યાં એક છે, ત્યાં નિંદકો જખ મારે છે! એ અંધાપાને દેખતો કરવાનું બીજાનું કામજ નથી! વૈરાગ્ય કે ભક્તિમાં તલ્લીન થયલા પ્રાણીઓને માયાવી લોકો જેમ ઘેલછા સમજે છે, તેમ પ્રેમીયોને આપણાં ભૂલાં પડેલાં ભુતો તદન ગાંડાં સમજે છે! પણ પેલાં બન્ને પોતાનો સત્ય માર્ગ શોધવાને જે વિમાનમાં બેઠાં છે, તે શાન્તિના સાગરની શીતળ હવા લ્હેતાં પાર તરી જવા ચાહે છે; ને પ્રભુ છેવટે તે સત્યનો જય કરે છે!

રત્નનગરીની રાજકુમારિકા જ્યારે અન્ના ઉપર પ્રસન્ન થઇ, મોહિત થઈ, પ્રેમ-ઘેલી બની, ત્યારે તે મધ્ય રાત્રે, તક શોધીને, અન્નાનું હ્રદય હરવા આવી! પ્રેમઘેલો અન્નાકુમાર જે લાલનના દૈવી પ્રેમમાં મગ્ન બનેલો હતો, તે કદીયે ચળિત થયો નહિ! અનેક લોભ, અનેક મોહને અનેક રંગમાં ઝબોળી દેનારી મધુર કન્યા અંતે ફાવી નહિ, અને જ્યારે હારી, ત્યારે અન્નાને ધમકી દઇ, તેનાપર બળ અ- જમાવવા તૈયારી કરી; પણ તેટલામાં તો કુદરતે, અન્નાની વ્હારે, તેની પરમ પ્રીય પ્રતિમા સામે ખડી કરી દીધી. અન્નાને બચાવવાને, લાલન આવી ચડી-અંદરના ઓરડા વચ્ચે જે દરવાજો હતો, તે ઉઘાડવાની કળ અંદરથીજ હતી. તે ખોલીને એકદમ બહાર આવી-ને અન્ના તથા કુમારીની અજાયબી વચ્ચે હાજર થઇને, પોતાના પ્રીયતમને ભેટી પડી!

અન્ના તો વિસ્મય થઈ ગયો. પણ કુમારી તો અનુકંપવાજ લાગી! 'આ દેવી આ ટાણે અહીં ક્યાંથી?'

"પ્રીય લાલન ? તુ અહીં ક્યાંથી?" અન્નાએ પુછ્યું.

"વ્હાલાને મળવા ! રત્નનગરીના કુમારનું ભલું થજો ! મને હરણ કરી લાવ્યા, તે મ્હારા હીત માટે ! હું અનાથ ક્યાં તમને શોધત ? બાપાજી લાખા ભક્ત, જળ–પ્રવેશ કરી ગયા—હું અબળા અનાથ પડી. તેના આ દુષ્ટ રૂપપર રત્નકુમાર મોહી પડયા. ને મને જબરદસ્તીથી અહીં લાવીને છુપી કેદ કરી !"

"મ્હારા ભાઇએ તને અહીં કેદ કરી છે ? મ્હારા ભાવીપર તરાપ મારવાને તને હરણ કરી લાવ્યો છે ? અરે કોઈ હાજર છે ! ચોર ! ચોર ! પકડો ! પકડો ! રત્નકુંવરીએ બુમ મારી—અને ચાકરો દોડતા આવ્યા—અને તરત મહારાજાએ શ્રવણ કરતાં તે પણ નિદ્રામાંથી ઉઠી આવ્યા—

અહીંઆ બનાવ જોઇને વિસ્મય થયા.

કુંવરીયે તેમને ખુલાસો કરવાનું મુલતવી રાખ્યું, પણ કુંવર કોઇ વિચિત્ર છે, ને તે તો કોઇ વેશ્યા સ્ત્રીને છુપી રીતે મહેલમાં લાવ્યો છે, એવો ખુદ્રો ઉડાવી સરાજાવીને છુપી રીતે કાનમાં કહી દીધું. રાજાજી એકદમ ગુસ્સે થઇ ગયા—અને બન્નેને કેદમાં કબ્જે કરવાનો હુકમ કર્યો.

પ્રેમી જોડલાંને તો એજ જોઇતું હતું ! તેઓ બન્ને બહુ હરખાતાં, રાજા, તથા કુંવરીના ક્રોધ વચ્ચે ખુશ થતાં રવાના થયાં—કેદમાં ગયાં ! પણ ત્યાં શું થયું ? તેઓના ઉપર અઘટિત જુલમ થયો !

પ્રકરણ ૭ મું.

પ્રેમી જોડાંનો વિજય.

રત્નનગરીના કેદખાનામા આનંદની લ્હેરો ભોગવતાં પ્રેમ. ઘેલાં જોડલાં તરફ અદેખાઇની નજરે જોનારો, રત્નનગરીનો રાજકુમાર કેદખાનામાં આવીને ત્રાસ વર્ત્તાવવા લાગ્યો. પણ એજ પળે આ બન્ને

જોડેલાંએ તેનાજ પહેરેગીરની શમસીર અને બંદુકથી તેને મ્હાત કરી દીધો. રાજકુમારના મનમાં એમજ આવ્યું કે, પોતાનો શિકાર, આ એક મગતરૂં ઉપાડી જવા ચાહે છે, તેટલુંજ નહિ, પણ રત્નનગરીની રાજકુમારીને પણ ઉપાડી જવા ધારે છે! આ બન્ને બાજુના પરિતાપથી ઉકળેલો રાજકુમાર, સત્તા ચલાવવા તૈયાર થયો, પણ તે વેળાએ બેવડા જોમમાં ચડેલાં આ પ્રેમી જોડલાંએ તેને કબ્જે કરી દીધો કેમ જાણે તે છોડાંવવા માટેજ આ પ્રયત્ન કરી આવ્યો હોય! ખરેખર પ્રેમીયોને કુદરત કેટલી યારી આપે છે!

"ખોટું થાય છે, તે સારા માટે!" એ કહેવત ખરીજ છે! મેઘાશાએ લાખાને દેશવટો આપ્યો, તે તેની ભક્તિ બતાવવા, અને મુક્તિ થવા માટે!–કુમારને દેશાટણ કરવા મોકલ્યો, તે તેની આશા પાર પાડવા માટે! અને લાલનનું વિખુટું પડવું થયું–હરણ થયું, તે તેના ભાગ્યનો પડદો ઉઘડવા માટે!–જેલમાં બન્ને પુરાયાં, પણ ચોકીવાનના પહેરામાંથી છટકવું શી રીતે? આ વિમાસણ બન્ને કરતાં હતાં, ત્યાંજ કુમાર આવ્યો. અને સત્તા ચલાવવા જતાં, પોતેજ બંધાઇ ગયો– આ બન્નેના હાથમાં હથિયાર આવી ગયાં, પછી ચોકીવાનો શું કરવાના હતા? તે લાચાર–ગમાર પહેરેગીરોને દમ મારતાં–મારતાંજ જેલની બહાર બન્ને જણાં નીકળી ગયાં. અને દુશ્મનો જોતાજ રહી ગયા.

આહા! તે કયાં ગયાં, ને કોને મળ્યાં? રત્નનગરીના સીમાડામાંજ લાખા વણજારાનો ભેટો થઇ ગયો! અને તેટલાં તો એભલ તરફથી મોકલેલો લસ્કરી સ્વાર ભેટયો. અને કુમારને નમીને પોતાની હકીકત કહી તેને દોડતો પાછો વાળ્યો ને બાપુને ખુશ ખબર કહેવા મોકલ્યો.

સંજોગ એવો આવ્યો, કે પેલો ગિરનારવાળો સંત અને સાંઇ નેહડી, દ્વારકાંથી પાછા ફરતાં માર્ગમાં મળી ગયાં. સર્વે મળેલાં જોઇ

ખુશી થયાં. પણ લાખના અને કુંવરના આગ્રહે, તેઓ શેત્રુંજયન દર્શન કરવા, તથા રાજાનું આતિથ્ય સ્વિકારવાને સાથે ચાલ્યાં. ખરૂ કારણ તો લાલનના લગ્ન પ્રસંગનુ અને તેની ખાત્રી કરી આપવાનું હતું

ખરેખર પ્રભુને ત્યાં સત્ય પ્રેમની કેવી અનિવાર્ય ગણના હશે ? —

પ્રકરણ ૮ મું.

લાલન વણજારી કે પ્રેમ-ઘેલી રાજકુમારી. ?

એભલનાં કેટલાંક સત્ પુન્યે તેનો વૈભવ સુધર્યો ! પોતાના કુંવ-રને ભેટવાને અધીરાં થયલાં રાજકુટુમ્બને ધીરજ દેવા પેલો લશ્કરી સરદાર આવી પહોંચ્યો—ને તેની ખબર સાંભળતાંજ શહેરમાં આનંદ પથરાઇ ગયો—અને કુમારને લેવા માટે મ્હોટા પાયા પર સામૈયાની તૈયારી કરી !

કુદરત જ્યારે પાધરી ને ફળવાન થાય છે, ત્યારે યત્ન વિના સર્વ સાહિત્ય સામે આવે છે, ને શત્રુઓ પણ મિત્રના રૂપમાં ફેરવાઇ જાય છે.

રત્નનગરીના મહારાજાને ખબર પડી કે આ સર્વ પ્રપંચ કંઇ ભેદીત હતો-ત્યારે તેણે એભલવાળાને ખાસ-ખાનગી માણસ મોકલીને માફી માગી-અને પોતાની રાજકન્યા આપવા ખુશી બતાવી—પણ તેનો અસ્વિકાર થયો.

આખરે અન્ના કુમાર, લાખો વણજારો, સાંઇ નેહડી, અને ગીર-નારી મહાત્મા, તળાજાની સીમમાં આવી પહોંચ્યા. એભલને ખબર થઇ-અને તેઓ સામૈયું લઈ ચાલ્યા—નગરવાસીઓ ને-નારીઓ ગીત ગાતાં ચાલ્યાં-ઢોલ તાંસાં ને નગારાં સાથે ધામધુમથી પાદરે સર્વ

લાલન-વણજારી

[૧૦]



લાલન અને અજાકુમારનો હસ્ત-મેલાપ. ભા ૫. પૃ ૨૧૨.

મળ્યાં—એભલના હૃદયમાં હરખનો પાર રહ્યો નહિ. અહીંયાં સાંઇનેડ- ડીયે, લાલન સંબંધી ખુલાસો કર્યો—ને મહાત્માનો ભેટો કરાવ્યો—એથી વધારે ઉત્સાહ પેદા થયો, ને સર્વે નગરમાં ગયાં.

પ્રકરણ ૯ મું.

પ્રેમ-ઘેલાં- પ્રભુની પ્રસન્નતામાં !

આ સરઘસ વાજતે ગાજતે નગરમાં આવ્યું. ને તેઓ માટે તૈયાર કરેલા સુશોભિત મંડપમાં લઇ ગયા—અહીં સર્વ ખુલાસો થઇ ગયો—એક બીજાની પરસ્પર ઓળખાણ થઇ. ને લાખા પર પડેલાં સંકટ માટે, એભલે તેમજ મેઘાશાએ દીલગીરી જાહેર કરી—લાખાને તે માટે કશું સુખ દુઃખ ન હોતુંજ, તેને તો ફક્ત લાલનને પરણાવવાનું ઋણ અદા કરવાનું હતું. તે માટે વિનંતિ કરી—સાંઇ નેહડીની તથા સંતની મહેનત ફળી—એભલને ગળે તે વાત ઉતરી—લાલન એક વણ- જારી નથી, પણ રાજકુમારી છે, એ વિષે, લાલનના હાથ પર ા તાવીતથી ખાત્રી થઇ, ને તેજ ઘડીએ, મહાત્માશ્રીયે અન્ના કુમાર તથા લાલનનો હાથ મેળવી દીધો.

એભલે પોતાના શીરપરથી બોજ ઉતારવા, ને ઐહિક સુખ મેળવવાને, રાજ્યનો મુગટ પોતાના કુંવરને પહેરાવ્યો. તેમજ મેઘાશાએ પણ પશ્ચાતાપ સાથેજ રાજ્યવ્યવહારનો ત્યાગ કરી, શાન્તિ મેળવવા રજા લીધી—

આ રીતે " લાલન-વણજારી " નો જીવન સુખનો ઉદય થયો—ને વાર્તાનો અંત બહુ ઉચ્ચ સમાપ્તિમાં આવી ગયો—અસ્તુ:

વાર્તા-સમાપ્ત.

દેલવાડાકર સિરિઝ.

		રૂ. આ. પૈ.
•	" બાળ-ગ્રંથાવળી નં૦ ૧ થી ૨૦,"	
• A	કિન્ડરગાર્ટન શિક્ષણ પદ્ધતિ......................	૦—૪—૦
	૧. કિન્ડરગાર્ટન વાંચન-માળા મૂળ ભાગ (સચિત્ર)	૦—૩—૦
	૨. કિન્ડરગાર્ટન વાંચન-માળા (પ્હેલી ચોપડી)...	૦—૨—૦
*	૩. કિન્ડરગાર્ટન ભાગ ૧ થી ૩ દરેકના (ત્રીજીઆવૃત્તિ)	૦—૪—૦
†	૬. બાળ કસરત ભાગ ૧ (સચિત્ર) ત્રીજી આવૃત્તિ	૦—૨—૦
A	૬. બાળ કસરત ભાગ ૨ જો......................	૦—૨—૦
	૭. શિશુશિક્ષણ (સંક્ષિપ્ત કવિતામાં-નવી આવૃત્તિ)	૦—૪—૦
†	૮. બાળ કહાણિયો (બીજી આવૃત્તિ)...........	૦—૨—૦
†	૯. બાળ બાગ ભાગ ૧-૨ દરેકના (ત્રીજી આવૃત્તિ)	૦—૪—૦
	૧૧. કિન્ડરગાર્ટન પાઠમાળા (વાંચન-પદાર્થ પાઠ)	૦—૨—૦
	૧૨. બાળ શિક્ષણ ગરબાવળી (સુધારેલી બીજીઆવૃત્તિ)	૦—૪—૦
	૧૩. સંગીત-સતીમંડળ (સ્ત્રી ધર્મનીતિ જ્ઞાન)	૦—૪—૦
*	૧૪. બાળ-ખેલ (સચિત્ર-કિન્ડરગાર્ટન, ત્રીજી આવૃત્તિ)	૦—૫—૦
	૧૫. બાળકોની રંગભૂમિ (નાનાં નાટકો-નવી આવૃત્તિ)	૦—૨—૦
	૧૬. બાળ જ્ઞાન (સૃષ્ટિ પદાર્થ શિક્ષણ) ,,	૦—૨—૦
*	૧૭. બાળ ગીત (હાવ ભાવ સહિત ત્રીજી આવૃત્તિ)	૦—૨—૦
	૧૮. કિન્ડરગાર્ટન—પદાર્થ પાઠ...........	૦—૨—૦
	૧૯. કિન્ડરગાર્ટન ડ્રાઇંગ બુક ભાગ ૧......	૦—૨—૦
	૨૦. કિન્ડરગાર્ટન ડ્રાઇંગ બુક ભાગ ૨......	૦—૨—૦

* આ પુસ્તકો, સરકારી ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં 'ટેક્સ્ટ બુક' તેમજ 'ઇનામ-લાઇબ્રેરી' તરીકે વાપરવા માટે સરકારી કેળવણી ખાતાં તરફથી ખાસ હુકમ પ્રગટ થયેલ છે.

† આ પુસ્તકો, શાળા-શિક્ષકોના ઉપયોગ માટે તથા ઇનામ-લાઇબ્રેરી માટે મંજુર થયાં છે.

રચનાર—ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર,

નં૦ ૧૫૫, ફનસવાડી, મુંબઈ.